# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વિશેષ સભા ગુરુવાર, તા. ૬–૧૨–૧૯૭૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ-ખંડમાં મળી હતી અને શુક્રવાર, તા. ૭-૧૨-૧૯૭૯ના રોજ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રહ્‌લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. આ બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૬–૧૨–૧૯૭૯ | તા. ૭–૧૨–૧૯૭૯ |
|---|---|---|---|
| ૧. | ડૉ. પી. સી. વૈદ્ય, કુલપતિ | હાજર | હાજર |
| ૨. | શ્રી. એલ. આર. દેસાઈ | હાજર | ગેરહાજર |
| ૩. | શ્રી. યુ. જે. જોશી | ગેરહાજર | ગેરહાજર |
| ૪. | શ્રી. એન. એમ. મિયાભાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૫. | શ્રી. આઈ. જે. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૬. | શ્રી. કે. સી. પરીખ, કુલસચિવ | હાજર | હાજર |
| ૭. | શ્રી. આર. એસ. ગાંધી | હાજર | હાજર |
| ૮. | શ્રી. એસ. બી. કુમતા | હાજર | ગેરહાજર |
| ૯. | ડૉ. એચ. એન. પટેલ | હાજર | ગેરહાજર |
| ૧૦. | શ્રી. એસ. એ. ઠાકોર | હાજર | ગેરહાજર |
| ૧૧. | શ્રી. સી. પી. પટેલ | હાજર | ગેરહાજર |
| ૧૨. | શ્રી. એચ. આર. પાઠક | હાજર | ગેરહાજર |
| ૧૩. | શ્રી. જહાંગીર આર. જે. કામા | હાજર | ગેરહાજર |
| ૧૪. | શ્રી. એમ. જી. પરમાર | હાજર | ગેરહાજર |
| ૧૫. | શ્રી. સી. એચ. ભટ્ટ | હાજર | હાજર |
| ૧૬. | શ્રી. જી. જે. બ્રહ્મભટ્ટ | હાજર | હાજર |
| ૧૭. | શ્રી. પી. સી. શાહ | હાજર | ગેરહાજર |
| ૧૮. | આર. જી. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૧૯. | શ્રી. કે. એસ. પટેલ | હાજર | ગેરહાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૬—૧૨—૧૯૭૯ | તા. ૭—૧૨—૧૯૭૯ |
|---|---|---|---|
| ૨૦. | શ્રી. એ. એચ. યાજ્ઞિક | હાજર | હાજર |
| ૨૧. | શ્રી. પી. એમ. પટેલ | હાજર | ગેરહાજર |
| ૨૨. | શ્રી. એમ. બી. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૩. | શ્રી. આર. વી. પટેલ | હાજર | હાજર |
| ૨૪. | શ્રી. ડી. સી. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૨૫. | મિસ કે. એમ. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૬. | ડૉ. આર. એમ. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૭. | ડૉ. આર. સી. સોનપાલ | હાજર | હાજર |
| ૨૮. | શ્રી. એમ. સી. શાહ | હાજર | હાજર |
| ૨૯. | શ્રી. બી. કે. શાહ | હાજર | હાજર |
| ૩૦. | શ્રી. એસ. સી. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૩૧. | શ્રી. બી. એસ. અગ્રવાલ | હાજર | ગેરહાજર |
| ૩૨. | શ્રી. યુ. કે. કાપડિયા | હાજર | હાજર |
| ૩૩. | શ્રી. પી. એમ. મજમુદાર | હાજર | હાજર |
| ૩૪. | શ્રી. એન. એમ. પરીખ | હાજર | હાજર |
| ૩૫. | શ્રી. વી. બી. પટેલ | હાજર | હાજર |
| ૩૬. | શ્રી. કે. એ. શાહ | હાજર | હાજર |
| ૩૭. | શ્રી. કે. એસ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૩૮. | શ્રી. સી. એમ. શેઠ | હાજર | હાજર |
| ૩૯. | શ્રી. આર. આર. સીંઘ | હાજર | હાજર |
| ૪૦. | શ્રી. ડી. કે. વાઘેલા | હાજર | હાજર |
| ૪૧. | શ્રી. એ. ટી. અજમેરા | હાજર | હાજર |
| ૪૨. | શ્રી. એચ. પી. ચૌહાણ | હાજર | હાજર |
| ૪૩. | શ્રી. બી. જે. દવે | હાજર | હાજર |
| ૪૪. | શ્રી. આર. એ. પટેલ | હાજર | હાજર |
| ૪૫. | શ્રી. આર. સી. પટેલ | હાજર | હાજર |
| ૪૬. | શ્રી. વી. એમ. પટેલ | હાજર | હાજર |
| ૪૭. | શ્રી. એન. એસ. શાહ | હાજર | હાજર |
| ૪૮. | શ્રી. આર. એ. શાહ | હાજર | હાજર |
| ૪૯. | શ્રી. વી. સી. શાહ | હાજર | ગેરહાજર |
| ૫૦. | શ્રી. સી. પી. જોષી | હાજર | હાજર |
| ૫૧. | શ્રી. એસ. જે. શાહ | હાજર | હાજર |
| ૫૨. | કુ. એસ. એન. શોધન | હાજર | હાજર |
| ૫૩. | શ્રી. જી. બી. વાંઝા | હાજર | હાજર |
| ૫૪. | શ્રી. કે. જે. નથવાણી | હાજર | હાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૬–૧૨–૧૯૭૯ | તા. ૭–૧૨–૧૯૭૯ |
|---|---|---|---|
| ૫૫. | શ્રી. એચ. એમ. મહેતા | હાજર | ગેરહાજર |
| ૫૬. | શ્રી. એમ. ડી. પંડયા | હાજર | હાજર |
| ૫૭. | શ્રી. કે. ડી. શાહ | હાજર | હાજર |
| ૫૮. | શ્રી. વી. એચ. દીક્ષિત | હાજર | ગેરહાજર |
| ૫૯. | ડૉ. પી. પી. મહેતા | હાજર | ગેરહાજર |
| ૬૦. | શ્રી. યુ. એસ. મેઢ | હાજર | હાજર |
| ૬૧. | શ્રી. વી. એસ. દોશી | હાજર | હાજર |
| ૬૨. | શ્રી. એમ. એમ. ગાંધી | હાજર | હાજર |
| ૬૩. | શ્રી. સી. બી. મહેતા | હાજર | હાજર |
| ૬૪. | શ્રી. કે. જે. મહેતા | હાજર | હાજર |
| ૬૫. | શ્રી. આર. એમ. શાહ | હાજર | હાજર |
| ૬૬. | શ્રી. એસ. બી. વોરા | હાજર | હાજર |
| ૬૭. | શ્રી. ડી. એ. પટેલ | હાજર | હાજર |
| ૬૮. | શ્રી. ડી. બી. સોલંકી | હાજર | હાજર |
| ૬૯. | શ્રી. એમ. એન. શેઠ | હાજર | હાજર |
| ૭૦. | શ્રી. કે. આર. શાહ | હાજર | હાજર |
| ૭૧. | શ્રી. કે. એફ. જોષી | હાજર | ગેરહાજર |
| ૭૨. | આચાર્ય જે. એ. દવે | હાજર | હાજર |
| ૭૩. | આચાર્ય બી. કે. ગઢવી | હાજર | ગેરહાજર |
| ૭૪. | આચાર્ય ડી. એ. ઘાંચી | હાજર | હાજર |
| ૭૫. | આચર્ય ડી. એસ. જોષી | હાજર | હાજર |
| ૭૬. | આચાર્ય જી. બી. પરીખ | હાજર | હાજર |
| ૭૭. | આચાર્ય બી. સી. પટેલ | હાજર | હાજર |
| ૭૮. | આચાર્ય બી. આર. પટેલ | હાજર | હાજર |
| ૭૯. | આચાર્ય પી. એ. પટેલ | હાજર | હાજર |
| ૮૦. | આચાર્ય એસ. એમ. શાહ | હાજર | હાજર |
| ૮૧. | આચાર્ય સી. એલ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૮૨. | આચાર્ય આર. વી. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૮૩. | આચાર્ય બી. એમ. ઠાકર | હાજર | હાજર |
| ૮૪. | આચાર્ય કે. આર. જોષી | હાજર | ગેરહાજર |
| ૮૫. | આચાર્ય એન. વી. પંડયા | હાજર | હાજર |
| ૮૬. | આચાર્ય એમ. જે. પટણી | હાજર | હાજર |
| ૮૭. | આચાર્ય જે. બી. પટેલ | હાજર | હાજર |
| ૮૮. | આચાર્ય આર. એલ. પટેલ | હાજર | હાજર |

| ક્રમાંક સભ્યનું નામ | તા. ૬–૧૨–૧૯૭૯ | તા. ૭–૧૨–૧૯૭૯ |
|---|---|---|
| ૮૯. આચાર્ય કે. એન. શાહ | હાજર | હાજર |
| ૯૦. આચાર્ય જે. ડી. તલાટી | હાજર | હાજર |
| ૯૧. આચાર્ય વી. સી. ઉપાધ્યાય | હાજર | હાજર |
| ૯૨. આચાર્ય એચ. એમ. દેસાઈ | હાજર | ગેરહાજર |
| ૯૩. આચાર્ય પી. આર. દેસાઈ | હાજર | હાજર |
| ૯૪. આચાર્ય એમ. ડી. પંચોલી | હાજર | હાજર |
| ૯૫. આચાર્ય બી. એમ. પાઠક | હાજર | હાજર |
| ૯૬. ડૉ. સી. આઈ. ઝાલા | હાજર | હાજર |
| ૯૭. આચાર્ય એચ. પી. પંડયા | હાજર | ગેરહાજર |
| ૯૮. આચાર્ય જી. એમ. પટેલ | હાજર | હાજર |
| ૯૯. આચાર્ય બી. એમ. પીરજાદા | હાજર | હાજર |
| ૧૦૦. આચાર્ય આર. એલ. સઘવી | હાજર | હાજર |
| ૧૦૧. આચાર્ય ડી. એમ. શીખ | હાજર | હાજર |
| ૧૦૨. આચાર્ય આર. એ. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૦૩. આચાર્ય આર. એચ. વ્યાસ | હાજર | હાજર |
| ૧૦૪. આચાર્ય બી. એમ. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૦૫. ડૉ. કાશ્યપ ભાર્ગવ | હાજર | ગેરહાજર |
| ૧૦૬. શ્રી. કરવદ્રા બી. નોધન | હાજર | હાજર |
| ૧૦૭. શ્રી. આર. પી. ચૌહાણ | હાજર | હાજર |
| ૧૦૮. શ્રી. એચ. આર. પટેલ | હાજર | હાજર |
| ૧૦૯. શ્રી. એસ. એન. પટેલ | હાજર | હાજર |
| ૧૧૦. શ્રી. ટી. જી. અગ્રવાલ | હાજર | ગેરહાજર |
| ૧૧૧. શ્રી. સી. જી. પટેલ | હાજર | હાજર |
| ૧૧૨. શ્રી. એચ. એસ. દેવનદાસ | હાજર | હાજર |
| ૧૧૩. શ્રી. બી. જી. શેખ | હાજર | હાજર |
| ૧૧૪. શ્રી. એચ. કે. પટેલ | હાજર | ગેરહાજર |
| ૧૧૫. શ્રી. ડી. આર. પટેલ | હાજર | હાજર |
| ૧૧૬. કુ. ડી. કે. શાહ | હાજર | ગેરહાજર |
| ૧૧૭. શ્રી. શરદ પટેલ | હાજર | હાજર |
| ૧૧૮. શ્રી. એસ. આઈ. નાણાવટી | હાજર | ગેરહાજર |
| ૧૧૯. શ્રી. શ્રેણિક કસ્તૂરભાઈ લાલભાઈ | હાજર | ગેરહાજર |
| ૧૨૦. શ્રી. એ. ટી. દેસાઈ | હાજર | હાજર |
| ૧૨૧. શ્રી. એમ. એન. દેસાઈ | હાજર | હાજર |
| ૧૨૨. શ્રી. કે. જે. ભટ્ટ | હાજર | હાજર |
| ૧૨૩. શ્રી. જી. એમ. ચૌહાણ | હાજર | હાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૬-૧૨-૧૯૭૯ | તા. ૭-૧૨-૧૯૭૯ |
|---|---|---|---|
| ૧૨૪. | મિસ ઈ. એ. સોલોમન | હાજર | હાજર |
| ૧૨૫. | શ્રી. એમ. પી. ભટ્ટ | હાજર | હાજર |
| ૧૨૬. | શ્રી. સી. જી. ખત્રી | હાજર | હાજર |
| ૧૨૭. | શ્રી. આર. ડી. ચૌધરી | હાજર | હાજર |
| ૧૨૮. | શ્રી. એ. આર. શાહ | હાજર | હાજર |
| ૧૨૯. | શ્રી. એચ. કે. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૩૦. | ડૉ. પી. સી. મહેતા | ગેરહાજર | ગેરહાજર |
| ૧૩૧. | શ્રી. એન. જે. શાહ | હાજર | ગેરહાજર |
| ૧૩૨. | શ્રી. વાય. પી. શુકલ | હાજર | હાજર |
| ૧૩૩. | ડૉ. એસ. જે. દામાણી | હાજર | ગેરહાજર |
| ૧૩૪. | શ્રી. એન. એચ. અમીન | હાજર | હાજર |
| ૧૩૫. | શ્રી. કે. ડી. દેસાઈ | હાજર | હાજર |
| ૧૩૬. | શ્રી. કરસનદાસ સોનેરી | હાજર | ગેરહાજર |
| ૧૩૭. | શ્રીમતી આઈ. એચ. પટેલ | હાજર | ગેરહાજર |
| ૧૩૮. | શ્રી. આસન વાસવાની | ગેરહાજર | ગેરહાજર |
| ૧૩૯. | શ્રી. બી. એસ. પટેલ | હાજર | હાજર. |

**૧. તા. ૨૯/૩૦-૩-૧૯૭૯ તથા તા. ૨-૪-૧૯૭૯ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.**

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહના એક સભ્ય શ્રી. ગજેન્દ્ર બ્રહ્મભટ્ટના પત્ર તરફ કાર્યાલય તરફથી અધ્યક્ષશ્રીનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તા. ૨૯/૩૦-૩-૧૯૭૯ અને તા. ૨-૪-૧૯૭૯ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીના નોંધમાં તા. ૨૯-૩-૧૯૭૯ના રોજ શ્રી. ગજેન્દ્ર બ્રહ્મભટ્ટને ગેરહાજર દર્શાવેલા છે તેમાં સુધારો કરી તેમને હાજર દર્શાવવા.

તે પછી સદરહુ સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

**નોંધ.**—સભાગૃહના સભ્ય શ્રી. એચ. પી. ચૌહાણે સૂચન કર્યું કે યુનિવર્સિટી કોર્ટની કાર્યવાહીમાં ફક્ત નિર્ણયો નોંધવામાં આવે છે તેને બદલે તેમાં ચર્ચાનો સાર પણ મૂકવો જોઈએ. તે અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે તે સૂચનની નોંધ લઈને તે પર જરૂરી વિચારણા કરવામાં આવશે.

**૧-અ. તે પછી પ્રમુખસ્થાનેથી નીચેના શોકદર્શક ઠરાવો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :**

(૧) "અર્વાચીન ભારતના એક પ્રમુખ ઘડવૈયા, અગ્રણી સમાજસેવક, લોકશાહીના પ્રખર પુરસ્કર્તા અને સર્વોદય નેતા લોકનાયક શ્રી. જયપ્રકાશ નારાયણના દુઃખદ અવસાનથી ગુજરાત

યુનિવર્સિટીની કોર્ટની આ સભા ઊંડા આઘાત અને દુઃખની લાગણી અનુભવે છે, અને દેશની આઝાદીના જંગમાં અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના યુગમાં રાષ્ટ્રીય નવઘડતરના ભગીરથ કાર્યમાં તેમ જ તાજેતરનાં વર્ષોમાં વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્યના અને માનવહક્કના રક્ષણ માટે તેમણે તન, મન અને ધનને ન્યોછાવર કરીને ઉચ્ચ કોટીની દેશભક્તિનું અને માનવપ્રેમનું દર્શન કરાવ્યું છે, તેનું આ સભા કૃતજ્ઞતા અને ગૌરવપૂર્વક સ્મરણ કરીને લગભગ અર્ધી સદીના પટ પર વિસ્તરેલા તેમના સેવાયજ્ઞને ઊંડા પ્રેમ અને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ સમર્પે છે, અને તેમના ઐતિહાસિક પ્રદાનમાંથી આ દેશની અનેક ભાવિ પેઢીઓ અને વિશેષ કરીને યુવાવર્ગ અને વિદ્યાર્થીગણ પ્રોત્સાહન પામીને દેશ અને સમાજના ઉત્કર્ષમાં પોતાનું યોગદાન કરવા પ્રેરાશે એવી શ્રદ્ધા આ સભા વ્યક્ત કરે છે. આ સભા સદ્‌ગતના પવિત્ર આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના કરે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના એક ભૂતપૂર્વ સભ્ય અને એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ઇતિહાસના અધ્યાપક ડૉ. દેવેન્દ્રભાઈ એચ. સુતરિયાના અકાળ અવસાન બદલ ઊંડા દુઃખની લાગણી અનુભવે છે, અને શિક્ષણ તથા સંશોધનના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને શ્રદ્ધાંજલિ સમર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતના કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

(૩) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા જાણીતા લેખક અને ચિંતક શ્રી. કિશનસિંહ ચાવડાના અણચિંતવ્યા અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

(૪) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા અર્થશાસ્ત્રી, મુંબઈ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઇકોનોમિક્સના ભૂતપૂર્વ વડા અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી પ્રો. સી. એન. વકીલના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. અર્થશાસ્ત્રના અધ્યાપન અને સંશોધન તેમ જ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સુદીર્ઘ અને કીર્તિવંત સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

ઉપરના શોકદર્શક ઠરાવો સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યા.

૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર નીચે પ્રમાણે જગ્યાઓ ભરવા માટેની ચૂંટણી :

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ—

૧૯ ( ૧ ) ( ૫ ) અન્વયે : શિક્ષક સિવાયના ત્રણ સભ્યો,
૧૯ ( ૧ ) ( ૬ ) અન્વયે : યુનિવર્સિટીના બે પ્રાધ્યાપકો,
૧૯ ( ૧ ) ( ૭ ) અન્વયે : સંલગ્ન કૉલેજોના ત્રણ આચાર્યો,
૧૯ ( ૧ ) ( ૮ ) અન્વયે : પ્રાધ્યાપક ન હોય તેવા યુનિવર્સિટીના વિદ્યાભવનના એક શિક્ષક,
૧૯ ( ૧ ) ( ૯ ) અન્વયે : આચાર્ય ન હોય તેવા સંલગ્ન કૉલેજોના ત્રણ શિક્ષકો, તથા
૧૯ ( ૧ ) ( ૧૨ ) અન્વયે : સંલગ્ન કૉલેજોની કાર્યવાહક સમિતિના એક સભ્ય.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવતાં પ્રમુખશ્રીએ નીચે મુજબ ચકાસણીદારોની નિમણૂક કરી :

( ૧ ) આચાર્ય દર્શનસિંઘ એમ. શીખ
( ૨ ) ડૉ. વી. સી. શાહ

નીચેના ઉમેદવારોએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની જુદી જુદી જગ્યા માટે ઉમેદવારી નોંધાવી હતી :

( ૧ ) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૫) અન્વયે શિક્ષકો ન હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :

( ૧ ) શ્રી. નરહરિ હીરાલાલ અમીન
( ૨ ) શ્રી. સુધીર ઇન્દ્રવદન નાણાવટી
( ૩ ) શ્રી. કેશવલાલ સેંધાભાઈ પટેલ
( ૪ ) શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ
( ૫ ) શ્રી શાંતુભાઈ ચૂનીભાઈ પટેલ
( ૬ ) શ્રી. શરદ પટેલ
( ૭ ) શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ
( ૮ ) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી

ઉપર જણાવેલા આઠ ઉમેદવારો પૈકી શ્રી. શાંતુભાઈ ચૂનીભાઈ પટેલ અને શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી.

( ૨ ) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯( ૧ ) ( ૬ ) અન્વયે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રાધ્યાપકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :

( ૧ ) શ્રી એમ. પી. ભટ્ટ
( ૨ ) ડૉ. એમ. એન. દેસાઈ
( ૩ ) ડૉ. ચિનુભાઈ ઘેલાભાઈ ખત્રી
( ૪ ) શ્રી. પરેશ મધુસૂદનરાય મજમુદાર.

( ૩ ) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૭) અન્વયે સંલગ્ન કૉલેજોના આચાર્યો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :

( ૧ ) આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ
( ૨ ) આચાર્ય દયાશંકર શિવશંકર જોશી

(૩) આચાર્ય મનુભાઈ દેવશંકર પંચોલી
(૪) આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા
(૫) આચાર્ય ઘનશ્યામભાઈ ભાઈલાલભાઈ પરીખ
(૬) આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ
(૭) આચાર્ય શાંતિલાલ મૂળજીભાઈ શાહ
(૮) આચાર્ય રવિશંકર અમથાલાલ ત્રિવેદી.

ઉપર જણાવેલા આઠ ઉમેદવારો પૈકી આચાર્ય દયાશંકર શિવશંકર જોશીનું ઉમેદવારીપત્ર અમાન્ય ઠર્યું હતું.

(૪) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૮) અન્વયે યુનિવર્સિટી પ્રાધ્યાપક સિવાયના યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યો :

(૧) શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ
(૨) શ્રી. અરવિંદકુમાર રણછોડલાલ શાહ

(૫) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૯) અન્વયે આચાર્યો સિવાયના સંલગ્ન કૉલેજોના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યો :

(૧) શ્રી. હરજીવન પ્રભુદાસ ચૌહાણ
(૨) શ્રી. કાન્તિલાલ ફોજાલાલ જોશી
(૩) શ્રી. કુન્તલ જનકલાલ મહેતા
(૪) ડૉ. પી. પી. મહેતા
(૫) શ્રી. બબાભાઈ એસ. પટેલ
(૬) શ્રી. વાડીભાઈ બેચરદાસ પટેલ
(૭) શ્રી. નવનીતલાલ રતિલાલ શાહ
(૮) શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી
(૯) ડૉ. રસિકલાલ ચૂનીલાલ સોનપાલ

ઉપર જણાવેલા નવ ઉમેદવારો પૈકી નીચેના ચાર ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી :

(૧) શ્રી. હરજીવન પ્રભુદાસ ચૌહાણ
(૨) શ્રી. કાન્તિલાલ ફોજાલાલ જોશી
(૩) શ્રી. વાડીભાઈ બેચરદાસ પટેલ
(૪) ડૉ. રસિકલાલ ચૂનીલાલ સોનપાલ

(૬) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૧૨) અન્વયે સંલગ્ન કૉલેજોનાં સંચાલકમંડળોના પ્રતિનિધિઓ હોય તેવા કોર્ટના સભ્યો :

(૧) શ્રી. સુધીર ઇન્દ્રવદન નાણાવટી
(૨) શ્રી. શાંતુભાઈ ચૂનીભાઈ પટેલ
(૩) શ્રી. મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પરની એક બેઠક માટે ઉપર જણાવેલા ત્રણ ઉમેદવારો પૈકી શ્રી. સુધીર ઇન્દ્રવદન નાણાવટી અને શ્રી. શાંતુભાઈ ચૂનીભાઈ પટેલે તેમનાં ઉમેદવારીપત્રો સ્ટે. ૧૫૫ મુજબ પાછાં ખેંચી લીધેલાં હોઈ નીચેના એકમાત્ર ઉમેદવારને બિનહરીફ ચૂટાયેલા જાહેર કરવામાં આવ્યા :

શ્રી. મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ

(**નોંધ.**—આ બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૩૦–૧૧–૧૯૭૯ના પરિપત્રાંક એકેડેમિક/૧૩૫૭૩૨/૧૯૭૯થી મોકલવામાં આવેલ નોટિસમાં જાણ કરવામાં આવી હતી.)

ઉપર કંડિકા (૬ માં દર્શાવ્યા સિવાયની ચૂંટણીઓમાં હરીફાઈ થતી (contested) હોઈ સદરહુ ચૂંટણીઓ Proportional representation by means of a single transferable vote by ballot(એકડા, બગડા, ઇત્યાદિ)ની પદ્ધતિથી તા. ૬–૧૨–૧૯૭૯ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ યુનિ. કોર્ટની સભામાં કરવામાં આવી હતી તે અંગેની સૂચનાઓ મતદાનપત્રમાં જણાવવામાં આવી હતી. મતદાનપેટી તા. ૬–૧૨–૧૯૭૯ના રોજ બપોરના ૧૨–૪૫ કલાકથી ૪–૦૦ કલાક સુધી ખુલ્લી રાખવામાં આવી હતી. આ સમય પછી આવનાર મતદારને મતપત્ર મળી શકશે નહીં તેમ જણાવવામાં આવ્યું હતું.

ઉપરની ચૂંટણીઓ અંગેનું મતદાનનું કામ પૂરું થતાં સાંજે ૬–૩૦ કલાકે મતગણતરી અંગેનો ચકાસણીદારોનો હેવાલ મળતાં પ્રમુખશ્રીએ નીચેની વ્યક્તિઓને ચૂંટાયેલી જાહેર કરી :

(૧) શિક્ષકો ન હોય તેવા સભ્યોની ત્રણ જગ્યા પર :
 (૧) શ્રી. નરહરિ હીરાલાલ અમીન
 (૨) શ્રી. સુધીર ઇન્દ્રવદન નાણાવટી
 (૩) શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ

(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રાધ્યાપકોની બે જગ્યા પર :
 (૧) ડૉ. એમ. એન. દેસાઈ
 (૨) શ્રી. પરેશ મધુસૂદનરાય મજમુદાર

(૩) સંલગ્ન કોલેજોના આચાર્યોની ત્રણ જગ્યા પર :
 (૧) આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ
 (૨) આચાર્ય ઘનશ્યામભાઈ ભાઈલાલભાઈ પરીખ
 (૩) આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ

(૪) યુનિવર્સિટી પ્રાધ્યાપક સિવાયના યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોની એક જગ્યા પર :
 શ્રી અરવિંદકુમાર રણછોડલાલ શાહ

(૫) આચાર્યો સિવાયના સંલગ્ન કોલેજોના શિક્ષકોની ત્રણ જગ્યા પર :
 ૧. ડૉ. પી. પી. મહેતા
 ૨. શ્રી. નવનીતલાલ રતિલાલ શાહ
 ૩. શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી.

તે પછી સભાગૃહનું કામકાજ ગુરુવાર, તા. ૬-૧૨-૧૯૭૯ના રોજ બંધ રાખવામાં આવ્યું અને શુક્રવાર તા. ૭–૧૨–૧૯૭૯ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે સભા ફરી મળતાં બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

## ૨—અ. પ્રશ્નોત્તરી.

**[૧] શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :**

**પ્રશ્ન** ૧ : ૧૯૭૮–૭૯ના વર્ષ દરમિયાન કઈ કૉલેજોએ વ્યાયામ શિક્ષક રાખ્યા નહોતા?

ઉત્તર ૧ : સંલગ્ન કૉલેજોએ સને ૧૯૭૮–૭૯ની ઑર્ડિ. ૯૬ અન્વયે મોકલેલી માહિતી મુજબ નીચેની કૉલેજોનાં વ્યાયામ શિક્ષક ન હતા :

| ક્રમાંક | કૉલેજનું નામ |
|---|---|
| ૧. | બી. ડી. કૉલેજ, અમદાવાદ |
| ૨. | અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ૩. | વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ૪. | સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ |
| ૫. | આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ |
| ૬. | બી. વી. ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ૭. | આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા |
| ૮. | આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ |
| ૯. | સાયન્સ કૉલેજ, કડી |
| ૧૦. | આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ |
| ૧૧. | કૉમર્સ કૉલેજ, ડભોઈ |
| ૧૨. | બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ |
| ૧૩. | કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ |

**પ્રશ્ન** ૨ : વ્યાયામ શિક્ષકો નહીં રાખતી કૉલેજો અંગે યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં હતાં ?

ઉત્તર ૨ : આ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવામાં આવી હતી અને તેના ઠરાવ મુજબ નિમણૂક માટે આગ્રહ રાખવામાં આવ્યો હતો.

શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

નિમણૂક માટે આગ્રહ રાખવામાં આવ્યો હતો તેને કોઈ વશ થયા છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, હવે અતિઆગ્રહ કરીશું.

**પ્રશ્ન** ૩ : નીચેની કૉલેજના વ્યાયામ શિક્ષકનું નામ આપવા વિનંતી છે :

(૧) કૉમર્સ કૉલેજ, કલોલ

(૨) કૉમર્સ કૉલેજ, મોડાસા

(૩) આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ખેડા

(૪) ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી, નડિયાદ

અને

**પ્રશ્ન** ૪ : ઉપરોક્ત કૉલેજોમાં જો વ્યાયામ શિક્ષક ન હોય તો ક્યારથી નથી?

ઉત્તર ૩ અને ૪ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

| ક્રમાંક | કૉલેજનું નામ | કાર્યાલયના દફતર પરથી વ્યાયામ શિક્ષકનું નામ | કયારથી નથી |
|---|---|---|---|
| ૧. | કૉમર્સ કૉલેજ, કલોલ | શ્રી. આર. એ. પટેલ | કૉલેજને પુછાવતાં માહિતી નથી. |
| ૨. | કૉમર્સ કૉલેજ, મોડાસા | શ્રી. આર. એસ. પટેલ | તા. ૨૦–૭–૧૯૭૮ ઑફિસ સમય પછી. |
| ૩. | આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા | — | કૉલેજને પુછાવતાં માહિતી નથી. |
| ૪. | ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટયૂટ ઑફ ટેકનૉલૉજી, નડિયાદ | શ્રી. એમ. એ. શેખ | કૉલેજને પુછાવતાં માહિતી નથી. |

**શ્રી. સતીશભાઈ વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :**

કલોલની કૉલેજે માહિતી આપી નથી, તો તેના આચાર્યશ્રી અહીં હાજર છે તો તેમને પૂછી શકાય ?

**કુલપતિશ્રીનો ઉત્તર :** આપ પૂછી શકો છો.

**શ્રી. સતીશભાઈ વોરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :**

શ્રી. આર. એસ. પટેલ વ્યાયામ શિક્ષક છે તેની માહિતી કેવી રીતે આપી ?

**શ્રી. કુલસચિવે** જણાવ્યું કે કાર્યાલય પાસે ઑર્ડિ. ૯૬ હેઠળ જે માહિતી આવેલ હતી તે પરથી.

**પ્રશ્ન ૫ :** ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટયૂટ ઑફ ટેકનૉલૉજી, નડિયાદના વ્યાયામ શિક્ષકને પરત લેવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલે કોઈ ઠરાવ કર્યો છે કે કેમ?

**ઉત્તર ૫ :** હા, જી.

**પ્રશ્ન ૬ :** ઠરાવ કર્યો હોય તો કઈ તારીખે?

**ઉત્તર ૬ :** તા. ૨૮/૨૯ એપ્રિલ તથા તા. ૧ મે, ૧૯૭૯ની સભામાં.

**પ્રશ્ન ૭ :** ઠરાવ કર્યા બાદ સદરહુ વ્યાયામશિક્ષકને પરત લીધા કે કેમ ?

**ઉત્તર ૭ :** ના, જી.

**પ્રશ્ન ૮ :** પરત લીધા હોય તો કઈ તારીખથી ?

**ઉત્તર ૮ :** પ્રશ્ન ૭નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

**પ્રશ્ન ૯ :** ન લીધા હોય તો યુનિવર્સિટી હવે શાં પગલાં લેવા માગે છે ?

**ઉત્તર ૯ :** એકિઝક્યુટિવ કાઉન્સિલના ઠરાવ અનુસાર સદરહુ કૉલેજના વ્યાયામ શિક્ષકને પુનઃ સ્થાપિત થાય તે માટે ઘટતું કરવા માટે ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનને પણ લખવામાં આવ્યું છે. આ બાબત એકિઝક્યુટિવ કાઉન્સિલને પુનઃ રિપોર્ટ કરવામાં આવી રહી છે.

**શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :**

યુનિવર્સિટીનો ઠરાવ હતો, પછી પૂછવાનો પ્રશ્ન કયાંથી આવ્યો ? પગલાં ન લઈ શકાય?

**કુલપતિશ્રીનો ઉત્તર :** એકિઝક્યુટિવ કાઉન્સિલને યોગ્ય લાગે તો તે લઈ શકે.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બેત્રણ વર્ષ કૉલેજ વ્યાયામ શિક્ષક ન રાખે, તો મારી સમજમાં નથી આવતું કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે શું કરવાનું છે. પગલાં કેમ નથા લેવાતાં તેનું કારણ જાણવું છે.

કુલપતિશ્રીનો ઉત્તર : આ પરિસ્થિતિમાં આપ સૌ જાણો છો કે યુનિવર્સિટી ધારાધોરણો ઘડે છે ને સરકાર માન્ય કરે છે, છતાં નિમણૂક થતી નથી. કમિટી જાય છે, છતાં નીમતા નથી. તો છેલ્લો રસ્તો ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરીને નિયમનું ઉલ્લંઘન કરે તેની ગ્રાન્ટમાં સરકારને કાપ મૂકવાનું જણાવી શકે.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઠરાવનો અમલ થઈ શકતો નથી તે આપણી લાચારી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : એ આપનો અભિપ્રાય છે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોઈ પણ સભ્ય આ બાબતમાં શું પગલાં લેવાં તેનું સૂચન કરશે તો તે અંગે જરૂર વિચારણા કરવામાં આવશે.

શ્રી. અરવિંદભાઈ શાહે જણાવ્યું કે આ તો અસરકારક પગલાં લેવાની વાત છે.

પ્રશ્ન ૧૦ : ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના વ્યાયામ શિક્ષકને ફાજલ કરવામાં આવ્યા ત્યારે તેમને ક્યું પગારધોરણ આપવામાં આવતું હતું?

અને

પ્રશ્ન ૧૧ : તે સમયે ગુજરાત યુનિવર્સિટીના સંલગ્ન કૉલેજના વ્યાયામ શિક્ષકને ક્યું પગારધોરણ મળતું હતું ?

અને

પ્રશ્ન ૧૨ : હાલમાં ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદની કૉલેજના વ્યાયામ શિક્ષકને ક્યું પગારધોરણ આપવામાં આવે છે?

ઉત્તર ૧૦થી ૧૨ : સદરહુ બાબત અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ કૉલેજ તરફથી કોઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૧૩ : સંલગ્ન કૉલેજના વ્યાયામ શિક્ષકનું હાલ શું પગારધોરણ છે ?

ઉત્તર ૧૩ : રૂ. ૫૦૦-૨૫-૭૫૦ ઈ.બી. ૩૦-૯૦૦
રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦-૨૦-૬૦૦ ઈ.બી. ૨૦-૭૦૦.

પ્રશ્ન ૧૪ : ગુજરાત યુનિવર્સિટીમાં શારીરિક શિક્ષણ નિયામકશ્રીની જગ્યા ક્યારથી ખાલી છે?

ઉત્તર ૧૪ : "શારીરિક શિક્ષણના ડાયરેક્ટર"ની જગ્યાનું નામાભિધાન સિન્ડિકેટના તા. ૭--૪--૧૯૬૨ના ઠરાવથી ફેરવીને "શારીરિક શિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણ નિયામક"માં ફેરવવામાં આવેલું છે. આ ફેરવેલા નામાભિધાનવાળી જગ્યા તા. ૧--૯--૧૯૭૭થી ખાલી છે.

શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન નં. ૧૪ના ઉત્તરમાં જણાવ્યું છે કે તા. ૭-૪-૧૯૬૨ના રોજ ઠરાવ થયો, પછી તેના ઇન્ટરવ્યૂ તા. ૧-૩-૧૯૭૮ના રોજ થયા, તે વખતે ખ્યાલ નહોતો કે આને અનુરૂપ પગલાં લઈએ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે વખતે ખ્યાલમાં નહોતું આવ્યું, પાછળથી ખ્યાલમાં આવ્યું હશે.

શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૯૬૨થી ૧૯૭૮ સુધી આ ખ્યાલમાં ન આવ્યું ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, એ હકીકત છે.

પ્રશ્ન ૧૫ : ક્યાં સુધી ખાલી રહેવાની છે ?

ઉત્તર ૧૫ : શારીરિક શિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓના નિયામકની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો નિયત કરવાનો પ્રશ્ન હાલ યુનિવર્સિટીના સત્તામંડળની વિચારણા હેઠળ છે. તે નિયત થયેથી તે જગ્યા ભરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે.

પ્રશ્ન ૧૬ : ઉપરોક્ત જગ્યા માટે ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા ?

અને

પ્રશ્ન ૧૭ : ક્યારે ?

ઉત્તર ૧૬ અને ૧૭ : શારીરિક શિક્ષણના નિયામકની જગ્યા માટે ઉમેદવારોના ઇન્ટરવ્યૂ તા. ૧-૩-૧૯૭૮ના રોજ યોજવામાં આવ્યા હતા પણ એ જગ્યાનું નામાભિધાન ફેરવવામાં આવ્યાની બાબત ધ્યાનમાં આવતાં ઇન્ટરવ્યૂ પછી તે જગ્યા માટે આગળની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

પ્રશ્ન ૧૮ : ઇન્ટરવ્યૂ લેવાયા છતાં પણ જગ્યા ખાલી છે, તો શું યોગ્ય ઉમેદવાર નહોતા મળ્યા ?

ઉત્તર ૧૮ : પ્રશ્ન ૧૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯ : જગ્યા ભરવા માટે હવે ભવિષ્યમાં ઇન્ટરવ્યૂ લેવાશે કે કેમ ?

ઉત્તર ૧૯ : હા, જી.

પ્રશ્ન ૨૦ : કાર્યકારી શારીરિક શિક્ષણ નિયામકથી કેટલો સમય ચલાવી શકાય ?

ઉત્તર ૨૦ : શારીરિક શિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણના નિયામકની જગ્યા વહેલી અનુકૂળતાએ ભરવામાં આવશે ત્યાં સુધી કાર્યકારી વ્યવસ્થાથી ચલાવવું આવશ્યક રહેશે.

પ્રશ્ન ૨૧ : ગુજરાત યુનિવર્સિટીમાં શારીરિક શિક્ષણ વિષયની અભ્યાસસમિતિ છે કે કેમ ?

ઉત્તર ૨૧ : સ્ટે. ૧૦૮માં સદરહુ અભ્યાસસમિતિઓની રચના માટેની જોગવાઈ થયેલી છે પરંતુ અભ્યાસસમિતિના બંધારણ અંગેના ગુજરાત યુનિવર્સિટી ધારાના શિડ્યુલના સ્ટે. ૪ની જોગવાઈ જોતાં તેની રચના થઈ શકી નથી.

પ્રશ્ન ૨૨ : હોય તો સભ્યોનાં નામ આપવા વિનંતી.

અને

પ્રશ્ન ૨૩ : ન હોય તો કેમ નથી ?

ઉત્તર ૨૨ અને ૨૩ : પ્રશ્ન ૨૧નો ઉત્તર જોતાં આ પ્રશ્નો ઉપસ્થિત થતા નથી.

પ્રશ્ન ૨૪ : સંલગ્ન કોલેજોના વ્યાયામ શિક્ષકના તાલીમવર્ગ માટે આપણી યુનિવર્સિટીના બજેટમાં કોઈ જોગવાઈ છે કે કેમ ?

ઉત્તર ૨૪ : સંલગ્ન કૉલેજોના વ્યાયામ શિક્ષકોના તાલીમ વર્ગ માટે આપણી યુનિવર્સિટીના બજેટમાં અલગ જોગવાઈ નથી, પરંતુ તાલીમ શિબિર માટેના બજેટહેડ હેઠળ રૂ. ૧૦,૦૦૦- (અંકે રૂપિયા દસ હજાર)ની જોગવાઈ છે, જેમાં વિદ્યાર્થીઓ ઉપરાંત વ્યાયામ શિક્ષકોના તાલીમ વર્ગોનો સમાવેશ પણ કરી શકાય.

પ્રશ્ન ૨૫ : જો હોય તો આવા તાલીમવર્ગ ક્યારે યોજાય છે ?

ઉત્તર ૨૫ : તે માટે જરૂર જણાય ત્યારે.

પ્રશ્ન ૨૬ : અથવા યોજવાના છો ?

ઉત્તર ૨૬ : તે માટે હાલ કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨૭ : દર વર્ષના બજેટમાં આવા તાલીમવર્ગની જોગવાઈ હોય છે?

ઉત્તર ૨૭ : ઉપર પ્રશ્ન નં. ૨૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૮ : જોગવાઈ હોય અને તાલીમવર્ગ ન યોજાતા હોય તો તેનાં કારણ આપવા વિનંતી છે.

ઉત્તર ૨૮ : ઉપર પ્રશ્ન નં. ૨૬નો ઉત્તર જોવા વિનંતી છે.

[૨] શ્રી સી. એમ. શેઠે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા;

પ્રશ્ન ૨૯ : સરકારની સો ટકા ગ્રાન્ટ મળતી હોવા છતાં હજુ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી અને કઈ કઈ કૉલેજો પગારો ચૂકવવામાં અક્ષમ્ય વિલંબ દાખવે છે.

અને

પ્રશ્ન ૩૦ : તેનાં શું કારણો છે?

ઉત્તર ૨૯ અને ૩૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે પરિશિષ્ટ "૧" જોવા વિનંતી છે.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મોટા ભાગની કૉલેજોએ જવાબ આપ્યો છે કે સરકાર ગ્રાન્ટ આપતી નથી, તો આ બાબત કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવી છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પાસે તે વાત મૂકવામાં આવી છે, કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ કામ કરતી થશે ત્યારે તે પણ આ પ્રકારના પ્રશ્નો પર વિચારણા કરી શકે.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઘણી કૉલેજો વેકેશનમાં બે-ત્રણ માસનો પગાર પાછો ખેંચે છે, તો તે અંગે શું પગલાં લઈ શકાય ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિ કેટલાક પ્રશ્નો માટે રાજ્ય સરકારને મળવા જવાની છે, તેમાં આ બાબતનો પણ સમાવેશ કરી શકાશે.

શ્રી. ચિમનભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સરકાર કડક હાથે કામ લેવાની છે તેવા કોઈ સમાચાર છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ના, જી. આ કાર્યાલય પાસે તેવી કોઈ માહિતી નથી.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજોએ એકાઉન્ટ્સ યુનિવર્સિટીને મોકલવાના હોય છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોલેજોએ એકાઉન્ટ્સ યુનિવર્સિટીને મોકલવાના હોતા નથી, અને બધી કોલેજો તે મોકલે છે એવું પણ નથી.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પરિશિષ્ટ નં. '૧'માં જણાવેલી ૧૬ નંબરની કોલેજે 'ના' લખ્યું છે, તો શું આ કોલેજને ગ્રાન્ટ નથી મળતી ?

કુલપતિશ્રીનો ઉત્તર : પગારના જ ૧૦૦ ટકા ગ્રાન્ટ મળે છે. બધા ખર્ચના ૧૦૦ ટકા નહીં.

પ્રશ્ન ૩૧ : યુનિવર્સિટીમાં તે અંગેની ફરિયાદ આવી છે કે કેમ ?

ઉત્તર ૩૧ : આ અંગે કેટલીક ફરિયાદો આવી છે.

પ્રશ્ન ૩૨ : તેના માટે યુનિવર્સિટીએ કોઈ ચોક્કસ કાર્યવાહી કરી ખરી કે?

ઉત્તર ૩૨ : યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પ્રતિમાસની ૭મી તારીખ સુધીમાં પગારની ચુકવણી માટે કૉલેજ પાસે આગ્રહ રાખવામાં આવ્યો છે.

શ્રી. ઉજમશી કાપડિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજ પાસે માત્ર આગ્રહ જ રાખવામાં આવ્યો છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : પરિસ્થિતિ એવી છે કે દર મહિને ૭મી તારીખ સુધીમાં પગાર ચૂકવવો જોઈએ. એ માટે યુનિવર્સિટી આગ્રહ રાખે છે વધુમાં, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પાસે તે બાબત મૂકીને સરકારને ગ્રાન્ટ અટકાવવા માટે પણ લખી શકાય.

પ્રશ્ન ૩૩ : સેન પગારોમાં મોંઘવારી એરિયર્સ કેટલી અને કઈ કઈ કૉલેજોએ ચૂકવી?

ઉત્તર ૩૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે પરિશિષ્ટ "૨" જોવા વિનંતી છે

શ્રી. ઉજમશી કાપડિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સેન પગારમાં મોંઘવારી-એરિયર્સ લખ્યું છે તેમાં ભૂલ થઈ લાગે છે. પગારનું એરિયર્સ હોવું જોઈએ. આ મોંઘવારી ભથ્થાની રકમ મળી નથી, તો તેના એરિયર્સ માટે રજૂઆત કરવી જોઈએ.

આચાર્ય દર્શનસિંઘ શીખે જણાવ્યું કે યુનિવર્સિટીએ લીગલ કમિટી કે સોલિસિટર્સનો અભિપ્રાય લઈ રાજ્ય સરકારને સૂચવવું જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : એમ લાગે છે કે આ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે મૂકીએ તો યોગ્ય થશે.

પ્રશ્ન ૩૪ : કેટલી અને કઈ કઈ કૉલેજોએ તે ચૂકવી નથી?

પ્રશ્ન ૩૫ : શા માટે?

ઉત્તર ૩૪ અને ૩૫ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે પરિશિષ્ટ "૨" જોવા વિનંતી છે.

શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્વાયત્તતા માટે અરજી કરનાર કોઈ કૉલેજ આમાં છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આપ માગો છો તે માહિતી પરિશિષ્ટમાં આપેલી છે.

પ્રશ્ન ૩૬ : વધારાની મોંઘવારીની રકમમાં છેલ્લા વર્ષમાં જે વધારો થયો છે, તેનો અમલ યુનિવર્સિટીએ કરવા જણાવ્યું છે કે કેમ?

ઉત્તર ૩૬ : હા, જી.

શ્રી. ચિમનભાઈ શેઠે જણાવ્યું કે મોંઘવારી ભથ્થું વધ્યું છે તેનો સરકયુલર હજુ સુધી અમારી કૉલેજને પહોંચ્યો નથી.

શ્રી. દર્શનસિંઘ શીખે જણાવ્યું કે મોંઘવારી ભથ્થા અંગેનો પરિપત્ર એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મંજૂર કરે તે પછી તરત જ અમને તે મોકલી આપવા વિનંતી છે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે એ સૂચન અમે ધ્યાનમાં રાખીશું.

પ્રશ્ન ૩૭ : યુનિવર્સિટીએ જણાવ્યું હોય તો કેટલી અને કઈ કઈ કૉલેજોએ અમલ કર્યો છે?

પ્રશ્ન ૩૮ : અને ન કર્યો હોય તો તેનાં શાં કારણો છે?

ઉત્તર ૩૭ અને ૩૮ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૯ : પ્રૉવિડંટ ફંડની રકમો સરકારમાં જમા કરાવવાનું ફરમાન હોવા છતાં તેનો સંપૂર્ણતઃ અમલ કેટલી અને કઈ કઈ કૉલેજોએ કર્યો છે?

પ્રશ્ન ૪૦ : અને ન કર્યો હોય તો તેનું શું કારણ છે?

ઉત્તર ૩૯ અને ૪૦ : કૉલેજો પાસેથી ઉપલબ્ધ થયેલી માહિતી સભાગૃહમાં સભા સમયે ટેબલ પર રાખવામાં આવશે.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ માહિતી પરિપત્રિત કરવામાં શી મુશ્કેલી નડી હતી? આ માહિતી હવે પછીના ૧૫ દિવસમાં પરિપત્રિત કરી શકાશે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે પ્રૉવિડન્ટ ફંડની બાબતમાં એક કૉલેજે રિટ અરજી કરી છે. તેથી તે માહિતી પરિપત્રના રૂપમાં હાલને તબક્કે મોકલવાનું યોગ્ય લાગ્યું નથી.

શ્રી. પરેશભાઈ મજમુદારે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

રિટ અરજીના શું મુદ્દા છે?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રૉવિડન્ટ ફંડ અંગેનો મુદ્દો કોઈએ ઊભો કર્યો છે.

શ્રી. સતીશભાઈ વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્વાયત્તતા માટે અરજી કરી હોય તેવી કોઈ કૉલેજ છે કે જેણે સરકારમાં પ્રૉવિડન્ટ ફન્ડનાં નાણાં જમા કરાવેલાં નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : હા.

પ્રો. એચ. કે. ત્રિવેદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી કર્મચારીઓના પ્રૉવિડન્ટ ફંડનાં નાણાં સરકારમાં જમા થઈ જાય છે?

કુલપતિશ્રીનો ઉત્તરઃ હા.

પ્રશ્ન ૪૧ : ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી કોલેજોમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ સસ્પેન્ડ થયા છે ?

અને

પ્રશ્ન ૪૨ : તેનું શું કારણ છે ?

ઉત્તર ૪૧ અને ૪૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે **પરિશિષ્ટ "૩"** જોવા વિનંતી છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બે ભાઈઓ સસ્પેન્ડ થયા છે, તેનો નિકાલ ક્યાં સુધીમાં આવશે ? તેનો કોઈ નિયમ છે ? ખંભાતના શ્રી. મહેન્દ્રભાઈને એક વર્ષ થઈ ગયું છે. શ્રી દોશીને દોઢ વર્ષ થયું છે, તો સસ્પેન્શનની કોઈ સમયમર્યાદા ખરી ? એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કોઈ ઠરાવ કર્યો છે કે ૬ મહિનામાં તપાસ પૂરી ના થાય તો સસ્પેન્શન આપોઆપ રદ થાય ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તાજેતરમાં આ બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં આ માટે નિર્ણય લેવાયો છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જે સંસ્થાઓએ બે બે મહિના સુધી પગલાં લીધાં નથી, તો તે અંગે હવે પગલાં લેવામાં આવશે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તે અંગે હવે ઑર્ડિનન્સમાં જ જોગવાઈ કરવામાં આવેલી છે.

પ્રશ્ન ૪૩ : ગુજરાત યુનિવર્સિટીના ઠરાવોનો ગુજરાત સરકારે અમલ કર્યો નથી એ શું સાચું છે?

પ્રશ્ન ૪૪ : તેનાં શું કારણો છે ?

ઉત્તર ૪૩ અને ૪૪ : પ્રશ્નમાં કોઈ ચોક્કસ ઠરાવોનો ઉલ્લેખ ન હોઈ ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

શ્રી. ચિમનભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીના ઠરાવોને સરકાર માન્ય કરતી નથી, તો યુનિવર્સિટીની સ્વાયત્તતા ક્યાં રહી ?

કુલપતિશ્રીનો ઉત્તર : તમારી લાગણી છે તે બરાબર છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કપડવંજની કોલેજ અંગે સરકારને લખ્યું છે કે શ્રી. રાયમલના કેસમાં ગ્રાન્ટ કાપવી અને તેમાંથી પગાર ચૂકવવો તો તેનું શું થયું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ માહિતી કઢાવવી પડે.

શ્રી. સતીશભાઈ વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ભવન સિવાય બીજે સેન્ટરો ચલાવતી કોલેજોને કુલાધિપતિશ્રીએ મંજૂરી આપી નથી. તો તેમાં ભણતા વિદ્યાર્થીઓ આપણી પરીક્ષામાં બેસી શકે કે નહીં ?

કુલપતિશ્રીનો ઉત્તર ઃ મારો અભિપ્રાય છે કે તેઓ બેસી શકે.

પ્રશ્ન ૪૫ : સરકારી દખલગીરીનું પગલું શું અશૈક્ષણિક કહી શકાય ?

અને

પ્રશ્ન ૪૬ : શૈક્ષણિક લોકશાહીનાં મૂલ્યોનું શું તેનાથી રક્ષણ કે ભક્ષણ થશે કે કેમ ?

**ઉત્તર** ૪૫ અને ૪૬ : આ અભિપ્રાયના પ્રશ્નો હોઈ સ્ટે. ૩૧ (ધ) (૨) (સી) અનુસાર જવાબ આપવાનું રહેતું નથી તો માફ કરશો.

**પ્રશ્ન** ૪૬-એ : કૉલેજોના એકત્રીકરણ માટેની કેટલી અને કઈ કઈ કૉલેજોએ અરજી કરી છે ?

**ઉત્તર** ૪૬-એ (अ) નીચેની કૉલેજોના એકત્રીકરણ માટે અરજી આવી છે :

(૧) શ્રીમતી એસ. એસ. પંચાલ સાયન્સ કૉલેજ તથા શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ એસ. એસ. કૉમર્સ કૉલેજ, તલોદ

(૨) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ તથા શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ

(૩) કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ તથા શાહ સી. કે. મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ.

(ब) આ ઉપરાંત નીચેની કૉલેજોના એકત્રીકરણ માટેની અરજી આવી હતી જેને મંજૂરી આપવામાં આવી છે :

(૧) રજની પારેખ આર્ટ્સ, શ્રી. કે. બી. કૉમર્સ ઍન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત.

(૨) ભવન્સ આર્ટ્સ, સાયન્સ ઍન્ડ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર

(૩) પટેલ જે. ડી. રૂદેલવાલા આર્ટ્સ, પટેલ એ. એમ. રૂદેલવાલા કૉમર્સ ઍન્ડ બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ.

(૪) સરકારી આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર.

**પ્રશ્ન ૪૭** : તેનાં શાં કારણો છે ?

**ઉત્તર ૪૭** ; (૧) અલ્પ વિદ્યાર્થી સંખ્યા અને આર્થિક મુશ્કેલી.

(૨) પોલ સમિતિની ભલામણના સંદર્ભમાં યુનિવર્સિટીએ કરેલી ત્રણ વિદ્યાશાખા-વાળી કૉલેજો માટે કરેલી જોગવાઈ.

**પ્રશ્ન ૪૮** : કેટલી અને કઈ કઈ કૉલેજોને મંજૂરી મળી છે ?

**ઉત્તર ૪૮** : ઉપર પ્રશ્ન ૪૬-એમાં પેરા (ब) જોવા વિનંતી છે.

**પ્રશ્ન ૪૯** : તેની શી શરતો છે ?

**ઉત્તર ૪૯** : જે કૉલેજોના એકત્રીકરણને મંજૂરી મળી છે તે માટે ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીચે પ્રમાણે ઠરાવ્યું હતું

(૧) શ્રી રજની પારેખ આર્ટ્સ ઍન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯–૪–૧૯૭૯ તથા તા. ૧–૫–૧૯૭૯ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૨૯ની નીચે પ્રમાણે ઠરાવ્યું હતું :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોનું એક સંકુલ કરવા માટે નીચે જણાવેલી શરતોનું પરિપાલન થયેથી મંજૂરી આપવી :

(૧) સદરહુ કૉલેજના કોઈ પણ કર્મચારી (શિક્ષકવર્ગના કે બિનશિક્ષકવર્ગના)-ને છૂટા કરવામાં આવશે નહીં તેમ જ તે તમામ કર્મચારીઓનો પગાર અને પગારધોરણો આરક્ષિત કરવામાં આવશે તથા તેમની સેવાઓનું સાતત્ય જળવાશે તેની બાંયધરી આપવામાં આવે; અને

(૨) સદરહુ કૉલેજોના તમામ કર્મચારીઓ (શિક્ષકવર્ગના કે બિનશિક્ષક-વર્ગના)ને તેમના પગાર અને ભથ્થા પેટે જે રકમ ચૂકવવાની બાકી રહેલી હોય તેની પૂરેપૂરી ચુકવણી કરવામાં આવે."

(૨) ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ ઍન્ડ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર.

ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯–૪–૧૯૭૮ની સભામાં ઠરાવ ક્રમાંક ૭૨થી નીચે પ્રમાણે ઠરાવ્યું હતું .

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જણાવવાનું કે તેમના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને છૂટા કરવા માટે તેમણે આપેલી નોટિસો પાછી ખેંચી લેવામાં આવે. તે પછી સદરહુ પ્રસ્તાવ ઉપર વિચારણા કરવામાં આવશે."

(૩) પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ, પટેલ એ. એમ. રૂદેલવાલા કૉમર્સ ઍન્ડ બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ.

ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯-૪-૧૯૭૯ તથા તા. ૧-૫-૧૯૭૯ની સભામાં ઠરાવ ક્રમાંક ૩૭થી નીચે પ્રમાણે ઠરાવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોનું એક સંકુલ કરવા માટે નીચે જણાવેલી શરતોનું પરિપાલન થયેથી મંજૂરી આપવી :

(૧) સદરહુ કૉલેજોના કોઈ પણ કર્મચારી (શિક્ષકવર્ગના કે બિનશિક્ષક-વર્ગના) ને છૂટા કરવામાં આવશે નહીં તેમ જ તે તમામ કર્મચારી-ઓનો પગાર અને પગારધોરણો આરક્ષિત કરવામાં આવશે તથા તેમની સેવાઓનું સાતત્ય જળવાશે તેવી બાંયધરી આપવામાં આવે; અને

(૨) સદરહુ કૉલેજોના તમામ કર્મચારીઓ (શિક્ષકવર્ગના કે બિનશિક્ષક-વર્ગના)ને તેમના પગાર અને ભથ્થા પેટે જે રકમ ચૂકવવાના બાકી રહેલી હોય તેની પૂરેપૂરી ચુકવણી કરવામાં આવે."

(૪) સરકારી આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર.

ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫–૨–૧૯૭૯ની સભામાં ઠરાવ ક્રમાંક ૬૭થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોનું એક સંકુલ તા. ૧૫મી જૂન ૧૯૭૯થી કરવા માટે નીચેની શરતે મંજૂરી આપવી :

આ સંકુલ થવાને કારણે ફાજલ પડતા શિક્ષકવર્ગના અને બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓના પગાર અને પગારધોરણો આરક્ષિત કરવામાં આવે."

(૫) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ તથા શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯-૪-૧૯૭૯ અને તા. ૧-૫-૧૯૭૯ ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૨૮ થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે, પરંતુ તેને આખરી મંજૂરી આપવામાં આવી નથી.

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજોનું એક સંકુલ કરવા માટે નીચે જણાવેલી શરતોનું પરિપાલન થયેથી મંજૂરી આપવી :

(૧) સદરહુ કોલેજોના કોઈ પણ કર્મચારી (શિક્ષકવર્ગના કે બિનશિક્ષકવર્ગના)ને છૂટા કરવામાં આવશે નહીં તેમ જ તે તમામ કર્મચારીઓનો પગાર અને પગારધોરણો આરક્ષિત કરવામાં આવશે તથા તેમની સેવાઓનું સાતત્ય જળવાશે તેવી બાંયધરી આપવામાં આવે.

(૨) સદરહુ કોલેજોના તમામ કર્મચારીઓ(શિક્ષકવર્ગના કે બિનશિક્ષકવર્ગના)ને તેમના પગાર અને ભથ્થા પેટે જે રકમ ચૂકવવાની બાકી રહેલી હોય તેની પૂરેપૂરી ચુકવણી કરવામાં આવે."

શ્રી. સતીશભાઈ વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ શરતોનું પાલન ન થયું હોવા છતાં સંકુલ થયું છે તે માહિતી આપની પાસે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : પાલન થયું છે તેવી માહિતી મારી પાસે આવ્યા પછી જ હું સહી કરું છું.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે શરતોનું પરિપાલન થાય તો જ બે કોલેજોના સંયોગીકરણ માટે પરવાનગી આપવામાં આવે છે. શરતોનું પરિપાલન થયા સિવાય તે માટે મંજૂરી અપાતી નથી.

શ્રી. સતીશભાઈ વોરાએ જણાવ્યું કે શરતોનું પાલન થયા વગર બોરસદની કોલેજોનું સંકુલ થયું છે. બીજી બે કોલેજોએ પણ બીજી શરતનું પાલન કર્યું નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : આપના ધ્યાનમાં આવો કોઈ કિસ્સો હોય તો જણાવશો.

શ્રી. કનુભાઈ શાહે જણાવ્યું કે ડાકોર અને ખંભાતની કોલેજોએ બીજી શરતનું પાલન કર્યું નથી

શ્રી. નરહરિ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શરતનું પાલન ન કરે તો આપણી પાસે કયા રસ્તા છે? ગ્રાન્ટ અટકાવી શકાય?

કુલપતિશ્રીનો ઉત્તર : સંકુલ ન થવા દઈએ એ સત્તા આપણી પાસે છે. શરતોનું પાલન કરાવવા એકેડેમિક કાઉન્સિલને રિપોર્ટ કરી સરકારને ગ્રાન્ટમાં કાપ મૂકવા સૂચવવું પડે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ બાબતમાં પૂરતી વિચારણા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કરવાની જરૂર છે. બે કોલેજોનું એક સંકુલ કરવાની લોકલ ઇન્કવાયરી કમિટીએ ના પાડી હોય તો તેની મેનેજમેન્ટ સરકાર પાસે જઈ તે કરાવી શકે?

કુલપતિશ્રીનો ઉત્તર : ના.

આચાર્ય ઘનશ્યામભાઈ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બાંયધરી આપવામાં આવે તેમ જણાવ્યું છે તો બાંયધરી કોણ આપે—આચાર્ય કે મેનેજમેન્ટ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે અરજી કરનાર વ્યક્તિ કે સંસ્થા. તે સંસ્થાના આચાર્યે જો અરજી કરેલી હોય તોપણ તેમની સંસ્થા સામાન્ય રીતે બાંયધરી પણ આપતી હોય છે.

તે પછી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો હતો.

**૩. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સુધારેલા તથા રદ કરેલા નીચેના ઓર્ડિનન્સો :**

**સુધારવામાં આવેલા ઓર્ડિનન્સો**

ઓર્ડિ. ૬૨-ડી, ઓર્ડિ. ૬૫-એફ (૨), ઓર્ડિ. ૬૫-એચ (૨) (ડી), ઓર્ડિ. ૬૫-એમ (૨), ઓર્ડિ. ૬૮, ઓર્ડિ. ૭૬, ઓર્ડિ. ૮૩, ઓર્ડિ. ૧૫૧-સી, ઓર્ડિ. ૧૫૩, ઓર્ડિ. ૧૫૯, ઓર્ડિ. ૧૬૬, ઓર્ડિ. આર્ટ્સ ૧ અને ૨, ઓર્ડિ. કોમ, ૫-બી, ઓર્ડિ. એમ.ફિલ. ૮.

**રદ કરેલા ઓર્ડિનન્સો**

ઓર્ડિ. ૧૫૧-એ અને ઓર્ડિ. ૩૬૮.

સુધારવામાં આવેલા સદરહુ ઓર્ડિનન્સો સભાગૃહે મંજૂર કર્યા અને રદ કરવામાં આવેલા ઓર્ડિનન્સો સભાગૃહે રદ કરવાનું મંજૂર કર્યું.

(સુધારવામાં આવેલા તથા રદ કરેલા ઓર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

**૪. શ્રી. સી. પી. જોશીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા આથી ઠરાવે છે કે ઓ. ૬૫-એફ (*i*) (*a*) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા સત્તામંડળોને ભલામણ કરે છે:

"(*i*) A recognised post-graduate teacher OR (*ii*) an assistant to a recognised post-graduate with five years' teaching experience at post-graduate level or eight years' teaching experience at graduate level in the subject and three research papers, or three articles of high quality or a published monograph in a subject provided that their research papers or articles or the monograph, as the case may be, as adjudged by a competent person to be of a sufficiently high quality."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. સી. પી. જોશીએ રજૂ કર્યો, તેને શ્રી. ભરત દવેએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૫. શ્રી. સી. બી. મહેતા, શ્રી. આર. એચ. વ્યાસ અને શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"ઓ. ૧૨૦ (બી)માં નીચે પ્રમાણે સુધારો કરવા લાગતાંવળગતાં સત્તામંડળોને અનુરોધ કરવામાં આવે છે :

(*i*) There shall not......and the college shall continue to admit student till such a limit is reached."

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૬. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૯-૩૦ માર્ચ, ૧૯૭૯ અને તા. ૨-૪-૧૯૭૯ની સભામાં પસાર કરેલા સ્ટે. ૧૨૧-ડી અંગે કુલાધિપતિશ્રી તરફથી તેઓશ્રીના ઉપસચિવશ્રીના તા. ૧૬-૮-૧૯૭૯ના પત્રાંક જી.એસ. ૧૧/૪૬૮૫-૭૯થી આવેલી નીચેની નોંધ બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો રિપોર્ટ :**

"I am directed to state that on the advice of the State Government the Chancellor considered it advisable to withhold her assent to the amendment to Statute 121-D.

It was considered that the conducting of post-graduate instructions at the affiliated colleges was a retrograde step and wolud lower the standard of education. The matter was referred to University Grants Commission which had framed the guidelines of post-graduate teaching. The State Government was informed that University Grants Commission was reconsidering the whole matter. It however advised the Government that a Committee may be appointed to look into the matter. Vice-Chancellor, Gujarat University was also addressed in the matter by the Chairman, University Grants Commission. In view of this the Chancellor has withheld her assent."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે કુલાધિપતિશ્રીના ઉપસચિવશ્રીના સદરહુ પત્રની કંડિકા નં. ૨માં જણાવેલ અભિપ્રાય સાથે આ સભાગૃહ સંમત નથી અને તેથી સદરહુ સૂચન સ્વીકારવાની તરફેણમાં આ સભાગૃહ નથી એમ યુનિવર્સિટી કોર્ટને રિપોર્ટ કરવો અને સ્ટે. ૧૨૧-ડી રદ કરવાની ભલામણનો આ સભાગૃહ પુનરુચ્ચાર કરે છે એમ યુનિવર્સિટી કોર્ટને રિપોર્ટ કરવો.

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની શ્રી. કે. એસ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :**

"એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો રિપોર્ટ સ્વીકારવામાં આવે અને તે મુજબ સ્ટે. ૧૨૧-ડી રદ કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને શ્રી. અંબુભાઈ દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૭. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૯-૩૦ માર્ચ, ૧૯૭૯ અને તા. ૨-૪-૧૯૭૯ની સભામાં પસાર કરેલ સ્ટે. ૧૨૯-એ કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલતાં રાજ્યપાલશ્રીની કચેરીના સેકશન અધિકારીશ્રીના તા. ૨૪-૮-૧૯૭૯ના પત્રાંક જી.એસ. ૧૧/૪૭૭૫-૭૯થી આવેલી નીચેની નોંધ અન્વયે સ્ટે. ૧૨૩ સુધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ :**

I am desired to inform you that a comprehensive proposal in the matter may be sent, as the proposed amendment involves consequential amendments to Statute 123, 125 and 129-C.

પ્રસ્તુત સુધારેલો સ્ટે. ૧૨૩ નીચે મુજબ છે :

**Statute 123 :**

The Board shall consist of three Ordinary Fellows of the University not being members of the Executive Council. They shall be elected by the Court not later than 31st March.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય કે. એન. શાહે નોટિસ આપી હતી:

"સ્ટે. ૧૨૩ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૯–૩૦ માર્ચ, ૧૯૭૯ અને તા. ૨–૪–૧૯૭૯ની સભામાં પસાર કરેલ સ્ટે. ૧૨૯–એ કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલતાં રાજ્યપાલશ્રીની કચેરીના સેકશન અધિકારીશ્રીના તા. ૨૪–૮–૧૯૭૯ના પત્રાંક જી.એસ.૧૧/૪૭૭૫–૭૯થી આવેલી નોંધ અન્વયે સ્ટે. ૧૨૫ સુધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ :

પ્રસ્તુત સુધારેલો સ્ટે. ૧૨૫ નીચે મુજબ છે :

**Statute 125 :**

The Board shall conduct an audit and make an annual report to the Court on the accounts of the University and of the Endowment and Trust funds for the financial year commencing on the first day of April of two years previous to the appointment of the Board.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય કે. એન. શાહે નોટિસ આપી હતી:

"સ્ટે. ૧૨૫ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય ચિમનભાઈ શેઠે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૯–૩૦ માર્ચ, ૧૯૭૯ અને તા. ૨–૪–૧૯૭૯ની સભામાં પસાર કરેલ સ્ટે. ૧૨૯–એ કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલતાં રાજ્યપાલશ્રીની કચેરીના સેકશન અધિકારીશ્રીના તા. ૨૪–૮–૧૯૭૯ના પત્રાંક જી.એસ. ૧૧/૪૭૭૫–૭૯થી આવેલી નોંધ અન્વયે સ્ટે. ૧૨૯ સુધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ :

પ્રસ્તુત સુધારેલો સ્ટે. ૧૨૯ નીચે મુજબ છે :

**Statute 129 :**

(*a*) The members of the Board shall hold office for a period of two years immediately following their election.

(*b*) They shall be eligible for re-election at the expiration of their office.

(*c*) All vacancies on the Board occurring between two elections shall be filled up by persons appointed by the Executive Council.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય કે. એન. શાહે નોટિસ આપી હતી:

"સ્ટે. ૧૨૯ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે"

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય પૂનમભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૧૦. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૯--૩૦ માર્ચ, ૧૯૭૯ અને તા. ૨–૪–૧૯૭૯ની સભામાં પસાર કરેલ સ્ટે. ૧૩૧--એ ને કુલાધિપતિશ્રીની મંજૂરી અર્થે મોકલતાં રાજ્યપાલશ્રીના ઉપસચિવશ્રીના તા. ૧૩--૮--૧૯૭૯-ના પત્રાંક જી.એસ. ૧૧--૪૬૬૧--૭૯થી આવેલી નીચેની નોંધ અન્વયે સ્ટે. ૧૩૧–એ સુધારીને મંજૂર કરવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ :**

I am directed to state that on the advice of the Government the Chancellor considers it advisable to delete the provision of the selection Committee to suggest names of candidates who have not applied for the post. I am, therefore, desired to request you to reconsider this provision and delete it if there is no objection.

પ્રસ્તુત સુધારેલો સ્ટે. ૧૩૧-એ નીચે મુજબ છે :

**St. 131-A :**

"No person shall be appointed Registrar except on the recommendation of a Selection Committee constituted for the purpose and consisting of—

(*i*) The Vice-Chancellor, Ex-officio, Chairman.

(*ii*) Pro-Vice-Chancellor, if any.

(*iii*) Four persons nominated by the Executive Council from amongst its members.

The post of the Registrar shall be filled by selection by advertising the same in prominent newspapers in the State to be determined by the Executive Council."

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની ડૉ. વી. સી. શાહે નોટિસ આપી હતી:**

"સ્ટે. ૧૩૧--એ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. વી. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય બેચરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે શ્રી. એચ. પી. ચાહાણે નોટિસ આપી હતી :

"પ્રસ્તાવ ૧૦માં St. 131-Aના (iii)માં 'from amongst its members'ની જગ્યાએ 'from Court members' વંચાણમાં લઈ પ્રસ્તાવ સુધારવો."

ઉપરનો સુધારો શ્રી. એચ. પી. ચૌહાણે રજૂ કર્યો, તેને આચાર્ય ઘનશ્યામભાઈ પરીખે ટેકો આપ્યો.

તે પછી સભાગૃહની સંમતિથી ડૉ. વી. સી. શાહે સદરહુ સુધારો સ્વીકાર્યો.

તે પછી સદરહુ સુધારા સાથેના ડૉ. વી. સી. શાહના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૯–૩૦ માર્ચ, ૧૯૭૯ અને તા. ૨–૪–૧૯૭૯ની સભામાં મંજૂર કરેલ સ્ટે. ૧૮૦–સીને કુલાધિપતિશ્રીની મંજૂરી માટે આપવા બાબતમાં રાજ્યપાલશ્રીની કચેરીના સેક્શન ઓફિસરના તા. ૨૪–૮–૧૯૭૯ના પત્રાંક જી.એસ. ૧૧–૪૭૭૨–૭૯થી આવેલી નીચેની નોંધ અન્વયે સ્ટે. ૧૮૦–સી સુધારીને મંજૂર કરવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ :

I am desired to inform you to reconsider the matter and revise the third para of the Statute as below, if there be no objection :

"In case where the employees opt for the scheme of pension etc. the contribution of the University together with the interest thereon will be credited to the Government."

પ્રસ્તુત સુધારેલો સ્ટે. ૧૮૦-સી નીચે મુજબ છે :

**Statute 180-C :**

A non-teaching employee of the University shall be entitled to the benefits of Pension Scheme inclusive of Family Pension, Gratuity and General Provident Fund according to the rules of the Gujarat State Government applicable to its employees from time to time;

Notwithstanding anything contained elsewhere in the Statutes, a non-teaching employee of this University who has already been in the employment of this University on or before 31st December, 1976 shall be entitled to exercise his option either to opt for the above provision of Pension Scheme or to continue to draw the benefits of Contributory Provident Fund and Gratuity as are available under Statute 180–181–182–183–184–185–186–187–188 and Statute 193–A; provided that such an option is exercised within a period of six months from the date on which this Statute comes into force.

In case where the employees opt for the scheme of Pension etc. the contribution of the University together with the interest thereon will be credited to the Government.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૮૦–સી ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને શ્રી. ભરતભાઈ દવેએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨. "યુનિવર્સિટીની ગ્રેચ્યુઈટી અંગે સ્ટે. ૧૯૩-બી સુધારવાના સંદર્ભમાં કુલાધિપતિશ્રીના મદદનીશ સચિવશ્રીના તા. ૭–૬–૧૯૭૪ના પત્રાંક જી.એસ. ૧૧–૨૮૮૧–૭૪થી આવેલ નીચેની નોંધ અન્વયે સ્ટે. ૧૯૩–એ સુધારવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ :

"Looking to the financial burden involved in the proposed amendment to St. 193–A the Chancellor regrets his inability to give his assent to it."

પ્રસ્તુત સુધારેલો સ્ટે. ૧૯૩–એ નીચે મુજબ છે :

**St. 193-A :**

The employees of the University, both teaching and non-teaching, be paid gratuity under the following rules :

(1) No gratuity shall be payable to an employee dismissed from service for misconduct.

(2) Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of $\frac{1}{2}$ month's basic salary (excluding all allowances) for each completed year of service on completing of 7 years' service, at the rate of $\frac{3}{4}$ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 12 years' service; the gratuity shall on completion of 15 years' service, be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service, the total amount of the gratuity shall be a maximum of 20 months' salary or Rs. 30,000/- whichever is less. Notwithstanding anything contained above, in the event of the death of employee, during the course of his employment, gratuity shall be paid at the rate of one month's basic salary for each completed year of service subject to a maximum of 20 months' salary or Rs. 30,000/- whichever is less.

(3) Salary for the purpose of gratuity under (2) above shall mean the average basic salary (excluding all allowances) drawn by the employee during the twelve months period of active service immediately preceding death, retirement, resignation or termination of service, as the case may be.

(4) The University shall establish a fund known as gratuity fund for the purpose by contributing a suitable amount not exceeding 5% of the basic salary paid to its employee covered by the scheme from the recurring expenditure of the University during every accounting year. The fund shall be regulated by the Syndicate in its discretion as may be deemed fit by investing the amount of the fund in Government of other securities or by taking out a group-gratuity insurance policy with the Life Insurance Corporation with a view to discharging the University's liability in this behalf. In the event of a group-gratuity insurance policy being taken out by the University, notwithstanding anything stated above, the heir or heirs of an employee who dies during the course of his employment shall be paid gratuity at the rate of one month's basic salary (excluding all allowances)

per year of service for the number of years he would have otherwise ordinarily served had he continued to live till the date of his retirement, subject to a maximum of 20 months' salary or Rs 30,000/- whichever is less.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની ડૉ. એમ. એન. દેસાઈએ નોટિસ આપી હતીઃ

"સ્ટે. ૧૯૩–એ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય આર. એલ. પટેલે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે શ્રી. એચ. પી. ચૌહાણે નોટિસ આપી હતી :

"પ્રસ્તાવ ૧૨માં સ્ટે. ૧૯૩–એમાં શરૂઆતમાં 'The employees of the University' પછી 'and affiliated colleges' શબ્દો સામેલ કરવા અને (૪) માં 'The University' પછી 'and affiliated colleges' શબ્દો સામેલ કરવા અને મૂળ પ્રસ્તાવ સુધારવો."

ઉપરનો સુધારો શ્રી. એચ. પી. ચૌહાણે રજૂ કર્યો, તેને આચાર્ય દર્શનસિંઘ શીખે ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. એચ. પી. ચૌહાણે સભાગૃહની સંમતિથી પોતાનો સુધારો પાછો ખેંચી લીધો.

તે પછી ડૉ. એમ. એન. દેસાઈના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૧૩. શ્રી. સી. બી. મહેતા, શ્રી. આર. એચ. વ્યાસ અને શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી.**

સ્ટેચ્યૂટ ૨૦૭માં નીચે મુજબ સુધારો કરવા વિનંતી કરવામાં આવે છે :

"૧. Gujarati (મૂળ પ્રમાણે)

(2) Notwithstanding...to use English or Hindi as an additional medium of Instruction, with the prior permission of the University authorities who shall not grant such a permission if it is likely to result into reduction in the number of divisions at any level.

It will be permissible for any student to use English or Hindi as a medium of examination.

(૩), (૪) મૂળ પ્રમાણે

ઉપરનો પ્રસ્તાવ શ્રી. આર. એચ. વ્યાસે રજૂ કર્યો, તેને શ્રી. દશરથભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે શ્રી. એસ. બી. વોરાએ નોટિસ આપી હતી :

"આઇટમ નં. ૧૩(૨) 'Notwithstanding..............division at any level. However, it will be permissible for colleges in the faculties of Medicine, Engineering including Technology, Dental Surgery, Pharmacy to use English as the medium of instruction...........' બાકી આપેલ પ્રમાણે."

ઉપરનો સુધારો શ્રી. એસ. બી. વોરાએ રજૂ કર્યો, તેને શ્રી. દિલુભા વાઘેલાએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. કે. એસ. શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ હવે આ પછીની બાબત પરની એટલે કે બાબત નં. ૧૪ ચર્ચાવિચારણા માટે હાથ ધરે, તેને શ્રી. ચિમનભાઈ શેઠે ટેકો આપ્યો.

તે પછી શ્રી. કે. એસ. શાસ્ત્રીના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

આમ શ્રી. આર, એચ. વ્યાસે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ ઉપર કશું કરવાપણું રહ્યું નહીં.

**૧૪. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૯–૩૦ માર્ચ, ૧૯૭૯ અને તા. ૨–૪–૧૯૭૯ની સભામાં મંજૂર કરેલ સ્ટે. ૨૧૨ ને કુલાધિપતિશ્રીની મંજૂરી આપવા બાબતમાં રાજ્યપાલશ્રીની કચેરીના સેકશન ઑફિસરના તા. ૨૪–૮–૧૯૭૯ના પત્રાંક જી.એસ. ૧૧–૪૭૭૪–૭૯થી આવેલી નોંધ અન્વયે સ્ટે. ૨૧૨ સુધારીને મંજૂર કરવાની એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ :**

> "I am desired to refer to the correspondence resting with this office letter No. G.S. XI/1895/79, dt. 2-5-79, and to inform you that the Chancellor considers it advisable that it is not desirable to provide election of representatives of non-teaching staff. There are recognised Associations of employees for the purpose and right to nominate representatives on behalf of the non-teaching employees may be given to the Associations concerned. In case there are no such Associations, the employees can be nominated by the University.
>
> The Chancellor also considers it advisable that the term of the office may be fixed at three years. It may be provided that the committee shall meet two times in a year. It may also be provided for convening the meeting, if at least eight members of the committee want a meeting to be called to discuss specific issues.
>
> In view of above, I am desired to request you to kindly revise the Statute after necessary consideration and send it for the approval of the Chancellor, if there be no objection.

પ્રસ્તુત સુધારેલો સ્ટે. ૨૧૨ નીચે મુજબ છે :

**Statute 212 :**

Joint Consultative Committee for the non-teaching staff of the affiliated colleges and recognised institutions :

1. There shall be constituted a Staff Joint Consultative Committee ( Here-in-after referred to as the 'Committee' for the non-teaching staff of the affiliated colleges and recognised Institutions. for the purpose hereinafter appearing.
2. It shall consist the following members, namely :
   (*i*) Vice-Chancellor, who shall be the Chairman.
   (*ii*) Pro-Vice-Chancellor, if any.
   (*iii*) Two representatives to be nominated from the non-teaching staff of the affiliated colleges and recognised institutions situated in Ahmedabad Zone.

(*iv*) Two representatives to be nominated from the non-teaching staff of the affiliated colleges and recognised institutions situated in the North Zone comprising of the Districts of Gandhinagar, Mehsana, Sabarkantha, Banaskantha and Kutch.

(*v*) Two representatives to be nominated from the non-teaching staff of the affiliated colleges and recognised institutions situated in the South Zone comprising of the districts of Panchmahals, Kaira and Baroda.

(*v-a*) Such nomination shall be made by zone-concerned. It shall be prescribed by the Ordinance.

(*vi*) Two representatives of the Governing Bodies to be nominated by the Management's Association of Ahmedabad, affiliated colleges and recognised Institutions from amongst its members, out of whom one shall be the President or Secretary thereof.

(*vii*) Two representatives of the Governing Bodies (one from North Zone and one from South Zone) to be nominated by the Management's Association of the affiliated colleges and recognised institutions in the mofussil areas, out of whom one shall be the President of Secretary thereof.

(*viii*) Three members nominated by the Executive Council from amongst themselves.

(*ix*) Three members to be nominated by the Executive Council from amongst the members of the University Court (one from each zone).

3. The following shall be the objects of the Committee, namely :

(*a*) to inculcate and promote amongst the employees of the University a spirit of co-operation, harmony and efficient service in the functioning of the colleges and the University.

(*b*) to smoothen the relations between the management of colleges as employers and their employees;

(*c*) to promote harmonious relations and secure the greatest measure of co-operation between the managements the colleges in their capacity as the employers and the general body of their non-teaching employees in matters of common concern and with a view to further increasing the efficiency of services and promoting the well being of the employees.

4. The scope of the committee shall include matters relating to conditions of services and work, welfare of the employees and improvement of efficiency and standard of work;

Provided that the consultation shall be limited to general principles only and individual cases shall not be considered by the committee, unless than and referred to it by any of the members of the Committee.

5. The term of office of all members of Committee shall be three years.

6. The Committee shall elect a Convener for convening the meeting of the Committee and he shall act as the Secretary of the Committee.

7. Eight members of the committee shall form a quorum among any of the committee. The meeting shall be convened if at least eight members of the committee request to discuss specific issue.
8. The Committee shall meet at least two times in a year.
9. Nothing contained in this statute shall be deemed to prevent any employee of an affiliated college of recognised institution from making individual representation to the Management of his college or institution, as the case may be in respect of a matter concerning him as an employee."

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની શ્રી. શરદ પટેલે નોટિસ આપી હતી :**

"સ્ટે. ૨૧૨ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. શરદભાઈ પટેલે રજૂ કર્યો, તેને શ્રી. ઉજમશી કાપડિયાએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે શ્રી. એચ. પી. ચૌહાણે નોટિસ આપી હતી :

(૧) **શ્રી. એચ. પી. ચૌહાણે** નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૧૪થી રજૂ થયેલ સ્ટેચ્યૂટ ૨૧૨માં હું નીચેના સુધારા સૂચવું છું :

૧. કલમ નં. ૨ની પેટાકલમ (*iii*)માં 'nominated' શબ્દ પછી 'by the association' શબ્દો ઉમેરવામાં આવે તથા 'Ahmedabad Zone' શબ્દો પછી 'out of whom one shall be the President or Secretary thereof' શબ્દો ઉમેરવામાં આવે;

૨. કલમ નં. ૨ની પેટાકલમ (*iv*)માં 'nominated' શબ્દ પછી 'by the association' શબ્દો ઉમેરવામાં આવે તથા 'Banaskantha and Kutch' શબ્દો પછી 'out of whom one shall be the President or Secretary thereof' શબ્દો ઉમેરવામાં આવે.

૩. કલમ ૨ની પેટાકલમ (*v*)માં 'nominated' શબ્દ પછી 'by the association' શબ્દો ઉમેરવામાં આવે તથા 'Kaira and Baroda' શબ્દો પછી 'out of whom one shall be the President or Secretary thereof' શબ્દો ઉમેરવામાં આવે.

૪. કલમ નં. ૨ની પેટાકલમ (*v-a*) પૂરેપૂરી રદ કરવામાં આવે.

૫. કલમ નં. ૨ની પેટાકલમ (*vii*)માં છેલ્લી લીટીમાં 'President' અને 'Secretary'ની વચ્ચે 'of' શબ્દ છે તે છાપભૂલ હોઈ 'or' કરવામાં આવે.

૬. કલમ નં. ૩ની પેટાકલમ (*a*)માં શરૂઆતમાં 'to inculcate' શબ્દો છે તે છાપભૂલ જણાય છે ત્યાં 'to include' કરવામાં આવે અને તે આ પહેલી લાઈનમાં 'of the University' શબ્દો રદ કરવામાં આવે.

૭. કલમ ૯માં બીજી લીટીમાં 'college' અને 'recognised' શબ્દોની વચ્ચે "OF" શબ્દ છે તેની જગ્યાએ "and" શબ્દ મૂકવો."

ઉપરનો સુધારો નં. (૧) શ્રી. એચ. પી. ચૌહાણે રજૂ કર્યો, તેને શ્રી. કનુભાઈ શાહે ટેકો આપ્યો.

તે પછી સદરહુ સુધારામાંથી કલમ (૬)માંથી શ્રી. એચ. પી. ચૌહાણે સભાગૃહની સંમતિથી નીચેનો ભાગ પાછો ખેંચી લીધો :

'શરૂઆતમાં 'to inculcate' શબ્દો છે તે છાપભૂલ જણાય છે ત્યાં 'to include' કરવામાં આવે અને તે આ'

તે પછી શ્રી. શરદભાઈ પટેલે સભાગૃહની સંમતિથી શ્રી. એચ. પી. ચૌહાણે રજૂ કરેલા સુધારાનો અવશિષ્ટ ભાગ સ્વીકારી લીધો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો નં. (૨) રજૂ કરવા માટે ડૉ. કે. ભાર્ગવે નોટિસ આપી હતી :

"(૧) ૨(૩)માં પ્રથમ લીટીમાં 'nominated' શબ્દ પછી 'by the Association' શબ્દો ઉમેરવા.

(૨) ૨(૪)માં પ્રથમ લીટીમાં 'nominated' શબ્દ પછી 'by the Association' શબ્દો ઉમેરવા.

(૩) ૨(૫)માં પ્રથમ લીટીમાં 'nominated' શબ્દ પછી 'by the Association' શબ્દો ઉમેરવા.

(૪) ૩(a)માં પ્રથમ લીટીમાં 'to inculcate'ને બદલે 'to include' શબ્દો વાંચવા.

(૫) કંડિકા (૭) (a) રદ કરવી.

(૬) કંડિકા (૭)માં બીજી લીટીમાં 'any' અને 'of' વચ્ચે 'meeting' શબ્દ ઉમેરવો.

(૭) કંડિકા (૯)માં બીજી લીટીમાં 'an affiliated college' પછી 'of'ને બદલે 'or' વાંચવો.

સુધારેલો સ્ટે. ૨૧૨ ઉપરના સુધારા જોતાં નીચે પ્રમાણે વંચાશે :

**St. 212 :**

Joint Consultative Committee for the non-teaching staff of the affiliated colleges and recognised institutions :

1. There shall be constituted a Staff Joint Consultative Committee. (hereinafter referred to as the 'Committee' for the non-teaching staff of the affiliated colleges and recognised institutions, for the purpose hereinafter appearing.

2. It shall consist the following members namely :

   (*i*) Vice-Chancellor, who shall be the Chairman.

   (*ii*) Pro-Vice-Chancellor, if any.

   (*iii*) Two representatives to be nominated by the Association from the non-teaching staff of affiliated colleges and recognised institutions situated in Ahmedabad Zone.

(*iv*) Two representatives to be nominated by the Association from the non-teaching staff of the affiliated colleges and recognised institutions situated in the North Zone comprising of the Districts of Gandhinagar, Mehsana, Sabarkantha, Banaskantha and Kutch.

(*v*) Two representatives to be nominated by the Association from the non-teaching staff of the affiliated colleges and recognised institutions situated in the South Zone comprising of the districts of Panchmahals, Kaira and Baroda.

(*vi*) Two representatives of the Governing Bodies to be nominated by the Managements' Association of Ahmedabad, affiliated colleges and recognised Institutions from amongst its members, out of whom one shall be the President or Secretary thereof.

(*vii*) Two representatives of the Governing Bodies (one from North Zone and one from South Zone) to be nominated by the Managements' Association of the affiliated colleges and recognised institutions in the mofussil areas, out of whom one shall be the President or Secretary thereof.

(*viii*) Three members nominated by Executive Council from amongst themselves.

(*ix*) Three members to be nominated by the Executive Council from amongst the members of the University Court (one from each zone).

3. The following shall be the objects of the Committee, namely :

(*a*) to include and promote amongst the employees of the University a spirit of co-operation, harmony and efficient service in the functioning of the colleges and the University.

(*b*) to smoothen the relations between the management of Colleges as employers and their employees.

(*c*) to promote harmonious relations and secure the greatest measure of co-operation between the managements of the colleges in their capacity as the employers and the general body of their non-teaching employees in matters of common concern and with a view to further increasing the efficiency of services and promoting the well being of the employees.

4. The scope of the Committee shall include matters relating to conditions of services and work, welfare of the employees and improvement of efficiency and standard of work :

Provided that the consultation shall be limited to general principles only and individual cases shall not be considered by the Committee, unless they are referred to it by any of the members of the Committee.

5. The term of office of all members of the Committee shall be three years.

6. The Committee shall elect a convener for convening the meeting of the Committee and he shall act as the Secretary of the Committee.

7. Eight members of the Committee shall form a quorum among any meeting of the Committee. The meeting shall be conveyed if at least eight members of the Committee request to discuss specific issue.

8. The Committee shall meet at least two times in a year.

9. Nothing contained in this statute shall be deemed to prevent any employee of an affiliated college or recognised institution from making individual representation to the Management of his college or institution, as the case may be, in respect of a matter concerning him as an employee."

ઉપરનો સુધારો નં. (૨) ડૉ. કે. ભાર્ગવે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે અંગે કશું કરવાપણું રહ્યું નહિ.

તે પછી શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તેને ૧૫ કરતાં વધુ સભ્યોએ ઊભા થઈને ટેકો આપ્યો અને તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે અધ્યક્ષશ્રીએ સંમતિ આપી.

તે પછી શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ રજૂ કરેલા સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહ સમિતિના રૂપમાં ફેરવાઈ ગયું અને તેનું પ્રમુખપદ કુલપતિ ડૉ. પી. સી. વૈદ્યે સંભાળ્યું.

સદરહુ સમિતિએ કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબનો રિપોર્ટ યુનિવર્સિટી કોર્ટને કરવાનું ઠરાવ્યું:

"The Committee reports as follows:

The Court of the University be advised that the matter be referred back to the Executive Council for fuller and comprehensive consideration."

તે પછી સમિતિની સભાને કોર્ટની સભામાં ફેરવવામાં આવે છે એમ પ્રમુખશ્રીએ જણાવ્યું અને કોર્ટની સભા સમક્ષ ઉપરનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

નીચેનો પ્રસ્તાવ રજૂ કરવા માટે શ્રી. એસ. બી. વોરાએ નોટિસ આપી હતી:

૧૪–ઓ. 'આઇટેમ નં. ૧૪ પછી નીચેની આઇટેમોને પ્રાયોરિટી આપવામાં આવે:

'૧૧૬, ૧૬૪, ૧૩૨, ૧૬૮, ૯૪, ૮૫, ૧૧૯, ૧૨૪, ૧૪૪, ૧૬૬'

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એસ. બી. વોરાએ રજૂ કર્યો, તેને શ્રી. ભરતભાઈ દવેએ ટેકો આપ્યો.

તે પછી તે પરની ચર્ચાવિચારણા દરમિયાન આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. નં. ૩૧ની પેટાકલમ (૮) હેઠળ આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવેલો છે અને તે પેટાકલમમાં 'any item' એ શબ્દપ્રયોગ કરવામાં આવેલો હોઈ કોઈ પણ એક જ બાબતને અગ્રિમતા આપી શકાય, જ્યારે આ પ્રસ્તાવમાં એક બાબત કરતાં વધુ બાબતોને અગ્રિમતા આપવામાં આવી છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

તે બાબતમાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે શ્રી. એસ. બી. વોરાએ રજૂ કરેલો પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. નં. ૩૧ની પેટાકલમ (૭) પછી વિદ્યાર્થીઓના પ્રશ્નોને અગ્રિમતા આપવી જોઈએ.

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ કાનૂની મુદ્દો સ્વીકારી શકાય તેમ નથી.

તે પછી શ્રી. એસ. બી. વોરાએ રજૂ કરેલા સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે પસાર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૧૬ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૧૧૬. શ્રી. એન. એસ. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા નિર્ણયોની મંજૂરી સરકારશ્રી તરફથી મળતી નથી અથવા તેમ કરવામાં કાં તો વિલંબ થાય છે અથવા તેનાથી વિરુદ્ધ પ્રકારનો નિર્ણય લેવાય છે. આમ યુનિવર્સિટી અને સરકારશ્રી વચ્ચેના અસંદિગ્ધ વ્યવહારને પરિણામે કૉલેજો પણ યુનિવર્સિટી કે સરકારશ્રીના આદેશોનો અમલ કરતી નથી. અથવા આંખ આડા કાન કરે છે. પરિણામે યુનિવર્સિટી નિઃસહાય દશામાં મુકાઈ જાય છે. આજની આ કોર્ટ-સભા સરકારશ્રીને યુનિવર્સિટીનાં સત્તા મંડળોની સ્વાયત્તતાને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવા માટે આગ્રહભર્યો અનુરોધ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એન. એસ. શાહે રજૂ કર્યો, તેને શ્રી. એન. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૬૪ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૧૬૪. શ્રી. કનુભાઈ શાહ તથા શ્રી. ઉજમશી કાપડિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટી કોર્ટની આ સભા દૃઢપણે એમ માને છે કે યુનિવર્સિટીનાં સત્તામંડળો કૉલેજ સંલગ્નતા માટે, કાર્યભાર અંગે, નવા વિષયો દાખલ કરવા અંગે કે અન્ય શૈક્ષણિક હેતુઓ સિદ્ધ કરવા માટે લીધેલા નિર્ણયોમાં સરકાર હસ્તક્ષેપ કરે તે વાજબી નથી તથા ગત વર્ષમાં કૉલેજોની માન્યતા, કાર્યભાર, વિષયવૈવિધ્ય અંગે યુનિવર્સિટીએ લીધેલા નિર્ણયોમાં સરકારે કરેલા હસ્તક્ષેપને આ સભા વખોડી કાઢે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. કનુભાઈ શાહે રજૂ કર્યો, તેને શ્રી. ઉજમશી કાપડિયાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૩૨ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૧૩૨. શ્રી. કે. ડી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સેન પગારધોરણના અમલ વખતે સરકારે તે અંગેના જી.આર.માં આચારસંહિતાનો સમાવેશ કર્યો હતો. તેમાં લોકશાહી મૂલ્યો અને શિક્ષકોની સ્વાયત્તતા પર ઘા કરે તેવી કેટલીક કલમો હતી, કેટલાક અધ્યાપકોની રજૂઆતને પરિણામે તે વખતે જનતા મોરચા સરકારે વાંધાજનક કલમો (૩૦૧. ૪.૧, ૫.૧ અને ૬.૨) રદ કરવાનો નિર્ણય કર્યો હતો અને તેની જાહેરાત પણ કરી હતી, પણ તેનો જી.આર. બહાર પડે તે પહેલાં સરકારનું પતન થયું હતું. ત્યાર પછીના શાસનમાં આ પ્રશ્ન ખોરંભે પડી ગયો અને હજુ આ વાંધાજનક કલમો ચાલુ છે. આ વાંધાજનક કલમો સત્વરે દૂર કરવા સરકારને આ સભા અનુરોધ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. કે. ડી. દેસાઈને બદલે શ્રી. કનુભાઈ શાહે રજૂ કર્યો. તેને શ્રી. અંબુભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ શ્રી. કનુભાઈ શાહે સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહીં.

તે પછી બાબત નં. ૧૬૮ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૧૬૮. શ્રી. કનુભાઈ શાહ તથા શ્રી. ઉજમશી કાપડિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સેન પગારો સાથે સેન કમિશને સૂચવ્યાથી ઉપરવટ જઈ રાજ્ય સરકાર આચાર-સંહિતામાં તથા પગાર સાથે આમેજ કરેલી શરતોનો યુનિવર્સિટી કોર્ટની આ સભા સખત વિરોધ કરે છે તથા સેન કમિશને સૂચવી ન હોય તેવી સેન પગાર સાથે સાંકળેલી આચારસંહિતાની જોગવાઈઓ તથા શરતોને તત્કાલ રદ કરવા સરકારશ્રીને અનુરોધ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. કનુભાઈ શાહે રજૂ કર્યો, તેને શ્રી. એન. એસ. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૯૪ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૯૪. આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો ઠરાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:**

"ત્રણ કે બે કોલેજો એક સંકુલમાં ફેરવાતાં જ્યાં આચાર્ય ફાજલ થાય ત્યાં આચાર્યનો પગાર, નોકરીની સલામતી તથા ગૌરવ આદિ સચવાય તે રીતે તે સંસ્થામાં તે આચાર્યને સમાવવા જોઈએ અને તે માટે ઘટતા નીતિનિયમો યુનિવર્સિટીની એક્ઝક્યુટિવ કાઉન્સિલ ઘડે તેમ આ કોર્ટ ઠરાવે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્યશ્રી સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય બેચરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૮૫ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૮૫. શ્રી. સી. એમ. શેઠે નીચેનો ઠરાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"કૉલેજોના શિક્ષક તેમ જ બિનશિક્ષક કર્મચારીઓનાં સીધાં પગારધોરણોનો અમલ કરવા અનુરોધ

સરકારશ્રીની ગ્રાન્ટની નીતિમાં પરિવર્તન થયું હોવાથી આર્થિક પ્રશ્નો જૂજ પ્રમાણમાં જ રહ્યા છે. તેમ છતાં પગાર ચૂકવવામાં અક્ષમ્ય વિલંબ થતો હોય છે, તેના માટે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક તેમ જ શિક્ષકગણના કર્મચારીઓ માટે સીધાં પગારધોરણોનો અમલ કરવા માટે અનુરોધ કરવા સરકારશ્રીને ભલામણ કરવા આ સભા ઠરાવે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. સી. એમ. શેઠને બદલે શ્રી. શરદભાઈ પટેલે રજૂ કર્યો, તેને શ્રી. આર. એ. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૧૯ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૧૧૯. શ્રી. એન. એસ. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સંલગ્ન કૉલેજોના અધ્યાપકો અને બિનશિક્ષક કર્મચારીઓના પગાર ચૂકવવાની સો ટકા જવાબદારી સરકારે સ્વીકારી છે; છતાં કેટલીક કૉલેજોમાં અનિયમિત પગારોની ચુકવણી થતી હોવાથી માધ્યમિક શાળાના શિક્ષકોની માફક સંલગ્ન કૉલેજોના અધ્યાપકો અને કર્મચારીઓને સરકારશ્રી દ્વારા જ સીધા પગારની ચુકવણી કરવાની જોગવાઈ કરીને કાયમી ઉકેલ લાવવા આ સભા સરકારશ્રીને ત્વરિત કાર્યવાહી કરવા સર્વાનુમતે ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એન. એસ. શાહે રજૂ કર્યો, તેને શ્રી. વી. એસ. દોશીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૨૪ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૧૨૪. શ્રી. વાડીભાઈ બી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"કૉલેજોને પગાર માટે સો ટકા ગ્રાન્ટ આપવામાં આવતી હોવા છતાં કેટલીક કૉલેજોમાં નિયમિત પગારો ચૂકવાતા નથી. આ પ્રકારની ગેરરીતિ અટકાવવા કૉલેજોમાં અધ્યાપકોને સીધા પગાર ચૂકવવાની પ્રથા સરકારે સ્વીકારવી જોઈએ. આ માટે સત્વરે પગલાં લેવા આ સભા સરકારને અનુરોધ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. વાડીભાઈ બી. પટેલે રજૂ કર્યો, તેને શ્રી. એસ. બી. વોરાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૪૪ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૧૪૪. શ્રી. અનિરુદ્ધ યાજ્ઞિકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"ગુજરાત સરકારશ્રીએ પોલ સમિતિ પ્રમાણે સંલગ્ન કૉલેજો માટે ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવાની નીતિ સ્વીકારી છે. તો અધ્યાપકોને ડાયરેક્ટ પગાર ચૂકવવા માટે આ સભા સરકારશ્રીને ભલામણ કરવા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. અનિરુદ્ધભાઈ યાજ્ઞિકે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૬૬ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૧૬૬. શ્રી. કનુભાઈ શાહ તથા શ્રી. ઉજમશી કાપડિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સલંગ્ન કોલેજોના અધ્યાપકો અને બિનશિક્ષક કર્મચારીઓના પગાર ચૂકવવાની પૂરી ગ્રાન્ટ આપવાની જવાબદારી સરકારે ઉપાડી છે. તે છતાં કેટલીક કોલેજોમાં પગારો નિયમિત રીતે ચૂકવાતા નથી. આ સંદર્ભમાં યુનિવર્સિટી કોર્ટની આ સભા સર્વાનુમતે એવો અભિપ્રાય ધરાવે છે કે માધ્યમિક શાળાના શિક્ષકોની જેમ સંલગ્ન કોલેજોના અધ્યાપકો અને કર્મચારીઓને સરકાર દ્વારા સીધા પગાર (ડાયરેક્ટ પેમેન્ટ)ની ચુકવણી કરવાની જોગવાઈ કરાય એ જ આ પ્રશ્નનો કાયમી ઉકેલ છે.

આ માટે સત્વરે ઘટિત કાર્યવાહી હાથ ધરવા આ સભા સરકારશ્રીને સર્વાનુમતે ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. કનુભાઈ શાહે રજૂ કર્યો, તેને શ્રી. ઉજમશી કાપડિયાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૫ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

**૧૫. યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી અન્વયે એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી આવેલ સ્વાયત્તતા માટેની અરજી.**

**એકેડેમિક કાઉન્સિલની ભલામણ**

"૧. સદરહુ બાબતમાં સ્થાનિક તપાસસમિતિના હેવાલ તથા અન્ય સંબંધકર્તા કાગળો જોઈતપાસીને નીચે મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું :

એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદના શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં, (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણ, વિદ્યાવિતરણ અને તાલીમની બાબતમાં, અને (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા પ્રમાણેની શરતોનું પરિપાલન તા. ૩૦ એપ્રિલ ૧૯૭૮ સુધીમાં એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.એસસી. (સ્પે. અને જન.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂસ્તરવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્ર, અને બી.એસ.સી.-(જન.)માં ભૂગોળ અને પ્રાણીવિજ્ઞાનના વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમો, શિક્ષણ અને પરીક્ષાની બાબતોમાં ૧૫મી જૂન, ૧૯૭૯થી તા. ૧૪મી જૂન, ૧૯૮૨ સુધીના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી હેઠળ એક એક વર્ષ આગળ વધે તે રીતે ઉત્તરોત્તર (Progressively) જરૂરી સ્વાયત્તત્તા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણ ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) પ્રવેશપાત્રતા અંગે ઓછામાં ઓછાં જે ધારાધોરણો ગુજરાત યુનિવર્સિટીએ નિયત કરેલાં હોય તેનું યથાર્થ પરિપાલન કરવામાં આવે;

(૨) શિક્ષક--વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૫નું રાખવામાં આવે અને આ માટે કેવળ પૂર્ણ સમયના શિક્ષકોની સંખ્યા લક્ષમાં લેવાની રહેશે;

(૩) નીચે પ્રમાણે શિક્ષકગણ રાખવામાં આવે :

(ક) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં વ્યાખ્યાતાઓની નિમણૂક માટે જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા પ્રત્યેક વિભાગના વડા,

(ખ) કોલેજ અથવા યુનિવર્સિટીનો ઓછામાં ઓછાં ૧૦ વર્ષનો શૈક્ષણિક કે સંશોધન અનુભવ ધરાવતો ૫૦ ટકા શિક્ષકગણ,

(ગ) પીએચ.ડી. કે તેની સમકક્ષ પાત્રતા ધરાવતા શિક્ષકગણના ૧૦ ટકા શિક્ષકો;

(૪) પ્રત્યેક વર્ષના બધા જ વિષયો માટે વિદ્યાર્થીઓની ગુરુતમ સંખ્યા—(૧) વ્યાખ્યાનો માટે ૭૫ની, તથા (૨) પ્રાયોગિક તથા ટ્યુટોરિયલ્સ માટે ૧૫ની રાખવામાં આવે;

(૫) વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૧૦ ચો. ફૂટ લેખે જરૂરી વર્ગ અંગેની વ્યવસ્થા કરવામાં આવે;

(૬) વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીમાં યુનિવર્સિટીની પૂર્વસંમતિ વિના કશો વધારો કરવામાં ન આવે;

(૭) પ્રત્યેક શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમો સ્વાયત્ત કોલેજની સ્થાયી સમિતિઓના જે તે વિષયના નિષ્ણાતોની સલાહસૂચના લઈને નિયત કરવા જોઈશે અને શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ કોલેજે પ્રસિદ્ધ કરવા જોઈશે અને તે પછી તરત જ તેની ઓછામાં ઓછી ૨૫ નકલો યુનિવર્સિટીને મોકલી આપવી આવશ્યક રહેશે;

(૮) પ્રસિદ્ધ કરેલ અભ્યાસક્રમમાં વર્ષની અધવચ્ચે સામાન્ય રીતે કશો ફેરફાર કરી શકાશે નહિ, પરંતુ ખાસ સંજોગોમાં તેમ કરવાની જરૂર ઊભી થાય તો તેનાં કારણો લેખિત સ્વરૂપે નોંધીને યુનિવર્સિટી કાર્યાલયને તે અંગે રિપોર્ટ કરવો આવશ્યક રહેશે;

(૯) અભ્યાસક્રમ નિયત કરતી વખતે જે તે કક્ષાએ કોલેજોના શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો લક્ષમાં રાખવાં આવશ્યક રહેશે;

(૧૦) શિક્ષણની પ્રક્રિયામાં જ્યારે જ્યારે ફેરફાર કરવામાં આવે ત્યારે ત્યારે તે અંગે શિક્ષકોને તેમાં સાંકળવામાં આવે;

(૧૧) નવા માળખા તરફ કોલેજના શિક્ષકોનો અભિગમ કરવા માટે પરિસંવાદો યોજવા અને આ વિચારનો જે સંસ્થામાં આગળ અમલ થયો હોય (જેવી કે એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા, મિરત યુનિવર્સિટી (મિરત) ત્યાંની મુલાકાત કોલેજના શિક્ષકો ત્યાં લઈ શકે તેવી સગવડ તેમને આપવામાં આવે;

(૧૨) શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો જાળવવા અને સુધારવા માટે સતત મથામણ કરવી કોલેજ માટે આવશ્યક રહેશે અને તે હેતુ માટે અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે;

(૧૩) પ્રયોગશાળા માટે નવાં સાધનોની ખરીદી પેટે તથા તેને અદ્યતન અને સુયોગ્ય બનાવવા માટે પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા ત્રણ લાખ તથા દ્વિતીય વર્ષની સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા બે લાખ રૂપિયા—એમ પાંચ લાખ રૂપિયાનું ખર્ચ કરવામાં આવે તથા ગ્રંથાલયને અદ્યતન કરવા માટે ઓછામાં ઓછા રૂપિયા એક લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે;

(૧૪) ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવો મોકળાશવાળો તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેવી સગવડવાળા વાચનખંડની વ્યવસ્થા કરવામાં આવે;

(૧૫) કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ અથવા કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ—એ બેમાંથી જે ઓછા હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

(૧૬) બે વર્ષના સમયના ગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦ × ૮ના માપની કૅબિનો રચવામાં આવે;

(૧૭) ટ્યુટોરિયલ્સ બધા વિષયો માટે યોજવા;

(૧૮) યુનિવર્સિટી તરફથી તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રયોજાતા "રિફ્રેશર કોર્સીઝ", "સમર ઇન્સ્ટિટ્યૂટ્સ" અથવા "વર્કશૉપ"માં હાજરી આપવા માટે પ્રત્યેક ત્રણ વર્ષે ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકોને કૉલેજના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તથા પ્રત્યેક વર્ષે પ્રત્યેક વિષયના એક શિક્ષકને અખિલ ભારતીય પરિષદમાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે;

(૧૯) કૉલેજમાં શીખવાતા પ્રત્યેક વિષય માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ની સંશોધન સહાય ફાળવવામાં આવે; અને

(૨૦) સંલગ્ન કૉલેજો માટે નિયત કરેલ ઓછામાં ઓછા વેતનનાં ધોરણો કરતાં કોઈ પણ સંજોગોમાં નીચાં નહિ એવાં ધોરણોનું પરિપાલન કરવું આવશ્યક રહેશે અને તે બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ કે તે માટે તેણે જે અધિકારીને સત્તા આપેલી હોય તે વખતોવખત જે સૂચનાઓ આપે તેનો અમલ કરવો આવશ્યક રહેશે;

(૨૧) આ હેતુ માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પોતે કે કોઈ સમિતિ કે વ્યક્તિને જરૂરી તપાસ કરવા માટે નીમી શકશે અને તેની તપાસના કામમાં કૉલેજે જરૂરી માહિતી પૂરી પાડવી અને સહકાર આપવો આવશ્યક રહેશે;

(૨૨) સ્વાયત્તતાનો દરજ્જો પ્રાપ્ત થવાને કારણે તથા અભ્યાસક્રમના માળખાની પુનર્રચનના સંદર્ભમાં નવી નીતિ અખત્યાર કરવાના કારણે કોઈ પણ શિક્ષક કે બિનશિક્ષકવર્ગના કર્મચારીને સંખ્યાધિક ગણી શકાશે નહિ કે તેમના દરજ્જાને નીચલી પાયરી પર ઉતારી દેવામાં આવશે નહિ તેની બાંયધરી આપવામાં આવે;

(૨૩) વિદ્યાર્થીઓની નોંધણી યુનિવર્સિટી કાર્યાલયમાં કરાવવી તથા તે માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે એકઠી કરીને વખતસર મોકલી આપવી કૉલેજ માટે આવશ્યક રહેશે. પ્રશ્નપત્રોની ગુપ્તતા અને પરીક્ષા સંચાલનની પવિત્રતા અંગે ગુણાંકનની નિષ્પક્ષતા બાબતમાં ઉત્કૃષ્ટ ધોરણોની જાળવણી કરવી આવશ્યક રહેશે તથા તેમાં બની શકે તેટલા સુધારા કરવા માટે કૉલેજ હંમેશાં જાગ્રત અને પ્રયત્નશીલ રહેશે અને તેમાં અધ્યાપકો અન્ય નિષ્ણાતો અને કર્મચારીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે;

(૨૪) કૉલેજ તરફથી વખતોવખત લેવાતી પરીક્ષાઓના દફતર-રેકોર્ડ્ઝ સ્વચ્છ અને ભૂલચૂક વિનાનાં રાખવાં આવશ્યક રહેશે અને તેની જાણ યુનિવર્સિટી કાર્યાલય નિયત કરે તે રૂપમાં અને તેટલી નકલોમાં કરવી આવશ્યક રહેશે;

(૨૫) પરીક્ષા અંગે યુનિવર્સિટી કાર્યાલયમાં કેટલાંક રેકર્ડ્ઝ રાખવાં આવશ્યક બનશે અને તે માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે ફી કૉલેજે વિદ્યાર્થીઓ પાસેથી વેળાસર એકઠી કરીને યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડવી આવશ્યક રહેશે;

(૨૬) ઉપરની કોઈપણ બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલય તરફથી જે કોઈ માહિતી માગવામાં આવે તે માહિતી પૂરી પાડવી આવશ્યક રહેશે તથા તે અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની કે તેણે નીમેલી સમિતિને કે વ્યકિતને જ્યારે તપાસ કરવાની જરૂર જણાય ત્યારે તે તપાસના કામમાં કૉલેજે પૂરેપૂરો સહકાર આપવો આવશ્યક રહેશે."

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો રિપોર્ટ**

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણમાં ક્રમાંક (૨૭) તરીકે નીચેની શરત ઉમેરીને મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

(૨૭) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે તા. ૨૮-૨-૧૯૭૯ સુધીમાં ચૂકવી આપવામાં આવે."

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય કે. એન. શાહે નોટિસ આપી હતી:**

"આથી યુનિવર્સિટી કોર્ટની આ સભા એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને સ્વાયત્તતા આપવા અંગેનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી **તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે** ઉમેરેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને સ્વાયત્તતા આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહને બદલે શ્રી. રઘુવીરભાઈ ચૌધરીએ રજૂ કર્યો, તેને પ્રો. એચ. કે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલવામાં આવે. તેને આચાર્ય વી. સી. ઉપાધ્યાયે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે પછી સભાગૃહમાં એમ સૂચન કરવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવમાં શરતોના પરિપાલન અંગે જે ઉલ્લેખ કરવામાં આવેલો છે તે પરિપાલન તા. ૧૫-૩-૧૯૮૦ સુધીમાં કરવામાં આવે; તે સુધારો શાબ્દિક સુધારા તરીકે સ્વીકારવામાં આવે.

તે અંગે શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો કેવળ શાબ્દિક (merely formal) સુધારા તરીકે ગણી શકાય નહીં.

૫. ગ્રંથાલયને અદ્યતન કરવા માટે ઓછામાં ઓછા એક લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે;

૬. ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવા મોકળાશવાળો તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેવા સગવડવાળા વાચનખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૭. કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ અથવા કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ —એ બેમાંથી જે ઓછા હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૮. બે વર્ષના સમયગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦×૮ના માપની કેબિનો રાખવામાં આવે;

૯. ટ્યુટોરિયલ્સ બધા વિષયોના યોજવામાં આવે;

૧૦. યુનિવર્સિટી તરફથી તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રયોજાતા 'રિફ્રેશર કોર્સ', 'સમર ઇન્સ્ટિટ્યૂટ' અથવા 'વર્કશોપ'માં હાજરી આપવા માટે પ્રત્યેક ત્રણ વર્ષે ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકોને કૉલેજના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તથા પ્રત્યેક વર્ષે પ્રત્યેક વિષયના એક શિક્ષકને અખિલ ભારતીય પરિષદમાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે;

૧૧. કૉલેજમાં શીખવાતા પ્રત્યેક વિષય માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ની સંશોધન સહાય ફાળવવામાં આવે;

૧૨. સ્વાયત્તતાનો દરજ્જો પ્રાપ્ત થવાને કારણે તથા અભ્યાસક્રમના માળખાની પુનર્રચનાના સંદર્ભમાં નીચલી પાયરી પર ઉતારી દેવામાં આવશે નહિ તેની બાંયધરી આપવામાં આવે;

૧૩. વહીવટી કાર્યબોજ માટે જરૂરી બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે; અને

૧૪. કૉલેજના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના તમામ કર્મચારીઓને તેમના વેતન પેટે બાકી રહેલી તમામ રકમની ચુકવણી કરવામાં આવે."

**ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧-૯-૧૯૭૯ની સભાનો રિપોર્ટ**

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નીચેના બે સુધારાઓ સાથે મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

(૧) શરતોનું પરિપાલન કરવા માટેની તા. ૩૦, એપ્રિલ, ૧૯૮૦ને બદલે તા. ૨૮ ફેબ્રુઆરી ૧૯૮૦ મૂકવી.

(૨) શરત નં. ૧૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(૧૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ કૉલેજના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના તમામ કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, વગેરે આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય કે. એન. શાહે નોટિસ આપી હતી :**

"આથી યુનિવર્સિટી કોર્ટની આ સભા એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને સ્વાયત્તતા આપવા અંગેનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં

સૂચવેલી તથા એકિઝક્યુટિવ કાઉન્સિલે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને સ્વાયત્તતા આપવામાં આવે તેમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહને બદલે શ્રી. રણુજિતભાઈ શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને શ્રી. રઘુવીરભાઈ ચૌધરીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે વધુ મતે ઊડી ગયો.

**૧૮. યુનિવર્સિટી ધારાની કલમ ૩૮–બી અન્વયે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ તરફથી આવેલ સ્વાયત્તતા માટેની અરજી.**

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૭–૧૯૭૯ની સભાની ભલામણ**

"એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલ વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં, (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણવિદ્યા અને (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા પ્રમાણેની શરતોનું પરિપાલન તા. ૩૦મી એપ્રિલ, ૧૯૮૦ સુધીમાં એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને–

૧. બી.ઈ. (સિવિલ), બી.ઈ. (મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ),

૨. બી.ઈ. ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ તથા બી.ઈ. ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન (સેન્ડવિચ પેટર્ન), તથા

૩. બી.ઈ. કેમિકલ એન્જિનિયરિંગ તથા ટેક્સ્ટાઇલ ટેકનોલૉજીના વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ, શિક્ષણ અને પરીક્ષાની બાબતમાં તથા ૧૫મી જૂન, ૧૯૮૦થી તા. ૧૪મી જૂન, ૧૯૮૪ સુધીના ચાર વર્ષના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮–બી હેઠળ જરૂરી સ્વાયત્તતા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણ ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી:

(૧) શિક્ષક–વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૫નું રાખવામાં આવે;

(૨) શિક્ષકગણમાં એમ.ઈ. અથવા સમકક્ષ પાત્રતા ધરાવતા હોય તેવા કુલ શિક્ષકગણના ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકો રાખવામાં આવે;

(૩) પ્રત્યેક વર્ગમાં વધુમાં વધુ વિદ્યાર્થી–સંખ્યા ૬૦ની રાખવામાં આવે;

(૪) વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૮ ચો. ફૂટ લેખે જરૂરી વર્ગ અંગેની વ્યવસ્થા કરવામાં આવે;

(૫) પ્રયોગશાળા માટે નવાં સાધનોની ખરીદી પેટે તથા તેને અદ્યતન અને સુયોગ્ય બનાવવા માટે પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા ત્રણ લાખ તથા દ્વિતીય વર્ષની સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા બે લાખ રૂપિયા–એમ કુલ પાંચ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે તથા ગ્રંથાલયો અદ્યતન કરવા માટે રૂપિયા બે લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે;

(૬) ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવા મોકળાશવાળા તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૨૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેવી સગવડવાળા વાચનખંડની વ્યવસ્થા કરવામાં આવે;

(૭) કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૨૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ અથવા કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ—એ બેમાંથી જે ઓછા હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

(૮) બે વર્ષના ગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦×૮ના માપની કેબિનો રચવામાં આવે;

(૯) યુનિવર્સિટી તરફથી તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રયોજાતા 'રિફ્રેશર કોર્સીઝ', 'સમર ઇન્સ્ટિટયૂટ' અથવા 'વર્કશોપ'માં હાજરી આપવા માટે પ્રત્યેક ત્રણ વર્ષે ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકોને કૉલેજના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તથા પ્રત્યેક વર્ષે પ્રત્યેક વિષયના એક શિક્ષકને અખિલ ભારતીય કક્ષાની પરિષદમાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે;

(૧૦) કૉલેજમાં શીખવાતા પ્રત્યેક વિષય માટે પ્રતિવર્ષે ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦ની સંશોધન સહાય ફાળવવામાં આવે;

(૧૧) સ્વાયત્તતાનો દરજ્જો પ્રાપ્ત થવાને કારણે તથા અભ્યાસક્રમના માળખાની પુનર્રચનાને કારણે કોઈ પણ શિક્ષકવર્ગના—બિનશિક્ષકવર્ગના કર્મચારીને સંખ્યાધિક ગણી શકાશે નહિ કે તેમના દરજ્જાને નીચલી પાયરી પર ઉતારી દેવામાં આવશે નહિ તેની બાંયધરી આપવામાં આવે; અને

(૧૨) વહીવટી કાર્યબોજ માટે જરૂરી બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે."

**એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૧-૯-૧૯૭૯ની સભાનો રિપોર્ટ**

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

'શરતોનું પરિપાલન કરવા માટેની તા. ૩૦ એપ્રિલ, ૧૯૮૦ને બદલે ૨૮ ફેબ્રુઆરી, ૧૯૮૦ મૂકવી.'"

**એકિઝક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય કે. એન. શાહે નોટિસ આપી હતી :**

"આથી યુનિવર્સિટી કોર્ટની આ સભા એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદને સ્વાયત્તતા આપવા અંગેનો એકિઝક્યુટિવ કાઉન્સિલનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણો-માં સૂચવેલી તથા એકિઝક્યુટિવ કાઉન્સિલે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને સ્વાયત્તતા આપવામાં આવે તેમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહને બદલે શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને રઘુવીરભાઈ ચૌધરીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે વધુ મતે ઊડી ગયો.

**૧૯. યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઑફ કૉમ્પ્યુટર સાયન્સનો અનુસ્નાતક વિભાગ ઊભો કરવાની ઍકેડૅમિક કાઉન્સિલ તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ.**

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની ડૉ. વી. સી. શાહે નોટિસ આપી હતી :**

"યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઑફ કૉમ્પ્યુટર સાયન્સનો અનુસ્નાતક વિભાગ ઊભો કરવા અંગેની ઍકેડૅમિક કાઉન્સિલ તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. વી. સી. શાહે રજૂ કર્યો, તેને શ્રી. રઘુવીરભાઈ ચૌધરીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૨૦. "પોસ્ટ-ગ્રૅજ્યુએટ કોર્સ ઇન સાયન્ટિફિક સ્ટડી ઑફ ધી ડેવલપમેન્ટલી હૅન્ડિકૅપ્ડનો એક વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટે ઍકેડૅમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટને કરેલી ભલામણ અનુસાર સદરહુ અભ્યાસક્રમ બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં જૂન, ૧૯૭૬થી શરૂ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.**

સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

**૨૧. વાણિજ્યના અનુસ્નાતક શિક્ષણ માટે યુનિવર્સિટીનું વિદ્યાભવન સ્થાપવા માટે ઍકેડૅમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટને કરેલી ભલામણ અનુસાર યુનિવર્સિટી વાણિજ્ય વિદ્યાભવનમાં વાણિજ્યના અનુસ્નાતક શિક્ષણનો પ્રબંધ ૧૫મી જૂન, ૧૯૭૬થી શરૂ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.**

સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

**૨૨. ડિપાર્ટમેન્ટ ઑફ માઇક્રોબાયોલૉજી, ડિપાર્ટમેન્ટ ઑફ લૉ તથા ડિપાર્ટમેન્ટ ઑફ જ્યોગ્રાફીના અનુસ્નાતક વિભાગો યુનિવર્સિટીમાં ઊભા કરવા ઍકેડૅમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટને કરેલી ભલામણ અનુસાર ૧૯૭૬-૭૭ના શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી માઇક્રોબાયોલૉજી તથા ૧૫મી જૂન, ૧૯૭૭થી લૉ અને જ્યોગ્રાફીના સદરહુ વિભાગો યુનિવર્સિટીમાં શરૂ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.**

સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

**૨૩. Master of Education (Special Education for Mentally Handicapped) (M.Ed.)નો બે વર્ષ અને ત્રણ માસ (Block Placement)નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા અંગેની ઍકેડૅમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ.**

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય જી. બી. પરીખે નોટિસ આપી હતી :**

Master of Education (Special Education for Mentally Handicapped) (M.Ed.)નો બે વર્ષ અને ત્રણ માસ (Block placement)નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા અંગેની ઍકેડૅમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જી. બી. પરીખે રજૂ કર્યો તેને શ્રી. શરદભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૨૪. વિજ્ઞાન વિદ્યાશાખામાં ટેક્સ્ટાઇલ કેમિસ્ટ્રી અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમો સ્થાપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલ તથા એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ.**

**એકિઝક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની ડૉ. વી. સી. શાહે નોટિસ આપી હતી :**

"વિજ્ઞાન વિદ્યાશાખામાં ટેક્સ્ટાઇલ કેમિસ્ટ્રી અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમો સ્થાપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તથા એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. વી. સી. શાહે રજૂ કર્યો, તેને શ્રી. રઘુવીરભાઈ ચૌધરીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. એચ. પી. ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ પ્રસ્તાવ એકિઝક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલવામાં આવે, તેને ડૉ. એમ. એન. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૨૫. ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશનનો દોઢ વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલ અને એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ.**

**એકિઝક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય બી. એમ. પીરજાદાએ નોટિસ આપી હતી :**

"ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશનનો દોઢ વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવાની ઍકેડેમિક કાઉન્સિલ અને એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય બી. એમ. પીરઝાદાને બદલે આચાર્ય જી બી. પરીખે રજૂ કર્યો, તેને શ્રી. શરદભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૨૬. વાણિજ્ય વિદ્યાશાખામાં નીચેના એક વર્ષના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો સ્થાપવા માટેના ઍકેડેમિક કાઉન્સિલ તથા એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ :**

(1) Diploma in Foreign Trade including Export Marketing (D.F.T.)
(2) Diploma in Economic and Business Journalism (D.E.B.J.)
(3) Diploma in Business Communication. (D.B.C.)

**એકિઝક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય બી. એમ. પીરજાદાએ નોટિસ આપી હતી :**

"વાણિજ્ય વિદ્યાશાખામાં નીચેના એક વર્ષના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો સ્થાપવા માટેની ઍકેડેમિક કાઉન્સિલ તથા એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે :

(1) Diploma in Foreign Trade including Export Marketing, (D.F.T.)
(2) Diploma in Economics and Business Journalism (D.E.B.J.)
(3) Diploma in Business Communication." (D.B.C.)

ઉપરના પ્રસ્તાવ આચાર્ય બી. એમ. પીરઝાદાને બદલે આચાર્ય જી. બી પરીખે રજૂ કર્યો, તેને શ્રી. રઘુવીરભાઈ ચૌધરીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૨૭. ઈજનેરી વિદ્યાશાખાની ભલામણ અનુસાર નીચે પ્રમાણેની સ્નાતક પદવી સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ :**

(1) Bachelor of Engineering (Textile Technology) B.E. (Text. Tech.)
(2) Bachelor of Engineering (Text. Chem. Technology) B.E. (Text. Ch. Tech.)

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય કે. જે. ભટ્ટે નોટિસ આપી હતી :**

"ઈજનેરી વિદ્યાશાખાની ભલામણ અનુસાર નીચે પ્રમાણેની સ્નાતક પદવી સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલ તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે :

(1) Bachelor of Engineering (Textile Technology) B.E. (Text. Tech.)
(2) Bachelor of Engineering (Text. Chem. Technology) B.E. (Tex. Ch. Tech.)

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. જે. ભટ્ટને બદલે ડૉ. વી. સી. શાહે રજૂ કર્યો, તેને શ્રી. શરદભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૨૮. યુનિવર્સિટીનાં (૧) ભાષા-ભવન, (૨) મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન, (૩) વિજ્ઞાન વિદ્યાભવન તથા (૪) સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલો (જાણ સારુ).**

તે પછી શ્રી. સી. પી. જોષીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ હવે આ પછીની બાબત પરની એટલે કે બાબત નં. ૨૯ પરની ચર્ચાવિચારણા માટે હાથ ધરે. તેને શ્રી. એસ. બી. વોરાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો. આથી સદરહુ પ્રસ્તાવ અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

**૨૯. ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩૧ હેઠળ યુનિવર્સિટી કૅમ્પસમાં રસ્તાનું જે આયોજન મૂળ યોજનામાં સૂચવવામાં આવ્યું છે તે સ્વીકારીને તે યોજના હેઠળ કપાતી જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને સોંપવા અંગેની બાબત યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦-૩-૧૯૭૮ની સભામાં કોરમના અભાવે હાથ ધરી શકાઈ ન હોવાથી કુલપતિશ્રીએ કોર્ટની મંજૂરીની અપેક્ષાએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.**

સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી

**૩૦. નીચેનાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો રિપોર્ટ (જાણ માટે) :**

(૧) શ્રીમતી તારાલક્ષ્મીબહેન નાનુભાઈ શેલત તરફથી ઑક્ટોબર-માર્ચ-એપ્રિલની ગુજરાત યુનિવર્સિટીની થર્ડ એલએલ.બી.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "સ્વ. ન્યાયમૂર્તિ શ્રી. નાનુભાઈ જી. શેલત ચંદ્રક" એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦(રૂપિયા સાત હજાર ને પાંચસો)નું મળેલ પ્રદાન.

(૨) ડૉ. એન. ડી. વ્યાસ તરફથી માર્ચ-એપ્રિલની ગુજરાત યુનિવર્સિટીની દંતવિજ્ઞાનની વિદ્યાશાખાની સ્નાતકની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને "ઑર્થોડોન્શિયા"ના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ અને દ્વિતીય આવનાર વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ "સ્વ. ડૉ. શ્રીમતી હરગંગાબહેન નૌતમભાઈ વ્યાસ ઉપલેટાવાળા પારિતોષિક" એનાયત કરવા માટે રૂ. ૧૦,૦૦૧(રૂપિયા દસ હજાર ને એક)નું મળેલ પ્રદાન.

(૩) પ્રો. જે. એમ. શુકલ તરફથી ઑક્ટોબર–માર્ચ–એપ્રિલની ગુજરાત યુનિવર્સિટીની થર્ડ બી.એ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગ મેળવી મુખ્ય વિષય "સંસ્કૃત"માંથી સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "શ્રીમતી ચંચળબહેન મણિલાલ પુરુષોત્તમ પુરાણી પારિતોષિક" એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦(રૂપિયા સાત હજાર ને પાંચસો)નું મળેલ પ્રદાન.

(૪) ડૉ. સી. એસ. શાહ, ચૅરમૅન, સ્વ. ડૉ. સી. આર. મહેતા મેમોરિયલ ફંડ કમિટી તરફથી ઑક્ટોબર-માર્ચ-એપ્રિલમાં લેવાતી ગુજરાત યુનિવર્સિટીની ચતુર્થ બી.ફાર્મની પરીક્ષામાં ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "સ્વ. ડૉ. સી. આર. મહેતા સ્મૃતિ ચંદ્રક" એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦-(રૂપિયા સાત હજાર ને પાંચસો)નું મળેલ પ્રદાન.

(૫) ડૉ. આર. ડી. દેસાઈ પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી માર્ચ-એપ્રિલની ગુજરાત યુનિવર્સિટીની એમ.એસસી.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગ મેળવી "ઑર્ગેનિક કેમિસ્ટ્રી"ના વિષયમાં સૌથી વધુ ગુણાંકે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "ડૉ. આર. ડી. દેસાઈ ચંદ્રક" એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦(રૂપિયા સાત હજાર ને પાંચસો)નું મળેલ પ્રદાન.

(૬) સારંગપુર પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી માર્ચ-એપ્રિલની ગુજરાત યુનિવર્સિટીની દંતવિજ્ઞાનની વિદ્યાશાખાની સ્નાતકની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને "ઓરલ સર્જરી"ના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "શ્રી. સાકરલાલ બાલાભાઈ શોધન સુવર્ણમંડિત ચંદ્રક" એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦(રૂપિયા સાત હજાર ને પાંચસો)નું મળેલ પ્રદાન.

(૭) શ્રી. સી. એચ. શાહ અને અન્ય મિત્રો તરફથી માર્ચ-એપ્રિલની ગુજરાત યુનિવર્સિટીની એન્જિનિયરિંગ વિદ્યાશાખાની ત્રીજા સેમેસ્ટરની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "પ્રો. કે. કે. શાહ ચંદ્રક" એનાયત કરવા માટે રૂ. ૬,૦૩૨ (રૂપિયા છ હજાર બત્રીસ-નું તથા એપ્રિલ, ૧૯૭૪ માટે વધારાની રકમ રૂ. ૩૫૦(રૂપિયા ત્રણસો ને પચાસ)નું મળેલ પ્રદાન.

(૮) રોલવાલા ગ્રૂપ એન્ટરપ્રાઇઝના શ્રી. સુરેન્દ્રભાઈ કે. શાહ અને શ્રી. અશોકભાઈ કે. શાહ તરફથી ગુજરાત યુનિવર્સિટીમાં કૉમ્પ્યુટર સેન્ટરનું મકાન બાંધવા માટે રૂ. ૩,૦૦,૦૦૦(રૂપિયા ત્રણ લાખ)નું મળેલ પ્રદાન.

(૯) શ્રી. જલારામ સ્ટીલ સ્ટોર્સ, અમદાવાદના શ્રી. સી. બી. ઠક્કર તરફથી માર્ચ-એપ્રિલની ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ મુખ્ય વિષય સંસ્કૃતમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "સારસ્વત સાર્વભૌમ પંડિતરાજ સ્વામીશ્રી ભગવદાચાર્યજી મહારાજ ચંદ્રક" એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦-(રૂપિયા સાત હજાર ને પાંચસો)નું તથા એપ્રિલ, ૧૯૭૪ માટે વધારાની રકમ રૂ. ૩૫૦(રૂપિયા ત્રણસો ને પચાસ)નું મળેલ પ્રદાન.

(૧૦) મૅનેજિંગ ટ્રસ્ટી, હરિઃ ૐ આશ્રમ, નડિયાદ તરફથી વનસ્પતિવિજ્ઞાન અને જીવવિજ્ઞાન વિદ્યાશાખામાં ઉત્તમ સંશોધનકાર્ય કરવા બદલ પ્રતિવર્ષ "હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ઇન્દ્રજિત રિસર્ચ ઍવૉર્ડ પ્રાઇઝ" એનાયત કરવા માટે રૂ. ૧,૦૦,૦૦૦(રૂપિયા એક લાખ)નું મળેલ પ્રદાન.

(૧૧) શ્રી. સ્વામી પ્રાણુવનતીર્થ સ્વાધ્યાય ટ્રસ્ટ, ખંભાત તરફથી માર્ચ-એપ્રિલની ગુજરાત યુનિવર્સિટીની ટી.વાય.બી.એ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ મુખ્ય વિષય સંસ્કૃતમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને એમ.એ.ની પદવી પરીક્ષામાં મુખ્ય વિષય સંસ્કૃતમાં ઐચ્છિક વિષય તરીકે વેદાન્ત લઈ અભ્યાસ ચાલુ રાખનારને પ્રતિવર્ષ "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકરસિદ્ધાંત શિષ્યવૃત્તિ" માટે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) તથા "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકરદર્શન વ્યાખ્યાનશ્રેણી" પ્રતિવર્ષ યોજવા માટે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર)–એમ મળીને કુલ રૂ. ૧,૦૦,૦૦૦(રૂપિયા એક લાખ)નું મળેલ પ્રદાન.

(૧૨) મૅનેજિંગ ટ્રસ્ટી, હરિ ૐ આશ્રમ, નડિયાદ તરફથી ગણિતના વિષયમાં ઉત્તેજન આપવા માટે "હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી રામાનુજમ્ ગણિત પ્રતિભા શોધ પારિતોષિક યોજના" માટે રૂ. ૫૦,૦૦૦(રૂપિયા પચાસ હજાર)નું મળેલ પ્રદાન.

(૧૩) મૅનેજિંગ ટ્રસ્ટી, હરિ ૐ આશ્રમ, નડિયાદ તરફથી Topical Diseases and their Remedies અંગે સંશોધન કરવા માટે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર), હરિ ૐ આશ્રમ પ્રેરિત એલેમ્બિક સંશોધન એવોર્ડ તથા એન્જિનિયરિંગ અને ટેકનોલૉજિકલ વિષયો અંગે સંશોધન કરવા માટે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) તથા હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાળા સંશોધન ઍવૉર્ડ—એમ મળીને કુલ રૂ. ૧,૦૦,૦૦૦(રૂપિયા એક લાખ)નું મળેલ પ્રદાન.

(૧૪) ટ્રસ્ટી પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ, અમદાવાદ તરફથી ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાશાખાના રસાયણવિજ્ઞાન વિદ્યાશાખાનાં અનુસ્નાતક કેન્દ્રોમાં (વિજ્ઞાન વિદ્યાશાખા ભવનના રસાયણવિજ્ઞાન સહિત) અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી પ્રતિવર્ષ બે વિદ્યાર્થીઓને "પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ શિષ્યવૃત્તિ" આપી શકાય તે માટે રૂ. ૨૧,૦૦૦ (રૂપિયા એકવીસ હજાર)નું મળેલ પ્રદાન.

(૧૫) શ્રી. રસિકલાલ ચિમનલાલ નગરી, એક્ઝિક્યુટિવ ઑફ ડિસીઝ્ડ, બાઈ મોતી, વિડો ઑફ ડૉ. જેઠાલાલ ગગલભાઈ, દ્વારા નગરી મિલ્સ, અમદાવાદ તરફથી ગુજરાત યુનિવર્સિટીની એમ.ડી. (ગાયનેકોલૉજી) અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થી ત્રીજી એમ.બી.,બી.એસ.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થઈ ગાયનેકોલૉજીના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયેલ હશે તેને પ્રતિવર્ષ "બાઈ મોતી, વિડો ઑફ ડૉ. જેઠાલાલ ગગલભાઈ પારિતોષિક" એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦(રૂપિયા સાત હજાર ને પાંચસો)નું તથા એપ્રિલ, ૧૯૭૪ માટે વધારાની રકમ રૂ. ૩૫૦(રૂપિયા ત્રણસો ને પચાસ)નું મળેલ પ્રદાન.

(૧૬) શ્રી. કે. કે. ઓઝા (વલભીપુર) તરફથી ઑક્ટોબર-માર્ચ-એપ્રિલમાં લેવાની ગુજરાત યુનિવર્સિટી ની ત્રીજી એમ.બી.,બી.એસ.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થઈ એમ.ડી.(મેડિસિન)નો અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "સ્વ. ડૉ. એમ. કે. ઓઝા સ્મૃતિ શિષ્યવૃત્તિ" એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦ (રૂપિયા સાત હજાર ને પાંચસો)નું મળેલ પ્રદાન.

(૧૭) શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન માટે દામોદરદાસ ચેરિટી ટ્રસ્ટ તરફથી ૫,૦૦,૦૦૦- (રૂપિયા પાંચ લાખ)નું પ્રદાન.

(૧૮) કોઢની સંશોધન યોજના માટે મેસર્સ આશાભાઈ બાબરભાઈ પટેલ તરફથી રૂ. ૨૫,૦૦૦- (રૂપિયા પચીસ હજાર)નું પ્રદાન.

(૧૯) હરિ: ૐ આશ્રમ પ્રેરિત કવિ નાનાલાલ દલપતરામ ગુજરાતી પ્રતિભાશોધ પારિતોષિક યોજના માટે હરિ: ૐ આશ્રમ, નડિયાદ તરફથી રૂ. ૫૦,૦૦૦(રૂપિયા પચાસ હજાર)નું પ્રદાન.

(૨૦) ગુજરાતી ભાષામાં કક્કાવારી વિસ્તૃત જ્ઞાનકોશ જેવો સંદર્ભગ્રંથ તૈયાર કરવા માટે હરિ: ૐ આશ્રમ, નડિયાદ તરફથી રૂ. ૧૦,૦૦,૦૦૦(રૂપિયા દસ લાખ)નું પ્રદાન.

(૨૧) બૃહદ્ અંગ્રેજી-ગુજરાતી કોશ તૈયાર કરાવવા માટે હરિ: ૐ આશ્રમ, નડિયાદ તરફથી રૂ. ૧,૫૦,૦૦૦- (રૂપિયા એક લાખ અને પચાસ હજાર)નું પ્રદાન.

(૨૨) યુનિવર્સિટીના સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગના આશ્રયે ચાલતી સોશિયલ સાયન્સીઝને લગતી સંશોધન તાલીમની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા માટે શ્રી. જયકૃષ્ણ હરિવલ્લભદાસ, શ્રી. બાલકૃષ્ણ હરિવલ્લભદાસ તથા શ્રી. રામકૃષ્ણ હરિવલ્લભદાસ તરફથી "શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ" માટે રૂ. ૩,૩૦,૦૦૦(રૂપિયા ત્રણ લાખ ને ત્રીસ હજાર)નું પ્રદાન.

(૨૩) "શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ ટ્રસ્ટ પ્રેરિત સરદાર વલ્લભભાઈ વાચનકેન્દ્ર"ના મકાન માટે શ્રીમતી નાથીબા હરગોવનદાસ લખમીચંદ ચૅરિટી ટ્રસ્ટ (મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી. ઈન્દ્રદમન અમૃતલાલ) તરફથી રૂ. ૨,૫૦,૦૦૦(રૂપિયા બે લાખ અને પચાસ હજાર)નું પ્રદાન.

(૨૪) સ્કુલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટની સ્થાપના માટે ડૉ. બિહારીલાલ કનૈયાલાલ તરફથી રૂ. ૪,૦૦,૦૦૦ (રૂપિયા ચાર લાખ-નું પ્રદાન.

(૨૫) સ્વ. કમળાશંકર ત્રિવેદી રચિત વ્યાકરણને નવસંસ્કરણ કરવા માટે હરિ: ૐ આશ્રમ, નડિયાદ તરફથી રૂ. ૧૨,૦૦૦ (રૂપિયા બાર હજાર-નું પ્રદાન.

| ૧. | શ્રી રજની પારેખ આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. બી. કૉમર્સ ઍન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત | શ્રી. મહેન્દ્રભાઈ એ. શાહ | સીનિયર કલાર્ક | સરકારશ્રીની ગ્રાન્ટનાં નાણાં પૈકી નાણાકીય ઉચાપતના કારણે | — |
| ૨. | શ્રી એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા | શ્રી. પી. ઓ. દોશી | એકાઉન્ટન્ટ | હિસાબમાં ગેરરીતિઓ આચરેલ હોવાથી | — |
| ૩. | શ્રી એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા | શ્રી. પી. ઓ. દોશી | સીનિયર કલાર્ક | હિસાબમાં ગેરરીતિઓ આચરેલ હોવાથી | તેઓ આર્ટ્સમાં એકાઉન્ટ વિભાગમાં હતા ત્યારે તેમની કામગીરી બાબતમાં સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જે પ્રશ્ન હાલ યુનિવર્સિટી પાસે પડયો છે. |

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૩

## સુધારવામાં આવેલા ઑર્ડિનન્સો

**O. 62–D (10) :**

" A committee consisting of the **Chief Warden** of the University Hostels to sanction all normal expenditure pertaining to University Hostels up to Rs. 100/– without inviting tenders and up to Rs. 500/– after inviting tenders or quotations.

**O. 68 :**

Except for the Master's Degree in Engineering and in special cases approved by the Executive Council on the recommendation of the Board of University Teaching and Research, all candidates for post-graduate degree must work under the guidance or direction of University Professor, whole-time University teacher or a recognised teacher.

Provided that a post-graduate teacher, working in an affiliated college or a recognised Institution or a University department in the Gujarat University area and having not less than five years standing as a post-graduate teacher standing may on the recommendation of the Board of University Teaching and Research and on that recommendation being approved by the Executive Council, be permitted to do his/ her research work for his/her Ph.D. degree in his/her own specialised subject independently.

Provided always that when a candidate for a post-graduate degree has been permitted to work independently, the Board of University Teaching and Research shall recommend to the Executive Council names of two external Referees.

ઑર્ડિ. ૬૫–એફ (૨) હેઠળ પેટાકલમ (ડી) તરીકે અને ઑર્ડિ. ૬૫–એમ (૨) હેઠળ પેટાકલમ (૨) તરીકે નીચેની પેટાકલમ ઉમેરવી :

1. Substitute the following **as (d)** under **O.** 65–F (2) :

**Faculty of Pharmacy :**

Rules regarding the recognition of a teacher as a recognised Post–graduate Teacher in the subject comprised under the Faculty of Pharmacy :

| *Bachelor's Degree* | *Master's Degree in the subject or its equivalent* | *Doctorate Degree in the subject* | *Teaching experience in degree classes as a lecturer* |
|---|---|---|---|
| — | — | *Ph.D.* | 5 *years* |
| First Class<br>Second Class | Second Class<br>First Class | — | 10 year's or 5 years' teaching plus 5 years' research )<br>experience in the subject in responsible position. |

2. Substitute the following at the end of O.65–M (2) :

**Faculty of Pharmacy :**

Rules regarding the recognition of a teacher as an Assistant Post-graduate Teacher in the subjects comprised under the Faculty of Pharmacy.

Second Class Second Class — 5 years"

એમ.એસસી. (સાયકિયાટ્રિક ઓકયુપેશનલ થેરાપી) અને એમ.એડ. (સ્પે. એજ્યુકેશન; મેન્ટલી હેન્ડિકેપ્ડ)ના અભ્યાસક્રમ માટે અનુસ્નાતક કક્ષાએ માન્ય અનુ. શિક્ષક અને મદદનીશ માન્ય અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટેના ઑર્ડિ. ૬૫—એચ (૨)(ડી) અને ઑર્ડિ. ૬૫—એમ (૨)ની નોંધ (૫)માં નીચે મુજબ ઉમેરો કરવામાં આવ્યો છે :

Conditions for recognition of post-graduate teachers and assistant post-graduate teachers for M.Sc. ( Psychiatric Occupational Therapy ) and M.Ed. ( Special Education mentally handicapped ) :

**For M.Sc. ( Psychiatric Occupational Therapy )**

The conditions for recognition as post-graduate teacher and assistant post-graduate teacher will be same as laid down for post-graduate Diploma in Psychiatric Occupational Therapy ( D.P.O.T. )

**For M.Ed. ( Special Education—mentally handicapped )**

The conditions for recognition as post-graduate teacher and assistant post-graduate teacher will be same as laid down for post-graduate Diploma in Special education for Non-normal Children ( D.S.E.N.C. ) and post-graduate Diploma in the Scientific Study of the Developmentally Handicapped ( D.S.S.D.H. ).

Additionally those who have B.Ed. or a Bachelor's degree in Child Development or other related subjects and have 5 years' of Special Education experience with the mentally retarded will ber ecognised as post-graduate teachers and those who have 3 years of Special Education experience with the mentally retarded will be recognised as assistant post-graduate teachers.

Those who have M.D. or post-graduate Diploma in Child Health or its equivalent with 5 years of clinical experience will be recognised to teach Peadiatric aspects of special education as post-graduate teacher and those with 3 years of clinical experience will be recognised as assistant post-graduate teacher."

**O. 76 :**

Notwithstanding anything contained in O. 75 the Executive Council shall have the power, in an emergency to extend or reduce its duration, provided that the duration of a vacation shall not be extended or reduced except by a vote of a two-thirds majority of the members present at a meeting of the Executive Council. In such cases, the period added to either term shall be regarded for the purposes of O. 78 as part of the other term which has been reduced.

**O. 83–B :**

No candidate for post-graduate degree examination shall be allowed to appear at the said examination unless—

( 1 ) he/she has attended minimum number of lectures in each term as per P. G. Rule in this behalf.

*OR*

the deficiency, if any, in attendance has been duly condoned a per P. G. Rule.

( 2 ) the attendance reports of the candidates have been received in accordance with P. G. Rule.

In the event of non-compliance of any one or more of the conditions stated above, the name of the candidate shall be deemed to stand cancelled from the list of the candidates appearing at the relevant examination and thereupon the candidate concerned shall not appear at the examination, and in case of his/her appearance at the examination, the result shall not be declared. The examination fees paid by such a candidate shall be refunded in full.

**O. 151–C :**

ઑર્ડિ. ૧૫૧–સી.માં સત્ર ફીની બાબતમાં યથાસ્થાને ઉમેરવું.

(A) ૧ (*i*), (*ii*), (*iii*), (*iv*), ૨ (*i*), (*ii*), (*iii*) અને ૩ (*i*)માં એમ.ફિલ. શબ્દો ઉમેરવા.

રાજ્ય સરકારના પત્રના ઉપલક્ષમાં ઑર્ડિ. ૧૫૧-સી(એ)માં સુધારો કર્યો. પ્રથમ વર્ષમાં દાખલ થનાર વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી સત્ર ફીમાં શૈક્ષણિક વર્ષ ૧૯૭૯થી દરેક સત્રમાં પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ. ૧૦નો વધારો કર્યો.

**O. 151 (C) :**

( B ) Other Fees as service charges for Library, gymkhana, Union activities etc.......Rs. 15/-

**O. 151 (C) :**

( C ) When on leaving a centre/Dept. of the University School concerned, a student claims the refund of his tuition fees from the centre/Department, he shall apply in writing to the Professor-in-charge of the centre/Director of University School concerned. On receipt of such an application, refund from the advance paid by the University may be given by the Professor-in-charge of the P. G. Centre concerned in the following circumstances at the rate indicated.

( 1 ) In the case of a student leaving the centre/Dept. within 10 days from the date of payment of fees on the last date fixed for payment of fees by the department or of Post-graduate Centre whichever, the tuition fees may be refunded after deducting Rs. 15/–.

( 2 ) In the case of a student leaving the centre/Dept. after 10 days but within 20 days from the date of payment of fees or the last date fixed for payment of fees by the department or Post–Graduate, whichever is earlier, half of the tuition fees may be refunded.

( 3 ) In the case of a student admitted provisionally pending the issue of a certificate of eligibility but who is later reported ineligible for admission to the University full fees shall be refunded.

( 4 ) A student who after being admitted provisionally fails to produce a provisional or Final eligibility certificate before the end of the term or a student whose term is not granted by the centre shall not be eligible for any refund.

( 5 ) The other fees shall not be refunded.

( *Note.*—Period of extension granted for payment of fees if any, will not be counted. )

**O. 153 :**

When the Vice-Chancellor travels on University business, he will be paid one and a half air-conditioned class fares each way, if he travels by rail, if he travels by air or steamer, he will be paid the actual fare plus incidental expenses at the rate of 1/8 of the fare subject to a maximum of Rs. 20/- each way.

**O. 159 (3) :**

**આ અંગેના ઓ. ૧૫૯ (૩) IV નીચે પ્રમાણે સુધાર્યો :**

| | |
|---|---|
| ( VI ) ( *a* ) Gymkhana Fee | **Rs.** 5-00 |
| ( *b* ) Union activities ( including **Cultural** activities & **Magazine** ) fee | **Rs.** 5-00 |

**O. 159 ( 5 ) :**

1. Full fees for the term concerned shall be refunded in the case of the death of the student concerned,

2. ( *a* ) Tuition fee ( including laboratory fee, if any ) for the term concerned shall be refunded after deducting Rs. 25/- if a student applies within 30 days of the payment of his fees for any of the following reasons :

   ( *i* ) Transfer of the student concerned, being in employment to another city.

   ( *ii* ) Transfer of a parent of the student concerned to another city.

   ( *iii* ) Marriage of female student.

   ( *b* ) Tuition fee ( including laboratory fee, if any ) for the term concerned shall be refunded after deducting Rs. 25/-if a student applies within 30 days from the date of his admission to any professional course of studies.

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિ. ૧૬૬ની પેટાકલમ ( ૨ )ના બી( ૫ ) પછી અને પેટાકલમ ( ૩ )ની પહેલાં નીચે મુજબ પ્રોવિઝો ઉમેરવો :

**Proviso—**

While nominating members under 2(b)(1), (3) and (5) above, the Executive Council shall ensure that ( i ) at least one representative ( 1 ) from the colleges selected by the U.G.C. as lead colleges and ( 2 ) at least one representative of the colleges selected by the U.G.C. under the **COSIP** and **COHSIP** programme

of the U.G.C. is included. Moreover the Executive Council shall also ensure that, as far as possible, at least one representative from the colleges in each district under the jurisdiction of the University is included.

**Transitory proviso—**

In composition of the first College Devolopment Council if representation as mentioned in the above proviso is not maintained the Executive Council may nominate one or two additional members to make up the representation subject to the total membership of the Council not exceeding 30.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૬૬ની કલમ ૨(એ)ની પેટાકલમ (૮) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(2) (*a*) (8) : Two Deans, by rotation, of faculties other than the ones mentioned in (7) above : provided that the rotation of two Deans contemplated in this sub-clause No. (8) under clause (2) (a) above shall take place at the end of every twelve months and the rotation will commence with the Faculties of (1) Medicine and (2) Pharmacy.

**O. Arts 1 :**

Candidates for the Degree of Bachelor of Arts must have passed the Higher Secondary School Certificate Examination of the Gujarat Secondary Education Board or Pre-University Examination in Arts or an equivalent Examination and will be required to pass three subsequent examinations, namely the First B.A. Examination, the Second B.A. Examination and the Third or Final B.A. Examination for the Degree of Bachelor of Arts.

**O. Arts 2 :**

No candidate shall be admitted to this Examination, unless he has passed the higher Secondary School Certificate Examination conducted by the Gujarat Secondary Education Board or Pre-University Arts Examination of this University or an equivalent Examination or has been allowed to keep terms for the First B.A. Examination of this University.

**** O. Com. 5-B ( Second B.Com. O. Com. 5-B ) :**

A candidate who has passed the B.A. Special Degree Examination of this University with Economics as a Special subject shall be held admissible to the Second B.Com. Examination of this University, provided that :

(*i*) He will, notwithstanding anything contained elsewhere, be required to appear in the following eight papers :

1. Commercial Communication—I
2. Business Organisation and Management—I
3. Accountancy
4. I paper of Principal subject under R. Com. 1
5. Business Organisation and Management—II
6. Taxation

7 and 8. II and III of Principal subject. Under R. Com. 7.

*Note.*— The syllabus for papers Nos. 1 to 4 will be identical with that prescribed for the corresponding papers for the First B.Com. Examination under Regulation Com.—and the syllabus for paper No. 5 to 8 will be identical with that prescribed for the corresponding papers for the Second B.Com. Examination under Regulation Com.-7.

and

(*i*) 1. He has kept two terms in affiliated Colleges.

**O. M.Phil. 8 :**

"Teachers holding positions as Professor and Readers in the University Departments in the subjects concerned and such Lecturers in the University Departments and Teachers of affiliated colleges, recognised institutions and approved institutions recognised as Ph.D. guides or Ph.D. with at least two years' experience or have at least five years' teaching experience at post-graduate level and some work of recognised merit may be recognised to teach M.Phil. degree course. Similarly an M.Phil. with three years' teaching experience may also be recognised to teach M.Phil. Degree course." ( એક. કાઉ. બા. ક. ૬૭ )

રદ કરવામાં આવેલા ઓર્ડિનાન્સો.

**O. 151-A :**

When on leaving a centre/department of the University School concerned a student claims the refund of his tuition fees the Professor-in-charge of the University School concerned he shall apply in writing to be Professor-in-charge of the centre/Director of the Uni. School concerned. On receipt of such an application, refund may be given in the following circumstances at the rate indicated :

( 1 ) In the case of a student leaving the centre/University Department concerned within 10 days of the commencement of the term, the tuition fees may be refunded after deducting Rs. 15.

( 2 ) In the case of a student leaving the centre/University Department concerned after 10 days but within 20 days of the commencement of the term half of the tuition fees may be refunded.

( 3 ) In the case of a student admitted provisionally pending the issue of a certificate of eligibility but who is later reported ineligible for admission to the University full fees shall be refunded.

**O. 368 :**

Every candidate for being eligible for admission to a Dental College affiliated to this University—

(*i*) shall have attained the age of 17 years or shall attain that age on 31st December of the year of his joining the College;

(*ii*) must have passed the First B.Sc. Examination with Physics, Chemistry and Biology or the Intermediate Science Examination of this University in this written part and practical with Biology as his optional subject, or an examination of another University recognised as equivalent thereto with subjects of Physics, Chemistry and Biology.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૯.

# ગુ જ રા ત  યુ નિ વ ર્સિ ટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા ગુરુવાર, તા. ૨૭-૩-૧૯૮૦ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ-ખંડમાં મળી હતી અને શુક્રવાર, તા. ૨૮-૩-૧૯૮૦ના રોજ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. આ બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૨૭–૩–૧૯૮૦ | તા. ૨૮–૩–૧૯૮૦ |
|---|---|---|---|
| ૧. | ડૉ. પી. સી. વૈદ્ય, કુલપતિ | હાજર | હાજર |
| ૨. | શ્રી. એલ. આર. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૩. | ,, ઉમાશંકર જે. જોશી | ગેરહાજર | ગેરહાજર |
| ૪. | ,, એન. એમ. મિયાંભાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૫. | ,, ઈશ્વરભાઈ જે. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૬. | ,, કંચનલાલ સી. પરીખ, કુલસચિવ | હાજર | હાજર |
| ૭. | ,, આર. એસ. ગાંધી | હાજર | હાજર |
| ૮. | ,, એસ. બી. કુમતા | ગેરહાજર | ગેરહાજર |
| ૯. | ડૉ. એચ. એન. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૦. | શ્રી. એચ. આર. પાઠક | ગેરહાજર | ગેરહાજર |
| ૧૧. | ,, જહાંગીર આર. જે. કામા | ગેરહાજર | ગેરહાજર |
| ૧૨. | ,, એમ. જી. પરમાર | હાજર | ગેરહાજર |
| ૧૩. | ,, સી. એચ. ભટ્ટ | હાજર | ગેરહાજર |
| ૧૪. | ,, જી. જે. બ્રહ્મભટ્ટ | હાજર | હાજર |
| ૧૫. | ,, પી. સી. શાહ | હાજર | ગેરહાજર |
| ૧૬. | ,, આર. જી. શાસ્ત્રી | હાજર | ગેરહાજર |
| ૧૭. | ,, કે. એસ. પટેલ | હાજર | ગેરહાજર |
| ૧૮. | ,, એ. એચ. યાજ્ઞિક | ગેરહાજર | ગેરહાજર |
| ૧૯. | ,, પી. એમ. પટેલ | ગેરહાજર | ગેરહાજર |

| ક્રમાંક સભ્યનું નામ | તા. ૨૭-૩-૧૯૮૦ | તા. ૨૮-૩-૧૯૮૦ |
|---|---|---|
| ૨૦. શ્રી. એમ. બી. શાહ | ગેરહાજર | ગેરહાજર |
| ૨૧. ,, આર. વી. પટેલ | હાજર | હાજર |
| ૨૨. ,, ડી. સી. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૨૩. કુ. કુસુમ એમ. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૪. ડૉ. આર. એમ. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૫. ,, આર. સી. સોનપાલ | હાજર | હાજર |
| ૨૬. શ્રી. એમ. સી. શાહ | હાજર | હાજર |
| ૨૭. ,, બટુકચંદ્ર કે. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૮. ,, એસ. સી. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૨૯. ,, બી. એસ. અગ્રવાલ | હાજર | હાજર |
| ૩૦. ,, ઉજમશી એ. કાપડિયા | હાજર | હાજર |
| ૩૧. શ્રી. પરેશ એમ. મજમુદાર | હાજર | હાજર |
| ૩૨. ,, એન. એમ. પરીખ | હાજર | હાજર |
| ૩૩. ,, વી. બી. પટેલ | હાજર | હાજર |
| ૩૪. ,, કે. એ. શાહ | હાજર | હાજર |
| ૩૫. ,, કે. એસ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૩૬. ,, સી. એમ. શેઠ | હાજર | હાજર |
| ૩૭. ,, આર. આર. સીંગ | હાજર | હાજર |
| ૩૮. ,, દિલુભા કે. વાઘેલા | હાજર | હાજર |
| ૩૯. ,, એ. ટી. અજમેરા | હાજર | હાજર |
| ૪૦. ,, એચ. પી. ચૌહાણ | હાજર | હાજર |
| ૪૧. ,, બી. જે. દવે | હાજર | હાજર |
| ૪૨. ,, આર. એ. પટેલ | હાજર | હાજર |
| ૪૩. ,, આર. સી. પટેલ | હાજર | હાજર |
| ૪૪. ,, વી. એમ. પટેલ | હાજર | હાજર |
| ૪૫. ,, એન. એસ. શાહ | હાજર | હાજર |
| ૪૬. ,, એન. આર. શાહ | હાજર | હાજર |
| ૪૭. ,, આર. એ. શાહ | હાજર | હાજર |
| ૪૮. ,, વી. સી. શાહ | હાજર | હાજર |
| ૪૯. ,, સી. પી. જોશી | હાજર | હાજર |
| ૫૦. ,, એસ. જે. શાહ | હાજર | હાજર |
| ૫૧. કુ. સોનલ એસ. શોધન | હાજર | હાજર |
| ૫૨. શ્રી. જી. બી. વાંઝા | હાજર | હાજર |
| ૫૩. ,, કે. જે. નથવાણી | હાજર | હાજર |
| ૫૪. ,, હરુભાઈ એમ. મહેતા | હાજર | હાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૨૭—૩—૧૯૮૦ | તા. ૨૮—૩—૧૯૮૦ |
|---|---|---|---|
| ૫૫. | શ્રી. મયૂર ડી. પંડ્યા | હાજર | ગેરહાજર |
| ૫૬. | ,, કે. ડી. શાહ | હાજર | હાજર |
| ૫૭. | ,, વી. એચ. દીક્ષિત | ગેરહાજર | હાજર |
| ૫૮. | ડૉ. પી. પી. મહેતા | હાજર | હાજર |
| ૫૯. | ,, ઉત્કર્ષ એસ. મેઢ | હાજર | ગેરહાજર |
| ૬૦. | શ્રી. વસંત એસ. દોશી | હાજર | હાજર |
| ૬૧. | શ્રી. એમ. એમ. ગાંધી | હાજર | હાજર |
| ૬૨. | શ્રી. સી. બી. મહેતા | હાજર | હાજર |
| ૬૩. | શ્રી. કે. જે. મહેતા | હાજર | હાજર |
| ૬૪. | શ્રી. આર. એમ. શાહ | હાજર | હાજર |
| ૬૫. | શ્રી. એસ. બી. વોરા | હાજર | હાજર |
| ૬૬. | શ્રી. ડી. એ. પટેલ | હાજર | હાજર |
| ૬૭. | શ્રી. દેવેન્દ્ર બી. સોલંકી | હાજર | ગેરહાજર |
| ૬૮. | શ્રી. એમ. એન. શેઠ | હાજર | હાજર |
| ૬૯. | શ્રી. કે. આર. શાહ | હાજર | ગેરહાજર |
| ૭૦. | શ્રી. કે. એફ. જોશી | હાજર | હાજર |
| ૭૧. | આચાર્ય જે. એ. દવે | હાજર | હાજર |
| ૭૨. | આચાર્ય બી. કે. ગઢવી | હાજર | હાજર |
| ૭૩. | આચાર્ય ડી. એ. ઘાંચી | હાજર | હાજર |
| ૭૪. | આચાર્ય ડી. એસ. જોશી | હાજર | હાજર |
| ૭૫. | આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ | હાજર | હાજર |
| ૭૬. | આચાર્ય બી. સી. પટેલ | હાજર | હાજર |
| ૭૭. | આચાર્ય બી. આર. પટેલ | હાજર | હાજર |
| ૭૮. | આચાર્ય પી. એ. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૭૯. | આચાર્ય એસ. એમ. શાહ | હાજર | હાજર |
| ૮૦. | આચાર્ય સી. એલ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૮૧. | આચાર્ય આર. વી. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૮૨. | આચાર્ય બી. એમ. ઠાકર | હાજર | હાજર |
| ૮૩. | આચાર્ય કે. આર. યાદવ | હાજર | હાજર |
| ૮૪. | આચાર્ય એન. વી. પંડ્યા | હાજર | હાજર |
| ૮૫. | આચાર્ય એમ. જે. પટણી | હાજર | હાજર |
| ૮૬. | આચાર્ય જે. બી. પટેલ | હાજર | હાજર |
| ૮૭. | આચાર્ય આર. એલ. પટેલ | હાજર | હાજર |
| ૮૮. | આચાર્ય કે. એન. શાહ | હાજર | હાજર |
| ૮૯. | આચાર્ય જે. ડી. તલાટી | હાજર | હાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૨૭—૩—૧૯૮૦ | તા. ૨૮—૩—૧૯૮૦ |
|---|---|---|---|
| ૯૦. | આચાર્ય વી. સી. ઉપાધ્યાય | હાજર | હાજર |
| ૯૧. | આચાર્ય એચ. એમ. દેસાઈ | હાજર | હાજર |
| ૯૨. | આચાર્ય પી. આર. દેસાઈ | હાજર | હાજર |
| ૯૩. | આચાર્ય એમ. ડી. પંચોલી | હાજર | હાજર |
| ૯૪. | આચાર્ય બી. એમ. પાઠક | હાજર | હાજર |
| ૯૫. | આચાર્ય સી. આઈ. ઝાલા | હાજર | ગેરહાજર |
| ૯૬. | આચાર્ય એચ. પી. પંડયા | હાજર | હાજર |
| ૯૭. | આચાર્ય જી. એમ. પટેલ | હાજર | હાજર |
| ૯૮. | આચાર્ય બી. એમ. પીરજાદા | હાજર | ગેરહાજર |
| ૯૯. | આચાર્ય આર. એલ. સંઘવી | હાજર | હાજર |
| ૧૦૦. | આચાર્ય ડી. એમ. શીખ | હાજર | હાજર |
| ૧૦૧. | આચાર્ય આર. એ. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૦૨. | આચાર્ય આર. એચ. વ્યાસ | હાજર | હાજર |
| ૧૦૩. | આચાર્ય બી. એમ. ત્રિવેદી | હાજર | ગેરહાજર |
| ૧૦૪. | ડૉ. કશ્યપ બી. ભાગર્વ | હાજર | ગેરહાજર |
| ૧૦૫. | શ્રી. ભીમા એન કે. | હાજર | હાજર |
| ૧૦૬. | શ્રી. આર. બી. ચૌહાણ | હાજર | હાજર |
| ૧૦૭. | શ્રી. એચ. આર. પટેલ | હાજર | હાજર |
| ૧૦૮. | શ્રી. એસ. એન. પટેલ | હાજર | હાજર |
| ૧૦૯. | શ્રી. ટી. જી. અગ્રવાલ | હાજર | હાજર |
| ૧૧૦. | શ્રી. સી. જી. પટેલ | હાજર | હાજર |
| ૧૧૧. | શ્રી. એસ. ડી. હરવાણી | હાજર | હાજર |
| ૧૧૨. | શ્રી. બી. જી. શેખ | હાજર | હાજર |
| ૧૧૩. | શ્રી. એચ. કે. પટેલ | હાજર | ગેરહાજર |
| ૧૧૪. | શ્રી. ડી. આર. પટેલ | હાજર | હાજર |
| ૧૧૫. | કુ. દેવીલા કે. શાહ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૧૬. | શ્રી. શરદ પટેલ | હાજર | હાજર |
| ૧૧૭. | શ્રી. સુધીર આઈ. નાણાવટી | હાજર | હાજર |
| ૧૧૮. | શ્રી. શ્રેણિક કે. લાલભાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૧૯. | ડૉ. એમ. એન. દેસાઈ | હાજર | હાજર |
| ૧૨૦. | શ્રી. જે. પી. જોશીપુરા | હાજર | હાજર |
| ૧૨૧. | ડૉ. (મિસ) ઈ. એ. સોલોમન | ગેરહાજર | ગેરહાજર |
| ૧૨૨. | ડૉ. એમ. પી. ભટ્ટ | હાજર | હાજર |
| ૧૨૩. | ડૉ. સી. જી. ખત્રી | હાજર | હાજર |
| ૧૨૪. | શ્રી. આર. ડી. ચૌધરી | હાજર | હાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૨૭–૩–૧૯૮૦ | તા. ૨૮–૩–૧૯૮૦ |
|---|---|---|---|
| ૧૨૫. | શ્રી. એ. આર. શાહ | હાજર | હાજર |
| ૧૨૬. | ડૉ. એચ. કે. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૨૭. | ડૉ. રાધાકૃષ્ણન | ગેરહાજર | ગેરહાજર |
| ૧૨૮. | શ્રી. એન. જે. શાહ | હાજર | ગેરહાજર |
| ૧૨૯. | શ્રી. ય. પ્રા. શુક્લ | હાજર | ગેરહાજર |
| ૧૩૦. | ડૉ. એસ. જે. દામાણી | હાજર | હાજર |
| ૧૩૧. | શ્રી. એન. એચ. અમીન | હાજર | હાજર |
| ૧૩૨. | શ્રી. કે. ડી. દેસાઈ | હાજર | ગેરહાજર |
| ૧૩૩. | શ્રી. કે. એચ. સોનેરી | હાજર | ગેરહાજર |
| ૧૩૪. | શ્રીમતી ઇન્દુબહેન એચ. પટેલ | હાજર | હાજર |
| ૧૩૫. | શ્રી. આસન વાસવાણી | ગેરહાજર | ગેરહાજર |
| ૧૩૬. | શ્રી. બી. એસ. પટેલ | હાજર | હાજર |

## ૧. તા. ૬/૭–૧૨–૧૯૭૯ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વિશેષ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહનું ધ્યાન શ્રી. સતીશભાઈ બી. વોરાના તા. ૨૭–૧–૧૯૮૦ના પત્ર તરફ ખેંચવામાં આવ્યું.

તે પછી તા. ૬/૭–૧૨–૧૯૭૯ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વિશેષ સભાની કામકાજની નોંધને નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(૧) પાના નં. ૧૬ ઉપર ઉત્તર ૩૯ અને ૪૦ અંગે પૂરક પ્રશ્ન પૂછનારનું નામ 'શ્રી. સતીશભાઈ વોરા'ને બદલે 'શ્રી. ચિત્તરંજનભાઈ મહેતા' વાંચવું.

(૨) પાના નં. ૨૪ બાબત ક્રમાંક ૧૦માં 'ઉપરનો પ્રસ્તાવ ડૉ. વી. સી. શાહે રજૂ કર્યો' તેને બદલે 'ઉપરનો પ્રસ્તાવ ડૉ. વી. સી. શાહની ગેરહાજરીમાં શ્રી. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો' એમ વાંચવું.

(૩) પાના નં. ૪૮ બાબત ક્રમાંક ૧૯માં 'ઉપરનો પ્રસ્તાવ ડૉ. વી. સી. શાહે રજૂ કર્યો' તેને બદલે 'ઉપરનો પ્રસ્તાવ ડૉ. વી. સી. શાહની ગેરહાજરીમાં આચાર્ય કે. એન. શાહે રજૂ કર્યો' એમ વાંચવું.

(૪) પાના નં. ૪૮ બાબત ક્રમાંક ૨૪માં 'ઉપરનો પ્રસ્તાવ ડૉ. વી. સી. શાહે રજૂ કર્યો' તેને બદલે 'ઉપરનો પ્રસ્તાવ ડૉ. વી. સી. શાહની ગેરહાજરીમાં ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કર્યો' એમ. વાંચવું.

(૫) પાના નં. ૪૯ બાબત ક્રમાંક ૨૪ માં 'તે પછી શ્રી. એચ. પી. ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો' તેને બદલે 'તે પછી શ્રી. જી. એમ. ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો' એમ વાંચવું.

**૧–અ. તે પછી પ્રમુખસ્થાનેથી નીચેના બે શોકદર્શક પ્રસ્તાવો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :**

"ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈના અણુચિંતવ્યા અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. ગુજરાત યુનિવર્સિટી અને તેની સાથે સંકળાયેલી અનેક કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના તથા વિકાસમાં તેમનું યોગદાન અત્યંત મહત્ત્વનું હતું. આપણી અનેક પ્રતિષ્ઠિત કોલેજોનું સંચાલન કરતી અમદાવાદ એજ્યુકેશન સોસાયટી અને ગુજરાત લો સોસાયટીની વિદ્યાપ્રવૃત્તિઓને તેમ જ અમદાવાદ ટેક્ષટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ જેવી આપણી માન્ય અને સ્વીકૃત સંસ્થાઓની શિક્ષણ અને સંશોધનની પ્રવૃત્તિઓને વિકસાવવા માટે પોતાની ને પોતાના પરિવાર તરફથી માતબર રકમોના દાન દ્વારા તે સંસ્થાઓની સ્થાપના કરીને તેને પગભર કરી છે એટલું જ નહીં, પણ તેમણે તેના ઉત્કર્ષ માટે અંગત રસ અને અથાક પરિશ્રમ દ્વારા યશસ્વી નેતૃત્વ પણ પૂરું પાડયું છે.

શ્રી કસ્તૂરભાઈની સેવાનો પરિઘ શિક્ષણ અને સંશોધન ક્ષેત્ર પૂરતો જ સીમિત ન રહેતાં, વેપાર અને ઉદ્યોગ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ચિત્રકળા, સ્થાપત્ય અને સંસ્કૃતિ એમ જીવનનાં વિવિધ ક્ષેત્રો સુધી વિસ્તરેલી છે. પરદેશી હકૂમતના સમયે પણ રાષ્ટ્રીય આંદોલનોમાં પૂ. ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની સાથે નીડરતાપૂર્વક કામ કરીને તેમણે ઉત્તમ પ્રકારની દેશભક્તિની પ્રતીતિ કરાવેલી છે એટલું જ નહીં, પરંતુ દુષ્કાળ, પૂર, અનાવૃષ્ટિ અને ધરતીકંપ જેવી કુદરતી આફતો ગુજરાત પર તેમ જ દેશના અન્ય ભાગો પર જ્યારે જ્યારે ઊતરી હતી ત્યારે ત્યારે તેમણે દાનશીલતા અને સમાજસેવાનો સુભગ સમન્વય સાધીને પીડિતોનું રાહતકાર્ય અસરકારક રીતે સંયોજીને માનવસેવાનું ઉમદા દૃષ્ટાંત પૂરું પાડયું છે.

ગુજરાત યુનિવર્સિટીની બાંધકામ સમિતિના સભ્ય તરીકે તેમણે બે દાયકા કરતાં પણ વધુ સમય સુધી સેવા આપીને તેના કેમ્પસના તથા તેના કાર્યાલયની અને વિવિધ વિદ્યાભવનોની તેમ જ અન્ય શિક્ષણ સંસ્થાઓની નયનરમ્ય ઇમારતોના નિર્માણમાં તેમણે અંગત રસ, ઉત્કૃષ્ટ કળાસૂઝ અને દીર્ઘદૃષ્ટિ દર્શાવી છે તેનો વિશેષ ભાવે અને ઊંડી કૃતજ્ઞતાપૂર્વક ઉલ્લેખ અહીં કરવો જોઈએ.

આવા એક સમર્થ ઉદ્યોગપતિ, દૃષ્ટિસંપન્ન દાનવીર અને અગ્રણી સમાજધુરિણ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના અવસાનથી સમાજજીવનમાં મહાજનની ગરવી પરંપરાના ઉત્તમ પ્રતિનિધિ અને ઉત્કર્ષલક્ષી, ઉદારચરિત અને રાષ્ટ્રપ્રેમી ઉદ્યોગપતિ આપણી વચ્ચેથી વિદાય થતાં ગુજરાતને જ નહીં પણ સમગ્ર ભારતને ન પુરાય તેવી ખોટ પડી છે. આવી બહુમુખી પ્રતિભા ધરાવનાર શ્રી. કસ્તૂરભાઈની અર્ધી સદીના પટ પર વિસ્તરીને મહેકતી અનુપમ સેવાને કૃતજ્ઞતા-ભાવે સ્મરીને ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ સમર્પે છે, અને સદ્‌ગતના પવિત્ર આત્માને પરમાત્મા પરમ શાંતિ બક્ષે તેમ પ્રાર્થે છે અને સદ્‌ગતનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતના સુપુત્રોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી. હરિપ્રસાદ વી. વસાના અકાળ અવસાનથી ઊંડા આઘાતની લાગણી અનુભવે છે અને શિક્ષણના ક્ષેત્રમાં સદ્દગતે બજાવેલી સેવાઓને શ્રદ્ધાંજલિ સમર્પે છે અને તેમનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

આ ઠરાવની નકલ સદ્દગતનાં કુટુંબીજનોને મોકલી આપવા આ સભા અધ્યક્ષશ્રીને વિનંતી કરે છે."

ઉપરના શોકદર્શક પ્રસ્તાવો સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યા.

**૨. ૧૯૮૦–૮૧ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.**

[**નોંધ.**–(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૭૯માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૮૦ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની છે.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૮૦થી તા. ૩૧મી માર્ચ ૧૯૮૧ સુધીનું રહેશે.

(૩) ચૂંટણીની નોટિસ કોર્ટના સભાસદોને તા. ૨૩–૨–૧૯૮૦ના રોજ પરિપત્રાંક ઍકેડેમિક / ૧૮૧૫૮૩ / ૧૯૮૦ દ્વારા મોકલવામાં આવી છે. ]

૧૯૮૦–૮૧ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય બુધવાર, તા. ૧૯–૩–૧૯૮૦ના રોજ કાર્યાલયના સમય દરમ્યાન નીચેના ઉમેદવારો તરફથી તેમના ઉમેદવારીપત્રો આવ્યા હતા. જેની ચકાસણી શુક્રવાર, તા. ૨૧–૩–૧૯૮૦ના રોજ સવારના ૧૧–૩૦ વાગ્યે કરવામાં આવતા સદરહુ ઉમેદવારીપત્રો માન્ય કર્યા હતા અને તેની જાણ કાર્યાલયના તા. ૨૨–૩–૧૯૮૦ના પરિપત્રાંક ઍકેડેમિક ૧૭૩૫૬૫થી સભ્યોને કરવામાં આવી હતી :

| ક્રમાંક | નામ | સરનામું |
|---|---|---|
| ૧. | શ્રી. ભગવતશરણ અગરવાલ | પ્રૉફેસર ક્વાર્ટર્સ<br>યુનિવર્સિટી ક્વાર્ટર્સ માર્ગ,<br>અમદાવાદ-૯. |
| ૨. | ,, હરજીવન પ્રભુદાસ ચૌહાણ | ૨/એ, અવની ફ્લેટ્સ,<br>જરીવાલા પાર્ક પાસે,<br>ઈશ્વર ભુવન સામે,<br>નવરંગપુરા, અમદાવાદ-૯. |
| ૩. | ,, ચંદ્રકાંત પ્રભાકર જોષી | ૨, પ્રોફેસર્સ ક્વાર્ટર્સ, સિવિલ કોર્ટ પાસે,<br>ડભોઈ-૩૯૧૧૧૦<br>જિ. વડોદરા |
| ૪. | ,, હરીશકુમાર રમણલાલ પટેલ | એસ. વી. કૉમર્સ કૉલેજ,<br>અમદાવાદ-૩૮૦૦૦૧ |
| ૫. | ,, સુરેશચંદ્ર જેઠાલાલ શાહ | મંગલ સોસાયટી,<br>પિલવાઈ-૩૮૨૮૫૦ (ઉ.ગુ.) |

તે પછી સદરહુ ચૂંટણી માટેની મતગણતરી માટે અધ્યક્ષશ્રીએ નીચેના સભ્યોની ચકાસણીદાર તરીકે નિમણૂક કરી :

૧. શ્રી. બબાભાઈ પટેલ

૨. આચાર્ય કે. એન. શાહ

તે પછી સદરહુ ચૂંટણી માટેનું મતદાનનું કામ હાથ ધરવામાં આવ્યું અને સભાગૃહની સંમતિથી એમ ઠરાવવામાં આવ્યું કે યાદી ઉપરના આગળના કામકાજની વિચારણા બપોરે ૨–૦૦ વાગ્યે હાથ ધરવી.

તે પછી બપોરે ૨–૦૦ વાગ્યે પ્રશ્નોત્તરીનું કામ હાથ ધરવામાં આવ્યું.

તે પછી બપોરે ૩–૦૦ વાગ્યે સભાગૃહનું કામકાજ વિરામ માટે બંધ રાખવામાં આવ્યું અને વિરામનો સમય પૂરો થતાં ૩–૪૫ વાગ્યે મતગણતરીનું પરિણામ આવતાં પ્રમુખશ્રી ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે નીચે જણાવેલા સભ્યોને ચૂંટાયેલા જાહેર કર્યા :

૧. શ્રી. ચન્દ્રકાન્ત પ્રભાશંકર જોશી

૨. શ્રી. ભગવતશરણ અગરવાલ

૩. શ્રી. હરજીવન પ્રભુદાસ ચૌહાણ

**૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧) (૬) અન્વયે યુનિવર્સિટી પ્રાધ્યાપકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર ખાલી પડેલી એક જગ્યા માટેની પેટાચૂંટણી.**

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ની પેટાકલમ ૧ની કંડિકા (૬)માં દર્શાવેલ જોગવાઈ પ્રમાણે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર ખાલી પડેલી એક જગ્યા માટેની પેટાચૂંટણી માટે નિયત સમય સુધીમાં એટલે કે તા. ૧૭–૩–૧૯૮૦ના રોજ બપોરના ૪–૦૦ વાગ્યા સુધીમાં નીચેના ઉમેદવાર તરફથી તેમનું ઉમેદવારીપત્ર આવ્યું હતું જેની ચકાસણી તા. ૧૮–૩–૧૯૮૦ના રોજ બપોરના ૪–૩૦ વાગ્યે કરવામાં આવતાં સદરહુ નીચે જણાવેલ ઉમેદવારનું ઉમેદવારીપત્ર માન્ય ( valid ) ઠર્યું હતું.

**ગુ. યુનિ. ધારાની કલમ ૧૯(૧)(૬) પ્રમાણે :**

| **ઉમેદવારનું નામ** | **સરનામું** |
|---|---|
| ડૉ. એમ. એન. દેસાઈ | ડીન, ફેકલ્ટી ઑફ સાયન્સ,<br>ગુજરાત યુનિવર્સિટી,<br>અમદાવાદ–૩૮૦૦૦૯. |

આમ, એક જ ઉમેદવાર ડૉ. એમ. એન. દેસાઈનું ઉમેદવારીપત્ર માન્ય ઠર્યું હોઈ, તેઓ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા અને તે અંગેનો પરિપત્ર સભ્યોને તા. ૨૧–૩–૧૯૮૦ના રોજ પરિપત્રાંક એકેડેમિક/૧૭૩૧૬૩થી અલગ મોકલવામાં આવ્યો હતો.

તે પછી બપોરે ૨—૦૦ વાગ્યે પ્રશ્નોત્તરીનું કામ હાથ ધરવામાં આવ્યું.

## ૩-અ. પ્રશ્નોત્તરી

[૧] શ્રી. એ. ટી. અજમેરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ડિસેમ્બર ૧૯૭૯ની યુનિવર્સિટી કોર્ટ સભાના પહેલા દિવસે કામકાજની યાદીમાંનાં કામ ૧ અને ૨ હાથ ધરતાં પહેલાં નિયમ મુજબ પ્રશ્નોત્તરી માટે એક કલાક ફાળવી શકાયો હોત ખરો?

ઉત્તર ૧ : સ્ટે. ૩૧ (૫) (૧) અન્વયે તે માટે પહેલો એક કલાક ફાળવી શકાયો હોત.

પ્રશ્ન ૨ : જો "હા", તો તેમ કરવામાં શી મુશ્કેલી હતી?

ઉત્તર ૨ : સભાગૃહે પ્રશ્નોત્તરી ચૂંટણીનું કામ પૂરું થાય તે પછી હાથ લેવા ઇચ્છા પ્રદર્શિત કરી હતી.

પ્રશ્ન ૩ : પ્રસ્તાવોનો અગ્રતાક્રમ કેવી રીતે નક્કી કરવામાં આવે છે?

ઉત્તર ૩ : સ્ટે. ૩૧માં નિર્દિષ્ટ જોગવાઈ મુજબ.

પ્રશ્ન ૪ : અનુક્રમમાં પાછળ આવતા પ્રસ્તાવોને "અગ્રતા" આપવા માટેની જોગવાઈ કરતો નિયમ ટાંકશો?

ઉત્તર ૪ : સદરહુ જોગવાઈ અંગેની સ્ટે. ૩૧ની પેટાકલમ ૮ નીચે ટાંકી છે :

St. 31(8) : "Any motion for a change in the order of business, provided that such motion shall not effect the order hereinabove indicated or give priority to any item of business over the items mentioned in 1 to 7 above; or any of them."

પ્રશ્ન ૫ : કોલેજોએ પોતાના અધ્યાપકોને અને અન્ય સ્ટાફને ગ્રેચ્યુઈટી આપવાનો નિયમ સંલગ્નતાની શરતરૂપે યુનિવર્સિટીએ કરેલ છે?

ઉત્તર ૫ : જોડાણ માટેની અરજીઓ ઉપર ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવાની શરત મૂકવામાં આવે છે.

શ્રી. ટી. એ. અજમેરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

**આ ગ્રેચ્યુઈટી સરકાર ગ્રાન્ટ આપે તો જ કોલેજે આપવાની છે કે કોઈ નિયમ વગર આપવાની છે?**

શ્રી કુલસચિવે જણાવ્યું કે યુનિવર્સિટીનો ઠરાવ સ્પષ્ટ છે કે અમુક વર્ષની નોકરી પછી નિવૃત્ત કે છૂટા થતા હોય તેવા કર્મચારીઓ (શિક્ષકવર્ગના કે બિનશિક્ષકવર્ગના)ને ગ્રેચ્યુઈટી ચૂકવવી જોઈએ. સરકાર ગ્રાન્ટ આપે તો કોલેજોને મદદ થાય પણ ગ્રાન્ટ આપે તો જ ગ્રેચ્યુઈટી ચૂકવવી તેવી પૂર્વ-શરત યુનિવર્સિટીએ મૂકેલી નથી.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અત્યારે સરકાર વિચારણા કરે છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આપણે તે વિષે સરકારને લખ્યું તે પછી સરકારે ના પાડી હતી.

શ્રી. આર. એમ. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તે અંગેનો ખર્ચ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે આપણો આગ્રહ ચાલુ જ છે.

શ્રી. સી. જી. ખત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શરતો મૂકવામાં આવે છે તેનું પાલન થાય છે કે નહીં અને ન થયું હોય તો શું પગલાં લીધાં છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : કોલેજો શરતોનું પાલન ન કરે તો યુનિવર્સિટી પગલાં લે છે. તે ઉપર તપાસસમિતિ ભલામણ કરે છે અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઠરાવ કરે છે. ગ્રાન્ટ કાપવાની શરત મૂકી શકાય ને જોડાણ રદ પણ કરી શકાય, પણ વ્યવહારમાં તેમ કરવાથી બીજા પ્રશ્નો ઊભા થાય તેમ છે.

શ્રી. વસંત એસ. દોશીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ કોલેજ ગ્રેચ્યુઇટી આપતી હોય અને વ્યક્તિગત કેસમાં ન આપતી હોય તેવી ફરિયાદ આવી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ફરિયાદ આવે તો તપાસીશું.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પહેલાં ગ્રેચ્યુઇટી આપતા હોય અને આ ઠરાવ કર્યાથી આપવાનું બંધ થયું છે તેની માહિતી યુનિવર્સિટી પાસે આવી છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સરકાર ગ્રાન્ટ આપે તો ગ્રેચ્યુઇટી આપવી એવું વલણ ઘણી કોલેજોમાં લીધેલું છે તે પૂર્વે કેટલીક કોલેજોએ તેમના છૂટા થયેલા કર્મચારીઓને ગ્રેચ્યુઇટી ચૂકવી હતી ત્યારે ગ્રાન્ટનો પ્રશ્ન તેમણે ઊભો કર્યો નહોતો.

પ્રશ્ન ૬ : આ નિયમનું પાલન કઈ કૉલેજોએ કયા અધ્યાપકોના સંબંધમાં કર્યું છે?

અને

પ્રશ્ન ૭ : કઈ કૉલેજોએ તે નિયમનો અનાદર કર્યો છે?

ઉત્તર ૬ અને ૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧" જોવા વિનંતી છે.

શ્રી. ચિમનભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગાંધીનગરની કોલેજો પાસેથી માહિતી મંગાવવામાં આવી નથી ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે અનેક પ્રશ્નો અંગેની માહિતી એકસાથે બધી કોલેજો પાસેથી મંગાવવામાં આવે છે એટલે ગાંધીનગરની કોલેજો પાસેથી માહિતી નથી મંગાવી એવું નથી, પણ આ પ્રશ્ન અંગે માહિતી મોકલવાની રહેતી નથી એવું કોલેજે જણાવ્યું છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગાંધીનગરની કોલેજો ગ્રેચ્યુઈટી આપે છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે "ના".

શ્રી. સી. જી. ખત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગ્રેચ્યુઈટીનો અમલ સરકારી કોલેજો પાસે ન કરાવી શકીએ તો બીજી કોલેજોને માટે કેમ ફરજ પાડી શકાય?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સરકારી કોલેજોમાં પેન્શનની યોજના છે.

શ્રી. સી. જી. ખત્રીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપણે ગ્રેચ્યુઇટીને બદલે પેન્શન માટે વિકલ્પ આપ્યો છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું : કોલેજો કે આપણે ત્યાં કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડન્ટ ફંડ વત્તા ગ્રેચ્યુઇટીની યોજના અમલમાં છે. પેન્શનનો વિકલ્પ કોલેજોને આપવામાં આવ્યો નથી.

ડૉ. વી. સી. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સરકારી કોલેજોને માટે વિકલ્પ કેમ આપવામાં આવે છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સરકારી કોલેજોમાં પેન્શનની યોજના ફરજિયાત છે ત્યાં કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડન્ટ ફંડનો વિકલ્પ ઉપલબ્ધ નથી. આપણા નિયમોમાં જોગવાઈ થઈ શકે કે બિનસરકારી કોલેજો પેન્શનની યોજના અમલમાં મૂકશે તો તેમને પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેચ્યુઈટી નહીં આપવાં પડે.

પ્રશ્ન ૮ : કોલેજો નિશ્ચિત સમયમર્યાદામાં પુછાયેલા પ્રશ્નોના જવાબ ન આપીને યુનિવર્સિટીનો અનાદર કર્યા કરે અને યુનિવર્સિટી, તેનાં સત્તામંડળો અને તેના સભાસદો નિ:સહાય આ બધું જોયા કરે તે પરિસ્થિતિ નિવારવા શું યુનિવર્સિટી પાસે કોઈ સત્તા કે કાર્યક્રમ નથી?

ઉત્તર ૮ : જોડાણની શરતનો ભંગ કરતી કોલેજોનું જોડાણ રદ કરવાની સત્તાની જોગવાઈ ગુજરાત યુનિવર્સિટી ધારામાં કરવામાં આવેલી છે પણ જોડાણ રદ કરવાનો કોઈ કાર્યક્રમ યુનિવર્સિટીએ ઘડેલો નથી.

પ્રશ્ન ૯ : શું યુનિવર્સિટી સંલગ્નતાની એક પણ શરતના ભંગરૂપે તેની સંલગ્નતા પાછી ખેંચી ન શકે?

ઉત્તર ૯ : ઉપર પ્રશ્ન નં. ૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦ : "સંલગ્નતા પાછી ખેંચી લેવાના" એકમાત્ર શસ્ત્રની ભાષા સમજી શકતી કોલેજોની સંલગ્નતા યુનિવર્સિટી શા માટે પાછી ખેંચતી નથી?

ઉત્તર ૧૦ : ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૩૭ હેઠળ જોડાણ પાછું ખેંચવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી.

પ્રશ્ન ૧૧ : આના માટે કેમ વિશેષ સમિતિની જોગવાઈ ન થઈ શકે?

ઉત્તર ૧૧ : પ્રશ્ન સ્પષ્ટ નથી, અને તેથી તેનો ઉત્તર આપી શકાયો નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૨ : વેતન ન મળતું હોવાની પરિસ્થિતિમાં અનુસ્નાતક શિક્ષણકાર્યના કાર્યભારને કોલેજમાંના કાર્યભારની ગણતરીમાં શા માટે લેવામાં આવતો નથી?

ઉત્તર ૧૨ : આ પ્રશ્ન અંગે સમગ્ર રીતે વિચારણા કરીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે આ બેઉ કક્ષાના શિક્ષણના કાર્યભારને જુદા ગણવાનું હાલને તબક્કે મુનાસીબ માન્યું છે.

પ્રશ્ન ૧૩ : જ્યારે કૉલેજમાં ખરેખર જ કામ ન હોય તેવા સમયે અનુસ્નાતક શિક્ષણકાર્ય માટે જના અધ્યાપકશ્રીને કોઈ કૉલેજ રોકી શકે ખરી?

ઉત્તર ૧૩ : ઑર્ડિ. ૬૫–ટી જોવા વિનંતી છે.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

જ્યારે અને ત્યારે એમ કહેવામાં આવે છે કે અમુક ઑર્ડિનન્સ કે અમુક સ્ટેચ્યૂટ જુઓ એને બદલે અર્થઘટન ન આપવું જોઈએ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે પ્રશ્નમાં માહિતી પૂછી શકાય છે અને તેથી જવાબમાં અર્થઘટન આપવાનું શકય નથી.

પ્રશ્ન ૧૪ : યુનિવર્સિટીએ કૉલેજોમાં "વાઈસ-પ્રિન્સિપાલ" જેવો કોઈ હોદ્દો માન્ય રાખ્યો છે ખરો?

ઉત્તર ૧૪ : ના, જી.

પ્રશ્ન ૧૫ : પગારધોરણમાં રૂ. ૭૦૦--૦૦ના પાયાના પગારે પહોંચતાં અને વ્યાખ્યાતાપદની લાયકાત ધરાવતા ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટરોના વ્યાખ્યાતાઓમાં પરિવર્તન બાબતના અને એ રીતે તેમને વ્યાખ્યાતાનું પગારધોરણ આપવા બાબતનો સરકારશ્રીનો જે ઠરાવ છે તેનો સંપૂર્ણ પાઠ આપશો?

ઉત્તર ૧૫ : રાજ્ય સરકારશ્રીના સદરહુ ઠરાવનો પાઠ નીચે મુજબ છે :

"શિક્ષણ વિભાગના તા. ૨૩--૧૧--૧૯૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૫--૪૯૪૭-૫ના સંદર્ભમાં સરકારશ્રીએ નક્કી કર્યું છે કે જે ટ્યૂટરો અને ડેમોન્સ્ટ્રેટરો તા. ૧--૪--૧૯૭૭ અથવા ત્યાર બાદ જે સમયે રૂ. ૫૦૦--૯૦૦ના પગાર-ધોરણમાં રૂ. ૭૦૦ના પગાર ઉપર પહોંચ્યા હોય ત્યારે જો તેઓ સંબંધિત યુનિવર્સિટીએ નક્કી કરેલ લાયકાત અને અનુભવ ધરાવતા હોય તેમને વ્યાખ્યાતાના રૂ. ૭૦૦–૧,૬૦૦ના પગારધોરણમાં મૂકવા. આવા વ્યાખ્યાતાઓએ તા. ૨૩--૧૧--૧૯૭૬ના આ વિભાગના સરકારી ઠરાવના એપેન્ડિક્ષ 'એ'માં વ્યાખ્યાતાની જગ્યા માટે દર્શાવેલ લાયકાતો, આ હુકમ બહાર પાડવાની તારીખથી પાંચ વર્ષમાં મેળવવાની રહેશે. નહીં તો ઈજાફો મળી શકશે નહીં. વધુમાં નક્કી કરવામાં આવ્યું છે કે ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટરની વ્યાખ્યાતાના સંદર્ભમાં ઈજાફાની તારીખને રક્ષણ આપવું. આથી આવા વ્યાખ્યાતાને રૂ. ૭૦૦ પછીનો બીજો ઈજાફો રૂ. ૭૦૦--૧,૬૦૦ના ધોરણે ટ્યૂટર--ડેમોન્સ્ટ્રેટર તરીકેની ઈજાફાની જે તારીખ હોય તે તારીખે ઈજાફો મળશે

ટ્યૂટર--ડેમોન્સ્ટ્રેટરની જગ્યાઓને વ્યાખ્યાતામાં ફેરવવાના કારણે કુલ જગ્યાઓમાં વધારો ન થાય તે રીતે યુનિવર્સિટીઓએ કાર્યયોજના નિયમોમાં જરૂરી સુધારો કરવો, એટલે કે એક ટ્યૂટર--ડેમોન્સ્ટ્રેટરની જગ્યાના વળતરમાં એક લેક્ચરરની જગા મળશે."

પ્રશ્ન ૧૬ : આ ટ્યૂટર--ડેમોન્સ્ટ્રેટરને વ્યાખ્યાતાપદનું પરિવર્તન આપવામાં આવ્યું છે કે માત્ર વ્યાખ્યાતાનું પગારધોરણ આપવામાં આવ્યું છે કે બન્ને આપવામાં આવ્યું છે.—આ ત્રણ અર્થઘટનોમાંથી કયું અર્થઘટન યુનિવર્સિટીએ ગ્રાહ્ય રાખ્યું છે?

ઉત્તર ૧૬ : પ્રશ્ન નં. ૯૪ નો ઉત્તર જોવા વિનંતી છે.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન ૧૫ ઉપરનો જવાબ જોતાં એ સ્પષ્ટ છે કે સરકારે પોતે નક્કી કર્યું છે કે ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરની જગ્યાને વ્યાખ્યાતામાં ફેરવવી તો તે અંગે શું પગલાં લેવામાં આવ્યાં છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તે બાબતમાં શ્રી. શિક્ષણસંચાલક પાસેથી અનુમોદન માંગવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૭ : એ. જી. ટીચર્સ કોલેજમાં જે બે ટ્યૂટર-અધ્યાપકો છે તેમને અનુસ્નાતક ઉપાધિ પ્રાપ્ત કર્યા પછીનું પગારધોરણ શા માટે આપવામાં આવ્યું નથી?

ઉત્તર ૧૭ : આ અંગે કોલેજ પાસેથી માહિતી ઉપલબ્ધ થયેથી તે આપવામાં આવશે.

પ્રશ્ન ૧૮ : આવું પગારધોરણ ન આપવું એ યુનિવર્સિટીનાં ધારાધોરણનો શું ભંગ નથી?

અને

પ્રશ્ન ૧૯ : યુનિવર્સિટી આ કોલેજ સામે કયાં પગલાં લેવા ધારે છે?

ઉત્તર ૧૮ અને ૧૯ : પ્રશ્ન નં. ૧૭ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦ : ગયા વર્ષે આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદમાં આયોજિત "માઈક્રો-ટીચિંગ" અંગેના સેમિનારમાં ગુજરાત યુનિવર્સિટીની જે જે એજ્યુકેશન કોલેજોએ પોતાના અધ્યાપકોને મોકલ્યા હતા તે તે કોલેજોએ નીચેના મુદ્દા ધ્યાનમાં રાખી તે અધ્યાપકોના અનુભવનો પછી શો ઉપયોગ કર્યો તેની માહિતી ભેગી કરી જણાવશો?

૧. અન્ય અધ્યાપકોને તે અધ્યાપકો પાસે તાલીમ અપાવી?
૨. પ્રત્યેક અધ્યાપકને તાલીમ આપવા માટે તાલીમાર્થીઓનું એકેક જૂથ સોંપ્યું?
૩. પ્રત્યેક તાલીમાર્થી પાસે ઓછામાં ઓછા ચાર-પાંચ માઈક્રો પાઠ અપાવવાનો આગ્રહ રાખ્યો?
૪. તાલીમાર્થીઓને કેટલા માઈક્રો પાઠ અપાવ્યા?

પાઠ તાલીમના

| આરંભમાં | વચ્ચે | અંતે પણ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |

૫. માઈક્રો-પાઠોનો કાર્યક્રમ ઉપયોગી રહ્યો?
૬. માત્ર ઔપચારિક રીતે માઈક્રોટીચિંગ વિશે અચોક્કસ સમયના અનુકૂળતાવાળા ગાળા દરમિયાન વ્યાખ્યાનો ગોઠવ્યાં?
૭. તાલીમાર્થીઓના મોટા સમૂહ આગળ તાલીમાર્થી પાસે માઈક્રો પાઠ અપાવ્યા?
૮. માઈક્રોટીચિંગ વિશે કશો પણ કાર્યક્રમ હાથ ધરી ન શકાયો?

ઉત્તર ૨૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી કાર્યાલયના સમય દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં જોવા માટે મળી શકશે અને સભા સમયે સભાગૃહના ટેબલ પર રાખવામાં આવશે.

શ્રી. એ. ટી. અજમેરાએ જણાવ્યું કે માહિતી પરિપત્રિત કરવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧ : અધ્યાપકો સિદ્ધાંત શિક્ષણમાં જેની તલસ્પર્શી અને વ્યાપક ચર્ચા કરે છે એવી નીચેની નૂતન શિક્ષણ પદ્ધતિઓ દ્વારા એજ્યુકેશન કૉલેજના આચાર્ય સહિત અધ્યાપકોએ વર્ષ ૧૯૭૯–૮૦ દરમિયાન આપેલા નિદર્શન પાઠોની કૉલેજવાર અને પદ્ધતિવાર સંખ્યા મેળવી આપશો :

૧. સંમિનાર
૨. વર્કશોપ
૩. જૂથચર્ચા
૪. પેનલ ચર્ચા
૫. સિમ્પોઝિયમ
૬. પ્રોજેક્ટ
૭. પ્રદર્શન (પ્રયુક્તિ)
૮. અભિક્રમિત અધ્યયન
૯. સ્વાધ્યાય પદ્ધતિ
૧૦. કથન પ્રશ્નોત્તરી (ઔપચારિક પદ્ધતિ)

અને

પ્રશ્ન ૨૨ : ૧૯૭૯–૮૦ના વર્ષ દરમિયાન એજ્યુકેશન કૉલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ નીચેના દૃશ્યશ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને પ્રત્યેક સાધનવાર કુલ કેટલા નિદર્શન પાઠ આપ્યા તે નીચેના પ્રોફોર્મામાં મેળવી જણાવશો :

૧. કૉલેજનું નામ
૨. એપિડાયોસ્કોપથી
૩. સ્લાઈડોના ઉપયોગથી
૪. ફિલ્મસ્ટ્રીપ પ્રોજેક્ટરથી
૫. ૧૬ મિ.મી. પ્રોજેક્ટરથી
૬. ઓવરહેડ પ્રોજેક્ટરથી
૭. ટેપરેકોર્ડરથી
૮. વ્યૂ માસ્ટર પ્રોજેક્ટરથી
૯. કોલમ નં. ૨ થી ૮ પ્રમાણે આપેલા કુલ પાઠ
૧૦. અપાયેલ કુલ નિદર્શન પાઠ.

ઉત્તર ૨૧ અને ૨૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

**સદરહુ** પ્રશ્નોના જવાબ જોતાં જણાય છે કે ૨૧ એજ્યુકેશનની કૉલેજોમાંથી માત્ર ૫ કૉલેજોએ માહિતી આપી છે તે પ્રત્યે આપનું ધ્યાન દોરું છું. તો બાકીની કૉલેજો માહિતી આપવા પ્રેરાય તે માટે શું કરી શકાય ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કૉલેજોએ યથાતથ માહિતી આપવી જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : આગ્રહ સેવાવો જોઈએ. સમયમર્યાદા આપવી જોઈએ અને પછી પરિપત્રિત કરવી જોઈએ.

પ્રશ્ન ૨૩ : દંતવિદ્યાની વિદ્યાશાખા અને ફાર્મસી વિદ્યાશાખા અગાઉ કેવા નામાભિધાનવાળી વિદ્યાશાખામાં સમાવિષ્ટ હતી ?

અને

પ્રશ્ન ૨૪ : તે વિદ્યાશાખાઓ મૂળ વિદ્યાશાખાથી ક્યારે અલગ કરવામાં આવી ?

ઉત્તર ૨૩ અને ૨૪ : દરેક વિદ્યાશાખાનું પોતપોતાનું જુદું અસ્તિત્વ હોઈ એક વિદ્યાશાખા બીજી વિદ્યાશાખામાં સમાવિષ્ટ થતી નથી એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે દંતવિદ્યા અને ફાર્મસીના વિષયો પહેલાં તબીબી વિદ્યાશાખા (ફેકલ્ટી ઑફ મેડિસિન) હેઠળ આવતા હતા.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
ડેન્ટલ અને ફાર્મસીની જુદી વિદ્યાશાખાઓ ક્યારે થઈ ?
કુલપતિશ્રીનો ઉત્તર : ૧૯૬૭ માં.

પ્રશ્ન ૨૫ : તે વિદ્યાશાખાઓને અલગ કરવા માટે યુનિવર્સિટી ધારામાં સુધારો કરાવવાની જરૂર પડી હતી ખરી?

ઉત્તર ૨૫ : ના, જી.

પ્રશ્ન ૨૬ : જો જવાબ "ના" હોય તો શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખાને અલગ કરવા માટે યુનિવર્સિટી ધારામાં સુધારો કરાવવાની જરૂર છે ખરી?

ઉત્તર ૨૬ : હા, જી.

પ્રશ્ન ૨૭ : શિક્ષણશાસ્ત્રની અલગ વિદ્યાશાખાની રચનામાં ગઈ કોર્ટ સભા પછી કોઈ ખાસ પ્રગતિ થઈ છે ખરી?

અને

પ્રશ્ન ૨૮ : શી પ્રગતિ થઈ છે?

ઉત્તર ૨૭ અને ૨૮ : સુધારેલા સ્ટે. ૯૭-એ નો પાઠ કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલવામાં આવતાં તેઓશ્રીના ઉપસચિવશ્રીએ જણાવ્યું છે કે શિક્ષણની અલગ વિદ્યાશાખા ઊભી કરવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર જરૂરી છે.

પ્રશ્ન ૨૯ : પ્રગતિ થઈ ન હોય તો તે માટે યુનિવર્સિટીએ કોઈ પ્રયત્નો કર્યા છે?

ઉત્તર ૨૯ : પ્રશ્ન ૨૭ અને ૨૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૦ : ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાં શિક્ષણશાસ્ત્રની અલગ વિદ્યાશાખા છે કે કેમ અને અલગ વિદ્યાશાખા હોય કે ન હોય તોપણ તે યુનિવર્સિટીઓમાં શિક્ષણશાસ્ત્રની એક કે તેથી વધુ કઈ કઈ અભ્યાસસમિતિઓ છે તેની માહિતી યુનિવર્સિટી મેળવી આપશે ખરી?

ઉત્તર ૩૦ : સ્ટે. ૩૧ની પેટાકલમ ૫ની જોગવાઈ મુજબ આ પ્રશ્ન આ યુનિવર્સિટીને સ્પર્શતો ન હોઈ તેનો ઉત્તર અત્રે આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

**શ્રી. એ. ટી. અજમેરાએ** નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગુજરાત યુનિવર્સિટી પાસે બીજી યુનિવર્સિટીમાં એજ્યુકેશનની અલગ ફેકલ્ટી અંગેની માહિતી આવી છે ખરી ? જો બીજી યુનિવર્સિટીઓમાં એજ્યુકેશનની અલગ ફેકલ્ટી હોય તો આપણે ત્યાં કેમ નથી ?

**કુલપતિશ્રીનો ઉત્તર :** આ યુનિવર્સિટી અંગેની માહિતી અત્રે આપી શકાશે, પરંતુ બીજી યુનિવર્સિટીઓ અંગેની માહિતી આ સભાગૃહમાં માંગી શકાય નહીં.

પ્રશ્ન ૩૧ : શિક્ષણશાસ્ત્રની પ્રત્યેક કોલેજ પહેલા સત્રમાં અને બીજા સત્રમાં ફીની પેટાવિગતો સાથે કેટલી ફી લે છે? કોલેજો ફીની પહોંચમાંની વિગતો પ્રમાણે માહિતી આપે તે અપેક્ષિત છે?

ઉત્તર ૩૧ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૨ : શિક્ષણશાસ્ત્રની જે કોલેજોએ અગાઉ પડેલ હડતાલ સમયે સંબંધિત અધ્યાપકોનો પગાર કાપી લીધો છે તે આજદિન સુધી શા માટે પરત કર્યો નથી?

ઉત્તર ૩૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૩ : છેલ્લી બે કોર્ટ સભામાં અધૂરી માહિતી આપનાર અને બિલકુલ માહિતી ન આપનાર શિક્ષણશાસ્ત્રની કોલેજોનાં નામ આપશો?

ઉત્તર ૩૩ : સંપૂર્ણ વિગત સાથેની માહિતી ઉપલબ્ધ થતી નથી પરંતુ યુનિવર્સિટી કોર્ટની છેલ્લી બે સભાઓમાં પ્રશ્નોત્તરીના સંદર્ભમાં હજુ સુધી બિલકુલ માહિતી જ ન મોકલી હોય તેવી નીચેની કોલેજો છે :

| માર્ચ ૧૯૭૯ની સભા | ડિસેમ્બર ૧૯૭૯ની સભા |
|---|---|
| ૧. પ્રકાશ કોલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ. | ૧. પ્રકાશ કોલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ. |
| ૨. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, ખેડા | ૨. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, ખેડા |
| ૩. વિવેકાનંદ કોલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ | ૩. શ્રી. એમ. એન. શુકલ એજ્યુકેશન કોલેજ, અમદાવાદ |
| ૪. આર. બી. સાગર કોલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ | ૪. વિવેકાનંદ કોલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા |
| ૫. શ્રી. એમ. એન. શુકલ એજ્યુકેશન કોલેજ, અમદાવાદ | |
| ૬. વિવેકાનંદ કોલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા | |

પ્રશ્ન ૩૪ : શિક્ષણશાસ્ત્રની જે કૉલેજો પાસે પોતાની પ્રાયોગિક શાળાઓ હોય તેમનો ઉપયોગ કરવા સંબંધમાં નિદર્શન પાઠો ઉપરાંત અન્ય કોઈ પ્રવૃત્તિઓની યુનિવર્સિટીએ અપેક્ષા સેવી છે?

અને

પ્રશ્ન ૩૫ : શિક્ષણશાસ્ત્રની જે કૉલેજો પાસે પોતાની પ્રાયોગિક શાખાઓ છે તેઓ તેનો ઉપયોગ માત્ર નિદર્શન પાઠ આપવા ઉપરાંત અન્ય કઈ આખા વર્ષને વ્યાપી લેતી પ્રવૃત્તિઓ માટે કરે છે ?

ઉત્તર ૩૪ અને ૩૫ : અભ્યાસક્રમમાં આ અંગે કોઈ જોગવાઈ નથી.

પ્રશ્ન ૩૬ : શિક્ષણશાસ્ત્રની જે કૉલેજોએ પ્રૉવિડંટ ફંડની કેટલીક રકમ જે ડિપોઝિટમાં મુકાવી છે તે સરકારશ્રીની તિજોરીમાં મુકાવવામાં તે કૉલેજોને શી અગવડો છે?

અને

પ્રશ્ન ૩૭ : તે રકમ સરકારશ્રીની તિજોરીમાં કેવી રીતે તાત્કાલિક જમા કરાવી શકાય તે માટે યુનિવર્સિટીએ કૉલેજોને શું માર્ગદર્શન આપ્યું છે?

અને

પ્રશ્ન ૩૮ : શું માર્ગદર્શન આપી શકે તેમ છે?

ઉત્તર ૩૬ થી ૩૮ : પ્રૉવિડંટ ફંડની રકમ સરકારશ્રીની તિજોરીમાં જમા કરાવવાની બાબતમાં ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ પિટિશન થઈ હોઈ આ પ્રશ્નોના ઉત્તરો આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જવાબ ૩૬ થી ૩૮ અને ૧૩૯ એ બેની વચ્ચે તફાવત દેખાય છે ખરો ?

યુનિવર્સિટી જો પાર્ટી હોય તો યુનિવર્સિટીને ખબર ખરી? જવાબો purely technical આપ્યા છે. આ જોતાં જણાય છે કે you are a party to the stay.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આમાં યુનિવર્સિટીને પાર્ટી બનાવેલી નથી.

પ્રશ્ન ૩૯ : ગઈ કોર્ટ સભાના પ્રશ્ન ક્રમાંક ૭૮ હેઠળ સરકારી તિજોરીમાં પી.એફ. જમા કરાવ્યા અગાઉ તે પી.એફ. ઉપર કેટલું વ્યાજ એકત્રિત કરવામાં આવ્યું? હવે તે પેટાપ્રશ્નનો જવાબ(ગઈ કોર્ટ સભાની પ્રશ્નોત્તરીમાં પરિશિષ્ટ ક્રમાંક (૪)નો કોલમ ક્રમાંક ૨૪ની વિગત) કેટલીક કૉલેજોએ આપ્યો ન હતો તે વિગત મેળવી આપશો?

ઉત્તર ૩૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલયના સમય દરમિયાન જોવા મળી શકશે તેમ જ સભાગૃહમાં સભા સમયે ટેબલ પર રાખવામાં આવશે.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રૉવિડંટ ફંડના વ્યાજ અંગેની માહિતી આવી હોય તો તે માહિતી આપશો.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે જે માહિતી આવેલી છે તે આપને જોવા માટે ઉપલબ્ધ કરી શકાશે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અગાઉ એક પ્રશ્નમાં જણાવ્યું છે કે માહિતી સભાગૃહના ટેબલ ઉપર મૂકવામાં આવશે. હું જાણવા માંગુ છું કે માહિતી આવી ગઈ છે એવું જવાબ ઉપરથી જાણવા મળે છે, અને તે આવી ગઈ હોય અને ખાનગી ન હોય તો શા માટે પ્રશ્નોત્તરી સાથે આપવામાં આવતી નથી ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે વિસ્તૃત એટલે કે elaborate માહિતી માગેલી હોય ત્યાં માહિતી આપવાનું મુશ્કેલ હોય છે. સ્ટેચ્યુટમાં પણ જણાવેલું છે કે elaborate માહિતી આપવાની ના પાડી શકાશે. માહિતી આવે છે તે છાપવા આપવામાં આવે છે તે પછી અમુક સમયમર્યાદા બાદ જે માહિતી આવે છે તે છાપવી શક્ય ન હોવાથી ટેબલ ઉપર જ તે મૂકવી પડે છે.

પ્રશ્ન ૪૦ : શિક્ષણ સહિત વિનયન વિદ્યાશાખામાં શિક્ષણનો વિષય આવી જવા છતાં અને સમસ્ત વિદ્યાશાખા માટે કામના દિવસના ચાર કલાકથી ઓછો સમય નહીં એમ નક્કી થયેલ હોવા છતાં અગાઉ કરતાં એવા કયા વિશિષ્ટ નવા સંજોગો ઊભા થયા હતા કે તે સમયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં કામકાજ ક્રમાંક ૨૫ થી શિક્ષણશાસ્ત્રની કોલેજો માટે અલગ કાર્યભાર અને અલગ કાર્યસમય નક્કી કરવો પડ્યો ?

અને

પ્રશ્ન ૪૧ : પ્રસ્તુત ઠરાવનો સંપૂર્ણ પાઠ આપશો.

અને

પ્રશ્ન ૪૨ : એ સંબંધમાં આચાર્યશ્રી જી. બી. પરીખે તા. ૨૮-૧૦-૧૯૭૪ના રોજ પાઠવેલ પત્રનો પૂરો પાઠ આપશો.

અને

પ્રશ્ન ૪૩ : પ્રસ્તુત ઠરાવ તરફ દોરી જતી ખાસ સમિતિની રચના કયા સત્તામંડળે કયા ઠરાવથી કરી હતી ?

અને

પ્રશ્ન ૪૪ : એ સમિતિમાં કયા કયા સભ્યો હતા ?

અને

પ્રશ્ન ૪૫ : તેમાં હાજર અને ગેરહાજર કોણ કોણ રહ્યા ?

અને

પ્રશ્ન ૪૬ : એ સમિતિનો કાર્યપ્રદેશ અને કાર્યરીતિ જણાવશો ?

અને

પ્રશ્ન ૪૭ : એ સમિતિએ અધ્યાપકોની રજૂઆત સાંભળી હતી ?

અને

પ્રશ્ન ૪૮ : એ સમિતિના સાતમાંથી માત્ર ત્રણ સભ્યો હાજર હતા તો તે સમિતિને અધ્યાપકોના મોટા સમૂહને વ્યાપક અસર કરતી ભલામણો કરવાની સત્તા રહે ખરી ?

અને

પ્રશ્ન ૪૯ : જો હાજર ત્રણ સભ્યોમાંના એક સભ્ય અને સમિતિના અધ્યક્ષશ્રી ડૉ. કે. જી. દેસાઈએ પ્રસ્તુત એક કે તેથી વધુ ભલામણોનો વિરોધ કર્યો હતો તે વાત સાચી છે ?

અને

પ્રશ્ન ૫૦ : જો તેમનો પણ વિરોધ હતો તો તે સાતમાંથી માત્ર બે સભ્યોની સંમતિથી ભલામણો સ્વીકારવી વાજબી કેવી રીતે ગણી શકાય ?

અને

પ્રશ્ન ૫૧ : તે બે સભ્યોમાંના એક આચાર્યશ્રી જી. બી. પરીખ છે (કે જેઓ એક પત્ર પાઠવીને સમિતિની રચનાનું નિમિત્ત બન્યા હતા) ને સમગ્ર પ્રશ્નમાં એક "પાર્ટી" તરીકે શા માટે ન ગણી શકાય?

અને

પ્રશ્ન ૫૨ : તેઓ "પાર્ટી" તરીકે સ્વીકારાય તો પ્રસ્તુત સમિતિમાં તેમની નિમણૂક કેવી રીતે થઈ શકે?

ઉત્તર ૫૦ થી ૫૨ : માગેલી માહિતી સ્ટે. ૬૧(૫) અનુસાર સમયમર્યાદા બહાર હોઈ ઉત્તરો આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્ટેચ્યૂટમાં આ માહિતી ન આપવાની જોગવાઈ છે તે હું સ્વીકારું છું; પણ આ માહિતી પાછળથી આપવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી કુલસચિવે જણાવ્યું કે આ માહિતી આપને આજે પણ જોવા મળી શકશે. ૫ વર્ષ અગાઉની માહિતી આપી શકાતી નથી. આપે કાર્યાલયનો સંપર્ક આ પહેલાં સાધ્યો હોત તો ત્યારે પણ જે માહિતી કાર્યાલય પાસે છે તે આપને ઉપલબ્ધ કરી શકાત.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બધી કોલેજો માટે કામકાજના ઓછામાં ઓછા કલાકો નક્કી થાય છે તો આ ફેકલ્ટી માટે શું?

ડૉ. વી. સી. શાહે પૂછ્યું કે આ પ્રશ્નોત્તરીનો સમય છે કે આપણે ચર્ચા કરીએ છીએ.

કુલપતિશ્રીનો ઉત્તર : આ પ્રશ્ન આવે ત્યારે ચર્ચા કરજો.

પ્રશ્ન ૫૩ : (ક) પ્રશ્ન ક્રમાંક ૪૧ ના જવાબમાં વ્યાખ્યાનોના દિવસે કોલેજમાં છ કલાક અધ્યાપકે હાજર રહેવાની વાત અને ગઈ કોર્ટ સભામાં

અને

(ખ) પ્રશ્નક્રમાંક ૮૭ ના જવાબમાં "ઓછામાં ઓછા ચાર કલાકથી અધ્યાપક હાજરી-વાળી વાત"માં કઈ વાત સ્વીકારવી?

ઉત્તર ૫૩ : (ક) શિક્ષણશાસ્ત્રની કોલેજોના શિક્ષકો માટે છ કલાકનો નિયમ છે; જ્યારે

(ખ) શિક્ષણશાસ્ત્ર સિવાયની કોલેજોના શિક્ષકો માટે ઓછામાં ઓછા ચાર કલાકનો નિયમ છે તેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

પ્રશ્ન ૫૪ : શિક્ષણશાસ્ત્રની છેલ્લી ત્રણ અભ્યાસસમિતિના સભ્યોનાં નામ, તેમના અધ્યક્ષશ્રીઓના નામોલ્લેખ સાથે, આપશો?

ઉત્તર ૫૪ : **૧૯૭૩–૧૯૭૬**

(૧) ડૉ. કે. જી. દેસાઈ (અધ્યક્ષ)
(૨) આચાર્ય ડી. એમ. ભાવસાર
(૩) આચાર્ય ડી. એ. ઘાંચી
(૪) આચાર્ય એન. યુ. ત્રિવેદી
(૫) આચાર્ય એન. વી. રાવલ
(૬) આચાર્ય બી. સી. પટેલ
(૭) આચાર્ય યુ. બી. પાઠક

કો-ઓપ્ટેડ

(૮) આચાર્ય આર. આર. દવે
(૯) ડૉ. એમ. બી. બુચ
(૧૦) શ્રી. એલ. આર. દેસાઈ
(૧૧) શ્રી. એચ. આર. જોશી (૧૯૭૩—૭૪)
શ્રી. દુઆ સૂર્યકિરણ રામલભાયા (૧૯૭૪—૭૫)
શ્રી. શિંગાલ મોતીભાઈ અરજનભાઈ (૧૯૭૫—૭૬)
ભંવરી વનમાલા ટી. (૧૯૭૬—૭૭)

**૧૯૭૭—૧૯૭૯**

(૧) આચાર્ય બી. આર. ચોહાણ (અધ્યક્ષ)
(૨) ડૉ. કે. જી. દેસાઈ
(૩) આચાર્ય જી. બી. પરીખ
(૪) ડૉ. એમ. બી. કર્ણિક
(૫) શ્રીમતી વાય. એફ. પટેલ
(૬) આચાર્ય પી. જી. પટેલ
(૭) ડૉ. વી. એ. પટેલ
(૮) આચાર્ય જી. વી. મહંત
(૯) ડૉ. પી. એ. પટેલ
(૧૦) ડૉ. એ. એ. મહેતા
(૧૧) કુ. ખારોડ પલ્લવી જે. (૧૯૭૭—૭૮)
કુ. જસવંતી એ. પટેલ (૧૯૭૮—૭૯)
શ્રીમતી પુષ્પા જયરામન (૧૯૭૯—૮૦)

કો-ઓપ્ટેડ

(૧૨) આચાર્ય એસ. એમ. શુકલ
(૧૩) ડૉ. એચ. જી. દેસાઈ
(૧૪) ડૉ. બી. વી. પટેલ

**૧૯૮૦**

(૧) આચાર્ય બી. સી. પટેલ (અધ્યક્ષ)
(૨) ડૉ. કે. જી. દેસાઈ
(૩) ડૉ. જે. એમ. વ્યાસ
(૪) આચાર્ય આર. આર. દવે
(૫) આચાર્ય સી. ડી. ત્રિવેદી
(૬) આચાર્ય જી. બી. પટેલ
(૭) આચાર્ય જી. એમ. પરીખ
(૮) ડૉ. ડી. એ. ઘાંચી
(૯) આચાર્ય એન. વી. રાવલ
(૧૦) આચાર્ય એસ. એમ. શુકલ
(૧૧) શ્રીમતી પુષ્પા જયરામન

કો-ઓપ્ટેડ

(૧૨) આચાર્ય યુ. બી. પાઠક
(૧૩) શ્રી. ડી. બી. દેસાઈ
(૧૪) આચાર્ય ડી. વી. દેસાઈ.

ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

આ સવાલ પૂછવાનો હેતુ શું છે? આ elaborate ન કહેવાય ?

આ પૂછવાનું કોઈ પ્રયોજન તો હશે ને ?

શ્રી કુલસચિવે જણાવ્યું કે અમારું કામ માહિતી આપવાનું છે.

ડૉ. એમ. એન. દેસાઈએ જણાવ્યું કે આમાં અધ્યાપકોને બિલકુલ સ્થાન નથી આપવામાં આવ્યું તે તરફ આપનું ધ્યાન ખેંચું છું.

પ્રશ્ન ૫૫ : અભ્યાસસમિતિની રચના માટે સભ્ય પસંદગી કેવી રીતે થાય છે?

ઉત્તર ૫૫ : અભ્યાસસમિતિઓની રચના તે અંગેના ગુજરાત યુનિવર્સિટી ધારાના શિડયુલ્ડ નં. ૨ હેઠળ જણાવેલ સ્ટેચ્યૂટ નં. ૪ની જોગવાઈને આધીન કરવામાં આવે છે.

પ્રશ્ન ૫૬ : શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની રચના અન્ય અભ્યાસસમિતિઓની રચનાથી કઈ રીતે જુદી પડે છે?

ઉત્તર ૫૬ : બધી અભ્યાસસમિતિઓની રચના ઉપર જણાવેલ સ્ટે. નં. ૪ મુજબ જ થાય છે.

પ્રશ્ન ૫૭ : શિક્ષણશાસ્ત્રની કોલેજોમાં ક્રેડિટની ગણતરીમાં આચાર્યશ્રીથી આગળ નીકળી જતા અધ્યાપકને શા માટે તે કોલેજના શિક્ષણશાસ્ત્રના વડા ન ગણી શકાય?

અને

પ્રશ્ન ૫૮ : શું આ "વડાપણું" માત્ર "આચાર્યપદ" સાથે જાય છે કે ક્રેડિટગણતરી સાથે?

અને

પ્રશ્ન ૫૯ : શા માટે ?

ઉત્તર ૫૭, ૫૮ અને ૫૯ : વિભાગના વડાની વ્યાખ્યા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨ ની પેટાકલમ ૩(બી)માં આપેલ છે.

પ્રશ્ન ૬૦ : શિક્ષણશાસ્ત્રની પ્રવર્તમાન સમિતિના સભ્ય આચાર્યશ્રીઓ કરતાં, "ક્રેડિટ ગણતરી"માં આગળ નીકળી જતા બિનઆચાર્ય અધ્યાપકો કયા કયા અને કેટલા તે તેમની કુલ ક્રેડિટ સાથે જણાવશો.

ઉત્તર ૬૦ : શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિના સભ્ય આચાર્યશ્રીઓ કરતાં તે કોલેજના બિન-આચાર્ય અધ્યાપકો જે ક્રેડિટની ગણતરીમાં આગળ નીકળી જાય છે તેમની કુલ ક્રેડિટ નીચે પ્રમાણે છે :

| | ક્રેડિટ | ક્રેડિટ ગુણમાં આગળ નીકળી જતા બિનઆચાર્ય શિક્ષકો | ક્રેડિટ |
|---|---|---|---|
| ૧. પ્રિ. આર. આર. દવે કોલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા | ૨૫ | શ્રી. ઠક્કર વી. આર. | ૨૬ |

૨. પ્રિ. એસ. એમ. શુક્લ ૨૫ શ્રી. જાની આર. આર. ૨૬
શ્રી. એમ. એન. શુક્લ
એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ.

પ્રશ્ન ૬૧ : શિક્ષણશાસ્ત્રની રચાયેલી છેલ્લી અભ્યાસસમિતિમાં જોગવાઈ ક્રમાંક (IV) (B) મુજબ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાંથી એકાદ બિનઆચાર્ય અધ્યાપકમિત્રને કો-ઓપ્ટ કરવાની દરખાસ્ત કોઈ પણ માનનીય સભ્યશ્રીએ કરેલી ખરી?

ઉત્તર ૬૧ : તેવી દરખાસ્ત કર્યાનો ઉલ્લેખ અભ્યાસસમિતિની સભાની કાર્યવાહીની નોંધમાં જોવા મળ્યો નથી.

પ્રશ્ન ૬૨ : કયા બે સભ્યો કઈ કેટેગરીમાંથી લેવામાં આવ્યા?

ઉત્તર ૬૨ : બે નહિ પરંતુ ત્રણ સભ્યોને નીચે પ્રમાણે કો-ઓપ્ટ કરવામાં આવ્યા છે :
(૧) આચાર્ય યુ. બી. પાઠક-સ્ટે. ૪ની કંડિકા ૪બી મુજબ
(૨) ડૉ. ડી. બી. દેસાઈ-સ્ટે. ૪ની કંડિકા ૫એ મુજબ
(૩) આચાર્ય ડી. વી. દેસાઈ- સ્ટે. ૪ની કંડિકા ૫સી મુજબ.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્ટે. ૪ ની કંડિકા ૪-બી મુજબ કોઈ આચાર્યને co-opt કરી શકાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : આપણા નિયમોમાં તેની મનાઈ નથી.

શ્રી. એ. ટી. અજમેરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બિન-આચાર્ય અધ્યાપકને co-opt કરી શકાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા.

પ્રશ્ન ૬૩ : તે માટે કયા સભ્યશ્રીએ દરખાસ્ત કરેલી?

ઉત્તર ૬૩ : ઉપર પ્રશ્ન નં. ૬૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૪ : સમિતિની રચના વખતે કુલ કેટલામાંથી કેટલા સભ્યશ્રીઓ હાજર રહેલા?

ઉત્તર ૬૪ : શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૯-૧૨-૧૯૭૯ની સભામાં ત્રણ સભ્યોને કો ઓપ્ટ કરવામાં આવ્યા હતા. તેમાં કુલ ૧૧ સભ્યોમાંથી ૮ સભ્યો હાજર હતા.

પ્રશ્ન ૬૫ : અર્ધાથી ઓછી સંખ્યાની સભ્ય હાજરી હોય તો સમિતિની રચના થઈ શકે ખરી?

ઉત્તર ૬૫ : અભ્યાસસમિતિની સભાની ગણપૂર્તિ (કોરમ) સ્ટે. ૧૧૩ (સી)થી નિયત થયેલ છે તેનો પાઠ નીચે મુજબ છે :

**St. 113 (C) :**

"Not less than one-third of the members or two members which ever number is greater, shall constitute a quorum. If there is no quorum at the commencement of the meeting even at the expiration of a quarter of an hour the meeting shall forth with be adjourned to such day as the chairman may appoint. In the case of a meeting adjourned for want of a quorum no quorum will be required.

પ્રશ્ન ૬૬ : શિક્ષણશાસ્ત્રની છેલ્લી ત્રણ અભ્યાસસમિતિઓમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓ કોણ હતા?

ઉત્તર ૬૬ : સદરહુ માહિતી માટે પ્રશ્ન ક્રમાંક ૫૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૭ : સમિતિની સભાઓમાં તેમની હાજરી કેવી હતી?

ઉત્તર ૬૭ : વિદ્યાર્થી સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| વિદ્યાર્થી સભ્યનું નામ | સભાની તારીખ | હાજરી |
|---|---|---|
| (૧) શ્રી. હર્ષદ રતિલાલ જોશી | ૫-૧૦-૧૯૭૩ | ગેરહાજર |
| (૨) શ્રી. હર્ષદ રતિલાલ જોશી | ૨૨-૧૦-૧૯૭૩ | ગેરહાજર |
| (૩) શ્રી. એસ. આર. દુઆ | ૫-૧૦-૧૯૭૪ | ગેરહાજર |
| (૪) કુ. શિગલ મોતીભાઈ એ. | ૬-૧૦-૧૯૭૫ | ગેરહાજર |
| (૫) કુ. વી. ટી. ભંવરી | ૫-૧૦-૧૯૭૬ | ગેરહાજર |
| (૬) કુ. વી. ટી. ભંવરી | ૨૬-૧૧-૧૯૭૬ | હાજર |
| (૭) કુ. વી. ટી. ભંવરી | ૧૦-૧૨-૧૯૭૬ | હાજર |
| (૮) કુ. પી. જે. ખારોડ | ૨૭-૧૨-૧૯૭૭ | હાજર |
| (૯) કુ. જે. એ. પટેલ | ૧૩-૧૦-૧૯૭૮ | ગેરહાજર |
| (૧૦) કુ. જે. એ. પટેલ | ૪-૧૨-૧૯૭૮ | ગેરહાજર |
| (૧૧) શ્રીમતી પુષ્પા જયરામન | ૧૬-૧૦-૧૯૭૯ | હાજર |
| (૧૨) શ્રીમતી પુષ્પા જયરામન | ૧૯-૧૨-૧૯૭૯ | ગેરહાજર |
| (૧૩) શ્રીમતી પુષ્પા જયરામન | ૪-૧-૧૯૮૦ | ગેરહાજર |

પ્રશ્ન ૬૮ : તેમણે જે કોઈ પ્રસ્તાવો મૂક્યા હોય તેની માહિતી આપશો.

ઉત્તર ૬૮ : વિદ્યાર્થી સભ્ય તરફથી કોઈ પ્રસ્તાવ અભ્યાસસમિતિની કાર્યસૂચિમાં રજૂ થયા નથી.

પ્રશ્ન ૬૯ : શિક્ષણશાસ્ત્રની કૉલેજોના આચાર્યશ્રીઓ લગભગ મોટા ભાગના અધ્યાપકોને સામેલ કરી શકાય તે રીતે વ્યાપક પ્રમાણમાં નીચેની કંઈ બાબતોમાં અધ્યાપક મિત્રોને સામેલ કરે છે?

(૧) કૉલેજની વિદ્યાર્થી પ્રવેશ સમિતિમાં
(૨) કૉલેજના **સમયપત્રક**ની રચનામાં
(૩) વ્યાખ્યાનોના અને પાઠતાલીમની આયોજનામાં
(૪) ગવર્નિંગ બોડીમાં
(૫) પુસ્તકાલય માટેની પુસ્તકપસંદગીમાં
(૬) કૉલેજમાં નિમંત્રિત અતિથિવિશેષોના પરિચય કરાવવામાં અને / અથવા તેમની આભારવિધિમાં.

ઉત્તર ૬૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૦ : શિક્ષણશાસ્ત્રની કૉલેજોના આચાર્યશ્રીઓએ કોઈ પણ અન્ય સંસ્થાના આશ્રય વગરની તદ્દન સ્વતંત્ર અને હૈયાસૂઝથી (વ્યાવસાયિક વિકાસની પ્રવૃત્તિઓ વ્યવસ્થિત આયોજન દ્વારા) ઇનિશિયેટ કરી હોય અને તેમાં પોતે ઉત્તમ પ્રકારનું નિદર્શન પૂરું પાડ્યું હોય તેની માહિતી મળશે?

ઉત્તર ૭૦ : ચોક્કસ પ્રવૃત્તિનો ઉલ્લેખ ન હોઈ માહિતી આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૭૧ : શિક્ષણશાસ્ત્રની કૉલેજોના આચાર્યશ્રીઓ કૉલેજના કામ ઉપરાંત અન્ય જે જે સમિતિઓમાં જે જે સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરતા હોય તેની માહિતી આપશો.

ઉત્તર ૭૧ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૨" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૨ : આમ આ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી કૉલેજનું સમયપત્રક વેરવિખેર થઈ જાય અને દિવસ દરમિયાન કૉલેજોમાં તેમની લાંબા સમયની ગેરહાજરી રહે તેવું બને છે?

ઉત્તર ૭૨ : આ કાર્યાલય પાસે તે અંગે માહિતી નથી.

પ્રશ્ન ૭૩ : એપ્રિલ, ૮૦ની બી.એડ. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓની વિષયપદ્ધતિ (Method of teaching) વાર અને વિશિષ્ટ ક્ષેત્ર (Special field) વાર કુલ સંખ્યા આપશો.

ઉત્તર ૭૩ : સંબંધિત માહિતી આ સાથે **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.

શ્રી એ. ટી. અજમેરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સંખ્યા માંગી છે તે ભૂલથી અપાઈ લાગતી નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : એમ હશે.

પ્રશ્ન ૭૪ : એપ્રિલ, ૮૦ની બી.એડ. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓની ઉત્તરની ભાષા તરીકે "અંગ્રેજી" અને "હિન્દી" પ્રમાણે સંખ્યા આપશો.

ઉત્તર ૭૪ : તે અંગેની માહિતી રાખવામાં આવતી નથી, અને તેથી આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૭૫ : હિન્દી રાષ્ટ્રભાષા હોવા છતાં અને દેશમાં પ્રાદેશિક ભાષા પછી તેનું બીજું સ્થાન હોવા છતાં તેમ જ સારા પ્રમાણમાં હિન્દીભાષી પરીક્ષાર્થીઓ હોવા છતાં યુનિવર્સિટીનું પ્રશ્નપત્ર ગુજરાતી અને અંગ્રેજી ભાષા ઉપરાંત હિન્દી ભાષામાં પણ શા માટે કાઢવામાં આવતું નથી?

ઉત્તર ૭૫ : યુનિવર્સિટીના સ્ટે. ૨૦૭ પ્રમાણે યુનિવર્સિટીએ ગુજરાતી ભાષાને માધ્યમ તરીકે સ્વીકારી છે, પરંતુ શિક્ષણ માટે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં અનુ. વિદ્યાભવનોને તેમજ પરીક્ષા માટે વિદ્યાર્થીઓને અંગ્રેજી કે હિન્દી ભાષાનો માધ્યમ તરીકે ઉપયોગ કરવાની છૂટ અપાઈ છે એટલે જે કૉલેજ કે સંસ્થા હિન્દી માધ્યમમાં જે વર્ગોમાં શિક્ષણ આપે છે તે કૉલેજ કે સંસ્થાવાળા કેન્દ્ર પર પ્રશ્નપત્રો હિન્દી તરજુમો વિદ્યાર્થીને ઉપલબ્ધ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

પ્રશ્ન ૭૬ : શિક્ષણશાસ્ત્ર ઉપરાંત અન્ય કોઈ વિદ્યાશાખામાં કે તેના ભાગમાં જે તે વિષયના વિભાગ (સેક્શન)માં પણ સ્વતંત્ર રીતે ઉત્તીર્ણ થવાનો નિયમ છે ખરો?

ઉત્તર ૭૬ : ના, જી.

પ્રશ્ન ૭૭ : એપ્રિલ ૧૯૭૯ની બી.એડ.ની પરીક્ષામાં ચોરી વગેરે જેવી ગેરશિસ્ત આચરનાર વિદ્યાર્થીઓની સંખ્યા શી હતી?

ઉત્તર ૭૭ : એપ્રિલ ૧૯૭૯ની બી.એડ.ની પરીક્ષામાં ચોરી વગેરે જેવી ગેરશિસ્ત આચરનાર વિદ્યાર્થીઓના કેસો યુનિવર્સિટી સમક્ષ વિચારણા માટે આવ્યા હતા.

પ્રશ્ન ૭૮ : તેઓને શી શિક્ષા થઈ?

ઉત્તર ૭૮ : આ પૈકી એક વિદ્યાર્થીને તા. ૩૧—૧—૧૯૮૦ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની મનાઈ ફરમાવવામાં આવી છે. જ્યારે બીજા એક વિદ્યાર્થીનું આ પરીક્ષાનું પરિણામ રદ કરવામાં આવ્યું છે. બાકીના બે વિદ્યાર્થીઓને પરિણામ તેમના કેસની તપાસને અંતે જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રશ્ન ૭૯ : એપ્રિલ, ૧૯૭૯ની બી.એડ.ની પરીક્ષામાં ઉત્તરવહીઓમાં ગુણચકાસણી માટે કેટલા પરીક્ષાર્થીઓની અરજીઓ આવેલી?

ઉત્તર ૭૯ : ૬૮

પ્રશ્ન ૮૦ : તેમાંથી કેટલા પરીક્ષાર્થીઓના ગુણમાં વધારો થયો?

ઉત્તર ૮૦ : ૨.

પ્રશ્ન ૮૧ : કેટલા પરીક્ષાર્થીઓના ગુણમાં ઘટાડો થયો?

ઉત્તર ૮૧ : ૨.

પ્રશ્ન ૮૨ : તેનાથી કેટલા વિદ્યાર્થીઓનો ઉત્તીર્ણતા વર્ગ બદલાઈ ગયો?

ઉત્તર ૮૨ : માત્ર એક વિદ્યાર્થીના પરિણામમાં વર્ગ બદલાયો.

પ્રશ્ન ૮૩ : તેનાથી પ્રથમ વર્ગમાં આવવાનો ન્યાય જેમને પ્રાપ્ત થયો હોય તેવા પરીક્ષાર્થીઓનાં નામ, તેમને કયા પ્રશ્નપત્ર વિભાગમાં ગુણધારો થયો તેની માહિતી સાથે આપશો.

ઉત્તર ૮૩ : શ્રી. પોપટલાલ નીતિરામરતાણીને પેપર ૧માં ૧ ગુણ વધતાં બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા.

[ ૨ ] **શ્રી. એન. એસ. શાહે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૮૪ : વિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષકોની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા તથા યુનિવર્સિટીની પરીક્ષામાં પરિણામ નીચે મુજબ આપવા વિનંતી.

ઉત્તર ૮૪ : વિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષકોની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા તથા યુનિવર્સિટીની પરીક્ષામાં પરિણામની માહિતી નીચે પ્રમાણે છે :

**(અ) શિક્ષકગણ ૧૯૭૮—૭૯ના વર્ષ માટે**

| વિષય | પ્રાધ્યાપક | રીડર | વ્યાખ્યાતા | નિર્દેશક | કુલ |
|---|---|---|---|---|---|
| ફિઝિક્સ | ૧ | ૨ | ૨ | ૧ | ૬ |
| કેમિસ્ટ્રી | ૧ | ૪ | ૫ | — | ૧૦ |
| બોટાની | — | ૨ | ૨ | — | ૪ |
| ઝૂલોજી | ૧ | ૧ | ૩ | — | ૫ |
| મૅથેમેટિક્સ | — | ૩ | ૨ | — | ૫ |
| સ્ટિટેસ્ટિક્સ | ૧ | ૨ | ૧ | — | ૪ |
| માઈક્રોબાયોલોજી | — | ૧ | — | — | ૧ |
| ભૂગોળ | — | — | ૨ | — | ૨ |
| સ્પેસ સાયન્સ | ૧ | ૧ | ૨ | — | ૪ |

## (જ) વિદ્યાર્થી-સંખ્યા (૧૯૭૮–૭૯)ની

| વિષય | એમ.એસસી. ભાગ ૧ | એમ.એસસી. ભાગ ૨ | પીએચ.ડી. | કુલ |
|---|---|---|---|---|
| ફિઝિક્સ | ૩૭ | ૧૯ | ૧૩ | ૬૯ |
| કેમિસ્ટ્રી | ૧૭૭ | ૧૦૦ | ૧૫ | ૨૯૨ |
| બોટાની | ૧૮ | ૧૫ | ૪ | ૩૭ |
| ઝૂલોજી | ૨૧ | ૧૨ | ૧૦ | ૪૩ |
| મેથેમેટિક્સ | ૩૭ | ૧૯ | ૮ | ૬૪ |
| સ્ટેટિસ્ટિક્સ | ૩૮ | ૧૬ | — | ૫૪ |
| માઇક્રોબાયોલોજી | ૩૨ | ૨૬ | ૩ | ૬૧ |
| ભૂગોળ | ૧૦ | ૧૪ | — | ૨૪ |
| સ્પેસ સાયન્સ | ૭ | — | — | ૭ |
| કુલ | ૩૭૭ | ૨૨૧ | ૫૩ | ૬૫૧ |

## (ક) પરીક્ષાઓનાં પરિણામ : માર્ચ–એપ્રિલ ૧૯૭૯

| વિષય | ભાગ ૧ બેઠેલા | ઉત્તીર્ણ | પરિણામ ટકા | ભાગ ૨ બેઠેલા | ડિસ્ટિંક્શન | પ્રથમ | દ્વિતીય | તૃતીય | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ફિઝિક્સ | ૪૩ | ૨૧ | ૪૮.૪૦ | ૨૨ | — | ૫ | ૧૩ | ૨ | ૨૦ |
| કેમિસ્ટ્રી | ૧૬૪ | ૧૨૫ | ૭૬.૨૧ | ૧૦૧ | — | ૬ | ૭૯ | ૯ | ૯૪ |
| બોટાની | ૧૭ | ૧૪ | ૮૨.૩૫ | ૧૪ | — | ૪ | ૮ | ૨ | ૧૪ |
| ઝૂલોજી | ૧૫ | ૧૫ | ૧૦૦ | ૧૨ | — | ૫ | ૬ | ૧ | ૧૨ |
| મેથેમેટિક્સ | ૩૪ | ૧૯ | ૫૫.૮૮ | ૧૮ | ૧ | ૫ | ૬ | ૪ | ૧૬ |
| સ્ટેટિસ્ટિક્સ | ૨૪ | ૨૦ | ૮૩.૩૩ | ૧૪ | — | ૧૧ | — | ૧૪ | — |
| માઇક્રોબાયોલોજી | ૨૫ | ૨૫ | ૧૦૦ | ૨૭ | — | ૧૧ | ૧૫ | — | ૨૬ |
| ભૂગોળ | ૧૦ | ૭ | ૭૦ | ૧૪ | — | — | ૯ | ૪ | ૧૩ |
| સ્પેસ સાયન્સ | ૭ | ૭ | ૧૦૦ | — | — | — | — | — | — |
| કુલ… | ૩૩૯ | ૨૫૩ | — | ૨૨૨ | ૧ | ૩૯ | ૧૪૭ | ૨૨ | ૨૦૯ |

પ્રશ્ન ૮૫ : સને ૧૯૭૮–૭૯ના વર્ષ દરમિયાન કેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે?

ઉત્તર ૮૫ : ૧૯૭૮–૭૯ના વર્ષ દરમિયાન કુલ ૧૯ પુસ્તકો પ્રગટ થયેલાં છે.

પ્રશ્ન ૮૬ : તેમાં મૌલિક કેટલાં?

ઉત્તર ૮૬ : ૧૮.

પ્રશ્ન ૮૭ : કેટલાં પુસ્તકોનું મુદ્રણકામ હાથ પર હતું?

ઉત્તર ૮૭ : ૧૯૭૮–૭૯ના વર્ષ દરમિયાન કુલ ૩૪ પુસ્તકોનું મુદ્રણકાર્ય ચાલ્યું હતું અને તે પૈકી ૧૮નું મુદ્રણકાર્ય પૂરું થયું હતું.

પ્રશ્ન ૮૮ : નવી કોર્ટ અસ્તિત્વમાં આવ્યા પછી કોર્ટની સભામાં સરકારશ્રી નિયુકત સભ્યશ્રીઓએ ભજવેલા ભાગ પ્રત્યે નીચે મુજબ માહિતી આપવા વિનંતી:

સભ્યશ્રી ફેકલ્ટી પ્રશ્નો પ્રસ્તાવો હાથ ધરેલા પ્રસ્તાવો હાજર-ગેરહાજર

ઉત્તર ૮૮ : યુનિવર્સિટી કોર્ટ પર સરકાર નિયુકત કોઈ સભ્ય નથી. આ બીનાં અન્ય માહિતી આપવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૮૯ : કપડવંજની આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના પ્રા. શશિકાન્ત દવે હાલમાં શિક્ષક તરીકે નડિયાદની ભગત ઍન્ડ સોનાવાલા હાઈસ્કૂલમાં કાર્ય બજાવે છે. તેઓશ્રીના "રીકોલ" અંગે કોઈ વિવાદ છે?

ઉત્તર ૮૯ : આ અંગે તેમના તરફથી એક ફરિયાદ આવેલી છે.

પ્રશ્ન ૯૦ : હોય તો કયા કારણસર?

ઉત્તર ૯૦ : કૉલેજે તેના તા. ૨૫—૧૦—૧૯૭૭ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"(૧) જ્યારે શ્રી. દવેને સરપ્લસ માટે નોટિસ આપી હતી ત્યારે કૉલેજ પાસે તેમનાથી બીજા સિનિયરને અંગ્રેજીનો વર્કલોડ આપતા ખંડ સમયના શિક્ષકનો વર્કલોડ રહેતો હતો તેથી શ્રી. દવેને સરપ્લસ નોટિસ આપી હતી.

(૨) ત્યાર બાદ વર્ષ ૧૯૭૭-૭૮માં યુનિવર્સિટીમાંના સારા પરિણામને અને પ્રી.યુનિ.નો વર્ગ ચાલુ કરવાને લીધે અંગ્રેજીનો કાર્યભાર વધતાં કૉલેજે અંગ્રેજીના વ્યાખ્યાતાની પોસ્ટ જાહેરખબર દ્વારા ભરી. આ ઇન્ટરવ્યુ વખતે શ્રી. દવેએ ન તો અરજી કરી હતી કે ન કૉલેજને પોતાના રાઈટ (Priority) વિશે લેખિત જાણ કરેલ.

(૩) બીજું નવી નિમણૂક માટે જે ભાઈને લેવામાં આવ્યા છે તે શ્રી. એમ. વી. પ્રાપે ટી. ટી. ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં સરપ્લસ હતા અને વરણી સમિતિએ તેમની નિમણૂક કરી હતી તેથી કૉલેજે કોઈના હક્કને ડુબાડીને બીજાની નિમણૂક કરી નથી તે જાણ સારુ."

શ્રી. એન. એસ. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કેટલીક વિગતો અસ્પષ્ટ હોય તેવું લાગે છે. આચાર્યને પૂછવામાં આવ્યું છે અને તેમનો જવાબ આવ્યેથી જણાવવામાં આવશે એમ કહ્યું છે અને કાંઈ પણ થયું નથી તો આમાં કેમ જુદા જુદા જવાબો આપવામાં આવ્યા છે. ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કૉલેજ પાસેથી યુનિવર્સિટીને જે માહિતી મળે છે તેના આધારે જવાબો ઘડવામાં આવે છે. આ કેસમાં આચાર્યશ્રીએ તા. ૨૫-૧૦-૧૯૭૭ના પત્રથી જવાબ આપ્યો છે.

શ્રી. એન. એસ. શાહે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તા. ૪-૪-૧૯૭૯ના પત્રનો શું જવાબ આવ્યો ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે પત્રનો જવાબ નથી આવ્યો, પણ સદ્ભાગ્યે આચાર્યશ્રી પોતે જ અહીં આવેલા છે.

શ્રી. કનુભાઈ શાહે જણાવ્યું કે પ્રશ્ન નીચેથી ઉપર વાંચીએ તો સમજી શકાય તેમ છે. There is no more in the college એવું વંચાય.

કુલસચિવશ્રી: આભાર.

પ્રશ્ન ૯૧ : તેમાં યુનિવર્સિટી કેટલે અંશે મદદરૂપ થઈ શકે?

ઉત્તર ૯૧ : ઑર્ડિ. ૧૬૧નું પરિપાલન કરવા માટે કૉલેજને આગ્રહ કરી શકે.

પ્રશ્ન ૯૨ : યુ.જી.સી.ની ટીચર્સ ફેલોશિપ યોજના હેઠળ ૧૯૭૮—૭૯ અને ૧૯૭૯—૮૦ના વર્ષ દરમિયાન પસંદ કરાયેલા શિક્ષકોની વિષયવાર સંખ્યા આપવા વિનંતી.

ઉત્તર ૯૨ : યુ.જી.સી.ની ટીચર્સ ફેલોશિપ યોજના હેઠળ ૧૯૭૮—૭૯ અને ૧૯૭૯—૮૦ના વર્ષ દરમિયાન પસંદ કરાયેલા શિક્ષકોની વિષયવાર સંખ્યાની માહિતી નીચે પ્રમાણે છે :

| ક્રમાંક વિષય | શિક્ષકોની સંખ્યા ૧૯૭૮--૭૯ | ૧૯૭૯--૮૦ |
|---|---|---|
| ૧. વનસ્પતિવિજ્ઞાન | ૪ | ૪ |
| ૨. પ્રાણીવિજ્ઞાન | ૪ | ૬ |
| ૩. અર્થશાસ્ત્ર | ૩ | ૩ |
| ૪. શિક્ષણશાસ્ત્ર | ૧ | ૪ |
| ૫. ગણિતશાસ્ત્ર | ૨ | ૫ |
| ૬. આંકડાશાસ્ત્ર | — | ૧ |
| ૭. રસાયણવિજ્ઞાન | — | — |

પ્રશ્ન ૯૩ : ચકચાર જગાવનાર પુસ્તક ખરીદી પ્રકરણ અંગે નિમાયેલી સત્યશોધક કમિટીનો રિપોર્ટ આપવા વિનંતી છે.

ઉત્તર ૯૩ : સદરહુ બાબત અંગે તપાસસમિતિનું કાર્ય હાલ ચાલુ છે. તે તબક્કે ઉપરોકત વિનંતી પર વિચારણા કરવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૯૪ : વ્યાખ્યાતાનું પગારધોરણ અને વ્યાખ્યાતામાં પરિવર્તન થયું હોય તેવા હજુ કેટલા ટયૂટરો—ડેમોન્સ્ટ્રેટરો હશે?

ઉત્તર ૯૪ : આ અંગે રાજ્ય સરકારના ઠરાવના સંદર્ભમાં પદના પરિવર્તન અંગે શ્રી શિક્ષણનિયામક પાસેથી સ્પષ્ટતા મંગાવવામાં આવેલી છે તે આવ્યેથી માહિતી આપવાનું બની શકે.

આચાર્ય દર્શનસિંગ શીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ કોલેજમાં ટયૂટર હોય અને ૭ કે ૮ તાસનો વર્કલોડ હોય અને કોલેજના આચાર્ય તેમને લેકચરરમાં ફેરવવા લખે અને યુનિવર્સિટી પણ સરકારને લખે પણ સરકારનો જવાબ ન આવે ત્યાં સુધી કૉલેજ કરે શું? ટયૂટરને વધારે લેકચર અપાય નહીં અને વિદ્યાર્થીઓ તો દાખલ થઈ ગયેલા હોય તો કરવું શું?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આ વર્ષે આપે શું કર્યું તે જણાવશો તો ઘણાને માર્ગદર્શન મળી રહેશે.

આચાર્ય દર્શનસિંગ શીખે જણાવ્યું કે યુનિવર્સિટી મૌન સેવ્યા ન કરે એટલી આશા રાખીએ. આપ જે કાંઈ નિર્ણય કરો તેની અમને વખતસર જાણ કરો એવી વિનંતી છે.

પ્રશ્ન ૯૫ : ગત કોર્ટની સભાની પ્રશ્નોત્તરીમાં લખિત જણાવાયેલ છે કે સતત દશ વર્ષ સુધી પરીક્ષક, કન્વીનર, ચેરમેન તરીકે કામ કર્યું હોય તેવા ૨૬૪ શિક્ષકો છે. તો ફેકલ્ટીવાર આ માહિતી આપવા વિનંતી છે.

ઉત્તર ૯૫ : સતત દશ વર્ષ સુધી કામ કર્યું હોય તેવા ફેકલ્ટીવાર શિક્ષકોની માહિતી નીચે મુજબ છે:

| | |
|---|---|
| વિનયન | ... ૩૨ |
| વિજ્ઞાન | ... ૨૪ |
| ઇજનેરી | ... ૯૭ |
| કાયદો | ... ૪૦ |
| તબીબી | ... ૧૨ |
| દંતવિદ્યા | ... ૭ |
| ફાર્મસી | ... ૨૪ |
| વાણિજ્ય | ... ૨૮ |
| કુલ | ... ૨૬૪ |

પ્રશ્ન ૯૬ : ખંભાતની કોલેજોની પ્રોવિડંટ ફંડની રકમો અંગે નીચે મુજબ માહિતી આપવા વિનંતી:

(૧) પી.એફ.નું ખાતું રાખવામાં આવ્યું છે? કઈ જગ્યાએ? ખાતા નંબર?

(૨) નિયમિત રીતે અધ્યાપકોનો ફાળો પી.એફ. ફંડમાં જમા થાય છે?

(૩) સંસ્થાનો ફાળો નિયમિત જમા થાય છે?

(૪) અત્યારે કોઈ રકમ જમા થયા વિનાની બાકી છે?

(૫) સરકારશ્રીમાં પી.એફ.ની રકમ જમા કરાવાઈ છે? હા, તો ક્યારથી?

(૬) અત્યાર સુધીની અધ્યાપકોની જમા થયેલી રકમ કોલેજ પાસે પડી રહી છે? કેટલી રકમ હશે? વ્યાજ આપવામાં આવે છે?

ઉત્તર ૯૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૪"** જોવા વિનંતી છે.

શ્રી. એન. એસ. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બાકીની કોલેજોનું શું થયું ?

કુલપતિશ્રીનો ઉત્તર : તેમણે માહિતી નહીં મોકલી હોય તેમ માનું છું.

શ્રી. એન. એસ. શાહે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ કોલેજોનો ૧૯૭૭થી ફાળો જમા થાય છે તો ૧૯૭૭ પહેલાંના ફાળાનું શું ?

કુલપતિશ્રીનો ઉત્તર : માહિતી પૂરી મળે તેવો પ્રયત્ન કરીશું.

પ્રશ્ન ૯૭ : યુનિવર્સિટી ગ્રંથાલય માટે ૧૯૭૭-૭૮ અને ૧૯૭૮-૭૯ના વર્ષ માટે ખરીદ કરવામાં આવેલાં પુસ્તકોના ખર્ચ બુકસેલરવાર આપવા વિનંતી.

ઉત્તર ૯૭ : યુનિવર્સિટી ગ્રંથાલય માટે ૧૯૭૭-૭૮ અને ૧૯૭૮-૭૯ના વર્ષ માટે ખરીદ કરવામાં આવેલાં પુસ્તકોના ખર્ચ બુકસેલરવાર સાથેના **પરિશિષ્ટ "૫"**માં દર્શાવ્યો છે.

[૩] **આચાર્ય શ્રી. એલ. શાસ્ત્રીએ નીચેના** પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે હતી, જેના જવાબો નીચે પ્રમાણે **આપવામાં આવ્યા** હતા :

પ્રશ્ન ૯૮ : ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોના આચાર્યોને ઘરભાડા પેટે માસિક રૂ. ૨૫૦ મળે છે તે યુનિવર્સિટીએ મંજૂર કરેલ છે?

ઉત્તર ૯૮ : હા, જી.

પ્રશ્ન ૯૯ : હા, તો ક્યારે?

ઉત્તર ૯૯ : તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં.

પ્રશ્ન ૧૦૦ : સરકાર તેને ગ્રાન્ટ માટે મંજૂર રાખે છે?

ઉત્તર ૧૦૦ : હા, જી.

પ્રશ્ન ૧૦૧ : જો ના, તો યુનિવર્સિટીએ તે અંગે શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૧૦૧ : પ્રશ્ન ૧૦૦ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૨ : સંલગ્ન વિનયન કોલેજોમાં સંસ્કૃતના વ્યાખ્યાતા પૂર્ણ સમયના હોવા જોઈએ એવો યુનિવર્સિટીનો નિયમ છે?

ઉત્તર ૧૦૨ : હા, જી.

પ્રશ્ન ૧૦૩ : જો, હા તો કોઈ કોલેજે આ નિયમ તોડયો છે?

ઉત્તર ૧૦૩ : હા, જી.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો **પૂરક પ્રશ્ન પૂછ્યો :**

કઈ કોલેજે નિયમ તોડયો છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : માહિતી માંગવામાં આવી છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આશરે કેટલી કોલેજો હશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : એવી સાતેક કોલેજો છે.

પ્રશ્ન ૧૦૪ : જો હા, તો શાં પગલાં લેવાયાં છે ?

ઉત્તર ૧૦૪ : સંસ્કૃતના પૂર્ણ સમયના લેક્ચરરની નિમણૂકને અનુદાનને પાત્ર ગણવાનો મુદ્દો સરકારશ્રી સાથે વાટાઘાટ હેઠળ છે.

[૪] **શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ નીચેના** પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૦૫ : ૧૯૭૯-૮૦ની ચાલુ સાલ દરમિયાન કઈ કઈ સંલગ્ન કોલેજોમાં આચાર્યશ્રીની જગ્યા ખાલી છે?

ઉત્તર ૧૦૫ : ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે નીચે પ્રશ્ન ૧૦૬ના ઉત્તરમાં જણાવેલ કોલેજોમાં કાર્યકારી આચાર્ય છે, તેથી કાયમી ધોરણે આચાર્યની નિમણૂક કરવાની બાકી છે.

પ્રશ્ન ૧૦૬ : કેટલી સંલગ્ન કોલેજોમાં કાર્યકારી આચાર્યશ્રી છે?

અને

પ્રશ્ન ૧૦૭ : જો હોય તો કઈ કોલેજમાં કઈ સાલથી કોણ કાર્યકારી આચાર્ય તરીકે કાર્ય કરે છે.

ઉત્તર ૧૦૬ અને ૧૦૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૮ : ૧૯૭૯-૮૦ની સાલમાં જે સંલગ્ન કોલેજોમાં વ્યાયામ શિક્ષક ન હોય તેનાં નામ આપવા વિનંતી છે.

ઉત્તર ૧૦૮ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૯ : આ કોલેજોને વ્યાયામ શિક્ષક રાખવા માટે યુનિવર્સિટીએ જણાવેલ?

ઉત્તર ૧૦૯ : હા, જી.

**શ્રી દિલુભા કાળુભા વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :**

પરિશિષ્ટમાં જણાવ્યુ. છે કે વ્યાયામ શિક્ષક અંગેની માહિતી પુછાવી છે તેની માહિતી આવેલી છે પણ વ્યાયામ શિક્ષકો રાખ્યા છે કે કેમ તેની માહિતી નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : પરિશિષ્ટ નં. ૭ જોવા વિનંતી છે. તેમાંથી આપને વિગતો મળી રહેશે.

પ્રશ્ન ૧૧૦ : જો જણાવ્યું હોય તો તારીખ અને પત્ર નંબર આપવા વિનંતી.

ઉત્તર ૧૧૦ : પ્રશ્ન ૧૦૮ના ઉત્તરમાં જણાવેલ **પરિશિષ્ટ "૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૧ : સરકારી મહેકમ પ્રમાણે કઈ કોલેજોમાં બિનશૈક્ષણિક કર્મચારીઓ નથી?

અને

પ્રશ્ન ૧૧૨ : સરકારી મહેકમ પ્રમાણે બિનશિક્ષક કર્મચારી રાખવા માટે યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી કરેલ? કરેલ હોય તો જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૧૧ અને ૧૧૨ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૮-૧૯૭૯ની સભામાં વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની બિનસરકારી કોલેજોમાં તથા માન્ય સંસ્થાઓમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીગણ માટે જે લઘુતમ મહેકમ નિયત કરવામાં આવ્યું છે તે અનુસાર પગલાં લેવા સંબંધકર્તા કોલેજો અને માન્ય સંસ્થાઓને જણાવ્યું છે.

પ્રશ્ન ૧૧૩ : છેલ્લી બે કોર્ટની સભાઓ દરમિયાન મંગાવવામાં આવેલ માહિતી કઈ કઈ કોલેજોએ નથી મોકલેલ કોલેજોનાં નામ આપવા વિનંતી.

ઉત્તર ૧૧૩ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૪ : આ કોર્ટની સભા દરમિયાન મંગાવવામાં આવેલ માહિતી આજદિન સુધી કઈ કઈ કોલેજોએ મોકલી નથી?

ઉત્તર ૧૧૪ : યુનિવર્સિટી કોર્ટની આ સભાના સમય સુધી જે કોલેજોએ માહિતી મોકલી નથી તેની યાદી સભા સમયે સભાગૃહના ટેબલ પર મૂકવામાં આવશે.

**શ્રી. સી. એમ. શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :**

૪૯ કોલેજોએ ગઈ વખતે જવાબ નહોતો આપ્યો. આ વખતે કેટલી કોલેજોએ જવાબ નથી આપ્યો?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે આ વખતે આશરે ૫૬ જેટલી કોલેજો પાસેથી માહિતી મળી નથી, જ્યારે ૯૯ કોલેજોએ માહિતી આપી છે.

શ્રી. ચિમનભાઈ શેઠે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તે ૫૬ કોલેજો માહિતી આપે તે અંગે શું વિચાર્યું છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તેમને તે વિષે વારંવાર લખવામાં આવે છે. આ બાબતમાં કોઈ અગત્યનાં સૂચનો હશે તો તે આવકારીશું.

કુલપતિશ્રીનો ઉત્તર : સામાન્ય રીતે આ સભામાં જે ચર્ચા થાય છે તેનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવામાં આવે છે અને તે સૂચવે છે તે મુજબ પગલાં લેવામાં આવે છે.

આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કયા ઓર્ડિનન્સ કે રેગ્યુલેશન હેઠળ ગમે તે પૂછેલા પ્રશ્નોના જવાબ કોલેજોએ આપવા જોઈએ? ન આપે તો શું જોગવાઈ છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે જોડાણની શરતોમાં જણાવ્યું છે કે યુનિવર્સિટી જે માહિતી માંગે તે આપવી જોઈએ.

શ્રી. શરદભાઈ પટેલે જણાવ્યું કે જે સભ્ય પ્રશ્ન પૂછે છે તે તેમનાં નામ સાથે કોલેજોને પૂછવામાં આવે છે તેને બદલે સભ્યોનાં નામ સિવાય માહિતી મંગાવવી જોઈએ.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ જે ૫૬ કોલેજોએ માહિતી નથી આપી તે જ કોલેજો વારંવાર માહિતી નથી મોકલતી?

કુલપતિશ્રીનો ઉત્તર : તે અંગે તપાસ કરવી પડે.

પ્રશ્ન ૧૧૫ : ધર્મસિંહજી દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના વ્યાયામ શિક્ષકને પરત લીધા કે કેમ?

ઉત્તર ૧૧૫ : ના, જી.

પ્રશ્ન ૧૧૬ : ન લીધા હોય તો શું કારણ છે?

ઉત્તર ૧૧૬ : કોલેજે તેના તા. ૪–૧૨–૧૯૭૯ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે: "વ્યાયામ શિક્ષક શ્રી. એમ. એ. શેખની બાબતમાં ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૧૫ને તા. ૨૧–૧૧–૧૯૭૯ના પત્ર ટીઇબી.-એમ.એ.એસ. ૯૯૪–૭૯થી યોગ્ય આદેશ આપવા અંગે વિનંતી કરેલ છે જેથી આદેશ આવ્યેથી યોગ્ય કરવામાં આવશે.

શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગઈ સભામાં આજ જવાબ હતો. દરેક નિમણૂક વખતે આ પૂછવામાં આવે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ત્રણ મહિનામાં ફેર પડ્યો નથી. પરિસ્થિતિ એની એજ છે.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઓર્ડિ. ૯૬ હેઠળ માહિતી આવે છે તેમાંથી ખબર પડી શકે કે વ્યાયામ શિક્ષક રાખેલ નથી, તો તે અંગે શું પગલાં લીધાં? આ કોલેજમાં આ સ્થિતિ ત્રણ વર્ષથી છે.

કુલપતિશ્રીનો ઉત્તર : આ પ્રશ્નનો નિવેડો વેળાસર આવવો જોઈએ તે આપણે સ્વીકારીએ છીએ

પ્રશ્ન ૧૧૭ : આર્ટ્સ–કોમર્સ કોલેજ, ખેડામાં વ્યાયામ શિક્ષક છે?

ઉત્તર ૧૧૭ : ના, જી.

પ્રશ્ન ૧૧૮ : હોય તો નામ આપવા વિનંતી, ન હોય તો ક્યારથી નથી?

ઉત્તર ૧૧૮ : જૂન ૧૯૭૭થી.

પ્રશ્ન ૧૧૯ : ગઈ કોર્ટની સભાના સમયે પ્રશ્ન ક્રમાંક ૨૫૩, ૩૪૩, અને ૩૫૪ના જવાબમાં પરિશિષ્ટ ૨૨ પર સેંટ ઝેવિયર્સ કોલેજે વ્યાયામ શિક્ષક ન રાખવાનું કારણ જણાવેલ છે તે વાજબી છે?

ઉત્તર ૧૧૯ : યુનિવર્સિટીનાં ધારાધોરણ સાથે તે સુસંગત નથી.

શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પરિસ્થિતિ યુનિવર્સિટી ધારા સાથે સુસંગત નથી તો તે ચાલી શકે?

કુલપતિશ્રીનો ઉત્તર : ન ચાલી શકે.

પ્રશ્ન ૧૨૦ : જો વાજબી ન હોય તો આ અંગે આપે કાંઈ જણાવેલ છે?

ઉત્તર ૧૨૦ : યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર કોલેજને વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવા જણાવવામાં આવેલું છે.

પ્રશ્ન ૧૨૧ : ૧૯૭૯–૮૦ની સાલમાં વ્યાયામ શિક્ષક નીમેલ છે તેમ સેંટ ઝેવિયર્સ કોલેજે જણાવેલ છે તો તેમને ૧૯૭૯–૮૦ની સાલ માટે જ નીમેલ છે?

ઉત્તર ૧૨૧ : જૂન, ૧૯૭૯થી વ્યાયામ શિક્ષકની નિમણૂક કર્યાનું ઑ. ૯૬માં જણાવ્યું છે.

પ્રશ્ન ૧૨૨ : માર્ચ, ૧૯૮૦ પછી નિમણૂક ચાલુ છે કે પછી છૂટા કરેલ છે?

ઉત્તર ૧૨૨ : માર્ચ, ૧૯૮૦નો સમય પૂરો થતાં પહેલાં આ પ્રશ્નનો જવાબ આપી શકાય તેમ નથી.

પ્રશ્ન ૧૨૩ : છૂટા કરેલ હોય તો કારણ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૨૩ : ઉપર પ્રશ્ન ૧૨૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨૪ : તે જ પ્રશ્નના ઉત્તરમાં ખેડા કોલેજે ભગિની સંસ્થાના વ્યાયામ શિક્ષક મદદ કરે છે તેમ જણાવેલ છે તે વાજબી છે? ભગિની સંસ્થાના વ્યાયામ શિક્ષકથી ચાલી શકે?

ઉત્તર ૧૨૪ : યુનિવર્સિટીનાં ધારાધોરણ સાથે તે વાત સુસંગત નથી.

પ્રશ્ન ૧૨૫ : પરીક્ષાના માર્કસની ફરીથી ગણતરી જે રૂ. દસ લઈને કરવામાં આવે છે તેનો સામાન્ય રીતે કેટલા દિવસમાં જવાબ આપવામાં આવે છે?

ઉત્તર ૧૨૫ : ગુણચકાસણીની અરજીનો જવાબ સામાન્ય રીતે ૧૫થી ૨૦ દિવસમાં આપવામાં આવે છે.

પ્રશ્ન ૧૨૬ : મોડામાં મોડો કેટલા દિવસમાં જવાબ આપવામાં આવે છે?

ઉત્તર ૧૨૬ : મોડામાં મોડા જવાબ આપવા માટે કોઈ સમયમર્યાદા નિશ્ચિત નથી. આમ છતાં શક્ય હોય તેટલો વહેલો જવાબ આપવા માટે કાર્યાલય પ્રયત્નશીલ છે.

પ્રશ્ન ૧૨૭ : તૃતીય વર્ષ બી.કૉમ.ના પરીક્ષા નં. ૮૨૬૩ જેમણે તા. ૧૩—૭—૧૯૭૯ના રોજ પાવતી રસીદ નંબર ૦૬૭૨, ૦૬૭૩થી ફી ભરીને માર્કસનું ફરીને ચેકિંગ કરાવેલ તેમને આજદિન સુધી કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. શું આ વાત સાચી છે?

ઉત્તર ૧૨૭ : ના, જી.

પ્રશ્ન ૧૨૮ : ખોટી હોય તો કઈ તારીખે એમને જવાબ આપવામાં આવ્યો છે?

ઉત્તર ૧૨૮ : તા. ૭—૧૨—૧૯૭૯ના રોજ.

શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ જણાવ્યું કે જે તારીખ આપી છે તે તારીખ પછી ઘણીવાર હું પરીક્ષા નિયામકશ્રીને મળ્યો છું. પણ મને જણાવ્યું નથી કે આવો જવાબ આપ્યો છે. આજે તેની ખબર પડે છે.

પ્રશ્ન ૧૨૯ : ન આપ્યો હોય તો ક્યારે આપવામાં આવશે?

ઉત્તર ૧૨૯ : પ્રશ્ન નં. ૧૨૮નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

[ ૫ ] **શ્રી. ચિમનલાલ એમ. શેઠે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૩૦ : ગુજરાત યુનિવર્સિટીની કેટલી અને કઈ કઈ કૉલેજો નિયમિત રીતે અનિયમિત પગારો ચૂકવે છે?

અને

પ્રશ્ન ૧૩૧ : લગભગ સો ટકા ગ્રાન્ટની રકમ મળતી હોવા છતાં આવો અક્ષમ્ય વિલંબ શા માટે?

ઉત્તર ૧૩૦ અને ૧૩૧ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૯"** જોવા વિનંતી છે.

શ્રી. ચિમનલાલ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સરકાર સો ટકા ગ્રાન્ટ આપે છે તો પગાર કેમ નિયમિત આપવામાં આવતો નથી?

આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ જણાવ્યું કે ગ્રાન્ટ તરત મળતી નથી. શિક્ષણ સંચાલકશ્રીને ત્યાં સીનિયર અધ્યાપકો સાથે બેસીને વિનંતી કરે તો ગ્રાન્ટ જલદી મળી શકે.

કુલપતિશ્રીનો ઉત્તર : આવા કેસમાં યુનિવર્સિટીએ અને આપણે બધાએ સાથે મળીને આ પ્રશ્નનો નિકાલ લાવવો જોઈએ.

પ્રશ્ન ૧૩૨ : શું તેમ કરવામાં યુનિવર્સિટી નિયમોનો ભંગ થાય છે ને ?

ઉત્તર ૧૩૨ : હા, જી.

પ્રશ્ન ૧૩૩ : તો તે દિશામાં યુનિવર્સિટી તરફથી પગલાં ભરવામાં આવશે ને?

ઉત્તર ૧૩૩ : હા, જી.

પ્રશ્ન ૧૩૪ : ગુજરાત યુનિવર્સિટીની કઈ કઈ કોલેજોએ માર્ચ ૧૯૮૦ સુધીના પગારો ચૂકવ્યા નથી?

અને

પ્રશ્ન ૧૩૫ : તેનાં શું કારણો છે?

ઉત્તર ૧૩૪ અને ૧૩૫ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૬ : પ્રૉવિડંટ ફંડની રકમ સરકારના આદેશ પ્રમાણે કઈ કઈ કૉલેજોએ સરકારમાં જમા કરાવી છે?

અને

પ્રશ્ન ૧૩૭ : કઈ કઈ કૉલેજોએ તે રકમ જમા કરાવી નથી?

અને

પ્રશ્ન ૧૩૮ : શું કારણ?

ઉત્તર ૧૩૬ થી ૧૩૮ : આ અંગેની ઉપલબ્ધ માહિતી સભાગૃહ વખતે ટેબલ પર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૧૩૯ : પ્રૉવિડંટ ફંડ જમા કરાવવા માટે કઈ કૉલેજે સ્ટે લીધો છે?

અને

પ્રશ્ન ૧૪૦ : તેનું શું કારણ છે?

ઉત્તર ૧૩૯ અને ૧૪૦ : આ બાબતની જાણ આ કાર્યાલય પાસે નથી.

શ્રી. ચિમનલાલ એમ. શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અધ્યાપક ગુજરી ગયા હોવા છતાં તેના પ્રોવિડંટ ફંડનાં નાણાં મળ્યાં નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : તે અંગે વિગતો આપશો તો કૉલેજને લખીશું.

શ્રી. હરુભાઈ મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીએ આમાં પક્ષકાર બનવું જોઈએ. રિટ અરજીમાં પક્ષકાર બનવું કે કેમ તે વિચારવું જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : આપના સૂચન બદલ આભાર !

પ્રશ્ન ૧૪૧ : એક કૉલેજના સ્ટેને લઈને શું બધી કૉલેજોને મુશ્કેલીમાં મૂકી શકાય કે કેમ?

ઉત્તર ૧૪૧ : પ્રશ્ન ૧૩૯ અને ૧૪૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૨ : મરણને શરણ થયેલા અધ્યાપકોનાં કુટુંબીજનોની અને નાણાંની ભીંસમાં અત્યંત નાણાંની જરૂરિયાતના અધ્યાપકોને તેના કારણે શું શું મુશ્કેલી ઊભી કરી શકાય?

અને

પ્રશ્ન ૧૪૩ : યુનિવર્સિટી આ દિશામાં ખાસ પ્રયત્ન કરી કોઈ માર્ગ કાઢી શકશે કે કેમ?

ઉત્તર ૧૪૨ અને ૧૪૩ : કોઈ ચોક્કસ કેસ રજૂ થયેથી યુનિવર્સિટીને તેમાં મદદરૂપ થવાનું યોગ્ય લાગશે તો તેમ કરશે.

પ્રશ્ન ૧૪૪ : એચ.આર.એ. અંગે યુનિવર્સિટીએ પસાર કરેલા ઠરાવ પહેલાં કઈ કઈ કૉલેજોએ તે આપવાનું ક્યારથી બંધ કર્યું છે?

અને

પ્રશ્ન ૧૪૫ : શા માટે?

અને

પ્રશ્ન ૧૪૬ : તેમાંથી યુનિવર્સિટી નિયમોનો ભંગ થયો ને?

અને

પ્રશ્ન ૧૪૭ : તેના માટે યુનિવર્સિટી ખાસ કોઈ કાર્યવાહી કરશે ને?

ઉત્તર ૧૪૪થી ૧૪૭ : સ્ટે. ૩૧ અનુસાર સદરહુ માહિતી સમયમર્યાદા બહારની હોઈ તે આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

શ્રી. ચિમનલાલ એમ. શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તે અંગે યુનિવર્સિટીએ વિચાર્યું છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સરકારનો જી.આર. આવ્યો છે તે પ્રમાણે આ ભથ્થું, તેના નિયમોને આધીન, મળવાપાત્ર છે.

પ્રશ્ન ૧૪૮ : ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કઈ કઈ કોલેજોના કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ?

અને

પ્રશ્ન ૧૪૯ : શા માટે ?

અને

પ્રશ્ન ૧૫૦ : તે અંગે યુનિવર્સિટીમાં રજૂઆત કરવામાં આવી છે કે કેમ ?

અને

પ્રશ્ન ૧૫૧ : શી કાર્યવાહી કરવામાં આવી ?

અને

પ્રશ્ન ૧૫૨ : તેનો અમલ જે તે સંસ્થાએ કર્યો છે કે કેમ ?

અને

પ્રશ્ન ૧૫૩ : શા માટે ?

ઉત્તર ૧૪૮થી ૧૫૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૦"** જોવા વિનંતી છે.

શ્રી. ચિમનલાલ એમ. શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મોડાસા કોલેજના કર્મચારીને યુનિવર્સિટી તરફથી કહેવામાં આવ્યું છે છતાં લીધા નથી.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તે અંગે ટ્રિબ્યુનલ નીમવામાં આવી છે તેના નિર્ણયની રાહ જોવી રહી.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કુલપતિશ્રીએ નિર્ણય આપી દીધો છે તો તે બાબતમાં ટ્રિબ્યુનલ આગળ જઈ શકાય ?

કુલપતિશ્રીનો ઉત્તર : કાનૂની અભિપ્રાય એવો છે કે કોઈ પક્ષકાર ઇચ્છે તો ટ્રિબ્યુનલ આગળ તે પ્રશ્ન લઈ જઈ શકાય.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

લેખિત અભિપ્રાય છે કે મૌખિક ?

કુલપતિશ્રીનો ઉત્તર : મૌખિક.

પ્રશ્ન ૧૫૪ : પી. જી. સ્કેલની ચુકવણીમાં હજુ કઈ કઈ કોલેજોના અધ્યાપકોને તેનો લાભ મળ્યો નથી ?

અને

પ્રશ્ન ૧૫૫ : તેનાં શું કારણો છે ?

ઉત્તર ૧૫૪ અને ૧૫૫ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫૬ : હવે તો ચૂકવાઈ જાય તે દિશામાં યુનિવર્સિટી કાર્યવાહી કરશે ને ?

ઉત્તર ૧૫૬ : પ્રત્યેક કેસની વિગતો જોઈને તેમ કરવાનું યુનિવર્સિટીને યોગ્ય લાગશે તો કરશે.

પ્રશ્ન ૧૫૭ : યુ.જી.સી. એરિયર્સના દશ હપતાની રકમના નવ હપતાની રકમ કઈ કઈ કૉલેજોએ ચૂકવી નથી?

અને

પ્રશ્ન ૧૫૮ : તેનું શું કારણ?

અને

પ્રશ્ન ૧૫૯ : સેન એરિયર્સમાં પ્રાંતીય સરકારે તેના ૨૦ ટકાની રકમમાંથી બે હપતાની રકમ કઈ કઈ કૉલેજોએ ચૂકવી છે?

અને

પ્રશ્ન ૧૬૦ : ચૂકવી નથી તો તેનું શું કારણ છે?

ઉત્તર ૧૫૭થી ૧૬૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૧ : સરકાર સમક્ષ તે અંગેની રજૂઆત શું ન થઈ શકે?

ઉત્તર ૧૬૧ : થઈ શકે.

પ્રશ્ન ૧૬૨ : સેન એરિયર્સમાં બેઝિક પગારની એરિયર્સના તફાવતની રકમ ચૂકવાયા પછી મોંઘવારીની એરિયર્સની રકમ હજુ કેમ ચૂકવવામાં આવી નથી?

અને

પ્રશ્ન ૧૬૩ : તે અંગે સરકાર સમક્ષ યુનિવર્સિટી રજૂઆત કરશે ને?

ઉત્તર ૧૬૩ : હા, જી.

શ્રી. ચિમનલાલ એમ. શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યા :

બેઝિક પગારનો તફાવત મળી ગયો છે, પણ મોંઘવારી ભથ્થાનો તફાવત મળ્યો નથી તો તે અંગે રજૂઆત કરવામાં આવી છે કે કેમ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કેટલાક પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા માટે સમિતિ નીમી છે. આ બાબત પણ તેની પાસે મૂકવામાં આવશે.

આચાર્ય દર્શનાસગ શીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ઑાડ. ૬૨ અંગે આની જે જવાબદારી ઊભી થાય છે તે મેનેજમેન્ટની છે કે રાજ્ય સરકારની?

કુલપતિશ્રીનો ઉત્તર : તે નક્કી કરવા માટે રાજ્ય સરકાર પાસે આપણે ગયા છીએ.

આચાર્ય દર્શનસિંગ શીખે જણાવ્યું છે કે તા. ૯—૧૧—૧૯૭૬ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો ઠરાવ સ્પષ્ટ હતો અને કૉલેજને માથે આ જવાબદારી ન આવે તે માટે તે સમિતિ એ પ્રસ્તાવ જોઈ જાય તેવી વિનંતી છે.

પ્રશ્ન ૧૬૪ : ગુજરાત યુનિવર્સિટીની કેટલી અને કઈ કઈ કૉલેજોમાં એક્ટિંગ પ્રિન્સિપાલો છે?

અને

પ્રશ્ન ૧૬૫ : તેનું શું કારણ?

ઉત્તર ૧૬૪ અને ૧૬૫ : અગાઉ પ્રશ્ન ક્રમાંક ૧૦૬ અને ૧૦૭ના ઉત્તરમાં જણાવેલ પરિશિષ્ટ '૬' જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૬ : લાંબા સમય સુધી આવું ચાલી શકે કે કેમ?

ઉત્તર ૧૬૬ : ચાર મહિનાથી વધુ મુદત માટે કાર્યકારી આચાર્ય તરીકે ચાલુ રહે તો તેમને આચાર્યનું પગારધોરણ આપવું જોઈએ તેવી જોગવાઈ છે.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પાન ૧૪ પરના પરિ. ૬ નો જવાબ જોતાં સરકારી આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કોલેજ. ગાંધીનગર માહિતી મોકલવા બંધાયેલ નથી. સરકારી કોલેજ હોઈ માહિતી મોકલવાની જરૂર રહેતી નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે સરકારી કોલેજ હોઈ આ પ્રશ્નમાં વાંધો આવતો નથી.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વાંધો ન આવતો હોય તો પણ તેણે માહિતી તો આપવી જ જોઈએ ને ?

કુલપતિશ્રીનો ઉત્તર : આપની વાત સાચી છે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોલેજમાં આચાર્ય ન હોય તે ન ચાલી શકે, પણ કાર્યકારી આચાર્ય હોય તો ચાલી શકે એમ સ્પષ્ટતા કરવી જોઈએ.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન મૂછ્યો :

ચોથા મહિના પછી કોઈ તપાસસમિતિ ગઈ હોય અને હેવાલ આવ્યો હોય તો તપાસ-સમિતિનું ધ્યાન દોરેલું કે માહિતી માંગેલી છે કે તપાસસમિતિને આપવામાં આવી છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે ૧૯૮૧થી જોડાણ માટેની અરજીના પ્રોફોર્મામાં આ માહિતીનું ખાનું ઉમેરવામાં આવ્યું છે.

**૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૯+ અનુસાર તા. ૩૧મી માર્ચ ૧૯૭૯ના રોજ પૂરા થતા વર્ષનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલે રજૂ કરેલો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. કે. એસ. શાસ્ત્રીએ** નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૭૯ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે રજૂ કરેલા ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય ભાનુપ્રસાદ ઠાકરે ટેકો આપ્યો.

---

***G. U. Act, Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual

meeting. The Court may pass resolutions thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit; and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

**⁺Statute 90 :**

The Executive Council shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court.

**૪(૧)** : સદરહુ બાબતના **સંદર્ભમાં આચાર્ય ભાનુપ્રસાદ ઠાકર** અને **આચાર્ય વી. સી. ઉપાધ્યાયે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવા માટે નોટિસ આપી હતી :**

"સને ૧૯૭૮–૭૯ના વર્ષના વાર્ષિક અહેવાલના પાન ૧૪૮, ૧૪૯ અને ૧૫૦ ઉપર દર્શાવેલી યુવક કલ્યાણ પ્રવૃત્તિઓનો વિસ્તાર જોતાં આ પ્રવૃત્તિઓ અમદાવાદ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પ્રસરેલી છે. આ દૃષ્ટિએ અમદાવાદ શહેર તથા ગ્રામ વિસ્તારનું પ્રતિનિધિત્વ યુવક કલ્યાણ બોર્ડ પર હોય તેની આવશ્યકતા યુનિવર્સિટીએ પણ વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ અલગ અલગ (શહેરી તથા ગ્રામ) ફાળવણી કરીને સ્વીકારેલ છે તો યુવક કલ્યાણ બોર્ડ પર ત્રણેય વિભાગોના આચાર્યના પ્રતિનિધિઓની નિયુકિત આવશ્યક ગણાવી જોઈએ અને તે અંગે યુનિવર્સિટીની નિયુકિત પરંપરા અને નિયમોની જોગવાઈમાં યોગ્ય સુવ્યવસ્થા કરવા આ સભા વિનંતી કરે છે.

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ભાનુપ્રસાદ ઠાકરે રજૂ કર્યો તેને આચાર્ય એસ. એમ. શાહે ટેકો આપ્યો.

આચાર્ય ભાનુપ્રસાદ ઠાકર અને આચાર્ય વી. સી. ઉપાધ્યાયે રજૂ કરેલા પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે શ્રી દિલુભા કાળુભા વાઘેલાએ નોટિસ આપી હતી :

કામકાજની યાદી નં. ૪(૧)માં આચાર્ય ભાનુપ્રસાદ ઠાકર અને આચાર્ય વી. સી. ઉપાધ્યાયના પ્રસ્તાવની પાંચમી લીટીમાં "આચાર્ય"ના શબ્દ પછી "અને અધ્યાપકોના" શબ્દો ઉમેરવા.

ઉપરનો સુધારો શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ રજૂ કર્યો, તેને શ્રી સી. પી. જોશીએ ટેકો આપ્યો.

કેટલીક ચર્ચાવિચારણા બાદ સદરહુ સુધારા સાથેનો આચાર્ય ભાનુપ્રસાદ ઠાકરે રજૂ કરેલો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

આચાર્ય ભાનુપ્રસાદ ઠાકર અને અને આચાર્ય વી. સી. ઉપાધ્યાયે રજૂ કરેલા સદરહુ પ્રસ્તાવ પર નીચેનો બીજો સુધારો રજૂ કરવા માટે **શ્રી. વસંત એસ. દોશી**એ નોટિસ આપી હતી :

ક્રમાંક ૪(૧)માં સુધારો

પાંચમી લીટીમાં છેલ્લા શબ્દ "આચાર્યના" પછીથી છઠ્ઠી લીટીમાં શરૂઆતમાં "તેમજ અધ્યાપકોના" શબ્દ ઉમેરવા.

ઉપરનો સુધારો શ્રી. વસંત એમ. દોશીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં.

**૪(૨)** સદરહુ બાબતના સંદર્ભમાં **આચાર્ય ભાનુપ્રસાદ ઠાકર અને આચાર્ય વી. સી. ઉપાધ્યાયે** નીચેનો બીજો પ્રસ્તાવ રજૂ કરવા માટે નોટિસ આપી હતી :

"સને ૧૯૭૮–૭૯ના વર્ષના હેવાલના પાન ૮ પ્રકરણ ૩માં દર્શાવેલ સંલગ્ન કૉલેજોની સંખ્યા અને તેમાંની વિદ્યાર્થી-સંખ્યા જોતાં તેમ જ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની નવી તરાહ પ્રમાણે ધોરણ ૧૨માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી સંખ્યા જોતાં સંખ્યાબંધ કૉલેજોમાંની વિદ્યાર્થીસંખ્યામાં ચિંતાજનક ઘટાડો થયો છે અને આગામી જૂન ૧૯૮૦માં આ ઘટાડો વધુ ચિંતાજનક વલણ લે તેવો પૂરો સંભવ જોતાં સરકારશ્રી તરફથી ગ્રાન્ટ માટે લાદવામાં આવેલી સક્ષમતા (વાયેબિલિટી)ની શરત રદ કરવા આ સભા સરકારશ્રીને આગ્રહભરી વિનંતી કરે છે.

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ભાનુપ્રસાદ ઠાકરે રજૂ કર્યો, તેને આચાર્ય બી. કે. ગઢવીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૪(૩)** : સદરહુ બાબતના સંદર્ભમાં **શ્રી. એચ. પી. ચૌહાણે** નીચેનો ત્રીજો પ્રસ્તાવ રજૂ કરવા માટે નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર ૩૧ માર્ચના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હેવાલમાં વિનયન અને શિક્ષણની કૉલેજોની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા તેમ જ પ્રાધ્યાપકોની સંખ્યા વિનયન અને શિક્ષણમાં અલગ અલગ દર્શાવવા માટે આ સભા ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એચ. પી. ચૌહાણે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કરેલા વાર્ષિક હેવાલ અંગેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહનું કામકાજ ગુરુવાર તા. ૨૭–૩–૧૯૮૦ના રોજ સાંજે ૫–૨૫ વાગ્યે બંધ રાખવામાં આવ્યું.

તે પછી શુક્રવાર, તા. ૨૮–૩–૧૯૮૦ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે સભા મળી હતી અને ૧૨-૪૫ કલાકે ગણપૂર્તિ (કોરમ) થતાં સભાનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું. તેમાં સુધારેલા સ્ટે. ૩૧ અન્વયે પ્રશ્નોત્તરીનું કામ નં. ૧૬૭ આગળ હાથ ધરવામાં આવ્યું.

આ તબક્કે યુનિવર્સિટી કોર્ટના વિદ્યાર્થી સભ્યોએ ડમી પદ્ધતિ રદ કરવાની અને યુનિ. પરીક્ષાઓનાં ઉત્તરપત્રોના પુનઃમૂલ્યાંકન માટેની માંગણીઓની ભારપૂર્વક રજૂઆત કરી અને જણાવ્યું કે પોતાના પ્રશ્નો યુનિવર્સિટી તરફથી સંતોષકારક રીતે હલ કરવામાં આવ્યા નથી અને તેથી તેમને તેમના પ્રશ્નો રજૂ કરવા માટે પ્રાથમિકતા આપવી જોઈએ તથા તે અંગેના નિર્ણયો પણ સભાગૃહમાં તત્કાલ લેવાવા જોઈએ એમ રજૂઆત કરી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેમના પ્રશ્નો અંગેના નિર્ણયો જે તે સત્તામંડળો જ લઈ શકે અને અધ્યક્ષશ્રીને તે અંગે નિર્ણય લેવાનો અધિકાર નથી તે જોતાં તેઓ નિર્ણય અંગે કશી બાંયધરી આપી શકે તેમ નથી અને ઉમેર્યું કે વિદ્યાર્થી સભ્યો પણ કોર્ટના બીજા સભ્યોની જેમ માનવંતા સભ્યો છે અને તેમને પોતાના વિચારો વ્યક્ત કરવાનો હક છે. તે પછી કેટલાક વાદવિવાદ પછી સભાગૃહની સંમતિથી

પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પૂરો થયેથી વિદ્યાર્થી સભ્યોને પોતાના પ્રશ્નો રજૂ કરવા માટે બીજા સભ્યો કરતાં પહેલાં તક આપવાનું પ્રમુખશ્રીએ સ્વીકાર્યું. આ વાદવિવાદમાં કેટલોક સમય ગયો તેને કારણે પ્રશ્નોત્તરીનું કામકાજ તેના કલાકના શેષ સમય પૂરતું જ એટલે કે ૧–૩૦ થી ૧–૪૫ સુધી ચાલ્યું.

પ્રશ્ન ૧૬૭ : યુનિવર્સિટી પરીક્ષાની ફીની રકમ વિદ્યાર્થીઓ પાસેથી લેવા છતાં યુનિવર્સિટી તરફથી અધ્યાપકોને તેમના મહેનતાણાના પૈસા પૂરા ચૂકવવાના કઈ સાલના બાકી છે?

ઉત્તર ૧૬૭ : સેન સમિતિએ સૂચવેલ સુધારેલાં પગારધોરણો અંગેના રાજ્ય સરકારના ઠરાવની શરતો અનુસાર માર્ચ–એપ્રિલ ૧૯૭૬ તથા ઑકટોબર ૧૯૭૬ની પરીક્ષાઓના સંલગ્ન કૉલેજોના પૂર્ણ સમયના શિક્ષકોને મહેનતાણું ચૂકવી શકાય તેમ ન હોવાથી તે ચૂકવેલ નથી.

શ્રી. ચિમનલાલ એમ. શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પરીક્ષાની ફી લઈએ છીએ તેમાં બચત થઈ છે છતાં પણ મહેનતાણામાં વધારો કર્યો નથી. સુપરવિઝનના કામ માટે વધારો થયો છે તે વાત સાચી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, આપની વાત સાચી છે.

શ્રી. કુલસચિવે જણાવ્યું કે સુપરવિઝનના કામના પુરસ્કારમાં વધારો થયો છે. પરીક્ષાના કામના પુરસ્કારમાં નથી થયો.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બે પરીક્ષાના પૈસા નથી ચૂકવાયા તે અધ્યાપકોની રકમ આપીએ તો કેટલી થશે?

કુલપતિશ્રીનો ઉત્તર : માહિતી કઢાવવી પડે.

આ તબક્કે શ્રી. કનુભાઈ શાહે પોઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો કે આ પહેલાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા થઈ તેમાં જ પ્રશ્નોત્તરીનો મોટાભાગનો સમય પૂરો થઈ ગયો છે. કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સભાનું કામકાજ બપોરે ૧૨–૪૫ વાગે શરૂ થયું હોવાથી પ્રશ્નોત્તરીનો સમય બપોરે ૧–૪૫ સુધીનો રહે છે.

પ્રશ્ન ૧૬૮ : તે ચૂકવવાનું યુનિવર્સિટીએ વિચાર્યું છે?

ઉત્તર ૧૬૮ : આ બાબત રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૬૯ : જવાબ હા હોય તો તે ક્યારે ચૂકવવામાં આવશે?

ઉત્તર ૧૬૯ : રાજ્ય સરકારની મંજૂરી મળે તો અને ત્યારે.

પ્રશ્ન ૧૭૦ : તે જો ન ચૂકવવાના હોય તો તેના માટે ખાસ શું કારણ છે?

ઉત્તર ૧૭૦ : સવાલ નં. ૧૬૭નો ઉત્તર જોવા વિનંતી છે.

[૬] શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૭૧ : ૧૯૭૮–૭૯ના વર્ષ દરમિયાન રમતગમતના કેટલા તાલીમ શિબિર યોજાયા હતા?

ઉત્તર ૧૭૧ : ૧૯૭૮–૭૯ના વર્ષ દરમિયાન રમતગમતના કુલ ૫૪ તાલીમ શિબિરો યોજવામાં આવ્યા હતા.

શ્રી. દિલુભા કાલુભા વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો

શિબિરોમાં જે રકમ બતાવવામાં આવી છે તેમાં બહુ મોટો તફાવત છે.

કુલપતિશ્રીનો ઉત્તર : તે અંગે તપાસ કરવી પડે.

પ્રશ્ન ૧૭૨ : કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો?

ઉત્તર ૧૭૨ : ઉપરોકત શિબિરોમાં ૧૭૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પ્રશ્ન ૧૭૩ : કેટલું ખર્ચ કરવામાં આવેલ?

ઉત્તર ૧૭૩ : સદરહુ તાલીમ શિબિરો માટે કુલ રૂ. ૬,૨૪૮--૧૫ પૈસા (અંકે રૂપિયા છ હજાર બસો અડતાલીસ અને પંદર પૈસા)નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૧૭૪ : ૧૯૭૮—૭૯ના વર્ષ દરમિયાન આંતર-કૉલેજ રમતગમત હરીફાઈઓમાં કેટલાં વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાગ લીધો હતો?

ઉત્તર ૧૭૪ : ૧૯૭૮—૭૯ના વર્ષ દરમિયાન અંદાજે કુલ ૬,૨૦૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આંતર-કૉલેજ રમતગમત હરીફાઈઓમાં ભાગ લીધો હતો.

પ્રશ્ન ૧૭૫ : ૧૯૭૮—૭૯ના વર્ષ દરમિયાન આંતર-વિભાગીય રમતગમત સ્પર્ધાઓમાં કેટલાં વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાગ લીધો હતો?

ઉત્તર ૧૭૫ : ૧૯૭૮—૭૯ના વર્ષ દરમિયાન આશરે કુલ ૭૦૦ વિદ્યાર્થી ભાઈબહેનોએ આંતરવિભાગીય રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

પ્રશ્ન ૧૭૬ : ૧૯૭૮—૭૯ના વર્ષમાં આંતર-યુનિ. રમતગમત સ્પર્ધાઓમાં કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઉત્તર ૧૭૬ : ૧૯૭૮—૭૯ના વર્ષમાં કુલ ૧૪૫ વિદ્યાર્થીઓ (૧૦૮ ભાઈઓ અને ૩૭ બહેનોએ) આંતર-યુનિ. રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

પ્રશ્ન ૧૭૭ : ૧૯૭૮—૭૯ના વર્ષ દરમિયાન યુવક વિભાગ દ્વારા યોજવામાં આવેલ જુદા જુદા સાહસ શિબિરો અને અભ્યાસ શિબિરો વિશે નીચેની માહિતી આપી આભારી કરશો :

શિબિરનું નામ — ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા — અમદાવાદ શહેરની કૉલેજોનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોની સંખ્યા — અમદાવાદ શહેર સિવાયની કૉલેજનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોની સંખ્યા — સંલગ્ન કૉલેજ-ના અધ્યાપક અથવા આચાર્ય હાજર રહ્યા હોય તો નામ — સંચાલન વગેરેમાં યુનિવર્સિટીએ કરેલ ખર્ચ

ઉત્તર ૧૭૭ : ૧૯૭૮–૭૯ના વર્ષ દરમ્યાન યુવક વિભાગ દ્વારા યોજવામાં આવેલ જુદા જુદા સાહસ શિબિરો અને અભ્યાસ શિબિરો વિશે માહિતી નીચે પ્રમાણે છે :

| શિબિરનું નામ | ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | અમદાવાદ શહેરની કૉલેજોનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોની સંખ્યા | અમદાવાદ શહેર સિવાયની કૉલેજોનાં વિદ્યાર્થી ભાઈ બહેનોની સંખ્યા | સંલગ્ન કૉલેજોના અધ્યાપક અથવા આચાર્યશ્રી હાજર રહ્યા હોય તો નામ | સંચાલન વગેરેમાં યુનિવર્સિટીએ કરેલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | રૂ. પૈસા |
| ૧. પર્વતારોહણ શિબિર (૧) ભાઈઓ માટે | ૫૧ | ૨૯ | ૨૨ | — | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૨. પર્વતારોહણ શિબિર (૨) બહેનો માટે | ૪૪ | ૩૫ | ૯ | — | ૧૬,૩૨૮–૨૮ |
| ૩. પર્વતારોહણ શિબિર (૩) ભાઈઓ માટે | ૪૯ | ૨૬ | ૨૩ | — | |
| ૪. આઈસ ઍન્ડ સ્નો કન્ડેન્સ્ડ કોર્સ (આંતર-યુનિ.) | ૭ યુનિ.ઓમાંથી ૨૫ વિદ્યાર્થીઓ | | ૯ અમદાવાદના ૧ બહારગામના ૧૫ અન્ય યુનિ.માંથી | રૂ. ૧૨,૮૦૨–૧૫ (હરિ ૐ ટ્રસ્ટ તરફથી આ ખર્ચનાં તમામ નાણાં મળેલ હતાં) | **નોંધ.**—બહારગામના ૩ વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા પણ હાજર થયા ન હતા |
| ૫. ગીતા શિબિર માઉન્ટ આબુ | ૩૯ ભાઈ–બહેનો | ૨૭ | ૧૨ | (૧) પ્રા. ગૌતમભાઈ પટેલ (૨) પ્રા. ભાવનાબહેન ત્રિવેદી | રૂ. ૫,૯૭૨–૭૫ પૈ. |
| ૬. વાચનશિબિર | ૨૮ ,, | ૧૪ | ૧૪ | ડૉ. જે. ઓ. યાજ્ઞિક, આચાર્યશ્રી પી. વી. મંગળવેઢેકર, પ્રા. એમ. વી. બક્ષી, પ્રા. અરવિંદભાઈ શાહ | ૩,૮૬૮–૩૩ |

[૭] આચાર્ય ભાનુપ્રસાદ ઠાકરે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા:

પ્રશ્ન ૧૭૮: વિનયન વિદ્યાશાખામાં જુદા જુદા વિષયોની પરીક્ષા લેવા માટે પરીક્ષા બોર્ડોની રચના કેવી રીતે થાય છે?

ઉત્તર ૧૭૮: યુનિવર્સિટી કાયદાના શિડયુલ બે ના સ્ટે. ૧૩ મુજબ જુદા જુદા વિષયોની પરીક્ષા લેવા માટે જ પરીક્ષા સમિતિઓ નિમાય છે તેણે કરેલ ભલામણો પર ઍકેડેમિક કાઉન્સિલનું જો કોઈ સૂચન હોય તો તે સાથે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સુધારોવધારો કરી ભલામણ મંજૂર રાખે તે મુજબ પરીક્ષા બોર્ડો રચાય છે.

પ્રશ્ન ૧૭૯: બધા જ પેપરો માટે અલગ અલગ ચૅરમૅન નીમવામાં આવે છે?

ઉત્તર ૧૭૯: પરીક્ષા દીઠ બધા જ વિષયોમાં એક જ ચૅરમૅન નીમવામાં આવે છે.

પ્રશ્ન ૧૮૦: ક્યા ક્યા વિષયોમાં પરીક્ષા બોર્ડના એક જ ચૅરમૅન નીમવામાં આવે છે?

ઉત્તર ૧૮૦: કેટલાક વિષયો કે જેમાં એક કરતાં વધુ પ્રશ્નપત્રો હોય ત્યાં કેટલીકવાર આવા વિષય માટે એક જ પ્રાશ્નિક/પરીક્ષકનું મંડળ એક વ્યકિતના અધ્યક્ષ–આવાહક નીચે નીમવામાં આવે છે પરંતુ કોઈ વિષયના પ્રશ્નપત્ર દીઠ પણ અલગ આવું મંડળ અલગ અલગ અધ્યક્ષ/આહ્વાક નીચે નીમવામાં આવે છે.

પ્રશ્ન ૧૮૧ : કોઈ વિષયમાં પ્રત્યેક પેપર માટે અલગ અલગ ચૅરમૅન નીમવામાં આવે છે?

ઉત્તર ૧૮૧ : હા જી.

પ્રશ્ન ૧૮૨ : શાથી?

ઉત્તર ૧૮૨ : જો તે વિષયની અભ્યાસસમિતિ અને / અથવા પરીક્ષા સમિતિને તેમ કરવું યોગ્ય લાગ્યું હોવાથી.

પ્રશ્ન ૧૮૩ : આ વ્યવસ્થાને કારણે વિદ્યાર્થીઓને કૃપાગુણ ઉમેરવામાં અન્યાય થાય છે ખરો? (દા.ત. કેટલાક વિષયો માટે અલગ ચૅરમૅન હોવાથી અને તેમની સંયુક્ત મીટિંગ થતી ન હોવાથી વિદ્યાર્થીઓ બે પેપરમાં ૨૨, ૨૭ મેળવી સંયુક્ત રીતે ૪૯ ગુણ લાવે તોપણ કૃપાગુણ ન મળતા હોવાથી તે વિષયમાં નાપાસ થાય છે.)

ઉત્તર ૧૮૩ : ના, જી.

પ્રશ્ન ૧૮૪ : આ વ્યવસ્થામાં ફેરફાર કરાશે ખરો?

ઉત્તર ૧૮૪ : તે અંગે કોઈ ચોક્કસ પ્રસ્તાવ આવશે તો તે પર વિચારણા કરવાનું બની શકશે.

પ્રશ્ન ૧૮૫ : સંલગ્ન કોલેજોના આચાર્યો, પ્રાધ્યાપકો, બિનશિક્ષક કર્મચારી તેમના (એપોઇન્ટમેન્ટ ઑર્ડરમાં) નિમણૂકપત્રમાં નોકરીને સ્થળે જ રહેવાની શરત મૂકેલી હોય અને તે શરત તેઓએ સ્વીકારી હોય તો ગામમાં જ રહેવું ફરજિયાત ખરું કે નહીં?

ઉત્તર ૧૮૫ : યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજના શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાઓ માટે ઘડેલા નિયમોમાં આવી કોઈ જોગવાઈ નથી.

પ્રશ્ન ૧૮૬ : ભૂતકાળમાં યુનિવર્સિટીની સંલગ્ન એક કૉલેજમાં ગુજરાત યુનિવર્સિટીએ મોકલેલ સ્થાનિક તપાસસમિતિ તે કૉલેજ પર તપાસ માટે ગઈ ત્યારે મોટા ભાગનો સ્ટાફ અન્ય શહેરમાંથી આવતો હોવાથી અને તે સ્થળેથી બસ આવી ન હોવાથી કૉલેજ શરૂ જ થઈ ન હતી તે વાત સાચી?

ઉત્તર ૧૮૬ : સ્પષ્ટ વિગતોના અભાવે આ માહિતી આપી શકાઈ નથી તો ક્ષમા કરશો.

શ્રી. ચિમનલાલ એમ. શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજનું નામ જાણવા મળશે કે કઈ કૉલેજ છે?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે પ્રશ્નના ઉત્તરમાં જવાબ આપ્યો છે, તેથી આપ સમજી શકશો કે કાર્યાલય પાસે તેની માહિતી નથી. પ્રશ્ન પૂછનાર સભ્ય કદાચ નામ આપી શકશે તો આપણે તેમના આભારી થઈશું.

પ્રશ્ન ૧૮૭ : ઉપરના સંદર્ભમાં ગ્રામવિસ્તારની કૉલેજના શૈક્ષણિક કર્મચારીઓને અન્યત્ર રહેવાની છૂટ અપાય તો બસ કે ટ્રેન સમયસર આવે તો જ કૉલેજ શરૂ થાય તેવી પરિસ્થિતિ યુનિવર્સિટી અને કૉલેજોએ ચલાવી રહેવાની રહે છે?

ઉત્તર ૧૮૭ : ઉપર પ્રશ્ન ૧૮૫નો ઉત્તર જોવા વિનંતી છે.

[ ૮ ] આચાર્ય એસ. એમ. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧૮૮ : ૧૯૭૯ના વર્ષમાં યુનિવર્સિટી તરફથી નિમાયેલ નીચેની સમિતિઓમાં અમદાવાદ શહેર સિવાયની કેટલી વ્યકિતઓને સ્થાન આપવામાં આવ્યું છે?

(૧) સ્થાનિક તપાસસમિતિ
(૨) ત્રિવાર્ષિક તપાસસમિતિ
(માત્ર સંખ્યા જ જણાવવા વિનંતી)

ઉત્તર ૧૮૮ : (૧) સ્થાનિક તપાસસમિતિઓમાં ૧૩ વ્યકિતઓ
(૨) ત્રિવાર્ષિક તપાસસમિતિઓમાં ૧૩ વ્યકિતઓ.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્થાનિક તપાસસમિતિની નિયુક્તિનાં ધોરણો શું છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તે અંગે કોઈ ધોરણો નક્કી કરવામાં આવેલાં નથી.

યુનિવર્સિટી કોર્ટના સભ્યો અને કોલેજો અને ભવનોના આચાર્યો-અધ્યક્ષો ને અધ્યાપકોને સદરહુ સ્થાનિક તપાસસમિતિઓ પર નીમવામાં આવે છે.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ નક્કી કોણ કરે છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે તે નક્કી કરવાનો અધિકાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો છે અને તે અંગે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે તો તેઓશ્રી આ સમિતિઓની રચના કરે છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્થાનિક તપાસસમિતિ કે ત્રિવાર્ષિક તપાસસમિતિઓમાં નિશ્ચિત વ્યક્તિઓ નિમાય છે તેનું શું કારણ ? કોર્ટના સભ્યોને કેમ નીમવામાં આવતા નથી ?

શ્રી. કનુભાઈ શાહે જણાવ્યું કે મારું સૂચન છે કે યુનિવર્સિટી કોર્ટના બધા સભ્યોનું લિસ્ટ બનાવી તેઓમાંથી એક પછી એક નીમવા જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મૂળભૂત રીતે નિર્ણય કરે છે અને સામાન્ય રીતે કુલપતિશ્રીને સત્તા આપે છે, અને અગાઉ કોણ કોણ જઈ આવ્યા છે તે જોઈને કુલપતિશ્રી નિમણૂકો કરે. આપ કહો છો તેવી કોમ્પ્રિહેન્સિવ યાદી તૈયાર કરવામાં આવશે તો તપાસ-સમિતિઓમાં સભ્યોને નીમવામાં મને સરળતા રહેશે.

પ્રશ્ન ૧૮૯ : પરીક્ષા કેન્દ્ર પર મુલાકાત લેવા માટે રચાતી સમિતિમાં ગ્રામવિસ્તારની વ્યકિતઓને કેટલા પ્રમાણમાં લેવામાં આવે છે?

ઉત્તર ૧૮૯ : તે માટે કોઈ પ્રમાણ નિશ્ચિત કરેલું નથી.

પ્રશ્ન ૧૯૦ : આવી કેટલી મુલાકાતો યુનિવર્સિટીએ માર્ચ તથા ઑક્ટોબર ૧૯૭૯ માટે ગોઠવી હતી?

ઉત્તર ૧૯૦ : ૧૯૭૯ના માર્ચ અને ઑક્ટોબરની પરીક્ષા માટે નીચે જણાવ્યા પ્રમાણે નિરીક્ષકો (ઓબ્ઝર્વર) મોકલવામાં આવ્યા હતા :

| માર્ચ | ઑક્ટોબર |
|---|---|
| ૭૮ | ૧૭ |

પ્રશ્ન ૧૯૧ : આ મુલાકાત લેનાર વ્યકિતઓ કોઈ અહેવાલ રજૂ કરે છે ખરા?

ઉત્તર ૧૯૧ : હા, જી.

પ્રશ્ન ૧૯૨ : આ અહેવાલ પર કોઈ પગલાં લેવાય છે ખરાં?

ઉત્તર ૧૯૨ : હા, જી.

પ્રશ્ન ૧૯૩ : આ પ્રકારના આકસ્મિક ચેકિંગની વ્યવસ્થા અમદાવાદ માટે છે ખરી?

ઉત્તર ૧૯૩ : અમદાવાદ કેન્દ્ર પર પણ જરૂર જણાય ત્યારે આકસ્મિક ચેકિંગ કરવામાં આવે છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગ્રામવિસ્તારમાં ગેરરીતિઓ થાય છે તેથી ચેકિંગ કરવામાં આવે છે તો શું અમદાવાદમાં ચેકિંગ કરવાની જરૂર નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : અમદાવાદનાં કેન્દ્રો ઉપર પણ જરૂર જણાય તો આકસ્મિક ચેકિંગ કરી શકાય.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગ્રામવિસ્તારમાં ચેકિંગ વર્ષોથી થાય છે એનો અર્થ એ કે ત્યાં કાયમ ગેરરીતિ થયા કરે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આ તો જે પ્રથા છે તે જણાવી છે.

ગેરરીતિને કારણે ઉઠાડી મૂકેલા વિદ્યાર્થીને કોલેજે બેસવા દીધાનું યુનિવર્સિટીના ધ્યાનમાં આવ્યું છે ?

શ્રી. કુલસચિવે જણાવ્યું કે કોર્ટના સ્ટે ઑર્ડર મુજબ આવા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દીધાનું કેટલાક કેસોમાં આવશ્યક બનેલું છે તે સિવાયના એક કેસમાં પણ પરીક્ષામાં એવા વિદ્યાર્થીને બેસવા દેવાનો એક કેસ બનેલો છે.

કુલપતિશ્રીનો ઉત્તર : સીનિયર સુપરવાઇઝરે આ પગલું લીધું અને તેમણે જ તેને બેસવા દીધો છે.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કયા કેન્દ્ર ઉપર આ બન્યું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટીના ઓબ્ઝર્વરે ઉઠાડી મૂકેલ હોય અને સીનિયર સુપરવાઈઝરે બેસવા દીધો હોય તેવો આ કેસ નથી.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યા :

બોરસદ કેન્દ્રમાં આવું બન્યું છે અને તેનો લેખિત રિપોર્ટ યુનિવર્સિટી પાસે છે.

કુલપતિશ્રીનો ઉત્તર : મારા ધ્યાન ઉપર આવો કેસ આવેલો નથી.

તે પછી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો હતો.

તે પછી વિદ્યાર્થી સભ્યોએ જુદી જુદી બાબતો અંગે પોતાનાં વકતવ્યો રજૂ કર્યાં.

તે પછી બાબત નં ૫ હાથ ધરવામાં આવી.

**૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના ૧૯૭૬-૭૭ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો.**

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. **એચ. પી. ચૌહાણે** નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૬–૭૭ના વર્ષના ઓડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એચ. પી. ચૌહાણે રજૂ કર્યો, તેને શ્રી. જિતેન્દ્રભાઈ દવેએ ટેકો આપ્યો.

સદરહુ બાબત અંગે સભાગૃહમાં થયેલી ચર્ચાના જવાબરૂપે મૂળ પ્રસ્તાવ મૂકનાર સભ્ય શ્રી. એચ. પી. ચૌહાણે પોતાની રજૂઆત કરી તેના સંદર્ભમાં શ્રી. કનુભાઈ શાહે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ઓડિટ થયેલા હિસાબોના કેટલાક મુદ્દાઓનો ખુલાસો શ્રી. એચ. પી. ચૌહાણ આપી શકે?

કુલપતિશ્રીએ જણાવ્યું કે સદરહુ બાબત અંગે પ્રસ્તાવ મૂકનાર સભ્ય તરીકે શ્રી. એચ. પી. ચૌહાણને તેમને યોગ્ય લાગે તે ખુલાસા કે રજૂઆત કરવાનો અધિકાર છે.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૬. ૧૯૭૮–૭૯ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટ્સનો હેવાલ.**

એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. એચ. પી. ચૌહાણે** નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૮-૭૯ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઓફ અકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે."

(બોર્ડ ઓફ એકાઉન્ટ્સના હેવાલની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એચ. પી. ચૌહાણે રજૂ કર્યો, તેને આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯§ તથા સ્ટે. ‡ ૮૯ અનુસાર એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલું ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૮૦-૧૯૮૧નું અંદાજપત્ર તથા સને ૧૯૭૯–૮૦નું પુનર્નિર્મિત અંદાજપત્ર.**

---

§ **G. U. Act, Section 49 :**

(1) The annual accounts of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the State Government for audit.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૮૦-૮૧ના અંદાજપત્ર તથા સને ૧૯૭૯-૮૦ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને શ્રી. ભગવતશરણ અગરવાલે ટેકો આપ્યો.

સદરહુ બાબતના સંદર્ભમાં નીચેનો સુધારો નં. ૧ રજૂ કરવા માટે **શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ** નોટિસ આપી હતી :

ગુજરાત યુનિવર્સિટીના ૧૯૮૦-૮૧ના અંદાજપત્રમાં નીચેનો સુધારો સૂચવું છું :

| | |
|---|---|
| **પાના નં. ૧૧** | **અંદાજ ૧૯૮૦-૮૧** |
| ૮. રમતગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ | |
| (અ) રમતગમત વ્યાયામ શિક્ષણ પ્રવૃત્તિ ખર્ચ | ૩,૮૬,૦૦૦ |
| ૩. આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ | ૭૫,૦૦૦ |
| ૪. તાલીમ શિબિરો તથા વ્યાયામ શિક્ષક તાલીમ ખર્ચ | ૩૫,૦૦૦ |
| ૫. મેદાન ખર્ચ | ૫૦,૦૦૦ |
| ૬. સાધનો | ૧૫,૦૦૦ |
| **પરિણામે પાના નં. ૩** | |
| ૮. રમતગમત અને વિદ્યાર્થીકલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ | |
| (અ) રમતગમત વ્યા. શિ. પ્ર. ખર્ચ | ૩,૮૬,૦૦૦ |
| **પાના નં. ૫** | |
| કુલ ખર્ચ | ૨,૭૦,૮૧,૫૦૦ |

ઉપરનો સુધારો શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ રજૂ કર્યો, તેને પ્રો. એસ. બી. વોરાએ ટેકો આપ્યો.

---

(2) The Executive Council shall, after the accounts are audited, submit a copy thereof along with a copy of the Audit Report, to the Court and to the State Government.

(3) The Executive Council shall also prepare, before such date as may be prescribed by the Statutes, the financial estimates for the ensuing year.

(3-A) The Executive Council shall, having regard to the Government grants that are likely to be available, finally prepare the financil estimates for the ensuing year.

(4) The annual accounts and the financial estimates shall, be considerd by the Court at its annual meeting and the Court may pass resolution with reference threto and commnunicate the same to the Executive Council which shall take them into consideration and take such action thereon as it thinks fit and finally adopt the accounts and financial estimates. The Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

૭(૨) સદરહુ બાબતના સંદર્ભમાં નીચેનો પ્રસ્તાવ રજૂ કરવા માટે **શ્રી. એચ. પી. ચૌહાણે** નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના ૧૯૮૦–૮૧ના રજૂ થયેલા અંદાજપત્રમાં કુલ ખર્ચનો વધારો ૬૧,૭૫,૫૦૦ રૂપિયાનો અંદાજવામાં આવ્યો છે. જ્યારે સંક્ષિપ્ત સરવૈયામાં મિલકતો નીચે "રોકાણો" ૧૯૭૬–૭૭માં ૮,૧૧,૫૨૫ માંથી ઘટીને ૧૯૭૮–૭૯માં ૨૦,૦૦૦ થયા છે અને "બેંક અને બીજી પુરાંતો" ૧૯૭૬–૭૭ની ૧,૦૨,૭૨,૨૫૭ હતી તે ઘટીને ૧૯૭૮–૭૯માં ૪૬,૮૫,૫૧૯ થઈ છે. આ દર્શાવે છે કે, વર્ષે વર્ષે યુનિવર્સિટીનું આર્થિક પાસું ઝડપથી નબળું પડતું જાય છે, જે જતે દહાડે આર્થિક સંકડામણમાં પરિણમશે. આથી આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે, અંદાજપત્રમાંના ખર્ચના વિભાગમાં ફર્નિચર તથા સામગ્રી મરામત, જાળવણી, લેખનસામગ્રી અને મુદ્રણ, ટપાલ, કન્ટિન્જન્સી, જાહેરખબર, ટેલિફોન, વીજળી, મહેમાન ખર્ચ, બત્તી, રસ્તા-જાળવણી અને અન્ય પરચૂરણ વગેરે ખર્ચમાં ૫૦ ટકાનો કાપ મૂકવો. સાથોસાથ દર વર્ષે કુલ ખર્ચમાં જે ૧૦ ટકા કરતાં પણ વધુ વધારો થાય છે તે ઘટાડીને માત્ર ૫ ટકા વધારો થાય તે રીતે ખર્ચ પર કાપ મૂકવો. ઉપરાંત યુનિવર્સિટીની આવક વધારવા માટે, દાનપ્રાપ્તિ અંગે સત્તામંડળોએ યોગ્ય પ્રયાસ કરવા ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એચ. પી. ચૌહાણે રજૂ કર્યો, તેને શ્રી. એસ. એમ. શાહે ટેકો આપ્યો.

શ્રી. એચ. પી. ચૌહાણે રજૂ કરેલા સદરહુ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કરવા માટે **શ્રી. વસંત એસ. દોશીએ** નોટિસ આપી હતી :

ક્રમાંક ૭(૨)માં સુધારો

પ્રસ્તાવની ૧૦મી લીટીમાં "મૂકવો" પછી નીચેનું લખાણ ઉમેરવું :

"તેમજ વધેલા ખર્ચ માટેનાં કારણો તપાસવા તેમજ કરકસરનાં પગલાં સૂચવવા કોર્ટના સભ્યોની એક સમિતિ નીમવી."

ઉપરનો સુધારો શ્રી. વસંત એસ. દોશીએ રજૂ કર્યો, તેને શ્રી. સી. પી. જોશીએ ટેકો આપ્યો.

૭(૩) સદરહુ બાબતના સંદર્ભમાં નીચેનો પ્રસ્તાવ રજૂ કરવા માટે **શ્રી. શરદભાઈ પટેલે** નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીના ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓનું જૂનું પગારધોરણ ઘણું જ ઘટાડીને દેસાઈ પંચે કર્મચારીઓને અન્યાય કર્યો છે. પગારધોરણ ઘટાડવાનું રિવિઝન દુનિયાભરમાં ક્યાંય જોવામાં આવ્યું નથી. આ પ્રશ્ને કર્મચારીઓને અન્યાય થયો છે તે આ સભા સ્વીકારે છે. આ અન્યાયનો કર્મચારીઓએ ગાંધી ચીંધ્યા માર્ગે સામનો કર્યો છે તેની આ સભા સહર્ષ નોંધ લે છે અને આ પ્રશ્ને

---

‡**Statute 89 :**

The Executive Council shall prepare the financial estimates for the ensuing year at least six weeks before the date fixed for the annual meeting of the Court and shalls send a copy of the financial estimates prepared by the Executive Council to all the members of the Court so as to reach them six weeks before the annual meeting of the Court every year and the consideration of the budget shall be an item on the agenda of the annual meeting of the Court.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિએ સંપૂર્ણ ચર્ચાવિચારણાને અંતે ઘડી કાઢેલાં નવાં પગારધોરણોનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સર્વાનુમતે સ્વીકાર કરી રાજ્ય સરકારને ભલામણ કરી છે તેની આ સભા સાભાર નોંધ લે છે અને આ પગારધોરણોનો વાસ્તવિક અમલ દેસાઈ પંચની તારીખથી કરવા માટે કર્મચારીગણના ખર્ચમાં પ્રતીક તરીકે રૂ. ૧–૦૦નો ખર્ચ વધારવા અને સને ૧૯૮૦–૮૧ના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર મથાળા નંબર ૧ સામે કુલ અંદાજી ખર્ચ રૂ. ૧૮,૬૧,૦૦૦–૦૦ દર્શાવેલો છે તેને બદલે રૂ. ૧૮,૬૧૦,૦૧ આકારવાની વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. શરદભાઈ પટેલે રજૂ કર્યો, તેને શ્રી. એસ. એમ. શાહે ટેકો આપ્યો.

૭ (૪) સદરહુ બાબતના સંદર્ભમાં નીચેનો પ્રસ્તાવ રજૂ કરવા માટે **શ્રી. કનુભાઈ શાહ** અને **શ્રી. ઉજમશી કાપડિયાએ નોટિસ** આપી હતી :

"બજેટના પાન નં. ૧૭માં ખર્ચના શીર્ષક ૮ (ડ)ના પેટાશીર્ષક (અ)માં આઈટેમ ૯માં કન્ટિન્જન્સી ખર્ચની રકમ અંદાજપત્રમાં રૂ. ૧૦,૦૦૦ બતાવી છે તે સુધારી ૨,૦૦૦ કરવી તથા આઈટેમ ૧૫માં આરોગ્ય સુધારવા વિદ્યાર્થીને મદદ તે મથાળામાં રકમ રૂ. ૧,૦૦૦ બતાવી છે તે સુધારી રૂ. ૯,૦૦૦ કરવી તથા ૧૫–અમાં નવી વિગત ઉમેરી તે પેટામથાળામાં વિદ્યાર્થીઓને આરોગ્ય સુધારવા મદદ માટે રૂ. ૧૦,૦૦૦ની નવી જોગવાઈ ઉમેરવી અને ૮–ઈમાં અભ્યાસેતર શિક્ષણપૂરક પ્રવૃત્તિઓ હેઠળના મથાળામાં અંદાજી દસ હજાર રૂપિયાને બદલે સુધારી રૂ. ૫,૦૦૦ તથા ઈ ના પેટાવિભાગ--૨માં વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમની અંદાજી રકમ રૂ. ૧૦,૦૦૦ને બદલે રૂ. ૫,૦૦૦ કરવી તથા તે મુજબ સુધારો સ્વીકારી ઘટિત કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી, તેમ યુનિવર્સિટી કોર્ટની આ સભા ઠરાવે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. ઉજમશી કાપડિયાએ રજૂ કર્યો, તેને શ્રી. એસ. જે. શાહે ટેકો આપ્યો.

સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા થઈ તે દરમ્યાન આચાર્ય દર્શનસિંઘ શીખે પ્રસ્તાવ રજૂ કર્યો કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન વધુ કાર્યક્ષમતાપૂર્વક કરી શકાય તે માટે અંદાજપત્રમાં હાલ રૂપિયા ૭ લાખની જોગવાઈ છે તે વધારીને રૂ. ૨૦ લાખની કરવી જોઈએ અને તે હેતુ માટે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે.

સદરહુ પ્રસ્તાવ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી.

તે પછી તેના ટેકામાં ૧૫ કરતાં વધુ સભ્યો ઊભા થયા.

તે પછી ૨/૩ કરતાં વધુ સભ્યોએ હાથ ઊંચા કરી સભાને સમિતિના રૂપમાં ફેરવવા માટે મંજૂરી આપી.

તે પછી સભાગૃહ સમિતિના રૂપમાં ફેરવાયું. આ સમિતિનું અધ્યક્ષસ્થાન કુલપતિશ્રી ડૉ. પી. સી. વૈદ્યે સંભાળ્યું.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે સમિતિએ નીચે મુજબ રિપોર્ટ કરવાનું ઠરાવ્યું :

"સને ૧૯૮૦–૮૧ના વર્ષના અંદાજપત્રમાં ખર્ચના મથાળા નં. ૧૩(૧) (અ), (બ) હેઠળ 'યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન' હેઠળ કુલ ખર્ચ રૂ. ૫,૦૦,૦૦૦ વત્તા ૨,૦૦,૦૦૦ અને ૭,૦૦,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને તેને કુલ જોગવાઈ રૂ. ૨૦,૦૦,૦૦૦ની કરવામાં આવે એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને આ સભાગૃહ ભલામણ કરે છે."

તે પછી સમિતિનું કામકાજ સમાપ્ત થયેલું જાહેર કરવામાં આવ્યું અને સમિતિની સભા કોર્ટની સભાના રૂપમાં ફેરવાઈ ગઈ. તેનું પ્રમુખસ્થાન પણ કુલપતિશ્રી ડૉ. પી. સી. વૈદ્યે સંભાળ્યું. આ સભાગૃહ સમક્ષ સમિતિનો ઉપરોક્ત રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યો.

તે પછી સભાગૃહની સંમતિથી શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ પોતાનો સુધારો નં. ૭(૧) પાછો ખેંચી લીધો.

તે પછી સાંજે ૬–૧૦ વાગ્યે શ્રી. અરવિંદભાઈ શાહે પ્રમુખશ્રીનું ધ્યાન ખેંચીને પૂછ્યું કે સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) છે ?

તે ઉપરથી સભાગૃહમાં હાજર રહેલા સભ્યોની ગણતરી કરતાં ૩૮ સભ્યો હાજર રહેલા જણાયા. આમ જરૂરી ગણપૂર્તિ ન રહેતાં સભાનું કામકાજ બંધ થયેલું પ્રમુખશ્રીએ જાહેર કર્યું અને તેથી કાર્યસૂચિ પરની બાકીની બાબતો હાથ ધરી શકાઈ નહીં.

નં. કોર્ટ/૭૨૯૬/૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા. ૩–૫–૧૯૮૦

કં. ચં. પરીખ
કુલસચિવ

## પરિશિષ્ટ "ક"

### કામકાજ ક્રમાંક ૬

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ સને ૧૯૭૮–૭૯ના વર્ષનું યુનિવર્સિટી હિસાબોનું ઑડિટ કામ પૂરું કર્યું છે. તેનો છેવટનો અહેવાલ આપવાની સભામાં તા. ૨૫-૨-૧૯૮૦ તથા તા. ૧-૩-૧૯૮૦ના રોજ નીચેના સભ્યો હાજર હતા :

| | તા. ૨૫–૨–૧૯૮૦ | તા. ૧–૩–૧૯૮૦ |
|---|---|---|
| ૧. શ્રી. હરજીવન પ્રભુદાસ ચૌહાણ | હાજર | હાજર |
| ૨. શ્રી. હરીશકુમાર રમણલાલ પટેલ | હાજર | હાજર |
| ૩. શ્રી. સુરેશચંદ્ર જેઠાલાલ શાહ | હાજર | હાજર. |

સભાનું પ્રમુખસ્થાન શ્રી. હરજીવન પ્રભુદાસ ચૌહાણે સંભાળ્યું હતું. બોર્ડના સભ્યોએ તેમને સોંપવામાં આવેલું ઑડિટ અંગેનું કામ પૂરું કર્યું હતું તેની નોંધ લેવામાં આવી. ત્યાર બાદ કોર્ટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવાનું ઠરાવવામાં આવ્યું :

૧. અમોએ "લોકલ ફંડ" એકાઉન્ટના સરકારી ઑડિટ રિપોર્ટ સને ૧૯૭૪–૭૫, ૧૯૭૫–૭૬ અને ૧૯૭૬–૭૭ના જોયા. તેમાં ૧૯૬૨થી ૧૯૭૭ સુધીના ૨૦૧ વાંધાઓનો નિકાલ કરેલ જણાયેલ નથી. વર્ષે વર્ષે આ ઑડિટ વાંધાઓનું પ્રમાણ વધતું રહેલ છે. આ વાંધાઓનો સત્વરે નિકાલ કરવા ભલામણ કરીએ છીએ.

૨. યુનિવર્સિટીના ખર્ચમાં વર્ષોવર્ષ બ્લૉક ગ્રાન્ટની ગણતરી માટેના અમાન્ય ખર્ચનું પ્રમાણ વધતું જણાયું છે. જેથી યુનિવર્સિટીનું ફંડ વર્ષોવર્ષ ઘટતું રહ્યું છે. આ બાબત અંગે ઘટતું કરવા ભલામણ છે.

૩. છેલ્લાં ત્રણ વર્ષોમાં આવકજાવકના આંકડાઓ નીચે પ્રમાણેના છે :

| વર્ષ | આવક | જાવક |
|---|---|---|
| ૧૯૭૬–૭૭ | ૧,૭૭,૯૨,૮૩૨ | ૧,૫૮,૫૦,૩૦૮ |
| ૧૯૭૭–૭૮ | ૧,૯૭,૨૫,૦૭૦ | ૨,૧૩,૬૯,૩૩૯ |
| ૧૯૭૮–૭૯ | ૧,૯૫,૭૫,૮૩૯ | ૨,૨૪,૪૨,૯૧૭ |
| | ૫,૭૦,૯૩,૭૪૧ | ૫,૯૬,૬૨,૫૬૪ |

**નોંધ.**—(*i*) આવક કરતાં ખર્ચનો વધારો ત્રણ વર્ષમાં ૨૫,૬૮,૮૨૩ છે એટલે કે સરેરાશ ૮,૫૬,૨૭૪ની દર વર્ષે ખોટ રહે છે.

(*ii*) આવકમાં દર વર્ષે ૬થી ૭ ટકા વધારો છે.

(*iii*) ખર્ચમાં સરેરાશ દર વર્ષે ૨૦ ટકાનો વધારો છે.

(iv) રોકાણો, બૅન્ક અને બીજી પુરાંતોની આ ત્રણ વર્ષની સ્થિતિ નીચે પ્રમાણે છે :

| વર્ષ | રોકાણ | બૅંક અને પુરાંત |
|---|---|---|
| ૧૯૭૬—૭૭ | ૮,૧૧,૫૨૫ | ૧,૦૨,૭૨,૨૫૭ |
| ૧૯૭૭—૭૮ | ૮,૧૧,૫૨૫ | ૬૯,૦૫.૪૧૮ |
| ૧૯૭૮—૭૯ | ૨૦,૦૦૦ | ૪૬,૮૫,૫૧૯ |

(v) આવક કરતાં ખર્ચનો સતત ૧૫ ટકા વધારો અને રોકાણ તેમ જ પુરાંતો ખૂબ જ ઘટયાં છે, જેથી યુનિવર્સિટી સમય જતાં આર્થિક મુશ્કેલીમાં મુકાશે તેવો અમને ભય છે.

આથી નીચેની બાબતમાં કરકસર થાય તે માટે ભલામણ છે :

૧. કન્ટિન્જન્સી અને પરચૂરણ ખર્ચમાં ૧૦ ટકા કાપ મૂકવો.

૨. ટેલિફોન ખર્ચ વધુ વાજબી બનાવવા. દરેક ટેલિફોન માટે ટેલિફોન રજિસ્ટર ફરજિયાત બનાવવું.

૩. પરીક્ષા કાર્યની ગોઠવણી સવેળા કરવી, જેથી ઘણું ખરું ટેલિગ્રાફ અને ઓવરટાઇમ ખર્ચ નિવારી શકાય.

૪. અંદાજપત્રમાં નક્કી કરેલ ખર્ચની જોગવાઈથી વધુ ખર્ચ ન થાય તે માટેનો આગ્રહ રાખવો.

૫. વિદ્યાભવનોમાં અધ્યાપકગણને નિયત વર્કલોડ વહેંચાયા પછી જ વધારાના વર્કલોડ અને વિષયો અંગે મુલાકાતી પ્રાધ્યાપકોને વ્યાખ્યાનો અંગે બોલાવવા.

૬. સમયના બહાને યુનિવર્સિટીનું વર્કશોપ અને મુદ્રણાલય અંગેનું કોઈ પણ કાર્ય લેતા વિભાગમાં વ્યવસ્થા હોવા છતાં બહાર પાડવાનું ટાળવું જોઈએ.

ઉપરાંત નીચેની બાબતમાં ઘટતું કરી શકય આવક વધારવા પ્રયાસ થાય તે માટે ભલામણ છે :

૧. સખાવતી આવક નિયમિત ઊભી કરવા યોગ્ય કમિટીની નિયુક્તિ કરવી.

૨. ઉપયોગ વગરની ખાલી જમીનનો યોગ્ય ઉપયોગ કરી આવક વધારવા પ્રયાસ કરવો.

૩. યુનિવર્સિટી ગેસ્ટ હાઉસમાં લેવાતા ચાર્જ રિવાઈઝ કરવા.

૪. જી. ડી. એસ. લોનના વ્યાજનું કલેકશન સમયસર કરવું, જેથી દર વર્ષે વ્યાજની આવક ગુમાવવી ન પડે.

૫. યુનિવર્સિટી કવાર્ટર ખાલી પડે તે પહેલાં એલોટમેન્ટની યોગ્ય વ્યવસ્થા ગોઠવવી, જેથી દર વર્ષે ભાડાની ઘણી મોટી આવક ગુમાવવી ન પડે.

૬. સેન્ટ્રલ વર્કશોપમાં આવક વધે અને તેની કાર્યક્ષમતા વધે તે માટે યોગ્ય દેખરેખ માટે અલગ વ્યવસ્થા કરવી.

૪. સને ૧૯૭૮—૭૯ના અંદાજપત્રક અને વાર્ષિક હિસાબના ખર્ચના આંકડાઓમાં ખૂબ જ મોટા ગાળો જણાયો છે, જે ખર્ચના વધારાને પોષે છે એમ અમો માનીએ છીએ.

આથી જુદા જુદા વિભાગોને અંદાજ ખર્ચની મર્યાદા આપીને તેમની પાસેથી અંદાજો મંગાવાય અને અંદાજપત્રક વધુ તર્કસંગત બતાવાય એવી અમારી ભલામણ છે.

૫. ઇન્વેસ્ટમેન્ટ રજિસ્ટરમાં "Encash" અને "Renewal"ના વાઉચર નંબર અને તારીખ સમયસર નોંધાતાં જણાયાં નથી તો તે દર માસે વ્યવસ્થિત નોંધાય તે જરૂરી છે.

૬. કોઈ પણ પ્રકારના અપાયેલાં એડવાન્સ ૩૧ માર્ચે હિસાબ અને બાકી રહેતી રકમ સાથે પરત લેવાં. જે વિભાગ, વ્યક્તિ કે સંસ્થાના એડવાન્સના હિસાબો ૩૧ માર્ચ પહેલાં મલ્યાં ન હોય તેમને નવાં એડવાન્સ આપવાનું મુલતવી રાખવું અને ઘણા સમયથી જેમના એડવાન્સના હિસાબો મળ્યા ન હોય તેમની પાસેથી તે હિસાબો સત્વરે લેવા ઘટતી કાર્યવાહી કરવી.

શ્રી. એન. એ. પટેલ જે એસ્ટેટ વિભાગમાં યુનિવર્સિટી કર્મચારી છે. તેમના ખાતે સને ૧૯૭૪થી ૧૯૭૭ સુધીમાં કુલ રૂ. ૮,૭૮૫–૬૬ એડવાન્સ પેટે બાકી છે, જેના હિસાબો હજુ સુધી યુનિવર્સિટીને રજૂ કરેલ નથી તો આવા કેસ અંગે સત્વરે વિચારણા કરવા ભલામણ છે.

નીચેની સંસ્થાઓના એડવાન્સના હિસાબો ઘણા જ સમયથી આવ્યા નથી. જેમની યાદી નીચે પ્રમાણે છે :

| તારીખ | સંસ્થા | એડવાન્સની રકમ |
|---|---|---|
| ૨–૨–'૭૬ | કોમ્પ્યુટર વિભાગ | ૨,૭૮૦–૭૬ |
| | ડીન, બી જે. મેડિકલ કોલેજ | ૧૧,૫૦૦–૦૦ |
| ૩૧–૮–'૭૦ | ગુજરાત યુનિ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ | ૭૯–૨૦ |
| ૨૪–૯–'૭૬ | વિવેકાનંદ કોલેજ, અમદાવાદ | ૧,૦૦૦–૦૦ |
| ૩૧–૧–'૭૭ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | ૨૮૦–૩૫ |
| ૭–૩–'૭૭ | ગુજરાત કૉલેજ | ૧,૫૦૦–૦૦ |
| ૨–૮–'૭૭ | એચ. કે. આર્ટ્સ કોલેજ | ૪,૦૦૦–૦૦ |
| ૧૫–૭–'૭૭ | સરદાર પટેલ ઇન્સ્ટિ. | ૧,૭૦૦–૦૦ |
| ૧–૧૨–'૭૭ | યુનિવર્સિટી સર્વિસ સેન્ટર (પી.આર.એલ.) | ૫,૦૦૦–૦૦ |
| ૨૩–૨–'૭૮ | સેંટ ઝેવિયર્સ કોલેજ | ૨૩,૦૦૦–૦૦ |
| ૭–૭–'૭૮ | એન. વી. ચૌધરી | ૧૨૩–૦૦ |
| ૩૦–૯–'૭૮ | આર્ટ્સ અને સાયન્સ કોલેજ, ડભોઈ | ૮૦૦–૦૦ |

ભવનોનું બાકી એડવાન્સ લિસ્ટ નીચે મુજબ છે :

| | | જનરલ એડવાન્સ | સ્ટુડન્ટ યુનિયન એડવાન્સ |
|---|---|---|---|
| | | રૂ. | રૂ. |
| ૧. સમાજવિદ્યા ભવન | તા. ૩૧–૧–૧૯૮૦ | ૧,૦૭,૩૪૯–૫૭ | ૧,૨૦૦ |
| ૨. ભાષા-સાહિત્ય ભવન | ,, | ૧૨,૩૪૧–૯૧ | ૨,૦૦૦ |
| ૩. મનોવિજ્ઞાન ભવન | ,, | ૧૧,૩૪૫–૦૮ | ૧,૬૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. વિજ્ઞાન વિદ્યાભવન | તા. ૩૧-૧-૧૯૮૦ | ૧,૫૧,૨૮૨—૧૧ | ૫,૦૦૦ |
| ૫. વાણિજ્ય વિદ્યાભવન | ,, | ૧,૯૪૧—૯૮ | ૧૨૫ |
| ૬. કાયદાશાસ્ત્ર વિદ્યાભવન | ,, | ૯,૮૩૨—૭૭ | — |
| ૭. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ | ,, | ૧૦,૬૧૫—૮૦ | — |

૭. ડિપોઝિટ રજિસ્ટરમાં કરવામાં આવેલા સરવાળા એક વર્ષ પછી પણ અમોએ જ્યારે ચેક કર્યા ત્યારે પેન્સિલથી જ લખાયેલા જોવા મલ્યા છે તે બરાબર નથી. સરવાળા ચેક કર્યા પછી તુરત જ શાહીથી લખાય તે માટે ઘટતું કરવું જરૂરી છે.

૮. સસ્પેન્સ એકાઉન્ટમાં બૅન્ક સાથેનો ડિફરન્સ ઉધારવામાં આવેલો છે. તેના માટે તાત્કાલિક તપાસ કરી તે ભૂલો દૂર કરવી જોઈએ અથવા તે રકમ ઇન્ટર્નલ ઑડિટર મે. લાખિયા ઍન્ડ કંપનીની સલાહ પ્રમાણે ઍડજસ્ટ કરવી.

૯. ઈન્ટર્નલ ઑડિટરે દર્શાવેલા વાંધાઓનો લાંબા સમય સુધી નિકાલ કરવામાં આવ્યો નથી તેની નોંધ લેવામાં આવે છે. તો આ અંગે સત્વરે નિકાલ થાય તેવી અમે ભલામણ કરીએ છીએ.

૧૦. બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ ભવનોમાં જઈને ભવનોની પેટીકૅશ તથા ટપાલ ઍડવાન્સની પુરાંત ચેક કરતાં એચ. કે. સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગ સિવાયના બીજાના બરાબર જણાયા હતા. જ્યારે કેટલાંક ભવનોમાં "પેટીકૅશ" છેલ્લા દિવસો સુધીના વ્યવસ્થિત લખાયેલા નહોતા. આથી પ્રી-ઑડિટર દ્વારા દર ત્રણ માસે આ બાબત ચેક કરવાનું ગોઠવાય તે જરૂરી જણાયું છે.

૧૧. વર્ષ ૧૯૭૮–૭૯ના વર્ષમાં યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સમાં ૨૧ જેટલાં ક્વાર્ટર્સ બેથી પાંચ માસ સુધી ખાલી પડી રહેલાં હતાં અને હાલ ૧૯૭૯–૮૦માં કુલ ૨૦ જેટલાં રહેઠાણો છેલ્લા ૨ થી ૧૨ માસ સુધી ખાલી પડી રહ્યાં છે, જે યુનિવર્સિટીને ત્રીસથી ચાલીસ હજારની ભાડાની આવક ઘટાડે છે. આ માટેની યોગ્ય વ્યવસ્થા સત્વરે ગોઠવવા ભલામણ છે.

૧૨. એન.એન.એસ.ના હિસાબો કૉલેજ ઑડિટ કરાવીને મોકલે છે, પરંતુ ચાલુ વર્ષે એમ. જી. સાયન્સને ઍડવાન્સના હિસાબો બિનઑડિટ હોવા છતાં તેને પૈસા ચૂકવાયેલ છે, તો તે માટે નક્કી કરેલા નિયમોને વળગી રહેવાની ભલામણ છે.

૧૩. યુનિવર્સિટી ભવનોનો પ્રાધ્યાપકગણ યુનિવર્સિટી બહારનું કાર્ય કરતો હોય અને તેમાંથી મળતી આવકમાંથી યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કરેલા તા. ૨૮/૨૯-૪-૧૯૭૯ અને તા. ૧–૫–૧૯૭૯ના નિયમો અનુસાર નિયત કરેલો ભાગ યુનિવર્સિટીમાં આપવાનો હોય છે. તો આ અંગેની રકમો તેઓએ જમા કરાવી છે કે કેમ તેની તપાસ કરવી અને જમા કરાવવા પગલાં લેવાં.

૧૪. યુનિવર્સિટીના સને ૧૯૭૮–૭૯ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો અમે તપાસ્યા છે અને તે બરાબર રાખેલા જણાયેલ છે. આ હિસાબો અંગેની ઈન્ટર્નલ ઑડિટર્સ મે. લાખિયા ઍન્ડ કંપનીની ઑડિટ નોંધ જોઈ છે. તેમાં કરેલ વિધાનો અંગે ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે. હિસાબ વિભાગ તરફથી જરૂરી માહિતી અમને પૂરી પાડવામાં આવી હતી અને તે સંબંધે અમારા બધા પ્રશ્નોના સંતોષકારક ખુલાસા મળ્યા હતા. હિસાબ વિભાગે આપેલ સહકાર બદલ અમે આભારી છીએ.

એચ. પી. ચૌહાણ
એચ. આર. પટેલ
એચ. જે. શાહ

❦

## પરિશિષ્ટ "૧"

### પ્રશ્ન ક્રમાંક ૬ અને ૭ અંગે તા. ૧૩-૩-૧૯૮૦ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી

| ક્રમાંક | કૉલેજનું નામ | છૂટા થતા કર્મચારીને ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવાનાં યુનિ.નાં ધારા-ધોરણનું પાલન કરવામાં આવે છે ? | પાલન કરવામાં આવ્યું હોય તો છેલ્લાં પાંચ વર્ષમાં ગ્રેચ્યુઈટીની ચુકવણી કરી હોય તે પ્રત્યેક શિક્ષકનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કાપડિયા એન. એમ. એમ. એચ. આર્ટ્સ કૉલેજ, સંખેડા | લાગુ પડતું નથી. | લાગુ પડતું નથી. |
| ૨. | શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ | ના | — |
| ૩. | તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર | હા | આવો કેસ નથી. |
| ૪. | શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પરીખ કૉમર્સ કૉલેજ, પેટલાદ | ના | — |
| ૫. | યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા | આવો પ્રશ્ન ઉપસ્થિત થયો નથી | — |
| ૬. | ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા | સરકારશ્રીના નિયમ અનુસાર જોગવાઈ કરવામાં આવશે. | — |
| ૭. | મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા | સરકારશ્રી ગ્રેચ્યુઈટીના ખર્ચને અનુદાનપાત્ર ગણે ત્યારે અમલ કરવાનું મેનેજમેન્ટે ઠરાવ્યું છે. | |
| ૮. | એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ શ્રી ગોસ્વામી એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ | હા | (૧) આચાર્ય પી. એચ. ભટ્ટ |
| ૯. | શ્રી નટવરસિંહજી આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર | હા | (૧) શ્રી. જી. એફ. ઠાકોર (લેબો. આસિસ્ટન્ટ) |
| ૧૦. | સરકારી આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગર | સરકારી કૉલેજ હોઈ માહિતી મોકલવાની રહેતી નથી. | |

| | | |
|---|---|---|
| ૧૧. શ્રી આર. કે. પરીખ સાયન્સ કોલેજ, પેટલાદ | હા. પહેલાં ફંડ ઊભું કર્યું હતું ને ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી હતી પરંતુ ગ્રાન્ટ સરકારે અમાન્ય કરતાં સદરહુ ફંડમાં કોઈ રકમ ફાળવેલ નથી. સરકાર તરફથી આ અંગેની આર્થિક સહાય મળતાં ગ્રેચ્યુઈટીનો અમલ કરવામાં આવશે. | પ્રો. વાય. કે. જોશી |
| ૧૨. એચ. એલ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ | સરકારશ્રીએ ગ્રેચ્યુઈટી અંગે ગ્રાન્ટ આપવા કોઈ નિર્ણય લીધો નથી તેથી જૂન '૭૭ પછી પાલન કરવામાં આવતું નથી. | (૧) શ્રી. વી. એમ. પટેલ (લાઇબ્રેરિયન)(૧૯૭૫-'૭૬)<br>(૨) શ્રી. છેદીરામ તિવારી (પટાવાળા)(૧૯૭૫-'૭૬)<br>(૩) શ્રી. આર. એમ. શાહ (હેડ કલાર્ક)(૧૯૭૬-'૭૭)<br>(૪) શ્રી. ડી. ડી. ત્રિવેદી (વ્યાખ્યાતા)(૧૯૭૭-'૭૮) |
| ૧૩. શ્રીમતી એસ. સી. પટેલ ફરતીકૂઈવાળા કોમર્સ કોલેજ, ડભોઈ | ગ્રેચ્યુઈટી માટે જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ સરકાર ગ્રેચ્યુઈટીના ખર્ચને માન્ય કરતી નહીં હોવાથી ગ્રેચ્યુઈટીની જોગવાઈ બંધ કરવામાં આવી છે. | |
| ૧૪. વિવેકાનંદ કોલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા | ગ્રેચ્યુઇટી અંગે સરકારશ્રીએ નિર્ણય કરેલ નથી, તેથી માહિતી આપવાની રહેતી નથી | |
| ૧૫. એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ, અમદાવાદ | સરકારશ્રીના નિયમોનું પાલન કરવામાં આવે છે. | |
| ૧૬. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ | હા<br>રાજ્ય સરકારના ધોરણે જેમની નિમણૂકો કરવામાં આવે છે, તેમને રાજ્ય સરકારના ધોરણે ગ્રેચ્યુઈટી ચૂકવવામાં આવે છે. | (૧) ડૉ. એ. પી. દીક્ષિત<br>(૨) ડૉ. એસ. એ. ત્રિવેદી |

## પરિશિષ્ટ "૨"

**પ્રશ્ન ક્રમાંક ૨૧/૨૨/૩૧/૩૨/૩૫/૩૬/૬૯ અને ૭૧ અંગેની તા. ૧૩–૩–૧૯૮૦ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી :**

### શિક્ષણશાસ્ત્રની કૉલેજ અંગેની માહિતી

૧. નીચેની નૂતન શિક્ષણપદ્ધતિઓ દ્વારા એજ્યુકેશન કૉલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ વર્ષ ૧૯૭૯–૮૦ દરમિયાન આપેલા નિદર્શન પાઠોની પદ્ધતિવાર સંખ્યા :

**(૧) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ**

| સેમિનાર | વર્ક-શોપ | જૂથ-ચર્ચા | પેનલ-ચર્ચા | સિમ્પોઝિયમ | પ્રોજેક્ટ | પ્રદર્શન (પ્રયુક્તિ) | અભિક્રમિત અધ્યયન | સ્વાધ્યાય પદ્ધતિ | કથન પ્રશ્નોત્તરી (ઔપચારિક પદ્ધતિ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| — | — | ૧ | — | — | — | ૧ | — | — | ૧૯ |

અંશતઃ

૨. ૧૯૭૯–૮૦ના વર્ષ દરમિયાન એજ્યુકેશન કૉલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ નીચેનાં દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને પ્રત્યેક સાધન વાર કુલ કેટલા નિદર્શન પાઠ આપ્યા તેની પ્રોફોર્મામાં માહિતી :

| એપિડાયોસ્કોપથી | સ્લાઇડોના ઉપયોગથી | ફિલ્મસ્ટ્રીપ પ્રોજેક્ટરથી | ૧૬મી.મી. પ્રોજેક્ટરથી | ઓવરહેડ પ્રોજેક્ટરથી | ટેપ રેકોર્ડરથી | ન્યૂ માસ્ટર પ્રોજેક્ટરથી | કૉલમ નં. ૨થી ૮ પ્રમાણે આપેલા કુલ પાઠ | અપાયેલ કુલ નિદર્શન પાઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૦ | ૧ | — | ૧ | — | ૪ | ૧૯ |

૩. પહેલા સત્રમાં અને બીજા સત્રમાં ફીની પેટાવિગતો સાથે લેવામાં આવેલી ફી છે તે અંગેની (પહોંચમાંની વિગતો પ્રમાણે) માહિતી આપશો :

| પ્રથમ સત્ર | રૂ. | દ્વિતીય સત્ર | રૂ. |
|---|---|---|---|
| (૧) ટ્યૂશન ફી | ૨૭૫—૦૦ | (૧) ટ્યૂશન ફી | ૨૭૫—૦૦ |
| (૨) યુનિયન/જિમખાના ફી | ૧૦—૦૦ | (૨) યુનિયન/જિમખાના ફી | ૧૦—૦૦ |
| (૩) સ્ટેશનરી ફી | ૨૦—૦૦ | (૩) સ્ટેશનરી ફી | ૨૦—૦૦ |
| (૪) સ્ટુડન્ટ વેલ્ફેર ફી | ૨—૦૦ | (૪) સ્ટુડન્ટ વેલ્ફેર | ૨—૦૦ |
| (૫) કૉશન મની | ૨૦—૦૦ | (૫) લાઇબ્રેરી ફી | ૫—૦૦ |
| (૬) લાઇબ્રેરી ફી | ૫—૦૦ | (૬) પરીક્ષા ફી | ૫—૦૦ |
| (૭) પરીક્ષા ફી | ૫—૦૦ | | |
| | ૩૩૭—૦૦ | | ૩૧૭—૦૦ |

૪. પોતાની પ્રાયોગિક શાળાઓ જો હોય તો તેનો ઉપયોગ નિદર્શન પાઠ આપવા ઉપરાંત અન્ય કઈ આખા વર્ષને વ્યાપી લેતી પ્રવૃત્તિઓ માટે કરે છે તેની માહિતી :

જરૂર પડયે પ્રાયોગિક શાળાનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રેક્ટિસિંગ સ્કૂલ તરીકે આખું વર્ષ ઉપયોગમાં લેવામાં આવે છે.

૫. કૉલેજના આચાર્ય લગભગ મોટા ભાગના અધ્યાપકોને સામેલ કરી શકાય તે રીતે વ્યાપક પ્રમાણમાં નીચેની કઈ બાબતોમાં અધ્યાપક મિત્રોને સામેલ કરેલ છે તેની માહિતી :

| | | |
|---|---|---|
| (૧) કૉલેજની વિદ્યાર્થી પ્રવેશ સમિતિમાં | : | — |
| (૨) કૉલેજના સમયપત્રકની રચનામાં | : | અનુભવી અધ્યાપક સમયપત્રક ગોઠવે છે. |
| (૩) વ્યાખ્યાનોના અને પાઠતાલીમના આયોજનમાં | : | અનુભવી અધ્યાપક પાઠ તાલીમનું આયોજન કરે છે. |
| (૪) ગવર્નિંગ બોડીમાં | : | — |
| (૫) પુસ્તકાલય માટેની પુસ્તકપસંદગીમાં | : | અધ્યાપકો પોતાની જરૂરિયાતવાળાં પુસ્તકોની યાદી સાથે તેમાંથી ઉપલબ્ધ પુસ્તકો મંગાવવામાં આવે છે. |
| (૬) કૉલેજમાં નિમંત્રિત અતિથિવિશેષોનો પરિચય કરાવવામાં અને / અથવા તેમની આભારવિધિમાં | : | અતિથિવિશેષનો પરિચય હોય તો અધ્યાપકશ્રી કરે છે. અતિથિવિશેષનો પરિચય અધ્યાપકોને ન હોય તો આચાર્યશ્રી કરે છે. આભારવિધિ સામાન્યતઃ વિદ્યાર્થીઓ કરે છે. |

૬. આચાર્ય કૉલેજના કામ ઉપરાંત અન્ય જે જે સમિતિઓમાં જે જે સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરે છે તેની માહિતી :

(૧) યુનિ. કોર્ટના સભ્ય તરીકે
(૨) યુનિ. એક્ઝિક્યુટિવ સમિતિના સભ્ય તરીકે
(૩) યુનિ. એક્ઝિક્યુટિવ સમિતિના સભ્યશ્રીની રૂએ અન્ય પેટાસમિતિઓમાં
(૪) સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડના સભ્ય તરીકે
(૫) માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારીના સભ્ય તરીકે.

**કૉલેજ ઓફ એજ્યુકેશન, ડભોઈ ઇ મ લી :**

૧. નીચેની નૂતન શિક્ષણપદ્ધતિઓ દ્વારા એજ્યુકેશન કૉલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ વર્ષ ૧૯૭૯–૮૦ દરમિયાન આપેલા નિદર્શન પાઠોની પદ્ધતિવાર સંખ્યા :

| સેમિનાર | વર્કશોપ | જૂથચર્ચા | પેનલચર્ચા | સિમ્પોઝિયમ | પ્રોજેક્ટ | પ્રદર્શન (પ્રયુક્તિ) | આભક્રમિત અધ્યયન | સ્વાધ્યાય પદ્ધતિ | કથન પ્રશ્નોત્તરી (ઔપચારિક પદ્ધતિ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| હા | — | હા | હા | હા | હા | હા | — | હા | હા |

૨. ૧૯૭૯–૮૦ વર્ષ દરમિયાન એજ્યુકેશન કૉલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ નીચેનાં દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને પ્રત્યેક સાધનવાર કુલ કેટલા નિદર્શન પાઠ આપ્યા તે નીચેના પ્રોફોર્મામાં જણાવશો :

| એપિ-ડાયો-સ્કોપથી | સ્લાઈડોના ઉપયોગથી | ફિલ્મસ્ટ્રીપ પ્રોજેક્ટર-થી | ૧૬ મિ.મી. પ્રોજેક્ટર-થી | ઓવરહેડ પ્રોજેક્ટર-થી | ટેપ-રેકોર્ડર-થી | ન્યૂ માસ્ટર પ્રોજેક્ટરથી | કૉલમ નં. ૨થી ૮ પ્રમાણે આપેલા કુલ પાઠ | અપાયેલ કુલ નિદર્શન પાઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| — | — | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૧૦ |

૩. પહેલા સત્રમાં અને બીજા સત્રમાં ફીની પેટાવિગતો સાથે કેટલી ફી લેવામાં આવે છે તેની કૉલેજો ફીની પહોંચમાંની વિગતો પ્રમાણે માહિતી આપશો.

—

૪. શિક્ષણશાસ્ત્રની જે કૉલેજો પાસે પોતાની પ્રાયોગિક શાળાઓ છે. તેઓ તેનો ઉપયોગ માત્ર નિદર્શન પાઠ આપવા ઉપરાંત અન્ય કઈ આખા વર્ષને વ્યાપી લેતી પ્રવૃત્તિઓ માટે કરે છે?

હા

૫. શિક્ષણશાસ્ત્રની કૉલેજોના આચાર્યશ્રીઓ લગભગ મોટા ભાગના અધ્યાપકોને સામેલ કરી શકાય તે રીતે વ્યાપક પ્રમાણમાં નીચેની કઈ બાબતોમાં અધ્યાપકમિત્રોને સામેલ કરેલ છે?

૧. કૉલેજની વિદ્યાર્થી પ્રવેશ સમિતિમાં ... હા
૨. કૉલેજના સમયપત્રકની રચનામાં ... હા
૩. વ્યાખ્યાનોના અને પાઠતાલીમના આયોજનમાં ... હા
૪. ગવર્નિંગ બૉડીમાં ... હા
૫. પુસ્તકાલય માટેની પુસ્તકપસંદગીમાં ... હા
૬. કૉલેજમાં નિમંત્રિત અતિથિવિશેષોનો પરિચય કરાવવામાં અને/અથવા તેમની આભારવિધિમાં ... હા

૬. શિક્ષણશાસ્ત્રની કૉલેજોના આચાર્યશ્રીઓ કૉલેજના કામ ઉપરાંત અન્ય જે જે સમિતિઓમાં જે જે સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરતા હોય તેની માહિતી આપશો:

(૧) બૉર્ડ ઑફ સ્ટડીઝના મેમ્બર છે.

**શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત**

નીચેની નૂતન શિક્ષણપદ્ધતિઓ દ્વારા એજ્યુકેશન કૉલેજોના આચાર્ય સહિત આધ્યાપકોએ વર્ષ ૧૯૭૯—૮૦ દરમિયાન આપેલા નિદર્શન પાઠોની પદ્ધતિવાર સંખ્યા :

| સેમિનાર | વર્કશાપ | જૂથ ચર્ચા | પેનલ ચર્ચા | સિમ્પો. ઝિયમ | પ્રોજેક્ટ | પ્રદર્શન (પ્રયુક્તિ) | અભિક્રમિત અધ્યયન | સ્વાધ્યાય પદ્ધતિ | કથન પ્રશ્નોત્તરી (ઓપચારિક પદ્ધતિ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| — | — | — | — | — | — | — | — | — | ૧૨ |

ગણિત, વિજ્ઞાન, વા. ગણિત, અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ઇતિહાસ અને ભૂગોળ.

**નોંધ.**— કોઈ એક પદ્ધતિથી સમગ્ર પાઠ આપવામાં આવ્યો નથી, પરંતુ જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ વિષય અને જરૂરિયાત પ્રમાણે કરવામાં આવ્યો છે.

૨. ૧૯૭૯–૮૦ના વર્ષ દરમિયાન એજ્યુકેશન કોલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ નીચેનાં દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને પ્રત્યેક સાધનવાર કુલ કેટલા નિદર્શન પાઠ આપ્યા તે નીચેના પ્રોફોર્મામાં જણાવશો :

| એપિડાયોસ્કોપથી | સ્લાઈડોના ઉપયોગથી | ફિલ્મસ્ટ્રીપ પ્રોજેક્ટરથી | ૧૬ મિ.મી. પ્રોજેક્ટરથી | ઓવરહેડ પ્રોજેક્ટરથી | ટેપ-રેકોર્ડરથી | ન્યૂ માસ્ટર પ્રોજેક્ટરથી | કોલમ નં. ૨થી ૮ પ્રમાણે આપેલા કુલ પાઠ | અપાયેલ કુલ નિદર્શન પાઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| વિજ્ઞાન—૨ | — | — | — | ૩ | ૩ | — | ૮ | ૧૨ |

૩. પહેલા સત્રમાં અને બીજા સત્રમાં ફીની પેટાવિગતો સાથે કેટલી ફી લેવામાં આવે છે તેની કોલેજો ફીની પહોંચમાંની વિગતો પ્રમાણે માહિતી આપશો :

| પ્રથમ સત્ર | | બીજું સત્ર | |
|---|---|---|---|
| રૂ. | | રૂ. | |
| ૨૭૫ | ટ્યૂશન ફી | ૨૭૫ | ટ્યૂશન ફી |
| ૫ | જિમખાના | ૫ | જિમખાના |
| ૫ | લાઇબ્રેરી | ૫ | લાઇબ્રેરી |
| ૫ | પરીક્ષા–સ્ટે. | ૫ | પરીક્ષા–સ્ટે. |
| ૫ | યુનિયન મેગે. | ૫ | યુનિયન મેગે. |
| ૧ | પ્રવેશ | ૨ | સ્ટુ. એઈડ ફંડ |
| ૨ | સ્ટુ. એઈડ ફંડ | | |

૪. શિક્ષણશાસ્ત્રની જે કોલેજો પાસે પોતાની પ્રાયોગિક શાળાઓ છે. તેઓ તેનો ઉપયોગ માત્ર નિદર્શન પાઠ આપવા ઉપરાંત અન્ય કઈ આખા વર્ષને વ્યાપી લેતી પ્રવૃત્તિઓ માટે કરે છે ?

(૧) તાલીમાર્થીઓના પાઠ આપવા.

(૨) તાલીમાર્થીઓ—ક્ષેત્ર કાર્ય કરવા માટે.

(૩) પ્રાધ્યાપકો—કેટલીક પદ્ધતિઓની અજમાયશ માટે.

(૪) પ્રાધ્યાપકો—નાના સંશોધન માટે.

૫. શિક્ષણશાસ્ત્રની કોલેજોના આચાર્યશ્રીઓ લગભગ મોટા ભાગના અધ્યાપકોને સામેલ કરી શકાય તે રીતે વ્યાપક પ્રમાણમાં નીચેની કઈ બાબતોમાં અધ્યાપક મિત્રોને સામેલ કરેલ છે ?

(૧) કોલેજની વિદ્યાર્થી પ્રવેશ સમિતિમાં ... હા

(૨) કોલેજના સમયપત્રકની રચનામાં ... હા

(૩) વ્યાખ્યાનોના અને પાઠ તાલીમના આયોજનમાં ... હા

(૪) ગવર્નિંગ બોડીમાં —

(૫) પુસ્તકાલય માટેની પુસ્તક પસંદગીમાં ... બધા જ પ્રાધ્યાપકોને.

(૬) કોલેજમાં નિમંત્રિત અતિથિવિશેષોનો પરિચય કરાવવામાં અને/અથવા તેમની આભારવિધિમાં ... વારાફરતી બધા જ અધ્યાપકોને.

૬. શિક્ષણશાસ્ત્રની કૉલેજોના આચાર્યશ્રીઓ કૉલેજના કામ ઉપરાંત અન્ય જે જે સમિતિઓમાં જે જે સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરતા હોય તેની માહિતી આપશો.

કૉલેજની ગવર્નિંગ બોડીમાં.

યુનિ. શિક્ષણના બોર્ડ ઑફ સ્ટડીઝમાં (ઑક્ટોબર સુધી).

**કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ**

૧. નીચેની નૂતન શિક્ષણપદ્ધતિઓ દ્વારા એજ્યુકેશન કૉલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ વર્ષ ૧૯૭૯–૮૦ દરમિયાન આપેલા નિદર્શન પાઠોની પદ્ધતિવાર સંખ્યા :

| સેમિનાર | વર્કશૉપ | જૂથ ચર્ચા | પેનલ ચર્ચા | સિમ્પો- ઝિયમ | પ્રોજેક્ટ | પ્રદર્શન (પ્રયુક્તિ) | અભિક્રમિત અધ્યયન | સ્વાધ્યાય પદ્ધતિ | કથન પ્રશ્નોત્તરી (ઔપચારિક પદ્ધતિ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભૂગોળ ૧<br>વિજ્ઞાન ૧ | | | ઇતિહાસ | | ભૂગોળ ૧ | | | હિન્દી (૧)<br>વા. ગણિત, વિજ્ઞાન (૨)<br>ગુજરાતી (૨)<br>અર્થશાસ્ત્ર, અંગ્રેજી (૨)<br>સંસ્કૃત, ગણિત |

૨. ૧૯૭૯–૮૦ના વર્ષ દરમિયાન એજ્યુકેશન કૉલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ નીચેનાં દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને પ્રત્યેક સાધનવાર કુલ કેટલા નિદર્શન પાઠ આપ્યા તે નીચેના પ્રોફોર્મામાં જણાવશો :

| એપિડાયો સ્કોપથી | સ્લાઈડોના ઉપયોગથી | ફિલ્મસ્ટ્રિપ પ્રોજેક્ટરથી | ૧૬ મિ. મી. પ્રોજેક્ટરથી | ઓવરહેડ પ્રોજેક્ટરથી | ટેપ- રેકોર્ડરથી | ન્યૂ માસ્ટર પ્રોજેક્ટરથી | કૉલમ નં. ૨થી ૮ પ્રમાણે આપેલા કુલ પાઠ | અપાયેલ કુલ નિદર્શન પાઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | — | ૧ | — | | |

ફ્લેનલ, બુલેટિન અને નમૂનાઓ ઉપર આધારિત.

**નોંધ.**—ઉપરોક્ત દરેક સાધનનું નિદર્શન સંસ્થામાં વારંવાર થાય છે.

૩. પહેલા સત્રમાં અને બીજા સત્રમાં ફીની પેટાવિગતો સાથે કેટલી ફી લેવામાં આવે છે તેની કૉલેજો ફીની પહોંચમાંની વિગતો પ્રમાણે માહિતી આપશો :

| ટ્યૂશન ફી | લાઇબ્રેરી ફી | પરીક્ષા ફી | સ્ટુડન્ટ યુનિયન ફી | સ્ટુ. એઇડ ફંડ | ટોટલ |
|---|---|---|---|---|---|
| રૂ. ૨૭૫ | રૂ. ૫ | રૂ. ૫ | રૂ. ૧૦ | ૨ | રૂ. ૨૯૭ |

૪. શિક્ષણશાસ્ત્રની જે કૉલેજો પાસે પોતાની પ્રાયોગિક શાળાઓ છે તેઓ તેનો ઉપયોગ માત્ર નિદર્શન પાઠ આપવા ઉપરાંત અન્ય કઈ આખા વર્ષને વ્યાપી લેતી પ્રવૃત્તિઓ માટે કરે છે ?

ચર્ચાસભા—સાંસ્કૃતિક કાર્યક્રમ—શિક્ષણ સુધારણા પરિસંવાદ—વ્યાખ્યાન—પ્રદર્શન વિસ્તરણ—પ્રોજેક્ટ્સ—વાલી સંમેલન આયોજન—પુસ્તકપસંદગી—સંસ્થાકીય કાર્યરૂપોમાં આમંત્રણ.

૫. શિક્ષણશાસ્ત્રની કૉલેજોના આચાર્યશ્રીઓ લગભગ મોટા ભાગના અધ્યાપકોને સામેલ કરી શકાય તે રીતે વ્યાપક પ્રમાણમાં નીચેની કઈ બાબતોમાં અધ્યાપક મિત્રોને સામેલ કરેલ છે?

૧. કૉલેજની વિદ્યાર્થી પ્રવેશ સમિતિમાં
હા. દરેક અધ્યાપક ઉપસ્થિત રહે છે.

૨. કૉલેજના સમયપત્રકની રચનામાં
હા. બે અધ્યાપક મિત્રો અન્યના સહયોગથી સમયપત્રક રચે છે.

૩. વ્યાખ્યાનોના અને પાઠતાલીમના આયોજનમાં
હા. બે અધ્યાપક મિત્રો અન્યના સહયોગથી આયોજન કરે છે.

૪. ગવર્નિંગ બૉડીમાં
હા.

૫. પુસ્તકાલય માટેની પુસ્તકપસંદગીમાં
હા. યાદી માગવામાં આવે છે અને અન્યનાં સૂચનો સ્વીકારવામાં આવે છે. પુસ્તકો-સંચાલન લેતા અધ્યાપકોનો સહયોગ લેવાય છે.

૬. કૉલેજમાં નિમંત્રિત અતિથિવિશેષોનો પરિચય કરાવવામાં અને/અથવા તેમની આભારવિધિમાં
હા, અધ્યાપકોનો સહયોગ લેવાય છે.

૬. શિક્ષણશાસ્ત્રની કૉલેજોના આચાર્યશ્રીઓ કૉલેજના કામ ઉપરાંત અન્ય જે જે સમિતિઓમાં જે જે સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરતા હોય તેની માહિતી આપશો :

(૧) બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સભ્ય તરીકે.
(૨) IAEWP ગુજરાત શાખાના મંત્રી
(૩) જિલ્લા આયોજન મંડળના સભ્ય
(૪) સામયિકો( ઉદ્ગતિ શિક્ષણ, શિક્ષણસુવાસ )ના તંત્રીમંડળના સભ્ય.

## વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા

## શિક્ષણશાસ્ત્રની કૉલેજ, અંગેની માહિતી

૧. નીચેની નૂતન શિક્ષણપદ્ધતિથી એજ્યુકેશન કૉલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ વર્ષ ૧૯૭૯–૮૦ દરમિયાન આપેલા નિદર્શન પાઠોની પદ્ધતિવાર સંખ્યા આપશો :

| સેમિનાર | વર્કશોપ | જૂથ ચર્ચા | પેનલ ચર્ચા | સિમ્પોઝિયમ | પ્રોજેક્ટ | પ્રદર્શન (પ્રયુક્તિ) | અભિક્રમિત અધ્યયન | સ્વાધ્યાય પદ્ધતિ | કથન પ્રશ્નોત્તરી (ઔપચારિક પદ્ધતિ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બીજા સત્રમાં દરેક પદ્ધતિના જૂથમાં આ પદ્ધતિઓ અંગેના સિમ્યુલેટેડ પાઠ ગોઠવાય છે. | | | | | | | | | પ્રથમ સત્રના પ્રારંભમાં દરેક પદ્ધતમાં એકેક પાઠ |

૨. ૧૯૭૯–૮૦ના વર્ષ દરમિયાન એજ્યુકશન કૉલેજોના આચાર્ય સહિત અધ્યાપકોએ નીચેનાં દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને પ્રત્યેક સાધનવાર કુલ કેટલા નિદર્શન પાઠ આપ્યા તે નીચેના પ્રોફોર્મામાં જણાવશો :

| એપિડાયો સ્લાઈડોના સ્કોપથી | ફિલ્મસ્ટ્રીપ ઉપયોગથી | ૧૬ મિ.મી. પ્રોજેક્ટરથી | ઓવરહેડ પ્રોજેક્ટરથી | ટેપ- પ્રોજેક્ટ-રથી | ન્યૂમાસ્ટર રેકોર્ડરથી | કોલમ નં. ૨થી પ્રોજેક્ટરથી | ૮ પ્રમાણે આપેલા કુલ પાઠ | અપાયેલ નિદર્શન પાઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| — | ૨ | ૨ | ૧ | — | ૨ | — | ૭ | દરેક સત્રમાં એકેક પાઠ અધ્યાપક આપે છે. |

૩. પહેલા સત્રમાં અને બીજા સત્રમાં ફીની પેટાવિગતો સાથે કેટલી ફી લેવામાં આવે છે તેની કોલેજો ફીની પહોંચમાંની વિગતો પ્રમાણે માહિતી આપશો :

| | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | ઇતર ફીની વિગતો |
|---|---|---|---|
| | રૂ. | રૂ. | રૂ. |
| સત્ર ફી | ૨૭૫.૦૦ | ૨૭૫.૦૦ | ૫.૦૦ પુસ્તકાલય ફી |
| ઇતર ફી | ૧૪.૦૦ | ૧૩.૦૦ | ૫.૦૦ પરીક્ષા ફી |
| જિમખાના ફી | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧.૦૦ પ્રવેશ ફી |
| | | | ૨.૦૦ સ્ટુડન્ટ એઇડ ફી |
| | | | ૧.૦૦ સ્ટુડન્ટ વીમા પ્રિમિયમ |
| | | કુલ... | ૧૪.૦૦ |

૪. શિક્ષણશાસ્ત્રની જે કોલેજો પાસે પોતાની પ્રાયોગિક શાળાઓ છે તેઓ તેનો ઉપયોગ માત્ર નિદર્શન પાઠ આપવા ઉપરાંત અન્ય કઈ આખા વર્ષને વ્યાપી લેતી પ્રવૃત્તિઓ માટે કરે છે?

૧. પ્રાયોગિક પાઠો આપવા માટે
૨. અનુભવી શિક્ષકોના પાઠોના અવલોકન માટે
૩. વિદ્યાર્થીઓના બુદ્ધિ આંક શોધવા ઇત્યાદિ ક્ષેત્રીય કાર્યો માટે
૪. એસ. યુ. પી. ડબલ્યુ.ની પ્રવૃત્તિઓ માટે
૫. શિક્ષણશાસ્ત્રની કોલેજોના આચાર્યશ્રીઓ લગભગ મોટા ભાગના અધ્યાપકોને સામેલ કરી શકાય તે રીતે વ્યાપક પ્રમાણમાં નીચેનો કઈ બાબતોમાં અધ્યાપક મિત્રોને સામેલ કરેલ છે?

૧. કોલેજની વિદ્યાર્થી પ્રવેશ સમિતિમાં ... હા
૨. કોલેજના સમયપત્રકની રચનામાં ... હા
૩. વ્યાખ્યાનોના અને પાઠતાલીમના આયોજનમાં ... હા
૪. ગવર્નિંગ બોડીમાં ... —
૫. પુસ્તકાલય માટેની પુસ્તકપસંદગીમાં ... હા
૬. કૉલેજમાં નિમંત્રિત અતિથિવિશેષોનો પરિચય કરાવવામાં અને/અથવા તેમની આભારવિધિમાં ... હા

૬. શિક્ષણશાસ્ત્રની કોલેજોના આચાર્યશ્રીઓ કોલેજના કામ ઉપરાંત અન્ય જે જે સમિતિઓમાં જે જે સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરતા હોય તેની માહિતી આપશો :

બોર્ડ ઑફ સ્ટડીઝ(એજ્યુકેશન)ના સભ્ય.

## પરિશિષ્ટ "૩"

શ્રી. એ. ટી. અજમેરાના પ્રશ્ન ક્રમાંક ૭૩ અંગેની માહિતી :

એપ્રિલ ૧૯૮૦ની બી.એડ. પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની વિષય પદ્ધતિ (Subject Method) વાર અને વિશિષ્ટ ક્ષેત્ર (Special Field) વાર કુલ સંખ્યા નીચે પ્રમાણે છે :

| બી.એડ. એપ્રિલ, ૧૯૮૦ | નવો | જૂનો | કુલ |
|---|---|---|---|
| **Subject of Method** | | | |
| 1. Gujarati | 1085 | 14 | 1099 |
| 2. Hindi | 780 | 9 | 789 |
| 3. English | 347 | 5 | 352 |
| 4. Sanskrit | 304 | – | 304 |
| 5. History | 692 | 8 | 700 |
| 6. Geography | 833 | 7 | 840 |
| 7. Maths. | 458 | 5 | 463 |
| 8. Science | 492 | 7 | 498 |
| 9. Chemistry | 1 | – | 1 |
| 10. Economics | 285 | – | 285 |
| 11. Business Maths. | 407 | 2 | 409 |
| 12. Commerce | 62 | – | 62 |
| 13. Elements of Bookkeeping | 35 | – | 35 |
| 14. Problems of Modern Life in Contest of Indian Culture | 13 | – | 13 |
| | | | 5850 |
| **Special Field** | | | |
| 1. Educational Technology | 239 | — | 239 |
| 2. Educational and Vocational Guidance | 460 | — | 460 |
| 3. School Library Organization | 1324 | — | 1324 |
| 4. Methods of Experimentation and Educational Statistics | 504 | — | 504 |

| | | | |
|---|---|---|---|
| 5. Techique of Roading | 54 | — | 54 |
| 6. Nonformal Education | 25 | — | 25 |
| 7. Population Education | 48 | — | 48 |
| 8. School Supervision and Inspection | 243 | — | 243 |
| | | | 2897 |

**Old Course**

| | | | |
|---|---|---|---|
| Audiovisual Education | ... 4 | | |
| Vocational Guidance | ... 10 | | |
| School Library Organisation | ... 14 | | |
| | 28 | = | 2925 |

# પરિશિષ્ટ "૪"

**શ્રી. નગીનભાઈ શાહ**ના પ્રશ્ન ક્રમાંક ૯૬ અંગેની ખંભાતની કોલેજોની ઉપલબ્ધ થયેલ માહિતી :

| કૉલેજનું નામ | પી.એફ. નું ખાતું રાખવામાં આવ્યું છે ? | કઈ જગ્યાએ ? | ખાતા નંબર | નિયમિત ફાળો જમા થાય છે ? | સંસ્થાનો ફાળો નિયમિત જમા થાય છે ? | જમા થયા વિનાની બાકી રકમ છે ? | સરકારમાં જમા થયા છે ? | ક્યારથી ? | અધ્યાપકોની રકમ કૉલેજ પાસે છે ? | કેટલી રકમ ? | વ્યાજ અપાય છે ? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન | હા | દેના બેંક | — | હા | ૧૯૭૭ પછીનો જમા થાય છે. | હા | ના | — | ના | — | નિયમ મુજબ વ્યાજ અપાય છે. |
| ૨. શ્રી સી. વી. શાહ લૉ કૉલેજ | હા | યુનાઇટેડ કોમર્શિયલ બેંક | — | ના | ના | હા | — | — | પી.એફ.ની રકમ આપવાની જવાબદારી કેળવણી મંડળની છે. | — | સરકારી ધોરણ મુજબ વ્યાજ ઉમેરવામાં આવે છે. |
| ૩. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી | હા | બરોડા બેંક | — | હા | હા. ગ્રાન્ટ મળ્યેથી જમા થાય છે. | ના | ના સરકાર પાસે સ્પષ્ટતા માગી છે. | — | ના | — | રકમ કૉલેજ પાસે ન હોવાથી વ્યાજનો પ્રશ્ન નથી. |

# પરિશિષ્ટ "૫"

શ્રી. એન. એસ. શાહ ના પ્રશ્ન ક્રમાંક ૯૭ અંગેની માહિતી :

૧૯૭૭–૭૮

| નુ. | પાર્ટીનું નામ | | પુસ્તકોની કિંમત રૂ. પૈ. |
|---|---|---|---|
| ૧. | બાલગોવિંદ બુકસેલર્સ | | ૨૮,૭૭૯–૩૪ |
| ૨. | યુનિ. કો-ઓપરેટિવ કન્ઝયુમર્સ સ્ટોર્સ | | ૫,૧૨૫–૭૦ |
| ૩. | હિમાંશુ બુક કં. | | ૬૯,૫૪૮–૦૯ |
| ૪. | કોઠારી બુક ડીપો | | ૨૪૮–૦૦ |
| ૫. | ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય | | ૪૬૧–૭૦ |
| [illegible] | [illegible] | | ૩,૩૩૦–૩૪ |
| [illegible] | [illegible] | | ૧૫,૨૧૯–૮૮ |
| ૮. | ઓરયન્ટલ બુક સન્ટર | | ૧,૮૭૬–૦૦ |
| ૯. | પ્રિન્ટ-ઓ-બુક | | ૨,૮૦,૦૯૫–૦૯ |
| ૧૦. | અન્ય બુકસેલર્સ કુલ ૫૨ | = કુલ સરવાળો ... | ૮૬,૫૭૯–૬૩ |

## GUJARAT UNIVERSITY LIBRARY

from 1-4-1978 to 31-3-1979

| Sr. No. | Name of the Bookseller | Amount Rs. P. |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 1. | M/s. Print—O—Book Co. | 3,37,860—00 |
| 2. | M/s. Himanshu Book Co. | 1,88,635—00 |
| 3. | M/s. New Order Book Co. | 6,618—00 |
| 4. | M/s. Mahajan Bros. | 10,416—00 |
| 5. | M/s. Shah Medical Store | 5,065—00 |
| 6. | M/s. Jodhpur Uni. Co-op.Book Shop Ltd. | 162—00 |
| 7. | M/s. Sadhana Prakashan | 186—00 |
| 8. | M/s. Gurjar Granth Ratna Karyalaya | 2,797—00 |
| 9. | M/s. Balgovind Booksellers | 21,548—00 |
| 10. | M/s. International Book House | 4,499—00 |
| 11. | M/s. Kumkum Prakashan | 2,950—00 |
| 12. | M/s. Kitab Kendra | 33,730—00 |
| 13. | M/s. Bhalani Medical Stores | 3,330—00 |
| | | +20,580—00 |
| 14. | M/s. Rajneesh Literature List | 3,466—00 |
| 15. | M/s. Wily Eastern Book Shop | 9,745—00 |
| 16. | M/s. Granthagar | 32,737—00 |
| 17. | M/s. World Literature | 731—00 |
| 18. | M/s. B. S. Shah & Co. | 770—00 |
| 19. | M/s. Nagari Prachar Sabha, Varansi | 2,099—00 |
| 20. | M/s. Gujarat Pustakalaya, Mandal | 45—00 |
| 21. | M/s. Prakash Publishers, Jaipur | 2,485—00 |
| 22. | M/s. Orient Longmans, Bombay | 108—00 |
| 23. | Sastu Kitab Ghar | 60—00 |
| 24. | Munshiram Manoharlal | 354—00 |
| 25. | M/s. Metropolitan Book Co. | 117—00 |
| 26. | M/s. Cosmopolitan Book Co. | 144—00 |
| 27. | M/s. C. Jamanadas | 499—00 |
| 28. | M/s. Dalal Book Centre | 34,834—00 |
| 29. | M/s. Lyall Book Depot | 398—00 |
| 30. | M/s. Hindustan Book Agency | 1,040—00 |
| 31. | M/s. S. Chand & Co. | 959—00 |
| | | Rs. 7,28,967—00 |
| 32. | Govt. of India | 169—00 |
| 33. | M/s. Vikram Book Co. | 1,837—00 |
| 34. | M/s. Chaukhamba Orientallia | 175—00 |
| 35. | M/s. Vijay Prakashan | 534—00 |
| 36. | M/s. Pranav Prakashan | 198—00 |

| 1 | 2 | 3 |
|---|---|---|
| 37. | M/s. Ajanta Book International | 968—00 |
| 38. | Inst. of Indology | 9—00 |
| 39. | M/s. C. C. Vora | 4,294—00 |
| 40. | M/s. New Gujarat Law House | 60,701—00 |
| 41. | M/s. Balgovind Kuberdas & Co. | 4,227—00 |
| 42. | M/s. Paswa Book Corporation | 952—00 |
| 43. | M/s. Peoples' Book House | 3,212—00 |
| 44. | M/s- Devnagar Prakashan | 1,528—00 |
| 45. | M/s. JAICO. | 804—00 |
| 46. | M/s. Kerala Library Assoc. | 18—00 |
| 47. | M/s. Jagmandar Book Agency | 2,980—00 |
| 48. | M/s. National Book List. | 25,725—00 |
| 49. | M/s. Pragati Book-sellers | 510—00 |
| 50. | M/s. Adarsh Prakashan | 416—00 |
| 51. | M/s. Rachna Prakashan | 153—00 |
| 52. | M/s. Vora & Co. | 884—00 |
| 53. | M/s. U.B.S. Publishers' Distributors | 58—00 |
| 54. | M/s. Sudhir Prakashan | 22—o0 |
| 55. | Shri Kikani College Consumers' Co-op. Soc. Ltd. | 1,997—00 |
| 56. | M/s. Granthika | 108—00 |
| 57. | M/s. English Book Depot | 825—00 |
| 58. | M/s. R. R. Sheth & Co. | 8,250—00 |
| 59. | M/s. Saraswati Pustak Bhandar | 1,490—00 |
| 60. | M/s. Anada Book Depot | 19—00 |
| 61. | M/s. Navjivan Trust | 86—00 |
| 62. | M/s. Eastern Book Agency | 62—00 |
| 63. | M/s. Gujarat Law Reporter Office | 155—00 |
| | | 8,48,587—00 |
| 64. | M/s. National Council of Aoolied Economic Research, New Delhi | 31—00 |
| 65. | Prakash Publishers, Jaipur | 2,485—00 |
| 66. | M/s. Nirav Agency | 208—00 |
| 67. | M/s. Oriental Book Centre | 3,006—00 |
| 68. | M/s. Vidarthi Book Depot | 520—00 |
| 69. | M/s. Gujarat University | 110—00 |
| 70. | M/s. Jaybharat Prakashan | 70—00 |
| 71. | M/s. Khaze Booksellers | 2,105—00 |
| 72. | M/s. Kothari Book Depot | 259—00 |
| 73. | Gujarat Prantiya Rastrabhasa Prachar Samiti | 24—00 |
| | | 8,57,405—00 |

## પરિશિષ્ટ "૬"

### પ્રશ્ન ક્રમાંક ૧૦૬, ૧૦૭, ૧૬૪ અને ૧૬૫ અંગે તા. ૧૩-૩-'૮૦ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી

### ૧૯૭૯-૮૦ના વર્ષ દરમિયાન કાર્યકારી આચાર્ય અંગેની માહિતી :

| ક્રમાંક | કૉલેજનું નામ | આચાર્યની જગ્યા કઈ તારીખથી ખાલી છે? | કાર્યકારી આચાર્યનું નામ | કઈ સાલથી આચાર્ય તરીકે કામ કરે છે? | કાર્યકારી આચાર્યની નિમણૂકનું કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | કાપડિયા એન. એમ., એમ. એમ. આર્ટ્સ કૉલેજ, સંખેડા | ના | — | — | — |
| ૨. | સરકારી આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર | સરકારી કૉલેજ હોઈ માહિતી મોકલવાની રહેતી નથી. | | | |
| ૩. | મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ | તા. ૧-૧-'૭૯ થી | શ્રી. વી. આર. રૂડાણી | તા. ૧-૧-'૭૯થી | ખાલી જગ્યા પડવાથી (અગાઉના આચાર્ય-શ્રીએ રાજીનામું આપવાથી) |
| ૪. | એલ. ડી. ઍન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ | સરકારશ્રીના નિયમોનું પાલન કરવામાં આવે છે. | | | |
| ૫. | શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા | તા. ૫-૧૧-'૭૯થી | શ્રી. બી. એન. ગાંધી | તા. ૨૭-૧૧-'૭૯ | આચાર્યશ્રી રાજીનામું મૂકી યુનિવર્સિટીમાં જોડાયા હોવાથી. |

## પરિશિષ્ટ "૭"

## પ્રશ્ન ક્રમાંક ૧૦૮ અને ૧૧૦ની માહિતી

૧૯૭૯-૮૦ના વર્ષ દરમ્યાન નીચેની કૉલેજોએ ઓ. ૯૬ની માહિતીમાં વ્યાયામશિક્ષકના નામની માહિતી જણાવી નથી :

| કૉલેજ | માહિતી માટે લખેલ પત્ર તથા તારીખ | નોંધ |
|---|---|---|
| ૧. સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ | એકેડે./૯૬/૧૫/૦૭૦૯૨ તા. ૬-૯-'૭૯ | — |
| ૨. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ | એકેડે./૯૬/૧૪/૦૧૪૮૩૮ તા. ૨-૧-'૮૦ | વ્યાયામશિક્ષક પૂરા સમયના નથી. |
| ૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા | એકેડે./ઓ. ૯૬/૪૯/૧૫૮૯૫૯ તા. ૫-૧-૮૦ | |
| ૪. સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર | એકેડે./ઓ. ૯૬/૬૩/૦૧૫૪૨૮ તા. ૧૦-૧-૮૦ | |
| ૫. સાબર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતિજ | એકેડે./ઓ. ૯૬/૬૮/૦૧૫૫૨૯ તા. ૧૦-૧-૮૦ | |
| ૬. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ | એકે./ઓ. ૯૬/૮૯/૧૫૭૮૦૯ તા. ૨૬-૧૨-૭૯ | |
| ૭. સાયન્સ કૉલેજ, કડી | એકે./ઓ. ૯૬/૯૭/૦૧૮૬૭૬ તા. ૮-૨-૮૦ | |
| ૮. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ | એકે./ઓ. ૯૬/૧૧૭/૦૧૯૧૫૮ તા. ૧૫-૨-૧૯૮૦ | |
| ૯. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર | — | વ્યાયામશિક્ષક પૂરા સમયના નથી |
| ૧૦. ડી. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી, નડિયાદ | એકેડે. / ઓ. ૯૬/૧૪૨/૫૧૫૫૫ તા. ૧૮-૨-'૮૦ | |
| ૧૧. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ | એકેડે. / ઓ. ૯૬/૧૪૬/૧૭૪૧૦૨ તા. ૫-૧-'૮૦ | |
| ૧૨. બી. વી. ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ | એકેડે. / ઓ. ૯૬/૪૬/૧૪૯૦૧ તા. ૨૩-૧-'૮૦ | |
| ૧૩. દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ વીરમગામ | એકે. / ઓ. ૯૬/૪૭/૧૭૩૯૧૨ તા. ૪-૧-૮૦ | |
| ૧૪. આઈ. વી. કૉમર્સ કૉલેજ, નડિયાદ | એકે. / ઓ. ૯૬/૧૦૮/૦૧૯૦૨૩ તા. ૧૩-૨-૮૦ | વ્યાયામશિક્ષક પૂરા સમયના નથી. |
| ૧૫. આર્ટ્સ કૉલેજ, મોડાસા | એકે./ ઓ. ૯૬/૯/૯૦૯૨૯ તા. ૫-૯-૭૯ | વ્યાયામશિક્ષક ભગિની સંસ્થામાંથી આવે છે. |

## પરિશિષ્ટ "૮"

### શ્રી. દિલુભા કાળુભાના પ્રશ્ન ક્રમાંક ૧૧૩ અને ૧૧૪ની માહિતી :

યુનિવર્સિટી કોર્ટની માર્ચ, ૧૯૭૯ની સભામાં પૂછવામાં આવેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં જે કોલેજો તરફથી તા. ૧૫–૩–૧૯૮૦ સુધીમાં માહિતી આવી નથી તે કોલેજોનાં નામ :

૧. સી. બી. પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદ
૨. શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. એસ. વી. આર્ટ્સ કોલેજ, અમદાવાદ
૪. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કોલેજ, અમદાવાદ
૫. વિવેકાનંદ આર્ટ્સ કોલેજ, અમદાવાદ
૬. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ–સાયન્સ કોલેજ, છોટાઉદેપુર
૭. બનાસકાંઠા આર્ટ્સ–સાયન્સ કોલેજ, પાલનપુર
૮. સૈફી જ્યુબિલી આર્ટ્સ–કોમર્સ કોલેજ, સિદ્ધપુર
૯. સરસપુર આર્ટ્સ–કોમર્સ કૉલેજ, અમદાવાદ
૧૦. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ–કોમર્સ કોલેજ, અમદાવાદ
૧૧. રૂદેલવાળા આર્ટ્સ–કોમર્સ કોલેજ, બોરસદ
૧૨. આર્ટ્સ–કૉમર્સ કોલેજ, ખેડા
૧૩. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ–કોમર્સ કોલેજ, ઊંઝા
૧૪. વડનગર આર્ટ્સ–કૉમર્સ કોલેજ, વડનગર
૧૫. સરકારી આર્ટ્સ–કોમર્સ કોલેજ, ગાંધીનગર
૧૬. એમ. ઍન્ડ વી. આર્ટ્સ–કોમર્સ કોલેજ, હાલોલ
૧૭. પ્રકાશ ઍજ્યુકેશન કોલેજ, અમદાવાદ
૧૮. એસ. ટી. ટી. કોલેજ, ખેડા
૧૯. વિવેકાનંદ ઍજ્યુકેશન કોલેજ, અમદાવાદ
૨૦. આર. બી. સાગર કોલેજ, અમદાવાદ
૨૧. શ્રી એમ. એન. શુક્લ એજ્યુકેશન કોલેજ, અમદાવાદ
૨૨. એમ. જી. સાયન્સ કોલેજ, અમદાવાદ
૨૩. સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર
૨૪. એસ. વી. કોમર્સ કોલેજ, અમદાવાદ
૨૫. સી. યુ. શાહ સિટી કોમર્સ કોલેજ, અમદાવાદ
૨૬. એસ. વી. વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૨૭. એચ. કે. કોમર્સ કૉલેજ, અમદાવાદ
૨૮. વિવેકાનંદ કોમર્સ કોલેજ, અમદાવાદ
૨૯. શાહ સી. કે. મ્યુનિસિપલ કોમર્સ કોલેજ, કલોલ
૩૦. સાર્વજનિક કોમર્સ કોલેજ, ગોધરા

૩૧. વિવેકાનંદ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
૩૨. વિવેકાનંદ એજ્યુકેશન ઍન્ડ લૉ કૉલેજ, મહેસાણા
૩૩. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ
૩૪. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ
૩૫. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૩૬. એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
૩૭. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ
૩૮. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.
૩૯. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ

યુનિ. કોર્ટની ડિસેમ્બર, ૧૯૭૯ની સભામાં પૂછવામાં આવેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં જે કૉલેજો તરફથી આજ દિન સુધીમાં માહિતી આવી નથી તે કૉલેજોનાં નામ :

૧. શ્રીસ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૪. સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૫. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૬. એમ. ઍન્ડ વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ
૭. શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી
૮. સરકારી આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
૯. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૦. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
૧૧. શ્રી. એમ. એન. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
૧૨. એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૩. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૪. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૧૫. શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
૧૬. શ્રી વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા
૧૭. એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
૧૮. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ
૧૯. શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણ
૨૦. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ
૨૧. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ

## પરિશિષ્ટ "૯"

**પ્રશ્ન ક્રમાંક ૧૩૦, ૧૩૧, ૧૩૪ અને ૧૩૫, ૨૪૨, ૨૪૩ અને ૫૨૬ અંગે તા. ૧૩—૧૯૮૦ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી :**

નિયમિત પગારની ચુકવણી અંગેની માહિતી

| ક્રમાંક | કૉલેજનું નામ | નિયમિત પગારની ચુકવણીમાં યુનિ.ના ધારાધોરણનું પાલન છેલ્લા એક વર્ષમાં ન થયું હોય તેવું બન્યું છે? | જો તેમ બનવા પામ્યું હોય તો એપ્રિલ '૭૯થી ફેબ્રુ. '૮૦ સુધીમાં જે માસમાં તેમ બનવા પામ્યું હોય તેની પ્રત્યેક માસની માહિતી | | | હાલ કેટલા માસનો પગાર બાકી છે? |
|---|---|---|---|---|---|---|
| | | | મહિનાનું નામ | ચુકવણીની તારીખ | વિલંબનું કારણ | |
| ૧. | કાપડિયા એન. એમ. એમ. એમ. આર્ટ્સ કૉલેજ, સંખેડા | હા | માર્ચ | ૨—૫—૧૯૭૯ | (૧) વિદ્યાર્થીની સંખ્યા નવી તરાહને કારણે ઘટતી હોવાથી. | નથી. |
| | | | એપ્રિલ | ૧૫—૬—૧૯૭૯ | | |
| | | | મે | ૫—૭—૧૯૭૯ | | |
| | | | જૂન | ૨—૮—૧૯૭૯ | (૨) ગ્રાન્ટનો પ્રથમ હપતો મંજૂર થયા પછી બીલનાં નાણાં એક માસ પછી મળે છે, તદુપરાંત પ્રથમ હપતો ૪૦%ને બદલે ૬૦% મળે તો વ્યવસ્થિત થઈ શકે. | |
| | | | જુલાઈ | ૧૩—૮—૧૯૭૯ | | |
| | | | ઑગસ્ટ | ૩—૧૦—૧૯૭૯ | | |
| | | | સપ્ટેમ્બર | ૫—૧૧—૧૯૭૯ | | |
| | | | ઑક્ટોબર | ૨૮—૧૧—૧૯૭૯ | | |
| | | | નવેમ્બર | ૧—૧—૧૯૮૦ | (૩) ઈ.બી.સી. ફી માફી સહાય સત્ર પૂરું થયા પછી મળે છે. પ્રથમની માફક એડ-હોક ૬૦%ના ધોરણે મળે તો જ નિયમિત પગાર થઈ શકે. | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | (૪) નિભાવ ગ્રાન્ટની સને ૧૯૭૮-૭૯ની રકમ ઓછી મળેલ હતી તે પરચૂરણ ખર્ચ તથા બિલ્ડિંગ રેન્ટ અંગેની હતી. | |
| ૨. યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ | હા | માર્ચ | ૯—૫—૧૯૭૯ | ગ્રાન્ટના હપતા મોડા આવવાથી આ વર્ષે પણ (૧૯૭૯—૮૦) ગ્રાન્ટનો પહેલો હપતો ૪૦% નો ન હતો તે અંગેની રજૂઆત કરવા છતાં બીજો હપતો તેનાથી અડધી રકમ જેટલો આવ્યો તેમાંથી પણ સરકારશ્રીને પાંચ-છ વર્ષ પહેલાં ગ્રાન્ટ પેટે વધારે ચૂકવાઈ ગયેલી લાગતી રકમ કાપી નાંખવામાં આવી હતી. | ફેબ્રુઆરી '૮૦ એક માસનો |
| | | એપ્રિલ | ૨—૬—૧૯૭૯ | | |
| | | મે | ૫—૭—૧૯૬૯ | | |
| | | જૂન | ૨૩—૭—૧૯૭૯ | | |
| | | જુલાઈ | ૨૩—૮—૧૯૭૯ | | |
| | | ઑગસ્ટ | ૫—૧૦—૧૯૭૯ | | |
| | | સપ્ટેમ્બર | ૧૯—૧૦—૧૯૭૯ | | |
| | | ઑક્ટોબર | ૧૯—૧૧—૧૯૭૯ | | |
| | | નવેંબર | ૨૦—૧૨—૧૯૭૯ | | |
| | | જાન્યુઆરી | ૨૬—૨—૧૯૭૯ | | |
| ૩. શેઠ એન. એમ. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ | હા | માર્ચ | ૧૬—૪—૧૯૭૯ | ગ્રાન્ટનો હપતો મોડો મળ્યો હોવાથી | |
| | | એપ્રિલ | ૨૧—૫—૧૯૭૯ | | |
| | | ઑક્ટોબર | ૧૪—૧૧—૧૯૭૯ | ,, | |
| ૪. શ્રી લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા | હા | એપ્રિલ | ૩૦—૫—૧૯૭૯ | આર્થિક મુશ્કેલી અને ગ્રાન્ટની પ્રવર્તમાન નીતિથી ગ્રાન્ટની રકમ મોડી મળવાથી. | ડિસેમ્બર '૭૯ અને જાન્યુઆરી તથા ફેબ્રુઆરી એમ ત્રણ માસનો ટીચિંગ સ્ટાફનો, નોન ટીચિંગ સ્ટાફનો |
| | | મે | ૨૧—૭—૧૯૭૯ | | |
| | | જૂન | ૯—૮—૧૯૭૯ | | |
| | | જુલાઈ | ૧૪—૯—૧૯૭૯ | | |
| | | ઓગસ્ટ | ૧૨—૧૦—૧૯૭૯ | | |
| | | સપ્ટેમ્બર | ૧૯—૧૧—૧૯૭૯ | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| | | | ઑક્ટોબર | ૨૧—૧૨—૧૯૭૯ | | જાન્યુઆરી, ફેબ્રુઆરી |
| | | | નવેમ્બર | ૭—૧—૧૯૮૦ | | બે માસનો. |
| | | | ડિસેમ્બર N.T. | ૨૬—૨—૧૯૮૦ | | |
| | | | જાન્યુઆરી Peon | ૭—૧—૧૯૮૦ | | |
| ૫. | શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ | હા | માર્ચ | ૨૮—૫—૧૯૭૯ | સમયસર ગ્રાન્ટ ન મળવાને કારણે તથા અન્ય નાણાકીય વ્યવસ્થા ન થવાને કારણે | બે માસનો બાકી |
| | | | એપ્રિલ | ૨૮—૫—૧૯૭૯ | | |
| | | | મે | ૪—૭—૧૯૭૯ | | |
| | | | જૂન | ૨૦—૭—૧૯૭૯ | | |
| | | | જુલાઇ | ૧૬—૮—૧૯૭૯ | | |
| | | | ઓગસ્ટ | ૧૧—૧૦—૧૯૭૯ | | |
| | | | સપ્ટેમ્બર | ૨૦—૧૧—૧૯૭૯ | | |
| | | | ઓક્ટોબર | ૨૦—૧૧—૧૯૭૯ | | |
| | | | નવેમ્બર | ૧૭—૧૨—૨૯૭૯ | | |
| | | | ડિસેમ્બર | ૧૧—૧—૧૯૭૯ | | |
| | | | જાન્યુઆરી | માર્ચ માસમાં | | |
| | | | ફેબ્રુઆરી | માર્ચ માસમાં | | |
| ૬. | શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ | ખાસ કારણ સિવાય નિયમિત પગાર ચૂકવવામાં આવે છે. આ ગ્રાન્ટની ખોટી કપાતને લીધે કોઈ વખત અનિયમિતતા જોવામાં આવે છે. | | | | |
| ૭. | મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા | હા | મે | ૨૬—૬—૧૯૭૯ | નાણાકીય મુશ્કેલી (ગ્રાન્ટનો હપતો) સમયસર ન મળવાથી. | |
| | | | ઑક્ટોબર | ૧૯—૧૧—૧૯૭૯ | | |
| ૮. | એમ. ડી. શાહ કૉમર્સ ઍન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા | હા | માર્ચ | ૧૭—૪—૧૯૭૯ | સને ૧૯૭૯—૮૦ વર્ષનો ગ્રાન્ટનો પ્રથમ હપતો મોડો આવવાથી. | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯. સી. એન્ડ એસ. એસ. દેસાઈ આર્ટ્સ કૉલેજ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર | હા | એપ્રિલ | ૩૧—૫—૧૯૭૯ | નાણાકીય મુશ્કેલી | એક માસનો બાકી. |
| | | મે | ૨૦—૬—૧૯૭૯ | ,, | |
| | | જૂન | ૧૮—૭—૧૯૭૯ | ,, | |
| | | સપ્ટેબર | ૧૯—૧૦—૧૯૭૯ | ,, | |
| | | ઑક્ટોબર | ૧૫—૧૧—૧૯૭૯ | ,, | |
| | | નવેમ્બર | ૧૫—૧૨—૧૯૭૯ | ,, | |
| | | ફેબ્રુઆરી | બાકી | ,, | |
| ૧૦. શ્રી નટવસિંહ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર | હા | એપ્રિલ | ૨૨—૫—૧૯૭૯ | સરકાર તરફથી અનુદાન મોડું મળવાને કારણે. | એક માસનો બાકી. |
| | | જુલાઈ | ૨૧—૮—૧૯૭૯ | | |
| | | ઑગસ્ટ | ૧૭—૯—૧૯૭૯ | | |
| | | ઑક્ટોબર | ૧૪—૧૨—૧૯૭૯ | | |
| | | નવેમ્બર | ૪—૧—૧૯૮૦ | | |
| | | ફેબ્રુઆરી | ૧૯૮૦ | વર્ષ આખરમાં ઇન્કમટેક્ષને પાત્ર થતા કર્મચારીઓના કેસીસ ફાઈનલાઈઝ કરી ટેક્ષ વસૂલ કરવાનો હોવાથી. | |
| ૧૧. કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ | હા | માર્ચ | ૨૮—૫—૧૯૭૯ | આર્થિક મુશ્કેલી | ટીચિંગનુ જાન્યુઆરી ફેબ્રુઆરી ૧૯૮૦ બે માસનો, નોન-ટીચિંગનો ફેબ્રુઆરી ૧૯૮૦ નો એક માસનો |
| | | એપ્રિલ | ૨૮—૫—૧૯૭૯ | | |
| | | મે | ૪—૭—૧૯૭૯ | | |
| | | જૂન | ૨૦—૭—૧૯૭૯ | | |
| | | જુલાઈ | ૧૬—૮—૧૯૭૯ | | |
| | | ઑગસ્ટ | ૧૧—૧૦—૧૯૭૯ | | |
| | | સપ્ટેમ્બર | ૨૦—૧૧—૧૯૭૯ | | |
| | | ઑક્ટોબર | ૨૦—૧૧—૧૯૭૯ | | |
| | | નવેમ્બર | ૧૭—૧૨—૧૯૭૯ | | |
| | | ડિસેમ્બર | ૧૨—૧—૧૯૮૦ | | |
| | | જાન્યુઆરી | ૮—૧—૧૯૮૦ | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૧૨. | કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી | હા | ઑગસ્ટ<br>સપ્ટેમ્બર<br>ફેબ્રુઆરી | નવેમ્બરમાં<br>નવેમ્બરમાં<br>૩૧—૩—૧૯૮૦ પહેલા કરવામાં આવશે. | ગ્રાન્ટની કેટલીક રકમ કપાઈ જવાથી | એક માસનો બાકી |
| ૧૩. | આર. કે. પરીખ સાયન્સ કૉલેજ પેટલાદ | હા | બધા જ માસમાં અનિયમિત તારીખોએ પગાર ચૂકવાયેલ છે. | | આર્થિક મુશ્કેલી | શિક્ષકોનો જાન્યુઆરી ફેબ્રુઆરી બે માસનો બિનશિક્ષકોનો ફેબ્રુઆરી એક માસનો. |
| ૧૪. | એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ | હા | એપ્રિલ<br>મે | ૧૨—૭—૧૯૭૯<br>૨૮—૭—૧૯૭૯ | આર્થિક પરિસ્થિતિને કારણે પગારની ચુકવણી દર માસની સાતમી તારીખ પહેલાં ચૂકવવામાં આવે છે અને એપ્રિલ મે માસનો પગાર જૂન/જુલાઈમાં ચૂકવવામાં આવે છે. | |
| ૧૫. | શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ | હા | ઑક્ટોબર | ૯—૧૧—૧૯૭૯ | નાણાકીય મુશ્કેલીને કારણે | |
| ૧૬. | એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ | સરકારશ્રીના નિયમોનું પાલન કરવામાં આવે છે. | | | | |

## પરિશિષ્ટ "૧૦"

**પ્રશ્ન ક્રમાંક ૧૪૮થી ૧૫૩, અંગે તા. ૧૩-૩-૧૯૮૦ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી:**

સસ્પેન્ડ કરવામાં આવેલ / શિક્ષક બિનશિક્ષક વર્ગના કર્મચારીની માહિતી :

| ક્રમાંક | કોલેજનું નામ | સસ્પેન્ડ કરેલ કર્મચારીનું નામ | હોદ્દો | સસ્પેન્ડ કરવાનું | સસ્પેન્ડ કર્યાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | સાર્વજનિક કોલેજ ઑફ કોમર્સ | એમ. એમ. ઓઝા | અધ્યાપક | ગેરશિસ્ત | મે, '૭૯ |
| ૨. | શ્રી. આર. પી. આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. બી. શાહ કોમર્સ ઍન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કોલેજ, ખંભાત | શ્રી. મહેન્દ્રભાઈ એ. શાહ | એકાઉન્ટ્સ ક્લાર્ક | નાણાકીય ઉચાપત | ૯–૮–'૭૮ |
| ૩. | શેઠ એસ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ સરકારી મંડળી કોમર્સ કોલેજ, તલોદ | શ્રી. મદનભાઈ સી. પટેલ | હેડક્લાર્ક | ગેરવર્તણૂકના કારણે | ૩–૬–'૭૯ |

## પરિશિષ્ટ "૧૧"

**પ્રશ્ન ક્રમાંક ૧૫૪ અને ૧૫૫ અંગે તા. ૧૩—૩—'૮૦ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી :**
**(પી.-જી. સ્કેલની ચુકવણીમાં અધ્યાપકોને લાભ ન મળ્યો હોય તે અંગેની માહિતી)**

| ક્રમાંક | કોલેજનું નામ | પી.-જી. સ્કેલની ચુકવણીમાં અધ્યાપકોને લાભ ન મળ્યો હોય તેનાં કારણો |
|---|---|---|
| ૧. | આર્ટ્સ કોલેજ, સંખેડા | લાગુ પડતું નથી. |
| ૨. | યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજ, નડિયાદ | પી.-જી. સ્કેલ પાત્ર કોઈ અધ્યાપક ન હોવાથી. |
| ૩. | શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કોલેજ, વીસનગર | લાગુ પડતું નથી. |
| ૪. | એમ. એન. કોલેજ, વીસનગર | ફિક્સેશન કરવામાં આવ્યું છે. એ—જી., રાજકોટ તરફથી પે સ્લિપ આવ્યેથી ચૂકવવામાં આવશે. |
| ૫. | કલોલ મ્યુનિ. આર્ટ્સ-સાયન્સ કોલેજ, કલોલ | સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| ૬. | વાય. એસ. આર્ટ્સ એન્ડ કે. એમ. શાહ કોમર્સ કોલેજ, દેવગઢબારિયા | જરૂરી અનુભવનો અભાવ. |
| ૭. | કે. એસ. આર્ટ્સ કોલેજ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ | સરકાર પાસે માગણી ચાલુ છે. |
| ૮. | મ્યુ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેસાણા | સરકારશ્રીના પરિપત્ર પ્રમાણે લાભ આપવાનું મેનેજમેન્ટની વિચારણા હેઠળ છે. |
| ૯. | મણિનગર સાયન્સ કોલેજ, અમદાવાદ | આ કોલેજ અગાઉ સ્વામિનારાયણ સાયન્સ કોલેજ તરીકે હતી. તેઓએ પ્રપોઝલ મોકલેલ ન હતી. હવે તે મોકલેલ હોઈ સરકારની વિચારણા હેઠળ છે. |
| ૧૦. | એચ. એલ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ | એરિયર્સ ચૂકવી દીધેલ છે. સરકારશ્રીના તાજેતરના પરિપત્ર પ્રમાણે કાર્યવાહી ચાલુ છે. |
| ૧૧. | ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, નડિયાદ | ટેકનિકલ કોલેજ હોવાથી. |

## પરિશિષ્ટ "૧૨"

## પ્રશ્ન ક્રમાંક ૧૫૭થી ૧૬૦ અંગેની તા. ૧૩-૩-૧૯૮૦ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી :

(અ)

યુ.જી.સી. એરિયર્સના દસ હપતામાંથી નવ હપતાની રકમ ચૂકવી નથી તેવી કૉલેજો :

| ક્રમાંક | કૉલેજનું નામ | કારણ |
|---|---|---|
| ૧. | સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર | ૪ હપતા ચૂકવાયા છે. બાકીના હપતાની ગ્રાન્ટની માગણી કરી છે. |
| ૨. | શેઠ એમ એન. આર્ટ્સ અને શ્રી પી. કે. કોટાવાલા સાયન્સ કૉલેજ, પાટણ | ગ્રાન્ટનો હપતો માર્ચ ૩૧મી સુધીમાં મળ્યેથી ચૂકવી આપવામાં આવશે. |
| ૩. | સી. એન. આર્ટ્સ અને બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી | નવમા હપતાની ચુકવણી ચાલુ વર્ષે કરવાની છે. |
| ૪. | આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખેડા | છ હપતાઓ ચૂકવાયા છે. બાકીના નાણાકીય સગવડ થયેથી ચૂકવવામાં આવશે. |
| ૫. | એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન્સ, અમદાવાદ | ચાલુ માસમાં ચૂકવવામાં આવશે. |
| ૬. | એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદ | ચાલુ વર્ષે સરકારે ગ્રાન્ટ આપવાનું સ્વીકાર્યું છે, જે મળ્યેથી ચૂકવવામાં આવશે. |
| ૭. | મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ | સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ જૂન, ૧૯૭૫થી બંધ કરવામાં આવી છે. તેથી ત્યાંના તમામ હપતા બાકી છે. |
| ૮. | શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ. પેટલાદ | આ માસના અંત પહેલાં ચૂકવી આપવામાં આવે છે. |

(બ)

સેન એરિયર્સમાં રાજ્ય સરકારે તેના વીસ ટકાની રકમમાંથી બે હપતાની રકમ અંગે

| ક્રમાંક | કૉલેજનું નામ | ચૂકવી છે | ચૂકવી નથી | ન ચૂકવવાનું કારણ |
|---|---|---|---|---|
| ૧. | તોલાની આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, આદિપુર | — | ના | ૩૧મી માર્ચ સુધીમાં ચૂકવી આપવામાં આવશે. |
| ૨. | શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ અને એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ | — | ના | સરકાર તરફથી ગ્રાન્ટ મળ્યેથી ચૂકવી આપવામાં આવશે. |
| ૩. | વાય એસ. આર્ટ્સ અને કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયા | — | ના | સરકારશ્રીમાં બીલ મોકલ્યું છે. રકમ મળ્યેથી ચૂકવી આપીશું. |

| | | | |
|---|---|---|---|
| ૪. આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, ખેડા | — | ના | જે અધ્યાપકો અંગે સરકાર તરફથી રકમ મળી છે તે ચૂકવાઈ છે. |
| ૫. મ્યુ. આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, મહેસાણા | — | ના | બે હપતાની રકમ માર્ચ આખર સુધીમાં સરકાર તરફથી મળ્યેથી ચૂકવવામાં આવશે. |
| ૬. આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, મહુધા | — | ના | બિલ સરકારમાં મોકલેલ છે, જે આવ્યેથી ચૂકવાશે. |
| ૭. નટવરસિંહજી આર્ટ્સ અને કોમર્સ તથા સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર | — | ના | જે કેસોમાં પાછળથી ફિક્સેશન થયેલ છે તેઓને સરકાર તરફથી રકમ આવ્યેથી ચૂકવવામાં આવશે. |
| ૮. એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વીમેન, અમદાવાદ | -- | ના | સરકાર તરફથી બિલ મંજૂર થઈને આવ્યેથી ચૂકવવામાં આવશે. |
| ૯. એજ્યુકેશન કૉલેજ, પેટલાદ | — | ના | બિલ બનાવવાથી મોકલ્યું છે તે સરકાર તરફથી પાસ થઈને આવ્યેથી ચૂકવવામાં આવશે. |
| ૧૦. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ | — | ના | સરકાર તરફથી મંજૂર થઈને હમણાં જ આવ્યું છે એટલે તે હવે ચૂકવાશે. |
| ૧૧. શાહ સી. કે. મ્યુ. કોમર્સ કૉલેજ, કલોલ | — | ના | સરકાર તરફથી નાણાં મળ્યા નથી. તે મળ્યેથી ચૂકવી આપવામાં આવશે. |
| ૧૨. ડી. ડી. ઈન્સ્ટિ. ઑફ ટેકનોલોજી, નડિયાદ | — | | ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન તરફથી નાણાં પ્રાપ્ત થયાં નથી. |

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા બુધવાર, તા. ૧૦-૬-૧૯૮૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કોર્ટ-ખંડમાં મળી હતી. અને ગુરુવાર, તા. ૧૧-૬-૧૯૮૧ના રોજ તેજ સમયે ચાલુ રહી હતી. બંને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. આ બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૧૦-૬-૧૯૮૧ | તા. ૧૧-૬-૧૯૮૧ |
|---|---|---|---|
| ૧. | ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી | હાજર | હાજર |
| ૨. | શ્રી. એલ. આર. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૩. | ,, ઉમાશંકર જે. જોશી | ગેરહાજર | ગેરહાજર |
| ૪. | ,, એન. એમ. મિયાંભાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૫. | ,, ઈશ્વરભાઈ જે. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૬. | ,, ડૉ. પી. સી. વૈદ્ય | ગેરહાજર | ગેરહાજર |
| ૭. | ,, ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ, કુલસચિવ | હાજર | હાજર |
| ૮. | ,, આર. એસ. ગાંધી | હાજર | ગેરહાજર |
| ૯. | ,, પી. કે. લહેરી | હાજર | ગેરહાજર |
| ૧૦. | ,, એસ. બી. કુમતા | હાજર | ગેરહાજર |
| ૧૧. | ડૉ. ઓ. પી. ગુપ્તા | હાજર | ગેરહાજર |
| ૧૨. | શ્રી. જયકુમાર સંઘવી | હાજર | ગેરહાજર |
| ૧૩. | ,, સુરેન્દ્ર રાજપૂત | હાજર | ગેરહાજર |
| ૧૪. | ,, હરિન્દ્ર આર. પાઠક | હાજર | ગેરહાજર |
| ૧૫. | ,, જહાંગીર આર. જે. કામા | હાજર | ગેરહાજર |
| ૧૬ | ,, એમ. જી. પરમાર | હાજર | ગેરહાજર |
| ૧૭. | ,, સી. એચ. ભટ્ટ | હાજર | હાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૧૦—૬—૧૯૮૧ | તા. ૧૧—૬—૧૯૮૧ |
|---|---|---|---|
| ૧૮. | શ્રી. જી. જે. બ્રહ્મભટ્ટ | હાજર | હાજર |
| ૧૯. | ,, પી. સી. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૦. | ,, આર. જી. શાસ્ત્રી | હાજર | ગેરહાજર |
| ૨૧. | ,, કે. એસ. પટેલ | હાજર | ગેરહાજર |
| ૨૨. | ,, કલાપી બી. સંઘવી | હાજર | હાજર |
| ૨૩. | ,, પી. એમ. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૨૪. | ,, એમ. બી. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૫. | ,, આર. વી. પટેલ | હાજર | ગેરહાજર |
| ૨૬. | ,, ડી. સી. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૨૭. | કુ. કુસુમ એમ. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૮. | ડૉ. આર. એમ. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૯. | ડૉ. આર. સી. સોનપાલ | હાજર | હાજર |
| ૩૦. | શ્રી. એમ. સી. શાહ | હાજર | ગેરહાજર |
| ૩૧. | ,, બટુકચંદ્ર કે. શાહ | હાજર | હાજર |
| ૩૨. | ,, એસ. સી. પટેલ | હાજર | ગેરહાજર |
| ૩૩. | ,, બી. એસ. અગ્રવાલ | હાજર | હાજર |
| ૩૪. | ,, ઉજમશી એ. કાપડિયા | હાજર | હાજર |
| ૩૫. | ,, પરેશ એમ. મજમુદાર | હાજર | હાજર |
| ૩૬. | ,, એન. એમ. પરીખ | હાજર | ગેરહાજર |
| ૩૭. | ,, વી. બી. પટેલ | હાજર | હાજર |
| ૩૮. | ,, કે. એ. શાહ | હાજર | હાજર |
| ૩૯. | ,, એ. ટી. દેસાઈ | હાજર | હાજર |
| ૪૦. | ,, સી. એમ. શેઠ | હાજર | હાજર |
| ૪૧. | ,, આર. આર. સિંઘ | હાજર | હાજર |
| ૪૨. | ,, દિલુભા કે. વાઘેલા | હાજર | હાજર |
| ૪૩. | ,, એ. ટી. અજમેરા | હાજર | હાજર |
| ૪૪. | ,, એચ. પી. ચૌહાણ | હાજર | હાજર |
| ૪૫. | ,, બી. જે. દવે | ગેરહાજર | ગેરહાજર |
| ૪૬. | ,, આર. એ. પટેલ | હાજર | હાજર |
| ૪૭. | ,, આર. સી. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૪૮. | ,, વી. એમ. પટેલ | હાજર | ગેરહાજર |
| ૪૯. | ,, એન. એસ. શાહ | હાજર | હાજર |
| ૫૦. | ,, એન. આર. શાહ | હાજર | હાજર |
| ૫૧. | ,, આર. એ. શાહ | હાજર | હાજર |
| ૫૨. | ,, વી. સી. શાહ | હાજર | હાજર |

| ક્રમાંક સભ્યનું નામ | તા. ૧૦—૬—૧૯૮૧ | તા. ૧૧—૬—૧૯૮૧ |
|---|---|---|
| ૫૩. શ્રી. સી. પી. જોશી | હાજર | હાજર |
| ૫૪. ,, એસ. જે. શાહ | હાજર | હાજર |
| ૫૫. કુ. સોનલ એ[illegible] શોધન | હાજર | ગેરહાજર |
| ૫૬. શ્રી. કે. જે. નથવાણી | ગેરહાજર | ગેરહાજર |
| ૫૭. ,, હરુભાઈ એમ. મહેતા | હાજર | ગેરહાજર |
| ૫૮. શ્રી. મયૂર ડી. પંડ્યા | હાજર | હાજર |
| ૫૯. ,, કે. ડી. શાહ | હાજર | હાજર |
| ૬૦. ,, વી. એચ. દીક્ષિત | ગેરહાજર | ગેરહાજર |
| ૬૧. ડૉ. પી. પી. મહેતા | ગેરહાજર | ગેરહાજર |
| ૬૨. ,, ઉત્કર્ષ એસ. મેઢ | હાજર | ગેરહાજર |
| ૬૩. શ્રી. વંસત એસ. દોશી | હાજર | ગેરહાજર |
| ૬૪. ,, એમ. એમ. ગાંધી | હાજર | હાજર |
| ૬૫. ,, સી. બી. મહેતા | હાજર | હાજર |
| ૬૬. ,, કે. જે. મહેતા | ગેરહાજર | ગેરહાજર |
| ૬૭. ,, આર. એમ. શાહ | હાજર | હાજર |
| ૬૮. ,, એસ. બી. વોરા | હાજર | હાજર |
| ૬૯. ,, ડી. એ. પટેલ | હાજર | હાજર |
| ૭૦. ,, દેવેન્દ્ર બી. સોલંકી | હાજર | હાજર |
| ૭૧ ,, એમ. એન. શેઠ | હાજર | હાજર |
| ૭૨. ,, કે. આર. શાહ | ગેરહાજર | ગેરહાજર |
| ૭૩. ,, કે. એફ. જોશી | હાજર | હાજર |
| ૭૪. આચાર્ય જે. એ. દવે | હાજર | ગેરહાજર |
| ૭૫. આચાર્ય બી. કે. ગઢવી | હાજર | હાજર |
| ૭૬. આચાર્ય ડી. એ. ઘાંચી | ગેરહાજર | ગેરહાજર |
| ૭૭. આચાર્ય ડી. એસ. જોશી | હાજર | હાજર |
| ૭૮. આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ | હાજર | હાજર |
| ૭૯. આચાર્ય બી. સી. પટેલ | હાજર | હાજર |
| ૮૦. આચાર્ય પી. એ. પટેલ | હાજર | હાજર |
| ૮૧. આચાર્ય એસ. એમ. શાહ | હાજર | ગેરહાજર |
| ૮૨. આચાર્ય સી. એલ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૮૩. આચાર્ય આર. વી. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૮૪. આચાર્ય બી. એમ. ઠાકર | હાજર | હાજર |
| ૮૫. આચાર્ય કે. આર. યાદવ | હાજર | હાજર |
| ૮૬. આચાર્ય જે. પી. ત્રિવેદી | હાજર | હાજર |
| ૮૭. આચાર્ય એન. વી. પંડ્યા | હાજર | હાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૧૦-૬-૧૯૮૧ | તા. ૧૧-૬-૧૯૮૧ |
|---|---|---|---|
| ૮૮. | આચાર્ય એમ. જે. પટણી | હાજર | હાજર |
| ૮૯. | આચાર્ય જે. બી. પટેલ | હાજર | ગેરહાજર |
| ૯૦. | આચાર્ય આર. એલ. પટેલ | હાજર | હાજર |
| ૯૧. | આચાર્ય જે. ડી. તલાટી | ગેરહાજર | ગેરહાજર |
| ૯૨. | આચાર્ય વી. સી. ઉપાધ્યાય | હાજર | હાજર |
| ૯૩. | આચાર્ય એચ. એમ. દેસાઈ | હાજર | ગેરહાજર |
| ૯૪. | આચાર્ય પી. આર. દેસાઈ | હાજર | હાજર |
| ૯૫. | આચાર્ય એમ. ડી. પંચોલી | હાજર | હાજર |
| ૯૬. | આચાર્ય બી. એમ. પાઠક | ગેરહાજર | ગેરહાજર |
| ૯૭. | આચાર્ય એચ. પી. પંડ્યા | હાજર | ગેરહાજર |
| ૯૮. | આચાર્ય જી. એમ. પટેલ | હાજર | હાજર |
| ૯૯. | આચાર્ય બી. એમ. પીરજાદા | હાજર | હાજર |
| ૧૦૦. | આચાર્ય આર. એલ. સંઘવી | ગેરહાજર | હાજર |
| ૧૦૧. | આચાર્ય ડી. એમ. શીખ | હાજર | હાજર |
| ૧૦૨. | આચાર્ય આર. એ. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૦૩. | આચાર્ય આર. એચ. વ્યાસ | હાજર | હાજર |
| ૧૦૪. | આચાર્ય બી. એમ. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૦૫. | ડૉ. કશ્યપ બી. ભાગર્વ | હાજર | ગેરહાજર |
| ૧૦૬. | શ્રી. સી. સી. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૧૦૭. | શ્રી. બી. કે. જૈન | હાજર | હાજર |
| ૧૦૮. | શ્રી. એચ. એચ. અધિવા | હાજર | હાજર |
| ૧૦૯. | શ્રી. વી. ડી. બ્રહ્મભટ્ટ | હાજર | હાજર |
| ૧૧૦. | શ્રી. હિમાંશુ વ્યાસ | હાજર | હાજર |
| ૧૧૧. | શ્રી. જે. એચ. પટેલ | હાજર | હાજર |
| ૧૧૨. | શ્રી. મુકુન્દ કે. શાહ | હાજર | હાજર |
| ૧૧૩. | શ્રી. કે. જે. દેસાઈ | હાજર | ગેરહાજર |
| ૧૧૪. | શ્રી. બી. આર. પટેલ | હાજર | હાજર |
| ૧૧૫. | શ્રી. વી. ડી. દેસાઈ | હાજર | હાજર |
| ૧૧૬. | કુ. જી. એસ. પટેલ | હાજર | ગેરહાજર |
| ૧૧૭. | શ્રી. શરદ પટેલ | હાજર | હાજર |
| ૧૧૮. | શ્રી. સુધીર આઈ. નાણાવટી | ગેરહાજર | ગેરહાજર |
| ૧૧૯. | શ્રી. શ્રેણિક કે. લાલભાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૨૦. | આચાર્ય બી. વી. ચાર | હાજર | હાજર |
| ૧૨૧. | ડૉ. (મિસ) ઈ. એ. સોલોમન | હાજર | હાજર |
| ૧૨૨. | શ્રી. એમ. પી. ભટ્ટ | ગેરહાજર | ગેરહાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૧૦-૬-૧૯૮૧ | તા. ૧૧-૬-૧૯૮૧ |
|---|---|---|---|
| ૧૨૩. | ડૉ. સી. જી. ખત્રી | ગેરહાજર | ગેરહાજર |
| ૧૨૪. | શ્રી. આર. ડી. ચૌધરી | હાજર | ગેરહાજર |
| ૧૨૫. | શ્રી. એ. આર. શાહ | હાજર | હાજર |
| ૧૨૬. | ડૉ. એચ. કે. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૨૭. | ડૉ. ટી. રાધાક્રિશ્નન | હાજર | ગેરહાજર |
| ૧૨૮. | શ્રી. એન. જે. શાહ | હાજર | ગેરહાજર |
| ૧૨૯. | શ્રી. વ. પ્રા. શુક્લ | હાજર | હાજર |
| ૧૩૦. | ડૉ. એસ. જે. દામાણી | હાજર | ગેરહાજર |
| ૧૩૧. | શ્રી. એન. એચ. અમીન | હાજર | હાજર |
| ૧૩૨. | શ્રી. કે. ડી. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૩૩. | શ્રી. કે. એચ. સોનેરી | હાજર | ગેરહાજર |
| ૧૩૪. | શ્રીમતી ઇન્દુબહેન એચ. પટેલ | હાજર | હાજર |
| ૧૩૫. | શ્રી. આસન વાસવાણી | ગેરહાજર | ગેરહાજર |
| ૧૩૬. | શ્રી. બી. એસ. પટેલ | હાજર | હાજર |

**૧. તા. ૨૭/૨૮-૩-૧૯૮૦ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.**

તા. ૨૭/૨૮-૩-૧૯૮૦ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

સભાની શરૂઆતમાં નીચેના શોકદર્શક ઠરાવો અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવ્યા :

(૧) "ગુજરાત યુનિવર્સિટીની કોર્ટની આ સભા યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટના ભૂતપૂર્વ સભ્ય શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટીના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણના તેમ જ કાયદાકાનૂનના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓનું તથા આ યુનિવર્સિટી સાથે સંલગ્ન બે લૉ કોલેજો માટે સદ્‌ગતે કરેલી સખાવતોનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે."

આ ઠરાવની નકલ તેમના સુપુત્ર શ્રી. સુધીરભાઈને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૨) "ગુજરાત યુનિવર્સિટીની કોર્ટની આ સભા યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટના ભૂતપૂર્વ સભ્ય શ્રી. હિંમતલાલ પ્ર. શુક્લના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણના ક્ષેત્રમાં તેમ જ કાયદાકાનૂનના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે."

આ ઠરાવની નકલ તેમના સુપુત્ર શ્રી. વિનોદભાઈને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૩) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટના ભૂતપૂર્વ સભ્ય શ્રી. બી. કે. મજમુદારના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે. ગુજરાત યુનિવર્સિટી અને તેની સાથે સંકળાયેલ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી તથા લૉ સોસાયટીની કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના તથા વિકાસમાં તેમનું યોગદાન અત્યંત મહત્ત્વનું હતું. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં, સમાજસેવામાં તથા ઔદ્યોગિક ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે."

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુમ્બીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૪) "ગુજરાત યુનિવર્સિટીની કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય ડૉ. એસ. બી. અંકલેશ્વરિયાના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણના ક્ષેત્રમાં તેમ જ તબીબી ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે."

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુમ્બીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૫) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને ગુજરાતના જાણીતા હાસ્ય લેખક તેમ જ સાહિત્યકાર શ્રી. જ્યોતિન્દ્ર હ. દવેના દુઃખદ અવસાન બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણના તેમજ સાહિત્યના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે."

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુમ્બીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૬) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટી કોર્ટના તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી અનિરુદ્ધભાઈ યાજ્ઞિકના અકાળ અને અણુચિંતવ્યા અવસાનથી ઊંડા આઘાત અને શોકની લાગણી અનુભવે છે. યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તથા તેની અનેક સમિતિઓના સભ્ય તરીકે તેમણે કરેલા યોગદાનનું અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં કરેલ સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ સમર્પે છે."

આ સભા સદ્‌ગતનાં કુટુમ્બીજનો પ્રત્યે ઊંડી સહાનુભુતિ વ્યક્ત કરે છે અને આ ઠરાવની નકલ તેમના સુપુત્ર શ્રી અજયભાઈને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૭) "ગુજરાતમાં થયેલ અનામત–વિરોધી આંદોલન દરમ્યાન નામી-અનામી વિદ્યાર્થીઓના અવસાન બદલ યુનિવર્સિટી કોર્ટની આ સભા ઊંડા શોકની લાગણી અનુભવે છે અને તેમને શ્રદ્ધાંજલિ સમર્પે છે."

ઉપરના ઠરાવો સભાગૃહે ઉભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યા.

તે પછી સભાગૃહનું યાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યુ.

**૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧) (vii) અન્વયે સંલગ્ન કૉલેજોના આચાર્યો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકીની તથા ૧૯(૧) (ix) અન્વયે સંલગ્ન કૉલેજોના અધ્યાપકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર ખાલી પડેલી એક એક જગ્યા માટેની પેટાચૂંટણી.**

સદરહુ પેટાચૂંટણી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તથા પ્રમુખશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીદાર તરીકે નીમ્યા :

૧. આચાર્યશ્રી દર્શનસીંગ શીખ

૨. આચાર્યશ્રી આર. વી. શાસ્ત્રી.

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧)ની કંડિકા (vii) અન્વયે સંલગ્ન કૉલેજના આચાર્યો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકી ફક્ત આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ, સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, તિલક રોડ, અમદાવાદનું ઉમેદવારીપત્ર નિયત સમયમાં આવ્યું હતું અને તે માન્ય (valid) ઠર્યું હોઈ તેઓ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા.

(૨) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ (૧)ની કંડિકા (ix) અન્વયે સંલગ્ન કૉલેજોના આચાર્યો સિવાયના તેના શિક્ષકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો પૈકી નીચેના ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો નિયત સમયમાં આવ્યાં હતાં અને તે સર્વે માન્ય (valid) ઠર્યાં હતાં :

| ક્રમાંક | સભ્યનું નામ | સરનામું |
|---|---|---|
| ૧. | શ્રી. મયૂર દુલેરાય પંડ્યા | સર એલ. એ. શાહ લૉ કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦૦૦૬. |
| ૨. | શ્રી. વાડીભાઈ બેચરદાસ પટેલ | ૨૮, મહેસાણા સોસાયટી, વાડજ, અમદાવાદ–૩૮૦૦૧૩. |
| ૩. | શ્રી. ચિમનલાલ માણેકલાલ શેઠ | શેડવાડા, બજારરોડ, પાનવાલા બિલ્ડિંગ, કાંટાવાળા ખડકી, કપડવંજ. |

ઉપર જણાવેલ પેટાચૂંટણી માટે સ્ટે. ૧૫૦ અનુસાર ચકાસણીની તારીખ અને સમય પછીના ચોવીસ કલાક સુધીમાં એટલે કે તા. ૨–૬–૧૯૮૧ના રોજ સાંજના ૪–૩૦ કલાક સુધીમાં શ્રી. ચિમનલાલ માણેકલાલ શેઠે પોતાની સહીથી લેખિત અરજી કરીને અને સ્ટે. ૧૫૫માં જણાવેલી રીતે સહી-સાક્ષી કરી-કરાવીને પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી.

ઉપર કંડિકા (૨)માં દર્શાવેલ પેટાચૂંટણીમાં હરીફાઈ થતી (contested) હોઈ સદરહુ પેટા-ચૂંટણી Proportional representation by means of a single transferable vote by ballot (એકડા, બગડા, ઇત્યાદિ)ની પદ્ધતિથી તા. ૧૦–૬–૧૯૮૧ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં કરવામાં આવી

મતગણતરીનું કામ પૂરું થતાં ચકાસણીદારોએ તેમનો અહેવાલ પ્રમુખશ્રીને આપ્યો અને શ્રી વાડીભાઈ બેચરદાસ પટેલને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

(**નોંધ.**—ઉપર બાબત નં. ૨માં જણાવેલ ચૂંટણી માટે મતદાનનો સમય ૧૨–૪૫ થી ૩–૦૦ વાગ્યા સુધીનો હોવાથી સભાગૃહનું સામાન્ય વલણ જોતાં બાકીનું કામકાજ બપોરે ૩–૦૦ વાગ્યા સુધી બંધ રાખવામાં આવ્યું.)

બપોરે ત્રણ વાગ્યે સભાનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું.

તે પછી બાબત ક્રમાંક ૨–અ પ્રશ્નોત્તરી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૧ થી ૨૦૭ **પરિશિષ્ટ "અ–૧"** તરીકે સામેલ છે.)

### ૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા. ૩૧મી માર્ચ ૧૯૮૦ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૮૦ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી એમ. સી. શાહે રજૂ કર્યો અને તેને શ્રી અરવિંદભાઈ આર. શાહે ટેકો આપ્યો.

તે પર લંબાણ ચર્ચાવિચારણા ચાલતાં સભાગૃહનો સમય પૂરો થતાં સભાનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને તા. ૧૧–૬–૧૯૮૧ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે સભા ફરીથી મળતાં સભાગૃહનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું.

તા. ૧૧–૬–૧૯૮૧ના રોજ સભા શરૂ થતાં પ્રથમ પ્રશ્નોત્તરી હાથ ધરવામાં આવી. (પ્રશ્નોત્તરી ક્રમાંક ૨૦૮થી ૩૪૨ **પરિશિષ્ટ "અ–૨"** તરીકે સામેલ છે.) પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં બાકીની પ્રશ્નોત્તરી હાથ ધરી શકાઈ નહોતી. તે પછી બાકી રહેલ બાબત નં. ૩ પર લંબાણ ચર્ચાવિચારણા ચાલતાં એક સભ્યશ્રીએ ચર્ચાબંધીનો પ્રસ્તાવ રજૂ કર્યો, તેને શ્રી. દિલુભા કાળુભા વાઘેલાએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવે તે પહેલાં વિરામનો સમય થયો હોવાથી સભાનું કામકાજ બંધ રાખવામાં આવ્યું.

વિરામ બાદ સભાનું કામકાજ આગળ ચાલ્યું અને મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો

### ૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના ૧૯૭૭-૭૮ ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. સી. પી. જોશીએ** નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૭–૭૮ના વર્ષના ઑડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી સી. પી. જોશીએ રજૂ કર્યો, અને તેને શ્રી. આર. એલ. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**૫. ૧૯૭૯-૮૦ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટ્સનો અહેવાલ.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. સી. પી. જોશીએ** નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૭૯-૮૦ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઓફ એકાઉન્ટ્સના અહેવાલની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. સી. પી. જોશીએ રજૂ કર્યો અને તેને શ્રી. અંબુભાઈ ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઓફ એકાઉન્ટ્સના અહેવાલની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

**૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલું ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૮૦-૮૧નું અંદાજપત્ર તથા સને ૧૯૭૯-૮૦નું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮-૩-૧૯૮૦ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી નહિ, તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલા સદરહુ અંદાજપત્રની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.**

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

**૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૮૧-૮૨નું અંદાજપત્ર તથા સને ૧૯૮૦-૮૧નું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૩૦/૩૧-૩-૧૯૮૧ની વાર્ષિક સભા મોકૂફ રહેવાને કારણે થઈ શકી નહિ તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલા સદરહુ અંદાજપત્રની નોંધ લીધાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.**

**૭(૧). શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"ગુજરાત યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓને રાજ્ય સરકારના મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગરના કર્મચારીઓની જેમ હક રજા, તહેવારની રજા, કેજ્યુઅલ રજા, કામના કલાકો, એલ.ટી.સી. અને સરેન્ડર રજાના લાભો આપવામાં આવે છે, તેમ રાજ્ય સરકારના મુદ્રણાલયના કર્મચારીઓને મળતી માંદગીની રજાનો લાભ પણ ગુજરાત યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓને આપવા યુનિવર્સિટી કોર્ટની આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે. આના સંદર્ભમાં યુનિવર્સિટીના સને ૧૯૮૦-૮૧ના અંદાજપત્રના પૃ. ૨૩ પર યુનિવર્સિટી મુદ્રણાલયનો કુલ ખર્ચ રૂપિયા ૧૨,૧૨,૦૦૦ અંદાજવામાં આવ્યો છે, તેમાં પ્રતીક તરીકે રૂ. ૧ નો ખર્ચ વધુ ઉમેરી કુલ ખર્ચ રૂ. ૧૨,૧૨,૦૦૧ બનાવવાનો અનુરોધ કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

**૭(૨). શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :**

"ગુજરાત યુનિવર્સિટીના રમતગમતના ક્ષેત્રે વિકાસ કરવા માટે પૂરતી સુવિધાઓ ઊભી કરવાની જરૂર છે. યુનિવર્સિટીને પોતાનું હોકી ગ્રાઉન્ડ, ફૂટબોલ ગ્રાઉન્ડ, ક્રિકેટ ગ્રાઉન્ડ, શુટિંગ રેઈન્જ, સ્વીમિંગ પૂલ, ટેનિસ કોર્ટ, બોક્સિંગ રિંગ હોવાં જરૂરી છે. ૧૯૮૧–૮૨ના અંદાજપત્રમાં આ વિશેનો પૂરતો વિચાર કરવામાં આવ્યો નથી તે સંદર્ભમાં આ બધી વિગતોનો ખ્યાલ રાખી શકાય તે માટે વિનંતી છે કે કુલ ખર્ચમાં પ્રતીક રૂપે રૂ. ૧–૦૦નો વધારો કરવો."

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

તે પછી સદરહુ બાબત પર શ્રી. એસ. બી. વોરાએ ઉપરના બે પ્રસ્તાવો રજૂ કર્યા અને તેને શ્રી. સી. બી. મહેતાએ ટેકો આપ્યો. ચર્ચાવિચારણા દરમ્યાન આચાર્યશ્રી દર્શનસીંગ શીખે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો કે ૭મી બાબત ઉપર નોંધ લેવાઈ ગઈ છે તો પછી શ્રી. એસ. બી. વોરાના ઉપરના બે પ્રસ્તાવો ઑર્ડરમાં છે કે કેમ ?

કુલપતિશ્રીએ તે પર રુલિંગ આપ્યું કે સદરહુ પ્રસ્તાવો ઑર્ડરમાં છે.

તે પછી ચર્ચાવિચારણા વખતે આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખે કુલપતિશ્રીનું ધ્યાન દોર્યું કે કોરમ છે કે કેમ ?

દરમ્યાન પ્રો. એસ. બી. વોરાએ પોતાના પ્રસ્તાવો સભાગૃહની સંમતિથી પાછા ખેંચી લીધા.

તે પછી જરૂરી ગણપૂર્તિ (કોરમ)ના અભાવે કોર્ટની આ સભાનું કામકાજ આગળ ચાલી શક્યું નહીં. આ સંજોગોમાં પ્રમુખશ્રીએ સભા બરખાસ્ત થયેલી જાહેર કરી અને તેથી કાર્યસૂચિ પરની બાકીની બાબતો હાથ ધરી શકાઈ નહીં.

નં. કોર્ટ/૨૧૧ગ/૧૯૮૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧૭-૭-૧૯૮૧

**બુ. મ. પટેલ**
કુલસચિવ.

## પરિશિષ્ટ "ક"

### કામકાજ ક્રમાંક ૫

બોર્ડ ઓફ એકાઉન્ટ્સના સભ્યોએ સને ૧૯૭૯-૮૦ના ૩૧મી માર્ચે પૂરા થતા વર્ષનું યુનિવર્સિટીના હિસાબોનું ઓડિટ કામ પૂરું કર્યું છે. આ અંગે છેવટના હેવાલ તૈયાર કરી આગળવાની સભામાં તા. ૨૫-૨-૧૯૮૧ તથા તા. ૨૬-૨-૧૯૮૧ના રોજ નીચેના સભ્યો હાજર હતા :

| | | તા. ૨૫-૨-૧૯૮૧ | તા. ૨૬-૨-૧૯૮૧ |
|---|---|---|---|
| ૧. | શ્રી. ચંદ્રકાન્ત પી. જોશી | હાજર | હાજર |
| ૨. | શ્રી. ભગવતશરણ અગ્રવાલ | હાજર | હાજર |
| ૩. | શ્રી. હરજીવન પી. ચૌહાણ | હાજર | હાજર |

સભાનું પ્રમુખસ્થાન ઓન. ડિરેક્ટર ચંદ્રકાન્ત પી. જોશીએ સંભાળ્યું હતું. બોર્ડના સભ્યોએ તેમને સોંપવામાં આવેલું ઓડિટ અંગેનું કાર્ય, જે પૂરું કર્યું હતું, તેની નોંધ લેવામાં આવી. ત્યાર બાદ કોર્ટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવાનું ઠરાવવામાં આવ્યું :

૧. લોકલ ફંડ એકાઉન્ટના સરકારી ઓડિટ રિપોર્ટ અંગે બાકી રહેતા નિકાલ કર્યા વગરના વાંધાઓ અંગે સત્વરે નિકાલ કરવા ફરીથી ભલામણ કરીએ છીએ.

૨. યુનિવર્સિટીના ખર્ચ માટેના આયોજન ખર્ચનું પ્રમાણ વધેલું જણાયું છે, જેથી યુનિવર્સિટીનું ફંડ ઘટતું રહ્યું છે. આ બાબત અંગે વહેલામાં વહેલી તકે યોગ્ય પગલાં લેવાય તે જરૂરી છે.

૩. યુનિવર્સિટીના ખર્ચના કોઈપણ પ્રકારના ગ્રાન્ટ માટેના આયોજન લાભ લેવા ખર્ચા ન થાય તે માટે પૂરતું ધ્યાન અપાય તે ઇચ્છનીય છે જેથી યુનિવર્સિટી ફંડ ઘટતું અટકે.

૪. છેલ્લા ત્રણ વર્ષમાં આવકજાવકના આંકડાઓ નીચે પ્રમાણે છે :

| વર્ષ | આવક રૂપિયા | જાવક રૂપિયા | ખર્ચના વધારો રૂપિયા |
|---|---|---|---|
| ૧૯૭૭-૭૮ | ૧,૯૭,૫૧,૦૭૦ | ૨,૧૩,૯૯,૩૩૯ | ૧૬,૪૮,૨૬૯ |
| ૧૯૭૮-૭૯ | ૧,૯૫,૭૫,૮૩૯ | ૨,૨૪,૪૨,૯૧૭ | ૨૮,૬૭,૦૭૮ |
| ૧૯૭૯-૮૦ | ૨,૧૭,૧૧,૩૭૯ | ૨,૨૨,૧૬,૪૦૨ | ૫,૦૫,૦૨૩ |

આમ શરૂઆતના બે વર્ષની સરખામણીમાં ત્રીજા વર્ષમાં ખાધમાં ઘટાડો થયેલો છે તો પણ ગવર્નમેન્ટ ઓડિટરના વખતોવખતના સૂચન પ્રમાણે ખાધવાળું અંદાજપત્ર તૈયાર ન કરવાની અમારી પણ આગ્રહભરી ભલામણ છે.

૪. રોકાણો, બેંક અને બીજી પુરાંતોની સ્થિતિ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે પ્રમાણે છે :

| વર્ષ | રોકાણ<br>રૂપિયા | બેંક અને પુરાંત<br>રૂપિયા |
|---|---|---|
| ૧૯૭૭–૭૮ | ૮,૧૧,૫૨૫ | ૬૯,૦૫,૪૧૮ |
| ૧૯૭૮–૭૯ | ૨૦,૦૦૦ | ૪૬,૮૫,૫૧૯ |
| ૧૯૭૯–૮૦ | ૨૦,૦૦૦ | ૬૦,૨૫,૮૭૯ |

(**નોંધ.**—રોકાણો છેલ્લા બે વર્ષમાં ખૂબ જ ઓછાં છે તેમ જ પુરાંતો પણ યુનિવર્સિટીના અંદાજપત્રની સરખામણીમાં ખૂબ સામાન્ય છે. માટે રોકાણો અને પુરાંતો વધારવા માટે સતત પ્રયત્ન થાય તે જરૂરી છે.)

૫. સને ૧૯૭૯–૮૦ના અંદાજપત્રક અને વાર્ષિક હિસાબના આવક અને ખર્ચના આંકડાઓમાં ખૂબ જ મોટો તફાવત જોવા મળે છે.

(*i*) પુનઃ નિમિત આવક ૨,૩૪,૧૩,૪૫૨ અંદાજવામાં આવેલી, જ્યારે ખરેખર આવક ૨,૧૭,૧૧,૩૭૯ થઈ છે. ખરેખર અંદાજપત્રમાં આવકનો અંદાજ ખરેખર આવકથી વધુ અંદાજવો તે યોગ્ય નથી.

(*ii*) ખર્ચમાં પુનઃનિમિત અંદાજ ૨,૭૨,૮૮,૯૫૨ જ્યારે ખરેખર ખર્ચ ૨,૨૨,૧૬,૪૦૨ થયેલ છે. આમ અંદાજપત્રમાં ખર્ચના અંદાજમાં મોટો તફાવત રાખવાથી તે ખર્ચના વધારાને પોષે છે.

આથી અમો ભલામણ કરીએ છીએ કે અંદાજપત્રક બનાવતી વખતે તે વધારે વ્યવહારુ બને છે જ માટે ઘટતું કરવું.

૬. અમોએ સને ૧૯૭૯–૮૦ના ઇન્વેસ્ટમેન્ટ રજિસ્ટર અને ડિપોઝિટ રજિસ્ટર તપાસ્યાં છે અને તે વ્યવસ્થિત જણાયાં છે.

૭. આમ એડવાન્સ રજિસ્ટર તપાસ્યાં છે; જેમાં વ્યક્તિઓ, ખાતાંઓ અને સંલગ્ન કૉલેજો પાસે ઘણાં લાંબાં વર્ષોથી તેમના લીધેલા એડવાન્સના હિસાબો આવ્યા નથી. અમારી ભલામણ છે કે આ એડવાન્સના હિસાબો સત્વરે પૂરા કરવા જોઈએ.

**સૂચનો :**

(*i*) વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેના એડવાન્સના હિસાબો ૩૧મી માર્ચે જે હિસાબો થયા હોય તે અને વધેલી રકમ યુનિવર્સિટીના હિસાબ વિભાગને પરત કરવાં.

(*ii*) એડવાન્સ રજિસ્ટર તપાસતાં કેટલીક સંલગ્ન કૉલેજો છેલ્લાં ચારપાંચ વર્ષથી પોતાના લીધેલા એડવાન્સ હિસાબો રજૂ કરતી નથી, જેના માટે અમારી ભલામણ છે કે આવી કૉલેજોમાં જ્યારે જ્યારે યુનિવર્સિટી તપાસસમિતિના સભ્યોને મોકલવામાં આવે ત્યારે તે કૉલેજ અંગેના બાકી એડવાન્સ હિસાબોની માહિતી પણ નિકાલ માટે તેમને આપવામાં આવે.

(*iii*) યુનિવર્સિટીનાં ભવનોમાં જે જે હેતુ માટે એડવાન્સ આપેલા હોય તેના હિસાબો દરેક વર્ષે ૩૧મી માર્ચ સુધીમાં થયેલા ખર્ચ ઇન્ટરનલ ઑડિટર પાસે તપાસરાવીને તે કાર્યાલયના વિભાગને ખ્યૂન બુકમાં નોંધાવી સુપરત કરવા.

૮. બોર્ડ ઓફ એકાઉન્ટ્સના સભ્યોએ ભવનો, તેમ જ ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. તેમની પેટી–કેશ, ટપાલ એડવાન્સ અને ડેડ સ્ટોક રજિસ્ટર તપાસ્યાં હતાં, જે સંતોષકારક જણાયાં હતાં. તેમ છતાં તેમાં શ્રી. ઑડિટર દ્વારા દર ત્રણ માસે તપાસણી થયાનું જણાયું નહોતું.

(*i*) એચ. કે. વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં ડેડ સ્ટોક રજિસ્ટર તપાસતાં કેટલીક ભેટ આવેલી વસ્તુઓ તેમાં નોંધાયેલ નહોતી. આ અંગે અમે ભલામણ કરીએ છીએ કે ભેટ આવેલી વસ્તુઓનું પણ અલગ ડેડ સ્ટોક રજિસ્ટર જાળવવું.

૯. અમારી સેન્ટ્રલ લૅબોરેટરીની મુલાકાતમાં નીચેના મુદ્દાઓ નોંધપાત્ર હતા :

(૧) બે વર્ષ પહેલાં પ્રયોગશાળા તૈયાર થઈ ગઈ હોવા છતાં હજુ સુધી તે સંપૂર્ણ ગોઠવાઈ નથી.

(૨) આઠ લાખ ઉપરાંતના આ રોકાણનો યોગ્ય શૈક્ષણિક ઉપયોગ સત્વરે શરૂ કરવા અમે ભલામણ કરીએ છીએ.

૧૦. અમે યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસની મુલાકાત લીધી હતી. જ્યાં મહેમાનોને અપાતી વાનગીઓના દર યુનિવર્સિટીએ નક્કી કરી આપ્યા હોવા છતાં તે અંગેની નોંધ મહેમાનો જાણી શકે તેવી રીતે મૂકવામાં આવતી નથી. આ અંગેના દર સૂચનનું બોર્ડ ત્યાંના "ભોજન ખંડ"માં રાખવા અમારી ખાસ ભલામણ છે.

૧૧. અમે કેન્ટીનની મુલાકાત લીધી હતી. યુનિવર્સિટીએ જે શરતોએ કેન્ટીન ચલાવવા આપી છે તે શરતોનું સંપૂર્ણ પાલન થતું જણાતું નથી. અપાતી વસ્તુઓ પણ નક્કી કરેલાં ધોરણો પ્રમાણે જ અપાય તે માટે યોગ્ય તપાસ સતત થતી રહે તે માટે ભલામણ છે. સાથોસાથ યુનિવર્સિટીનાં લેણાં ૩૧મી માર્ચ સુધીમાં ભરાતાં ન હોય તો આવા સંજોગોમાં તેના કોન્ટ્રાક્ટ ફરીથી "રિન્યુ" ન કરવા અમારી ભલામણ છે.

૧૨. સેન્ટ્રલ લૅબોરેટરી, વલ્લભભાઈ વાચનાલય અને મૅનેજમેન્ટ સેન્ટરના મકાન બાંધકામ અંગેની વિધિઓ તપાસી હતી. જેમાં સૌથી ઓછા ભાવનાં ટેન્ડર સ્વીકારવાને બદલે તેના પછીના વધુ ભાવનાં ટેન્ડર રજૂ કરનારને કોન્ટ્રાક્ટ આપવાનું જણાયું છે. આ અંગેના ખુલાસાઓ અમને તર્કસંગત અને નિયમ પ્રમાણે જણાયા નથી.

૧૩. ૧૯૭૯–૮૦ના હિસાબોમાં દર્શાવવામાં આવેલ પરીક્ષા ફીની આવકની ચકાસણી કરવા માટે અમોએ ખૂબ જ પ્રયાસ કરેલ, પરંતુ પરીક્ષા વિભાગમાં જે નોંધ જે રીતે રાખવી જોઈએ અને તેના માટે રજિસ્ટરોની જાળવણી જે થવી જોઈએ તે થયેલી નથી. અમો માનીએ છીએ કે દર વર્ષે જુદી જુદી પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યાં હોય તે દરેકની ફી બરાબર વસૂલ થઈ છે કે નહીં, અને તેટલી આવક જમા આવી છે કે નહિ તેની વિગતો મેળવી શકાય તેવી વિધિ સત્વરે અમલમાં મૂકવી અત્યંત જરૂરી છે.

૧૪. કોમ્પ્યુટર સેન્ટરના હિસાબો અંગે તપાસ કરી હતી, તેની આવક કરતાં ખર્ચ પાંચ ગણો બતાવવામાં આવેલ છે. ખરેખર તો આ સેન્ટરનો વધુમાં વધુ ઉપયોગ એકાઉન્ટ વિભાગ અને પરીક્ષા વિભાગ કરે છે. છતાં તે વિભાગ પાસેથી કોઈ પણ ચાર્જ વસૂલ લેવામાં આવતો નથી, જે બરાબર નથી. આથી તો કોમ્પ્યુટર સેન્ટર ખૂબ જ ખાધવાળું રહેશે. પરીક્ષા વિભાગમાં ફીની આવક વધુ પુરાંતવાળી દેખાશે. એકાઉન્ટ વિભાગનું ઘણું કામ આ સેન્ટર કરે અને તેની માનવશક્તિ બચાવે તે ધ્યાન પર આવશે નહીં. આથી અમો ભલામણ કરીએ છીએ કે યુનિવર્સિટીના દરેક વિભાગ પણ યોગ્ય ચુકવણી કરે તે ઇચ્છનીય છે.

૧૫. યુનિવર્સિટીએ રોકડ ભરણા માટે "ચાર સ્લિપની નવી પદ્ધતિ" સ્ટેટ બેંક યુનિવર્સિટી સાથે ગોઠવેલ છે તેમાં દરરોજના ભરણા માટેની પૂરતી તપાસની કોઈ વ્યવસ્થા નહિ હોવાથી આ પદ્ધતિ યુનિવર્સિટીને કોઈ વખત નુકસાનકારક પુરવાર થવાની સંભાવના છે. આથી અમો ભલામણ કરીએ છીએ કે આ ચાર સ્લિપમાંથી માત્ર વિદ્યાર્થીને આપવાની સ્લિપ જ બેંક વિદ્યાર્થીને આપે અને ફોર્મ સાથે જોડવાની અને એકાઉન્ટ વિભાગને આપવાની બન્ને સ્લિપ એકાઉન્ટ વિભાગમાં લેવામાં આવે અને તપાસ્યા પછી જ તે વિભાગમાં મોકલવામાં આવે જેથી ઘણા પ્રશ્નો હલ થઈ શકે તેવું અમારું માનવું છે.

૧૬. યુનિવર્સિટીના સને ૧૯૭૯-૮૦ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો અમે તપાસ્યા છે અને તે બરાબર રાખેલા જણાયેલા છે. આ હિસાબો અંગેની ઇન્ટર્નલ ઓડિટર્સ મે. લાખિયા એન્ડ કંપનીની ઓડિટ નોંધ જોઈ છે તેમાં કરેલ વિધાનો અને દર્શાવેલ ક્ષતિઓ અંગે ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે.

હિસાબ વિભાગ તરફથી જરૂરી માહિતી અમને પૂરી પાડવામાં આવી હતી અને તે સંબંધે અમારા બધા પ્રશ્નોના સંતોષકારક ખુલાસા મળ્યા હતા. હિસાબ વિભાગે આપેલ સહકાર બદલ અમે આભારી છીએ.

**ચંદ્રકાન્ત પી. જોશી**
**ભગવતશરણ અગ્રવાલ**
**હરજીવન પી. ચૌહાણ**
બોર્ડ ઓફ એકાઉન્ટ્સના સભ્યો.

પરિશિષ્ટ "અ-૧" અને "અ-૨"
કામકાજ ક્રમાંક ૨૭

## અ-૧ : પ્રશ્નોત્તરી ક્રમાંક ૧ થી ૨૦૭ (તા. ૧૦-૬-૧૯૮૧)

નીચેના સભ્યોએ પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે. :
(પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

**[૧] શ્રી. દશરથ એ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :**

પ્રશ્ન ૧ : ગુજરાત યુનિવર્સિટીએ તેની સંલગ્ન કોલેજ માટેના શિક્ષકોનાં સીનિયોરિટીનાં ધોરણો શા માટે નક્કી કર્યાં નથી ?

ઉત્તર ૧ : તેવાં ધોરણો નક્કી કરવા અંગેનો પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળ સમક્ષ વિચારણા માટે આવ્યો નથી.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
નૉન-ટીચિંગ સ્ટાફની સીનિયોરિટી અંગેનો કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટી પાસે છે ?
કુલસચિવશ્રીએ જણાવ્યું કે, ના, કોઈ પ્રસ્તાવ નથી.
શ્રી. શરદભાઈ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :
પ્રસ્તાવ હોય તો કાર્યવાહી થઈ શકે છે અને પ્રસ્તાવ ના હોય તોપણ કાર્યવાહી થઈ શકે છે.

કુલપતિશ્રીનો ઉત્તર : તમારૂ સૂચન ધ્યાનમાં લઈશું.
શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:
યુનિવર્સિટી કાર્યાલય પ્રશ્નોત્તરીના જવાબો શા માટે "હયગ્રીવ" આપે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટી કાર્યાલય પ્રશ્નોના જવાબો કાર્યાલય પાસેથી માહિતી પ્રમાણે આપે છે. પરંતુ તે "હયગ્રીવ" તમને લાગતા હોય તો તે અભિપ્રાયનો પ્રશ્ન છે.
ડૉ. પરેશભાઈ મજમુદારે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
ક્રાઈટેરિયા સાથેની પ્રપોઝલ આવે તો વિચારણા થઈ શકે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હાજી, ધોરણો સાથેનો પ્રસ્તાવ આવે તો વિચારણા થઈ શકે.
શ્રી કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
યુનિવર્સિટી, શિક્ષકોની સીનિયોરિટીનાં ધોરણો નક્કી કરવાં જોઈએ તે વાત જાણે છે કે નહીં ?
કુલપતિશ્રીનો ઉત્તર : હું તમારી સાથે સહમત છું.

પ્રશ્ન ૨ : જો આ ધોરણો નક્કી (કદાચ) કર્યાં હોય તો તે કયાં છે ?

ઉત્તર ૨ : ઉપર પ્રશ્ન ૧નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૩ : ગુજરાત યુનિવર્સિટી સાથેની સંલગ્ન કોલેજમાંથી કેટલી કોલેજોએ તેમના કર્મચારીઓના ( શૈક્ષણિક અને બિનશૈક્ષણિક ) પ્રોવિડંટ ફંડની રકમ તથા તેના વ્યાજની રકમ સાથે ચેડાં કરેલ છે ? ( ગેરવાજબી ઉપયોગ કરેલ છે ? )

ઉત્તર ૩ : પ્રશ્નમાં આક્ષેપાત્મક કથન હોઈ સ્ટે. ૩૧( ૫ ) ( ૨ ) ( બી ) અનુસાર તેનો ઉત્તર આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
પી.એફ.ના નાણાંનો બીજો કોઈ ઉપયોગ થાય છે ? અને ગેરવાજબી કહેવાય ખરું ?
કુલપતિશ્રીનો ઉત્તર : અત્યારે મારી પાસે માહિતી નથી. મળશે તો તમને તે માહિતી આપીશું.
શ્રી. સી બી. મહેતાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
પી.એફ અંગેની માહિતી કોલેજો પાસેથી મંગાવી આ સભા પાસે મૂકવામાં આવશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હાજી.

પ્રશ્ન ૪ : આ અંગે આપણી યુનિવર્સિટીએ કઈ કાર્યવાહી કરેલ છે ? આ અંગે( કાર્યવાહી અંગે )નું જે તે કોલેજ ઓથોરિટીએ કેટલું પાલન કરેલ છે ?

ઉત્તર ૪ : ઉપર પ્રશ્ન ૩નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૫ : ગુજરાત યુનિવર્સિટીની કોલેજોમાંથી સંખ્યાધિક થયેલ કોલેજ અધ્યાપકો હવે સંખ્યાધિક તરીકે કેટલા બાકી છે ?

અને

પ્રશ્ન ૬ : આર્ટ્સ, સાયન્સ. કોમર્સ વગેરે વિદ્યાશાખા દીઠ કેટકેટલા છે ? ( વિગતવાર માહિતી બને તો આપવા વિનંતી છે. )

ઉત્તર ૫ અને ૬ : સદરહુ માહિતી શિક્ષણ નિયામકશ્રી પાસેથી મંગાવવામાં આવી છે પરંતુ તે હજી સુધી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૭ : હજી પણ કોલેજ ટીચર સંખ્યાધિક થાય છે તે બાબતમાં આપણી યુનિવર્સિટી શું પગલાં લે છે ?

ઉત્તર ૭ : પ્રી-યુનિવર્સિટી વર્ગો બંધ થવાના ઉપલક્ષમાં ન્યૂનતમ શિક્ષક ત્રણથી વધુ સંખ્યાના શિક્ષકને સંખ્યાધિક શિક્ષક તરીકે ગણવામાં આવ્યા છે તે જોતાં હવે સંખ્યાધિક શ્રેણીમાં કોઈ શિક્ષકને મૂકવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૮ : મારી માન્યતા પ્રમાણે જે તે કક્ષાએ મોડરેશન ના હોય ત્યાં પરીક્ષકને પોસ્ટેજ ખર્ચ આપવામાં આવતો નથી. આ ન્યાયની દૃષ્ટિએ વાજબી છે ? આ અંગે યોગ્ય ખુલાસો કરવા વિનંતી છે.

ઉત્તર ૮ : સદરહુ પ્રશ્ન અભિપ્રાયનો હોવાથી આપી શકાય તેમ નથી તો માફ કરશો. વધુમાં ઉમેરવાનું કે યુનિવર્સિટી સ્થપાઈ ત્યારથી નિયમો પ્રમાણે યુનિવર્સિટી પરીક્ષાનાં જવાબપત્રો પરીક્ષકે પોતાના ખર્ચે યુનિવર્સિટીને મોકલવાનાં હોય છે. પરંતુ કેટલીક પરીક્ષાઓમાં યુનિવર્સિટીએ પાછળથી મોડરેશન શરૂ કર્યું. જેથી પરીક્ષકોએ દરરોજ જવાબપત્રો મોડરેટરને મોકલવાનાં હોય છે, જેથી તેઓને વધારાનું ખર્ચ થાય તે ધ્યાનમાં રાખીને આ રકમ ચૂકવાય છે.

પ્રશ્ન ૯ અને : લૉ કોલેજોને (કાયદાની કોલેજોને) ગ્રાન્ટ (અનુદાન) આપવા માટે આપણી યુનિવર્સિટીએ રાજ્ય સરકારશ્રી સાથે કેટલી વાટાઘાટો કરી છે ?

પ્રશ્ન ૧૦ : ક્યારે ક્યારે ?

ઉત્તર ૯ અને ૧૦ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૬/૨૪-૬-૧૯૭૯ની સભાના ઠરાવ અન્વયે સંલગ્ન કાયદાની કોલેજોને અનુદાનને પાત્ર ગણવા માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીને તા. ૨—૮—૧૯૭૯ના પત્રથી ભલામણ કરવામાં આવી હતી જેના જવાબમાં સંયુક્ત ઉચ્ચ શિક્ષણ નિયામકના તારીખ ૧૬—૯—૧૯૭૯ના પત્રથી જણાવ્યું હતું કે સરકારશ્રીએ કોલેજોની નાણાકીય સ્થિતિનો અભ્યાસ કરવા માટે નીમેલ સમિતિએ કાયદાની કોલેજોને અનુદાન આપવાનું સ્વીકાર્યું નથી.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૭-૧૧-૧૯૭૯ની સભામાં ઠરાવવામાં આવ્યું કે લૉ કોલેજોની ફી અને ગ્રાન્ટ અંગેના પ્રશ્ન અંગે પણ રાજ્ય સરકાર સમક્ષ યુનિવર્સિટીના પ્રશ્નો અંગે ઘટતી રજૂઆત કરવા માટે નિમાયેલી સમિતિને ઘટતી રજૂઆત કરવા માટે જણાવવું.

પ્રશ્ન ૧૧ : તે વાટાઘાટોનું પરિણામ (ફલશ્રુતિ) શું આવ્યું છે તેની વિગતવાર માહિતી આપો.

ઉત્તર ૧૧ : આ પ્રશ્ન હાલ સરકારશ્રી સાથે વાટાઘાટો માટેની અગ્રિમ યાદીમાં મૂકવામાં આવ્યો છે.

પ્રશ્ન ૧૨ : ગુજરાત યુનિવર્સિટીની કેટલી કોલેજોએ છેલ્લા બેત્રણ માસના પગાર ચૂકવ્યા નથી ?

ઉત્તર ૧૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : કેટલી કૉલેજોએ છેલ્લે જાહેર કરેલ ડી. એ. વધારો (મોંઘવારી ભથ્થાનો) ચૂકવ્યો નથી? વિગતવાર માહિતી આપો. (કૉલેજનાં નામ સાથે).

ઉત્તર ૧૩ : ઉપલબ્ધ માહિતી મુજબ એવી એક પણ કૉલેજ નથી.

પ્રશ્ન ૧૪ : ૧૯૭૬ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓનું પરીક્ષકોને મહેનતાણું હજુ સુધી ચૂકવવામાં આવ્યું નથી. આ અંગેની ચુકવણી માટે આપણી યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૧૪ : સેન સમિતિએ સૂચવેલ સુધારેલાં પગારધોરણો અંગેના રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ અન્વયેના શરતો અનુસાર માર્ચ-એપ્રિલ ૧૯૭૬ની પરીક્ષાઓના સંલગ્ન કૉલેજોના પૂર્ણ સમયના શિક્ષકોને મહેનતાણું ચૂકવી શકાય તેમ ન હોવાથી તે ચૂકવેલ નથી. સદર બાબતનો, સંલગ્ન કૉલેજોના આર્થિક પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા માટે તા. ૧૨-૧-૧૯૮૦ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિના રજૂઆત અંગેના કાર્યસૂચિમાં સમાવેશ કરેલ છે.

પ્રશ્ન ૧૫ : આ અંગેના વિલંબનાં કારણો આપશો.

ઉત્તર ૧૫ : સદર બાબતમાં વિલંબ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૬ : ૧૯૭૭ માર્ચ-એપ્રિલમાં લેવાયેલ પરીક્ષાના પરીક્ષકોના મહેનતાણામાંથી પણ રૂ. ૧૭૫ કાપી લીધા છે. આ રકમની ચુકવણી અંગે યુનિવર્સિટીએ શું પગલાં લીધાં છે?

ઉત્તર ૧૬ : માર્ચ ૧૯૭૭ની પરીક્ષા માટે સંલગ્ન કૉલેજોના પૂર્ણ સમયના શિક્ષકોને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૨-૧૦-૧૯૭૭ની સભાના ઠરાવ નં. ૬૩ અન્વયે રૂ. ૧૭૫-૦૦ની એકજ જગ્યાએ કપાત કરી છે તે બરોબર છે, પરંતુ પરીક્ષા કાર્ય માટેની બાકીની રકમની ચુકવણી કરવામાં આવી છે. જેથી રૂ. ૧૭૫-૦૦ની રકમની ચુકવણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૭ : ગુજરાતની બીજી કોઈપણ યુનિવર્સિટીએ ૧૯૭૬ માર્ચ-એપ્રિલ તથા ૧૯૭૭ માર્ચ-એપ્રિલ રૂ. ૧૭૫ કાપી લીધા છે તે ચૂકવ્યા છે ખરા?

ઉત્તર ૧૭ : આ યુનિવર્સિટી પાસે આ અંગે કોઈ માહિતી ન હોવાથી જવાબ આપી શકાયો નથી, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૮ : જો બીજી યુનિવર્સિટીએ ચૂકવ્યા હોય તો આપણી યુનિવર્સિટીએ શા માટે ચૂકવ્યા નથી?

ઉત્તર ૧૮ : પ્રશ્ન ૧૭નો ઉત્તર જોતાં [illegible] છે.

પ્રશ્ન ૧૯ : ગાંધીધામ (કચ્છ) આર્ટ્સ અને કોમર્સ કોલેજના અધ્યાપક શ્રી. ડી. પી. જયસિંઘાણી ૧૯૭૭થી જુલાઈ ૧૯૭૯ સુધી સંચાલક હતા તે સમયના તેમના પી.એફ.ની બાબતના પ્રશ્નનો હજી સુધી શા માટે નિકાલ થયો નથી ?

ઉત્તર ૧૯ : નિકાલ નહીં થવાના કારણ માટે નીચેના પ્રશ્ન ૨૦માં આપેલ **પરિશિષ્ટ** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તે કોલેજને એક પત્ર દ્વારા (નં. ૨૩૮૩૩, તા. ૧૩-૫-૧૯૮૦ અને એકેડેમિક કાઉન્સિલે તેના તા. ૧૩-૧-૧૯૮૧ના પત્ર નં. એકે/૧૧-૮૧-૧૧૩૨-૨માં આ પી.એફ.ના વ્યાજની રકમ ચૂકવવા જણાવેલ છે તેવું જાણવા મળેલ છે.) આ કોલેજે આ બન્ને પત્રો પછી પણ આ રકમ ચૂકવાઈ નથી તેમ જાણવા મળેલ છે. આ લેટરના જવાબ તે કોલેજે યુનિવર્સિટીને શું આપેલ છે?

ઉત્તર ૨૦ : કોલેજે તેના તા. ૧૩-૨-૧૯૮૧ના પત્રથી જે જવાબ આપેલ છે તે **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૨૧ : યુનિવર્સિટીએ પછી કંઈ પગલાં ભર્યાં છે?

ઉત્તર ૨૧ : **સદરહુ** બાબત **એક્ઝિક્યુટિવ** કાઉન્સિલની વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૨૨ : યુનિવર્સિટી દબાણ કરીને તે રકમ અપાવી શકે ખરી? (અપાવી શકે કે નહીં?)

ઉત્તર ૨૨ : ઉપર પ્રશ્ન ૧૯ થી ૨૧ના ઉત્તરો જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩ : શ્રી જયસિંઘાણીએ યુનિવર્સિટીને તા. [illegible] ના પત્રથી [illegible] અંગેની [illegible] છે તો એ અંગે યુનિવર્સિટીએ શા પગલાં [illegible] કાર્યવાહી કરેલ છે? (વિગતવાર જવાબ આપવા વિનંતી)

ઉત્તર ૨૩ : સદરહુ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા હેઠળ છે.

[૨] શ્રી. સી. એમ. શેઠ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૨૪ : જાન્યુઆરી ૧૯૮૦થી માર્ચ ૧૯૮૧ સુધીમાં કેટલી અને કઈ કઈ કોલેજોએ નિયમિત પગારો ચૂકવ્યા નથી?

અને

પ્રશ્ન ૨૫ : તેનાં શું કારણો છે?

અને

પ્રશ્ન ૨૬ : મોટા ભાગની કોલેજો નિયમિત પગારો ચૂકવતી હોવા છતાં આ કોલેજોને એવાં કયાં કારણો છે કે જેથી તેઓ પગારો ચૂકવવામાં અસામાન્ય વિલંબ થાય છે?

ઉત્તર ૨૪ થી ૨૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે પરિશિષ્ટ "૩" જોવા વિનંતી છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

સેનેટની પ્રશ્નોત્તરી અંગેની માહિતી જે કોલેજો મોકલે નહીં તે અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે એક સમિતિ નીમી હતી તેની શી ભલામણ છે તે જણાવશો.

કુલપતિશ્રીનો ઉત્તર : કોલેજના જોડાણ માટે સમિતિ જાય ત્યારે તેને બધી માહિતી કોલેજ પાસેથી મેળવી લેવાની હોય છે. આ અંગે સ્થાનિક તપાસસમિતિને સૂચના આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પ્રશ્ન ૨૭ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો પૈકી કેટલી અને કઈ કઈ કોલેજોએ નવેંબર ૧૯૭૯, ફેબ્રુઆરી, ૧૯૮૦ અને મે ૧૯૮૦ની મોંઘવારી ચૂકવી નથી?

અને

પ્રશ્ન ૨૮ : તેનાં શું કારણો છે?

ઉત્તર ૨૭ અને ૨૮ : સદરહુ માહિતી માટે ઉત્તર ૧૩ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૯ : સેન પગારધોરણોના અમલીકરણમાં બેઝિક પગારના તફાવત મળી ગયા પછી મોંઘવારી એરિયર્સના તફાવતની રકમ કેટલી અને કઈ કઈ કોલેજોએ ચૂકવી છે?

અને

પ્રશ્ન ૩૦ : તે જો ચૂકવાયા ન હોય તો તેનાં શું કારણો છે?

ઉત્તર ૨૯ અને ૩૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૩" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૧ : યુનિવર્સિટી તેના માટે સરકારમાં શું રજૂઆત ન કરી શકે?

ઉત્તર ૩૧ : સરકારશ્રી સાથે રજૂઆત કરવા માટે નિમાયેલી સમિતિએ તૈયાર કરેલ અગ્રિમ મુદ્દામાં આ મુદ્દો આવરી લેવામાં આવેલ છે.

પ્રશ્ન ૩૨ : સરકાર તરફથી જાહેર થયા પછી એચ. આર. એ.ની તફાવતની રકમ કેટલી કોલેજોએ ચૂકવી દીધી ?

અને

પ્રશ્ન ૩૩ : કેટલી અને કઈ કઈ કોલેજોએ તે ચૂકવી નથી?

ઉત્તર ૩૨ અને ૩૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે પરિશિષ્ટ "૪" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૪ : એચ.આર.એ. માટેના કયા નિયમોનું કોલેજોએ પરિપાલન કરવામાં આવ્યું છે ?

ઉત્તર ૩૪ : પ્રશ્નની સંદિગ્ધતા જોતાં ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૩૫ : કઈ કઈ કોલેજોના આચાર્યોને સંચાલકોએ સસ્પેન્ડ કર્યા છે?

ઉત્તર ૩૫ : હાલ કોઈ આચાર્ય સસ્પેન્શન હેઠળ નથી.

પ્રશ્ન ૩૬ : તેનાં શું કારણો છે?

અને

પ્રશ્ન ૩૭ : તેમના પ્રશ્નોમાં કોર્ટમાં કોઈનો પ્રશ્ન છે કે કેમ?

અને

પ્રશ્ન ૩૮ : તેનો કાંઈ ચુકાદો આવ્યો ખરો?

ઉત્તર ૩૬ થી ૩૮ : પ્રશ્ન ૩૫ના ઉત્તર જોતાં આ પ્રશ્નો ઊભા થતા નથી.

પ્રશ્ન ૩૯ : કઈ કૉલેજના કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે?

અને

પ્રશ્ન ૪૦ : યુનિવર્સિટીમાં તે અંગેની ફરિયાદ છે કે કેમ?

અને

પ્રશ્ન ૪૧ : યુનિવર્સિટીના જણાવ્યા પ્રમાણે તે કૉલેજે તેનો અમલ કર્યો છે કે કેમ?

અને

પ્રશ્ન ૪૨ : જો અમલ ના કર્યો હોય તો તેનું શું કારણ?

અને

પ્રશ્ન ૪૩ : તેના અમલીકરણ માટે યુનિવર્સિટીએ બીજું કોઈ પગલું ભર્યું છે કે કેમ?

ઉત્તર ૩૯ થી ૪૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૪ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં ફાજલ પડેલા અધ્યાપકોમાં આ વર્ષે કેટલાનો સમાવેશ કરવામાં આવ્યો?

અને

પ્રશ્ન ૪૫ : હજુ કેટલા અધ્યાપકો બાકી રહ્યા છે?

અને

પ્રશ્ન ૪૬ : શું એકાદ વર્ષમાં તેનો સમાવેશ કરવામાં આવશે કે કેમ?

ઉત્તર ૪૪ થી ૪૬ : સદરહુ માહિતી શિક્ષણનિયામકશ્રી પાસેથી મંગાવવામાં આવી છે, પરંતુ તે હજી સુધી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૪૭ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો પૈકી કઈ કઈ કૉલેજોમાં કયા પ્રકારની એરિયર્સ ચૂકવવાની બાકી રહી છે?

અને

પ્રશ્ન ૪૮ : હજુ સુધી તે કેમ ચૂકવાઈ નથી?

અને

પ્રશ્ન ૪૯ : બાકી હોય તો તે હવે ક્યારે ચૂકવવામાં આવશે?

ઉત્તર ૪૭ થી ૪૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૬"** જોવા વિનંતી છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મોડાસા કોલેજમાં શ્રી. સોનીને પગાર મળતો નથી તેવી કોઈ માહિતી યુનિવર્સિટી પાસે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ પ્રશ્ન કોર્ટમાં ગયેલો છે તેથી કાંઈ કહી શકાય નહીં.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો

કોર્ટનું ફાઈનલ જજમેન્ટ આવ્યું ?

કુલપતિશ્રીનો ઉત્તર : આરબીટ્રેશનમાં જવાનો કોર્ટે આદેશ આપ્યો છે.

શ્રી કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શ્રી. સોનીને પગાર આપવા અંગે કોઈ ઑર્ડર થયેલો છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : એ બાબત સ્થાયી સમિતિ સમક્ષ મૂકવામાં આવી છે.

પ્રશ્ન ૫૦ : પ્રોવિડંટ ફંડની રકમો કઈ કઈ કોલેજોએ સરકારમાં જમા કરાવી છે?

અને

પ્રશ્ન ૫૧ : કઈ કઈ કોલેજોએ તે જમા કરાવી નથી?

અને

પ્રશ્ન ૫૨ : તેનાં શું કારણો છે?

ઉત્તર ૫૦ થી ૫૨ : સંલગ્ન કોલેજોએ પ્રોવિડંટ ફંડની રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવાના સરકારી ઠરાવના અમલના સંદર્ભમાં સંયુક્ત શિક્ષણ નિયામક (ઉ.શિ.)એ તેમના તા. ૨૧-૪-૧૯૮૦ના પત્રાંક ૬(૨)પી.એફ. ઉજ્જપાથી જણાવ્યું છે કે કોલેજોએ ભવિષ્યનિધિ ફંડની રકમ મનાઈ હુકમ ન ઊઠે ત્યાં સુધી સરકારમાં જમા કરાવવી નહિ તેમ જણાવ્યું છે તથા સદરહુ પત્રની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ની સભામાં નોંધ લીધી છે તે જોતાં આ પ્રશ્નો પ્રસ્તુત બનતા નથી.

પ્રશ્ન ૫૩ : અધ્યાપકોને તેમનાં પોતાનાં નાણાંમાંથી લોનો કેમ મળી શકતી નથી?

ઉત્તર ૫૩ : પી.એફ.નાં નાણાંમાંથી લોન મળી શકે તેવી જોગવાઈ તે માટેના નિયમોમાં છે.

આચાર્યશ્રી દર્શનસિંગ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોલેજના શિક્ષકોને પ્રોવિડન્ટ ફંડમાંથી લોન મળતી નથી તેથી કુલપતિશ્રીએ ડી.ઓ. પત્ર લખીને સરકારશ્રીને લોન અંગે નાણાં છૂટાં કરવા માટે ન લખવું જોઈએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : લોનનાં નાણાં તરત મળવાં જ જોઈએ એવો મારો અભિપ્રાય છે.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સરકારશ્રી પાસેથી કોલેજના પી.એફ.ના નાણા પાછાં આવવાનાં હોય તો યુનિવર્સિટીના પી.એફ.નાં નાણાં પાછા મેળવવા સરકારશ્રીને ન લખવું જોઈએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : સૂચનની નોંધ લેવામાં આવી છે.

પ્રશ્ન ૫૪ : કોઈ ટેકનિકલ કારણ હોય તો તેને સરકાર દૂર કરવામાં અક્ષમ્ય વિલંબ કેમ દાખવે છે?

ઉત્તર ૫૪ : આ પ્રશ્નના ઉત્તર આ કાર્યાલય આપી શકે નહીં તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૫૫ : યુનિવર્સિટી તે દિશામાં સમજૂતીના માર્ગ માટે પ્રયાસ કરશે ને?

ઉત્તર ૫૫ : તે માટેનો કોઈ ચોક્કસ પ્રસ્તાવ આવ્યેથી તે પર વિચારણા કરવામાં આવશે.

પ્રશ્ન ૫૬ : લોનો આપવા સરકાર શું જુદો સેલ ઊભો ન કરી શકે?

ઉત્તર ૫૬ : સરકારને તેમ કરવું જરૂરી જણાય તો સરકાર તેમ કરી શકે છે.

પ્રશ્ન ૫૭ : ચાલુ વર્ષે માર્ચ/એપ્રિલ ૧૯૮૦માં લેવાયેલી પરીક્ષાનાં પરિણામો મોડાં કેમ પડયાં?

ઉત્તર ૫૭ : માર્ચ/એપ્રિલ ૧૯૮૦ની પરીક્ષાનાં પરિણામો મોડાં થવા માટે સત્ર ૭મી એપ્રિલ સુધી લંબાવવાને કારણે તેમ જ કેટલીક પરીક્ષાઓમાં ડમી પદ્ધતિ તેમ જ કો-ઓર્ડિનેશન પદ્ધતિ અમલમાં આવવાથી અને જૂના અભ્યાસક્રમોની પરીક્ષાઓ પણ કેટલીક વિદ્યાશાખાઓમાં લંબાઈ હોઈ કેટલાંક પરિણામો બહાર પાડવામાં વિલંબ થયેલ, પણ મોટા ભાગનાં પરિણામો સત્ર શરૂ થતાં પહેલાં બહાર પડયાં હતાં.

શ્રી. ચિમનભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
પરીક્ષા વિભાગમાં હાલ કેટલા કર્મચારીઓ કામ કરે છે?
કુલસચિવે જણાવ્યું કે આશરે ૪૦ વત્તા ૧૫ હંગામી.
આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
બીજી યુનિવર્સિટીઓની સરખામણીમાં આપણી યુનિવર્સિટીમાં ઓછા કર્મચારીઓ છે. ગઈ વખતે પરિણામો મોડાં બહાર પડયા પણ આ વખતે મોડાં બહાર ના પડે તે માટે કાંઈ વિચાર્યું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : હાજી.
શ્રી. હિમાંશુ વ્યાસે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
યુનિવર્સિટીની જે પરીક્ષામાં જ્યાં થોડા વિદ્યાર્થીઓ બેસે છે તેનાં પરિણામ પણ કેમ મોડાં પડે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ડીન સાહેબને પૂછીને જણાવીશું.

પ્રશ્ન ૫૮ : તેનાં ખાસ ક્યાં કારણો છે?

ઉત્તર ૫૮ : પ્રશ્ન નં. ૫૭નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૯ : આવી ભૂલનું પુનઃ પુનરાવર્તન ન થાય તે દૃષ્ટિએ આગામી યુનિવર્સિટી પરીક્ષા માટે વિચાર કર્યો છે કે કેમ?

ઉત્તર ૫૯ : યુનિવર્સિટી પરીક્ષાઓનાં પરિણામો શક્ય એટલાં વહેલાં બહાર પાડવા યુનિવર્સિટી હરહંમેશ પ્રયત્નશીલ હોય છે અને આગામી યુનિવર્સિટી પરીક્ષા માટે પણ આ અંગે બનતા તમામ પ્રયત્નો કરવાનું વિચારાયું જ છે.

પ્રશ્ન ૬૦ : યુનિવર્સિટી પરીક્ષામાં ચોરી કરતા કેટલા વિદ્યાર્થીઓ પકડાયા? તેમને શી શિક્ષા કરવામાં આવી?

ઉત્તર ૬૦ : યુનિવર્સિટી પરીક્ષામાં માર્ચ/એપ્રિલ ૧૯૮૦ તથા ઓક્ટોબર ૧૯૮૦ના મળીને કુલ ૪૩૪ વિદ્યાર્થીઓ ચોરી કરતા પકડયા. પ્રત્યેક વિદ્યાર્થીને તેની સામે મળેલ આ અંગેની ફરિયાદ અંગે તેને લેખિત તેમજ રૂબરૂમાં યોગ્ય ખુલાસો કરવાની તક આપી તેની સામે મળેલ ફરિયાદના કાગળો, પુરાવા હોય તો તે, તેણે કરેલ ખુલાસા ઈ. લક્ષમાં લઈ કેટલાકની સામે કોઈ પગલાં લેવાં જરૂરી ન જણાતાં પરિણામ જાહેર કર્યા જ્યારે કેટલાક કેસોમાં વ્યક્તિગત કેસોની ગંભીરતા જોઈ ૧ થી ૩ વર્ષ સુધી યુનિવર્સિટી પરીક્ષામાં બેસવાની મનાઈ ફરમાવવાની શિક્ષા કરવામાં આવેલ છે.

પ્રશ્ન ૬૧ : નાપાસ થયેલા વિદ્યાર્થીને પાછળથી પાસ જાહેર કરવામાં આવ્યા તો આવું કેમ બન્યું?

ઉત્તર ૬૧ : કોઈ ચોક્કસ કેસ કે કેસો અંગે માહિતી માગવામાં આવે તો તે આપવાનું વિચારી શકાય તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે કોઈ વિદ્યાર્થીના પરિણામમાં ભૂલ થયેલી જણાય તો યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ તે સુધારીને પરિણામમાં ફેરફાર કરવામાં આવે છે.

પ્રશ્ન ૬૨ : એવા કેટલા અને કયા વિષયના વિદ્યાર્થીઓ હતા?

ઉત્તર ૬૨ : પ્રશ્ન નં. ૬૧ નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૩ : અમદાવાદની એસ. એલ. યુ. કોલેજે કોમર્સ કોલેજના એફિલિયેશન માટે અરજી કરી હતી ખરી?

ઉત્તર ૬૩ : સદરહુ કોલેજે જૂન ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા માટે અરજી કરી હતી.

પ્રશ્ન ૬૪ : તેમની અરજી માન્ય કરવામાં આવી ખરી કે?

ઉત્તર ૬૪ : ના, જી.

પ્રશ્ન ૬૫ : ન કરવામાં આવી તો શા માટે?

ઉત્તર ૬૫ : અમદાવાદ શહેર વિસ્તારમાં વાણિજ્યની નવી વિદ્યાશાખા શરૂ કરવાની જરૂરિયાત જણાઈ ન હતી.

પ્રશ્ન ૬૬ : અન્ય કોલેજોને એફિલિયેશન જો મળી શકતું હોય તો મહિલા કોલેજને કેમ નહીં?

ઉત્તર ૬૬ : જૂન ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે આવેલ એક પણ અરજીમાં આવી જરૂરિયાત સ્વીકારવામાં આવી નથી.

પ્રશ્ન ૬૭ : યુનિવર્સિટીની પરવાનગી વિના ગુજરાત સરકારે ઓગસ્ટ (૧૯૮૦)માં રજાઓ જાહેર કરી હતી ખરી ?

ઉત્તર ૬૭ : સદરહુ બાબતમાં સરકારશ્રીએ કુલપતિશ્રી સાથે અનૌપચારિક વાત કરી હતી અને કુલપતિશ્રીએ તે માટે સંમતિ આપી હતી.

શ્રી ચિમનભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :
સરકારે કોલેજોમાં રજા જાહેર કરી ત્યાર બાદ યુનિવર્સિટીને પૂછયું હતું ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા
શ્રી હિમાંશુ વ્યાસે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :
રજાઓ અંગે કુલપતિશ્રીએ લેખિત કે મૌખિક સંમતિ આપી હતી ?

કુલપતિશ્રીનો ઉત્તર : મૌખિક સંમતિ આપી હતી.
શ્રી નરહરિભાઈ અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :
કોલેજો બંધ કરતાં પહેલાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોને જાણ કરવી જોઈતી ન હતી ?

કુલપતિશ્રીનો ઉત્તર : તમે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય છો અને તે બાબત તમે જાણો છો.

પ્રશ્ન ૬૮ : કરી હોય તો યુનિવર્સિટીની આ સત્તા પર સરકારે તરાપ મારીને ?

અને

પ્રશ્ન ૬૯ : સરકારે તેની દિલગીરી વ્યકત કરી કે કેમ ?

અને

પ્રશ્ન ૭૦ : જો સરકારે દિલગીરી વ્યકત ન કરી હોય તો યુનિવર્સિટીએ સરકાર પર ઠપકાનો પત્ર પાઠવ્યો કે કેમ ?

ઉત્તર ૬૮ થી ૭૦ : પ્રશ્ન ૬૭ નો ઉત્તર જોતાં આ પ્રશ્નો ઊભા થતા નથી.

પ્રશ્ન ૭૧ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજો કેટલી ?

ઉત્તર ૭૧ : આ યુનિવર્સિટીમાં વિજ્ઞાન વિદ્યાશાખા ધરાવતી સંલગ્ન કોલેજોની સંખ્યા હાલ ૩૧ છે.

પ્રશ્ન ૭૨ : તે દરેકમાં વિદ્યાર્થી સંખ્યા કેટલી ?

ઉત્તર ૭૨ : સદરહુ માહિતી **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૭૩ : સંખ્યાના પ્રમાણને ધ્યાનમાં લઈને ૧૧ અને ૧૨ ધોરણના સાયન્સના વિદ્યાર્થીઓ આ સાયન્સ કોલેજોમાં આપી શકાય ?

ઉત્તર ૭૩ : અભિપ્રાયને લગતો પ્રશ્ન હોઈ સ્ટે. ૩૧ (૫) (૨) (i) (સી) અન્વયે તેનો ઉત્તર અત્રે આપવાનું બની શકે નહીં તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૭૪ : તે દિશામાં યુનિવર્સિટી કાર્યવાહી શું કરશે?

ઉત્તર ૭૪ : આ અંગેનો કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીના કોઈ સત્તામંડળ પાસે હાલ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૭૫ : એમ.એ. અને એમ.કૉમ. એક્સ્ટર્નલ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ આ વર્ષે કેટલા નોંધાયા છે?

ઉત્તર ૭૫ :

| | | | |
|---|---|---|---|
| એમ.એ. પાર્ટ—૧ | : | ૨,૮૭૯ | કુલ |
| એમ.એ. પાર્ટ—૨ | : | ૭૪૨ | ૩,૬૨૧ |
| એમ.કૉમ. પાર્ટ—૧ | : | ૪,૧૨૩ | |
| એમ.કૉમ. પાર્ટ—૨ | : | ૧,૦૫૫ | ૫,૧૭૮ |

શ્રી. ચિમનભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યા :

એમ.એ. એક્સ્ટર્નલની આવક રૂ. પાંચ લાખ થાય છે છતાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓને તેમના નંબર અને સેન્ટર અંગેની માહિતી મોકલવામાં આવતી નથી તો તે મોકલવી ન જોઈએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે અંગે વિચારીશું.

પ્રશ્ન ૭૬ : તેની ફીની રકમ કેટલી મળી છે?

ઉત્તર ૭૬ : રજિસ્ટ્રેશન, પરીક્ષા અને ગુણપત્રકની ફી :

| | | |
|---|---|---|
| એમ.એ. પાર્ટ—૧ અને ૨ | : | રૂ. ૪,૯૯,૪૬૦--૦૦ |
| એમ.કૉમ. પાર્ટ—૧ અને ૨ | : | રૂ. ૬,૮૧,૧૨૫--૦૦ |

પ્રશ્ન ૭૭ : યુનિવર્સિટી આટલી ફી લેવા છતાં વિદ્યાર્થીઓને માર્ગદર્શનરૂપ કાંઈ વ્યવસ્થા કરે છે કે કેમ ?

ઉત્તર ૭૭ : વિદ્યાર્થીઓને ગ્રંથાલયના ઉપયોગની સગવડ ઉપલબ્ધ કરવામાં આવે છે.

પ્રશ્ન ૭૮ : યુનિવર્સિટી વિદ્યાર્થીઓના શું તેમના નંબરો અને વ્યવસ્થા વિષે જાણકારી પણ ન કરી શકે?

ઉત્તર ૭૮ : યુનિવર્સિટીની બીજી રેગ્યુલર પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓના નંબરો યુનિવર્સિટીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવે છે. તે જ પ્રમાણે આ વિદ્યાર્થીઓના નંબરો નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવે છે.

પ્રશ્ન ૭૯ : યુનિવર્સિટી તે અંગેનો વિચાર કરી તેનું અમલીકરણ કરશે કે?

ઉત્તર ૭૯ : ઉપર પ્રશ્ન—૭૮નો ઉત્તર જોવા વિનંતી.

પ્રશ્ન ૮૦ : નવનિર્માણ આંદોલનના હુતાત્માઓની યાદગીરીમાં યુનિવર્સિટી પટાંગણમાં શહીદ સ્મારક ઊભું કરવામાં આવ્યું હતું કે કેમ?

ઉત્તર ૮૦ : હા, જી.

પ્રશ્ન ૮૧ : સ્મારક કરવામાં આવ્યું હોય તો તે કામ શું અધૂરું છે ?

અને

પ્રશ્ન ૮૨ : તેનાં શું કારણો છે?

ઉત્તર ૮૧ અને ૮૨ : (૧) હા, જી.

(૨) નાણાંની જોગવાઈ કરવાની બાકી હોવાથી આ અંગે ઈ.સી.નો તા. ૮—૩—૧૯૭૫નો ઠરાવ નીચે પ્રમાણે છે:

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સેનેટ હોલના સામેના રોડની ઉત્તર તરફ આવેલા અને પોસ્ટ ઓફિસ, સમાજવિદ્યા ભવન તથા મનોવિજ્ઞાન ભવનનાં મકાનોના સંકુલની વચ્ચે ઓવલ(oval) આકારના બગીચામાં સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ પાસેથી પ્લાન મેળવીને તે અનુસાર શહીદોના પ્રતીક સ્મારક માટેની કોઈ યોગ્ય જગા નક્કી કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તા. ૧૫—૩—૧૯૭૫ પહેલાં આ પ્રતીક સ્મારકનું ખાતમુહૂર્ત થાય તે માટે ઘટતાં પગલાં લેવા ભલામણ કરવી."

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સ્મારક રચવા જરૂરી ભંડોળ એકઠું કરવા માટે વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓએ સ્વીકારેલું છે તેની સાભાર નોંધ લેવી અને તે ભંડોળ એકઠું થયેથી શહીદ સ્મારક રચવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવાનું રાખવું."

શ્રી. હિમાંશુ વ્યાસે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી કેમ્પસમાં શહીદ સ્મારક ઊભું કરવામાં આવ્યું છે તે યુનિવર્સિટીએ ઊભું કર્યું છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : મારી પાસે માહિતી નથી.

શ્રી. નરહરિભાઈ અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો ?

સાહેબ, શહીદ સ્મારક યુનિવર્સિટીએ ઊભું નથી કર્યું. અમે વિદ્યાર્થીઓએ ફંડ ઊભું કરી સ્મારક કર્યું છે. તે જગ્યાએ સાફસૂફી થાય અને ચોખ્ખી રહે તેટલું યુનિવર્સિટી જોશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : સારું.

પ્રશ્ન ૮૩ : યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલ ૧૯૮૦ની પરીક્ષા માટે કેટલી અને કઈ કઈ કોલેજોએ ઓબ્ઝર્વરની માગણી કરી હતી ?

ઉત્તર ૮૩ : માર્ચ-એપ્રિલ, ૧૯૮૦ની પરીક્ષા માટે કોઈ કોલેજે ઓબ્ઝર્વરની માગણી કરી નથી.

પ્રશ્ન ૮૪ : તેનાં શું કારણો હતાં?

ઉત્તર ૮૪ : પ્રશ્ન નં. ૮૩નો જવાબ જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૮૫ : યુનિવર્સિટીની આગામી માર્ચ--એપ્રિલની પરીક્ષા માટે કોઈ સેન્ટરો બંધ કરવામાં આવ્યાં છે ખરાં?

ઉત્તર ૮૫ : હા, જી.

પ્રશ્ન ૮૬ : આવ્યાં હોય તો કેટલાં અને કયાં કયાં સેન્ટરો છે?

ઉત્તર ૮૬ : નીચેનાં ત્રણ કેન્દ્રો બંધ કરવાનું ઠરાવવામાં આવ્યું છે :
(૧) બોડેલી, (૨) ડાકોર અને (૩) મહુધા.

પ્રશ્ન ૮૭ : તેના માટેનાં શું કારણો છે?

ઉત્તર ૮૭ : કેન્દ્રોના અધ્યાપકોએ પરીક્ષાનું કામ કરવાની અનિચ્છા દર્શાવી હોવાથી.

પ્રશ્ન ૮૮ : છેલ્લી સેનેટ મીટિંગમાં યુનિવર્સિટી તરફથી પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ કેટલી અને કઈ કઈ કોલેજોએ આપ્યા ન હતા?

ઉત્તર ૮૮ : સદરહુ ૨૩ કોલેજોની યાદી માટે **પરિશિષ્ટ "૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૯ : તેમની પાસે ખુલાસા માંગવામાં આવશે તો તે દિશામાં શું કાર્યવાહી થઈ છે?

ઉત્તર ૮૯ : સદરહુ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવામાં આવતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯--૪--૧૯૭૯ અને તા. ૧--૫--૧૯૭૯ની સભામાં નીમેલ સમિતિની નીચેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫--૧૨--૧૯૭૯ની સભામાં મંજૂર રાખી છે :

"વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, આવી કોલેજોની તપાસ માટે જે તપાસ-સમિતિ જાય છે તેમણે આ અંગેની માહિતી કોલેજો પાસેથી મેળવવી અને આચાર્યશ્રી પાસે માહિતી ન મોકલવા માટે લેખિત કારણો લેવાં અને તેનો ઉલ્લેખ તપાસસમિતિના હેવાલમાં કરવાનો રાખવો."

શ્રી. એચ. પી. **ચૌહાણે નીચનો** પૂરક પ્રશ્ન પૂછ્યો :

આવી કોલેજો પાસે તપાસસમિતિ ગઈ ત્યારે તેઓએ કોલેજ પાસેથી લેખિત ખુલાસા મેળવ્યા છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગેનો ઠરાવ થયો તે પહેલાં એલ.આઈ.સી. જઈ આવી છે તેથી ખુલાસા મેળવી શકયા નથી.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૯૮૧માં કેટલી કોલેજોમાં એલ.આઈ.સી. જવાની છે?

કુલપતિશ્રીનો ઉત્તર : લગભગ ૨૬ કોલેજોમાં.

પ્રશ્ન ૯૦ : યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં આખું પેપર બદલવાની વિધિ માટે કોઈ સમયમર્યાદા ખરી કે કેમ ?

ઉત્તર ૯૦ : ના, જી.

પ્રશ્ન ૯૧ : આ સમય દરમિયાન વિભિન્ન કૉલેજોના અભિપ્રાયો મંગાવવા જોઈએ કે કેમ ?

ઉત્તર ૯૧ : આ માટે કોઈ નિયમ થયેલ નથી તેમ છતાં સંબંધકર્તા અભ્યાસસમિતિને તેમ કરવાનું યોગ્ય લાગે તો તે તેમ કરી શકે.

પ્રશ્ન ૯૨ : સમયમર્યાદામાં સેમિનાર શું ગોઠવી ન શકાય ?

ઉત્તર ૯૨ : કોઈ ચોક્કસ પરિસંવાદની વાત આ પ્રશ્નમાંથી સમજાઈ ન હોવાથી તે અંગે માહિતી આપવાનું બની શક્યું નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૯૩ : એફ.વાય.બી.એ.માં ઇતિહાસ વિષયમાં પેપર–૨ ને બદલવા માટે કોઈ સમયમર્યાદા અપનાવી છે કે કેમ ?

ઉત્તર ૯૩ : અભ્યાસસમિતિની ભલામણ અનુસાર વિદ્યાશાખાના ડીનશ્રીની અનુમતિ પરથી કુલપતિશ્રીની મંજૂરી મળ્યેથી ઇતિહાસના અન્ય પ્રશ્નપત્રોના અભ્યાસક્રમ સાથે પ્રશ્નપત્ર–૨ નો અભ્યાસક્રમ સુધારી જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવા તા. ૨--૬--૧૯૮૦ના રોજ પરિપત્ર વિનયનની કૉલેજોને પાઠવવામાં આવ્યો હતો. તે પછી સુધારાઓ અંગે તા. ૨૩--૭--૧૯૮૦ના રોજ જાણ કરવામાં આવી અને આ અભ્યાસક્રમ રદ ગણીને નવો સુધારેલો પ્રશ્નપત્ર–૨નો અભ્યાસક્રમ જૂન ૧૯૮૦થી અમલમાં આવે છે તેવી સ્પષ્ટતા સાથે તા. ૨૯--૯--૧૯૮૦ના રોજ તે પરિપત્રિત કરવામાં આવ્યો છે.

પ્રશ્ન ૯૪ : યુનિવર્સિટીમાં તે અંગેની રજૂઆત થઈ છે કે કેમ ? યુનિવર્સિટીએ એ દિશામાં કોઈ કાર્યવાહી કરી છે કે કેમ ?

ઉત્તર ૯૪ : હા, જી. અભ્યાસસમિતિએ તેની તા. ૧--૯--૧૯૮૦ ની સભામાં વિચારણા કરી છે.

પ્રશ્ન ૯૫ : બોરસદ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં પ્રા. એમ. બી. પાઠકે એક્ટિંગ પ્રિન્સિપાલ તરીકે સેવા આપેલી તેના બદલામાં તેમને તેના મહેનતાણાના પૈસા મળ્યા નથી એવી ફરિયાદ યુનિવર્સિટીને મળી છે કે કેમ ?

ઉત્તર ૯૫ : હા, જી.

પ્રશ્ન ૯૬ : યુનિવર્સિટીએ તે અંગે કાંઈ વકતવ્ય મંગાવ્યું છે કે શું ?

ઉત્તર ૯૬ : હા, જી.

પ્રશ્ન ૯૭ : તે અંગે યુનિવર્સિટીએ આગળ કોઈ કાર્યવાહી કરી છે કે કેમ ?

ઉત્તર ૯૭ : હા, જી. વધુમાં જાણ સારુ ઉમેરવાનું કે પ્રા. એમ. બી. પાઠકે તેઓના તા. ૨૭—૩—૧૯૮૧ના પત્રથી સદરહુ મહેનતાણાની રકમ તેઓને મળી ગયાનું અને પ્રશ્ન પતી ગયો હોવાનું જણાવ્યું છે.

પ્રશ્ન ૯૮ : પી. જી. સ્કેલ મેળવનાર અધ્યાપકોમાં સેન કમિશનના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પગાર પ્રમાણે કેટલાને લાભ મળ્યો નથી?

અને

પ્રશ્ન ૯૯ : તેઓ કઈ કઈ કોલેજોના છે?

અને

પ્રશ્ન ૧૦૦ : આ કોલેજોએ તે પ્રમાણે કેમ ચૂકવ્યા નથી ?

ઉત્તર ૯૮ થી ૧૦૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૯" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૧થી ૧૧૦ : આ પ્રશ્નો પ્રશ્ન ક્રમાંક ૨૪થી પ્રશ્ન ક્રમાંક ૩૩માં દર્શાવ્યા છે તે જ છે અને ઉત્તરો તે સ્થળે દર્શાવેલ છે.

પ્રશ્ન ૧૧૧થી ૧૭૭ : આ પ્રશ્નો પ્રશ્ન ક્રમાંક ૩૫થી પ્રશ્ન ક્રમાંક ૧૦૦માં દર્શાવ્યા છે તે જ છે અને તેના ઉત્તરો તે સ્થળે દર્શાવેલ છે.

પ્રશ્ન ૧૭૮ : મેડિકલ કોલેજો ૬ મહિના સુધી બંધ કરવાની કરેલી જાહેરાતમાં સરકારે શું યુનિવર્સિટીની પરવાનગી મેળવી હતી ખરી ?

ઉત્તર ૧૭૮ : ના, જી. વધુમાં જાણ માટે ઉમેરવાનું કે, રાજ્ય સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ ખાતાએ તેના તા. ૧૩--૨--૧૯૮૧ના પત્રાંક એમસીજી. ૧૦૮૧-૭૫૭-જે થી તબીબી કોલેજો છ માસ માટે બંધ કર્યાની યુનિવર્સિટીને જાણ કરી છે.

પ્રશ્ન ૧૭૯ : પરવાનગી જો ન મેળવી હોય તો તેનાથી યુનિવર્સિટીની સ્વાયત્તતાનો સરકાર ભંગ કરે છે એવું ખરું ને?

ઉત્તર ૧૭૯ : એ અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૧૮૦ : એવું હોય તો સરકારને તે અંગે ઠપકો આપી શકાય ને?

ઉત્તર ૧૮૦ : ઉપર પ્રશ્ન ૧૭૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮૧ : યુનિવર્સિટીએ તે દિશામાં કોઈ કાર્યવાહી કરી છે કે કેમ?

ઉત્તર ૧૮૧ : પ્રશ્ન ૧૭૮ના ઉત્તરમાં દર્શાવેલ રાજ્ય સરકારનો પત્ર એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવી રહ્યો છે.

પ્રશ્ન ૧૮૨ : તબીબી વિદ્યાર્થી આંદોલન દરમિયાન ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કેટલી અને કઈ કઈ કોલેજોમાં ક્યારથી ક્યાં સુધી વિદ્યાર્થીઓ આવ્યા નથી?

ઉત્તર ૧૮૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧૦" જોવા વિનંતી છે.

શ્રી. હિમાંશુ વ્યાસે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
પહેલા સત્રમાં કેટલા દિવસ કોલેજો બંધ રહી હતી ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે માહિતી ઉપલબ્ધ નથી.

પ્રશ્ન ૧૮૩ : બીજી ટેસ્ટની પરીક્ષા કેટલી અને કઈ કઈ કોલેજો લઈ શકી છે ?

ઉત્તર ૧૮૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧૧" જોવા વિનંતી છે

પ્રશ્ન ૧૮૪ : તબીબી આંદોલન દરમિયાન ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કઈ કઈ કોલેજોના વિદ્યાર્થીઓને પકડવામાં આવ્યા?

અને

પ્રશ્ન ૧૮૫ : તેમાં સુરક્ષા ધારા હેઠળ કેટલા પકડવામાં આવ્યા?

અને

પ્રશ્ન ૧૮૬ : તેમાં કયા કયા સ્થાનના વિદ્યાર્થીઓ ગોળીબારનો ભોગ બન્યા છે?

ઉત્તર ૧૮૪ થી ૧૮૬ : સદરહુ માહિતી યુનિવર્સિટી કાર્યાલય પાસે ઉપલબ્ધ નથી અને તેથી તે આપવાનું બની શકયું નથી તો ક્ષમા કરશો.

શ્રી. ચિમનભાઈ શેઠે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

આંદોલન દરમ્યાન કેટલા વિદ્યાર્થીઓ પકડાયા છે તે અંગે કોઈ માહિતી મંગાવવામાં આવી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : નાજી.

શ્રી. શરદ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

આંદોલન દરમ્યાન પોલિસ દમન યુનિવર્સિટીના કોઈ કર્મચારી ઉપર થયું હોય તેવી માહિતી છે? અને તે કયા કર્મચારી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટીના કોઈ કર્મચારી ઉપર દમન થયું નથી.

પ્રશ્ન ૧૮૭ : આપણી યુનિવર્સિટી કેન્ટીન જે શરતોને આધીન આપવામાં આવે છે તે શરતોનું કેન્ટીન કોન્ટ્રાકટર પાલન કરે છે કે કેમ ?

ઉત્તર ૧૮૭ : સામાન્ય રીતે કરે છે, જ્યાં ક્ષતિ દેખાય ત્યાં તાકીદ આપવામાં આવે છે.

શ્રી. હિમાંશુ વ્યાસે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

કેન્ટીનની ચા–નાસ્તામાં ભેળસેળ થાય છે તેવી કોઈ માહિતી આવી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આવી કોઈ માહિતી મારી પાસે નથી.

શ્રી. એચ. પી. ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

કેન્ટીન કેટલા સમયથી બંધ છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તા. ૧–૫–૧૯૮૧થી કેન્ટીન બંધ છે.

શ્રી. હિમાંશુ વ્યાસે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યા :

કેન્ટીન સમિતિમાં એક વિદ્યાર્થી પ્રતિનિધિ રાખવો ન જોઈએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : વિચારવામાં આવશે.

પ્રશ્ન ૧૮૮ : તેની દેખરેખ કોણ રાખે છે ?

ઉત્તર ૧૮૮ : એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી કેન્ટીન કમિટી તથા યુનિવર્સિટી એસ્ટેટ વિભાગ.

પ્રશ્ન ૧૮૯ : વર્ષ દરમ્યાન અથવા અગાઉ પણ કોન્ટ્રાકટરશ્રીએ આવી શરતોનું પાલન નથી કર્યું તેવું ધ્યાન કોઈ તરફથી દોરવામાં આવેલું ખરું ?

ઉત્તર ૧૮૯ : આ અગાઉનાં વર્ષો માટે ના, જી.
ફક્ત ચાલુ સાલે ૧૯૮૦–૮૧ના વર્ષ માટે હા, જી.

પ્રશ્ન ૧૯૦ : કોણે દોરેલું ?

ઉત્તર ૧૯૦ : ૧. યુનિ. સ્ટાફ કર્મચારીઓએ
૨. બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ

પ્રશ્ન ૧૯૧ : ઉપરોક્ત (૧૮૮)માં આવી દેખરેખ રાખનાર વ્યક્તિ અથવા જે હોય તેમણે કયા પગલાં લીધેલાં ? વિગતવાર જણાવશો.

ઉત્તર ૧૯૧ : ૧. જે તે ફરિયાદ અંગે કેન્ટીન કોન્ટ્રાકટરનો લેખિત ખુલાસો માંગવામાં આવ્યો હતો.
૨. વધુમાં આવી ફરિયાદના પત્રો કેન્ટીન સમિતિમાં ચર્ચાવિચારણા માટે મૂકેલ હતા.
૩. કેન્ટીન કોન્ટ્રાકટરને તાકીદ આપવામાં આવી હતી.

પ્રશ્ન ૧૯૨ : કોન્ટ્રાકટરશ્રીનો શો પ્રત્યુત્તર હતો તે જણાવવા વિનંતી છે ?

ઉત્તર ૧૯૨ : ક્ષતિ માટે દિલગીરી વ્યક્ત કરી ફરીથી તેનું પુનરાવર્તન ન થાય તેની બાંયધરી આપેલી હતી.

પ્રશ્ન ૧૯૩ : આ પ્રત્યુત્તર સંતોષકારક હતો ?

ઉત્તર ૧૯૩ : પ્રશ્ન ૧૯૨નો ઉત્તર જોવા વિનંતી છે

પ્રશ્ન ૧૯૪ : જો ન હતો તો કયાં પગલાં લેવામાં આવ્યાં ?

ઉત્તર ૧૯૪ : પ્રશ્ન ૧૯૨ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૫ : આવાં પગલાંની કોઈ અસર થઈ છે ?

ઉત્તર ૧૯૫ : ૧. હા, જી.
૨. વધુમાં જણાવવાનું કે તા. ૧–૫–૧૯૮૧ થી હાલના કોન્ટ્રાકટરનો કરાર બંધ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન ૧૯૬ : જો ના થઈ હોય તો ભવિષ્યમાં આપ કયાં પગલાં લેવા ધારો છો ?

ઉત્તર ૧૯૬ : પ્રશ્ન ૧૯૧ (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

[૩] શ્રી. સી. પી. જોશીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧૯૭ : બોર્ડ ઑફ એકાઉન્ટ્સ જે સ્ટેચ્યૂટ ૧૨૬ પ્રમાણે થયેલી જોગવાઈ જણાવશો.

ઉત્તર ૧૯૭ : સ્ટેચ્યૂટ ૧૨૬ ની જોગવાઈ નીચે પ્રમાણે છે :

"The Board shall make recommendations to and advise the Executive Council on all matters relating to the finances of the University on which the Executive Council may seek its advice."

પ્રશ્ન ૧૯૮ : તે અનુસાર કયારેય એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની સલાહ માગી છે ?

ઉત્તર ૧૯૮ : હા, જી.

પ્રશ્ન ૧૯૯ : કઈ બાબતમાં ?

ઉત્તર ૧૯૯ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલા "મોડેલ બજેટ સ્ટેટમેન્ટ્સ" પ્રમાણે યુનિવર્સિટીના બજેટ તૈયાર કરવા અંગે.

પ્રશ્ન ૨૦૦ : વિગતવાર જણાવશો ?

ઉત્તર ૨૦૦ : વિગતો નીચે પ્રમાણે છે :

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલા મોડેલ બજેટ સ્ટેટમેન્ટ્સ પ્રમાણે યુનિવર્સિટીનું બજેટ તૈયાર કરવાની સૂચના યુ.જી.સી.ના પત્રાંક એસ. ૧-૪૦-૬૦ સી.ડી.એન.સી.પી. પાર્ટ ૨ તા. ૫-૮-૧૯૭૮ નીચે આપેલ હતી તે સદરહુ પત્ર ફાઈનાન્સ સમિતિને મોકલેલ હતો જેના અનુસંધાને ફાઇનાન્સ સમિતિએ તેની તા. ૨૫-૯-૧૯૭૮ની સભામાં આ બાબત બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અભિપ્રાય માટે મોકલવાનું ઠરાવ્યું હતું. આ અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સે તેની તા. ૧-૩-૧૯૭૯ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું હતું :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી યુનિવર્સિટીના હિસાબો તથા અંદાજપત્રો તૈયાર કરવા અંગે જે પ્રોફોર્મા (નિયતપત્રક) આપેલ છે તે અમોને ખાસ ઉપયોગી જણાતું નથી તેથી યુનિવર્સિટીની હાલની પ્રથા ચાલુ રાખવા અમારી ભલામણ છે."

પ્રશ્ન ૨૦૧ : હમણાં શું ફાઇનાન્સને લગતા આવા કોઈ પ્રશ્નો ઊભા થતા નથી ?

અને

પ્રશ્ન ૨૦૨ : જેમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને આવા બોર્ડની સલાહની જરૂર લાગે ?

ઉત્તર ૨૦૧ અને ૨૦૨ : સદરહુ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સત્તાની મર્યાદામાં આવતી હોવાથી આ કાર્યાલય તેનો જવાબ આપી શકે નહીં તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૦૩ : આવી જોગવાઈ છે તેવું ધ્યાન એક્ઝિક્યુટિવ કાઉન્સિલનું દોરવામાં આવે છે ખરું ?

ઉત્તર ૨૦૩ : કાર્યાલયે આવું ધ્યાન દોરવાનું હોતું નથી.

શ્રી. સી. પી. જોશીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કુલસચિવશ્રી આ અંગેની કાર્યવાહીમાં ધ્યાન દોરે છે કે કેમ ?

કુલપતિશ્રીનો ઉત્તર : કાર્યાલય સામાન્ય રીતે ધ્યાન દોરે છે.

પ્રશ્ન ૨૦૪ : ક્યારે ?

ઉત્તર ૨૦૪ : પ્રશ્ન ૨૦૨ નો ઉત્તર જોવા વિનંતી છે.

**[૪] શ્રી. મહેન્દ્ર એમ. ગાંધીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :**

પ્રશ્ન ૨૦૫ : ૧૯૮૦–૮૧ના વર્ષની ઓ. ૯૮ની માહિતીના આધારે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં સેવા આપતા પાર્ટટાઈમ શિક્ષકોની માહિતી નીચે માંગ્યા પ્રમાણે આપશો :

૧. **કોમર્સ ફેકલ્ટી :**

(અ) કોલેજનું નામ

(બ) અધ્યાપકનું નામ

(ક) તે અધ્યાપકનો department

(ડ) Date of joining.

૨. **સાયન્સ-ફેકલ્ટી :**

(અ) કોલેજનું નામ

(બ) અધ્યાપકનું નામ

(ક) તે અધ્યાપકનો department

(ડ) Date of joining

૩. **આર્ટ્સ ફેકલ્ટી :**

(અ) કોલેજનું નામ

(બ) અધ્યાપકનું નામ

(ક) તે અધ્યાપકનો department

(ડ) Date of joining.

ઉત્તર ૨૦૫ : સદરહુ માહિતી સભા સમયે સભાગૃહના ટેબલ પર મૂકવામાં આવશે તથા કાર્યાલયના સમય દરમિયાન જોવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે.

પ્રશ્ન ૨૦૬ : ડભોઈ કોમર્સ કોલેજની ૧૯૮૦-૮૧ના વર્ષની માહિતી નીચેના મુદ્દાઓ લક્ષમાં લઈ યોગ્ય પ્રોફોર્મામાં આપશો (શક્ય હોય ત્યાં ઓ. ૯૬ ની માહિતી આપશો):

૧. અધ્યાપકોની સંખ્યા : department પ્રમાણે
કાયમી-હંગામી
પૂર્ણ સમયના-પાર્ટ ટાઈમ

૨. વિષયવાર, વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર કાર્યભાર

૩. કલાર્કની સંખ્યા : ૧. ઓફિસ-સુપરિન્ટેન્ડન્ટ
૨. સીનિયર-કલાર્કસ
૩. જુનિયર-કલાર્કસ

૪. લાઇબ્રેરિયન સ્ટાફ : ૧. લાયબ્રેરિયન
૨. મદદનીશ લાયબ્રેરિયન

૫. પટાવાળાની સંખ્યા : ૧. પૂર્ણ સમયના
૨. પાર્ટ-ટાઈમના

૬. સફાઈ કામદારોની સંખ્યા : ૧. પૂર્ણ સમયના
૨. પાર્ટ-ટાઇમ

૭. ઉપર્યુક્ત કોલેજમાં સરકારી મહેકમ અને યુનિવર્સિટીના નિયમ અનુસાર બિનશિક્ષક કર્મચારીઓ છે ?

૮. જો તદનુસાર બિનશિક્ષક કર્મચારીઓ ન હોય તો તે અંગે યુનિવર્સિટીએ શું પગલાં લીધાં ?

૯. (૧) પ્રત્યેક departmentમાં ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર શિક્ષક કર્મચારીઓ નિમાયેલા છે ? (૨) તેમ હોય તો કયા વિષય-વિભાગનાં શિક્ષક કર્મચારીઓ નથી નિમાયા ?

૧૦. ૧૯૮૦-૮૧ ના વર્ષમાં ઓ. ૯૬ માં મોકલેલ માહિતીમાં કઈ કઈ બાબતોમાં ધારાધોરણ અનુસાર ક્ષતિઓ માલૂમ પડી હતી ? કોલેજને તે અંગે ધ્યાન દોર્યું હતું ? શું તે પ્રમાણે કોલેજે ક્ષતિઓ સુધારેલ છે ?

ઉત્તર ૨૦૬ : પ્રશ્ન ૨૦૬ (૧)થી (૬) અંગેની ઓર્ડિ. ૯૬માંથી ઉપલબ્ધ માહિતી નીચે પ્રમાણે છે ?

૧. અધ્યાપકોની સંખ્યા :

| આચાર્ય | વ્યાખ્યાતા | ટયુટર | અંશ સમયના વ્યાખ્યાતા |
|---|---|---|---|
| ૧ | ૧૧ | ૧ | ૨ |

છે. હંગામી ધોરણે હોવાનો ઉલ્લેખ ઓર્ડિ. ૯૬માં નથી.

૨. વિષયવાર કાર્યભાર :

| | વ્યા. | ટ્યુ. | કુલ |
|---|---|---|---|
| એકાઉન્ટન્સી | ૬૩ | ૪૪ | ૧૦૭ |
| કોમર્સ | ૪૫ | — | ૪૫ |
| અર્થશાસ્ત્ર | ૨૭ | ૨૨ | ૪૯ |
| અંગ્રેજી | ૩૯ | ૨૨ | ૬૧ |
| મર્કેન્ટાઈલ લૉ | ૬ | — | ૬ |
| આંકડાશાસ્ત્ર | ૧૨ | — | ૧૨ |

| વર્ગ સંખ્યા : | વર્ગ | વર્ગ સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|---|
| | એફ.વાય.બી.કોમ. | ચાર વર્ગો | ૪૩૧ |
| | એસ.વાય.બી.કોમ. | બે વર્ગો | ૨૮૮ |
| | ટી.વાય.બી.કોમ. | બે વર્ગો | ૨૧૦ |
| | | કુલ.. | ૯૨૯ |

| | | |
|---|---|---|
| ૩. કલાર્કની સંખ્યા : | ૧. ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ | નથી |
| | ૨. સીનિયર કલાર્ક | નથી, પરંતુ એક એકાઉન્ટ્સ કલાર્ક છે |
| | ૩. જુનિયર કલાર્ક | ત્રણ |
| ૪. લાયબ્રેરિયન સ્ટાફ : | ૧. લાયબ્રેરિયન | એક |
| | ૨. મદદનીશ લાયબ્રેરિયન | નથી |
| ૫. પટાવાળાની સંખ્યા : | ૧. પૂર્ણ સમયના | ચાર |
| | ૨. પાર્ટ ટાઈમ | નથી |
| ૬. સફાઈ કામદારોની : સંખ્યા | ૧. પૂર્ણ સમયના | નથી |
| | ૨. પાર્ટ ટાઈમ | નથી |

૭. ના, જી.

૮. બિનશિક્ષક કર્મચારીગણનું નિયત મહેકમ જો કોલેજમાં ન હોય તો ૧૫ જૂન ૧૯૮૧થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ પહેલાં તે ઊણપ દૂર કરી તેની જાણ કરવા સંલગ્ન કોલેજોના આચાર્યોને તા. ૪-૫-૧૯૮૧ પરિપત્રાંક ૧૬૦૫૬થી જણાવવામાં આવ્યું છે.

૯ (૧) : ના, જી.

૯ (૨) : અર્થશાસ્ત્ર અને વાણિજ્ય વિભાગમાં અનુક્રમે ૭ અને ૮ તાસ માટે નિમણૂક કરી નથી.

૧૦ (૧) : ઉપર પ્રશ્ન ૨૦૬(૯)(૨) પ્રમાણે.
૧૦ (૨) : હા, જી.
૧૦ (૩) : ક્ષતિ દૂર કરવા કોલેજને જણાવવામાં આવ્યું છે પરંતુ કોલેજનો જવાબ નથી.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
સદરહુ કોલેજમાં સીનિયર કલાર્ક તથા સફાઈ કામદાર નથી તો આવી માહિતી એ. ૯૬માં શું કરવા આપે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે બાબત કોલેજે જોવાનું છે.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
ક્ષતિ દૂર કરવા અંગે કોલેજને જણાવવામાં આવ્યું છતાં દૂર કરવામાં નથી તો આ અંગેનો પ્રશ્ન એકિઝક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, મૂકીશું.

પ્રશ્ન ૨૦૭ : આ ક્રમાંકનો પ્રશ્ન નથી.

## પરિશિષ્ટ "અ-૨" : પ્રશ્નોત્તરી ક્રમાંક ૨૦૮થી ૩૪૨ (તા. ૧૧-૬-૧૯૮૧)

**[૫] શ્રી. એસ. બી. વોરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :**

પ્રશ્ન ૨૦૮ : ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં આજની તારીખે (૨૮-૨-૧૯૮૧) કયા કયા વિભાગમાં કઈ કઈ કાયમી જગ્યાઓ ખાલી છે ?

ઉત્તર ૨૦૮ : સદરહુ માહિતી પરિશિષ્ટ "પ્રેસ-૧"માં દર્શાવવામાં આવી છે જે જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૯ : આ જગાઓ પૂરવા માટે ગુજરાત યુનિવર્સિટી પ્રેસ અમલદારો યુનિયને છેલ્લાં પાંચ વર્ષમાં કેટલી વખત માગણીઓ કરી ?

ઉત્તર ૨૦૯ : સ્ટે. ૩૧ હેઠળ ત્રણ વર્ષથી વધુ સમય માટેની માહિતી આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો. તા. ૧-૪-૧૯૭૬થી આજસુધીમાં આ જગ્યાઓ પૂરવાની બાબતમાં સદરહુ યુનિયન તરફથી ઓછામાં ઓછી પાંચ અરજીઓ મળેલી જણાય છે.

પ્રશ્ન ૨૧૦ : છતાં ૪ જગાઓ સિવાય બાકીની જગાઓ કયાં કારણોસર પૂરવામાં આવી નથી ?

ઉત્તર ૨૧૦ : સદરહુ જગ્યાઓ પૂરવાની બાબતમાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષી પંચ મુજબના આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવાના પ્રશ્નના સંદર્ભમાં આખરી રોસ્ટર તૈયાર થયેલ ન હોવાથી આ જગ્યાઓ પૂરવાનું વિલંબમાં પડેલ છે.

પ્રશ્ન ૨૧૧ : તે જગાઓમાંથી કઈ કઈ જગ્યાઓ કયા કયા કર્મચારીઓ ચાર્જ એલાવન્સ મેળવે છે, તે નામ આપશો. અને

પ્રશ્ન ૨૧૨ : આ કર્મચારીઓ કઈ તારીખથી સદરહુ એલાવન્સ મેળવે છે. તેની વિગતવાર માહિતી આપશો.

અને

પ્રશ્ન ૨૧૩ : પ્રશ્ન ૪૩ના ઉત્તરમાં જણાવેલા કર્મચારીઓમાંથી ક્યા કર્મચારી એક વર્ષ કરતાં વધુ સમયથી ઉપલી જગ્યાનું ચાર્જ એલાવન્સ મેળવે છે?

ઉત્તર ૨૧૧, ૨૧૨, ૨૧૩ : સદરહુ વિગતો **પરિશિષ્ટ "પ્રેસ-૨"** માં દર્શાવવામાં આવી છે તે જોવા વિનંતી છે.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં આ જગ્યાઓ કેટલા વખતથી ખાલી છે?

કુલપતિશ્રીના ઉત્તર : હાલ માહિતી ઉપલબ્ધ નથી.

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

શેરડરની પદ્ધતિ કેટલા વખતથી અમલમાં આવી છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આશરે છેલ્લા એક વર્ષથી અમલમાં છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આંદોલન દરમિયાન પ્રેસ મેનેજરને કુલસચિવશ્રીએ સૂચના આપેલી કે આ જગ્યાઓ તાત્કાલિક ભરી દેવી ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા જી.

શ્રી. મયૂરભાઈ પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ જગ્યાઓ નહીં ભરાવાને કારણે પ્રેસનું કામ પૂરું થઈ શકતું નથી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે જગ્યાઓ નહીં ભરવાને લીધે કામ પર અસર થાય તે સ્વાભાવિક છે, અને તે બહાર કરાવવું પડે છે.

શ્રી. [illegible]ભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ખાલી જગ્યાઓ અંગેની માહિતી આપવામાં આપને શું મુશ્કેલી પડે છે?

કુલપતિશ્રીના ઉત્તર : કાર્યાલય પાસે આ માહિતી હાલ તૈયાર નહીં હોવાથી આપી શકાતી નથી. કાર્યાલય "ઇવેઝિવ" રીતે જવાબ આપવા ઇચ્છતું નથી તેમ છતાં જવાબ વધુ સારી રીતે આપવા પ્રયત્ન કરીશું.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપના આ સ્ટેટમેન્ટની નોંધ કરશો ?

કુલપતિશ્રીના ઉત્તર : સારું

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ભવનોમાં તેમ જ કાર્યાલયમાં પણ ખાલી જગ્યાઓ ઘણી છે અને તે વહેલી તકે ભરાય તે જોશો?

કુલપતિશ્રીના ઉત્તર : જગ્યાઓ કેમ ખાલી છે તે તમે જાણો છો, અને તે અંગે ઘટતું કરીશું.

**પ્રશ્ન ૨૧૪ :** ભૂતપૂર્વ કાર્યકારી આસિ. પ્રે. મે. શ્રી. પી. એમ. ગાંધીને યુનિવર્સિટીના કે રાજ્ય સરકારના ક્યા ઠરાવ કે, નિયમના આધારે આસિ. પ્રેસ-મેનેજરની જગ્યામાં પગાર વધારો--ગ્રેડ અપાયો હતો તેનો પાઠ આપશો.

**ઉત્તર ૨૧૪ :** સ્થાયી સમિતિની તા. ૧૭—૪—૧૯૭૯ની સભાની ભલામણો સ્વીકાર્યા અંગેનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો તા. ૨૮/૨૯—૪—૧૯૭૯ નો ઠરાવ ક્રમાંક ૧૧૧ નો સંબંધકર્તા પાઠ નીચે મુજબ છે :

"૨. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વધારાની ફરજો બજાવવાની બાબતમાં નિયમ ૭(૧) અને ૭(૨) અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગેના નિયમો નીચે પ્રમાણે રાખવા :

(૧) કાયમી જગ્યા કામચલાઉ ધોરણે ખાલી પડે ત્યારે જે તે જગ્યાની ફરજો વિગેરે જોઈને તે જગ્યા પર સામાન્ય રીતે નીચેની જગ્યા પરના કામ કરતા કર્મચારીની કાર્યકારી ધોરણે નિમણૂક કરવાનું રાખવું.

(૨) જ્યાં કાર્યકારી નિમણૂકની જરૂર ન હોય ત્યાં નીચેની જગ્યા ઉપર કામ કરતા કર્મચારીને ઉપલી જગાના વધારાનો ચાર્જ આપવો.

(૩) આવી નિમણૂંકો કરવામાં આવી હોય કે ચાર્જ આપવામાં આવ્યો હોય ત્યારે રાજ્ય સરકારના નિયમો પ્રમાણે વધારાનો પગાર, સ્પેશ્યલ પે આપવો.

(૪) આવી ખાલી પડેલી જગ્યાઓ બે અઠવાડિયા કે તેથી વધુ સમય માટે હોવી જરૂરી છે.

**પ્રશ્ન ૨૧૫ :** ઉપર (૨૧૪)નો આધાર લઈને પ્રેસના ક્યા કર્મચારીઓએ કઈ કઈ તારીખે પગાર-વધારો--ગ્રેડ મળવા અંગે અરજીઓ આપેલી છે?

**ઉત્તર ૨૧૫ :** યુનિ. પ્રેસમાં ચાર્જ એલાવન્સ કર્મચારીઓ પૈકી નીચે દર્શાવ્યા મુજબના કર્મચારીઓએ તે માટે આપવામાં આવેલ વધારાના ચાર્જની જગ્યાના પગારધોરણમાં ઇન્ક્રીમેન્ટ આપવા માટે વિનંતી કરેલી છે :

૧. શ્રી. બી. આર. ભાવસાર.
૨. શ્રી. યુ. એ. શેખ
૩. શ્રી. બી. એસ. ચૌધરી
૪. શ્રી. જી. કે. મોહસીન.

પ્રશ્ન ૨૧૬ : સદરહુ અરજીઓ પ્રેસને કઈ કઈ તારીખે મળી?

ઉત્તર ૨૧૬ : તા. ૫-૧-૧૯૮૧ થી તા. ૧૨-૧-૧૯૮૧ દરમિયાન.

પ્રો. એસ. બી. વોરાએ નીચેના પૂરક પ્રશ્ન પૂછ્યા :

ચાર્જ એલાવન્સ કે ઓફિસિટિંગ એલાવન્સ આપવા અંગે સરકારમાં કોઈ નિયમ છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા જી.

પ્રશ્ન ૨૧૭ : સદરહુ અરજીઓ પ્રેસ-મેનેજરે યુનિવર્સિટી કાર્યાલયમાં કઈ કઈ તારીખે ક્યા ક્યા જાવક નંબરથી મોકલી?

ઉત્તર ૨૧૭ : તા. ૧૩-૩-૧૯૮૧ ના પત્રાંક ૬૮૫, ૬૮૬, ૬૮૭ અને ૬૮૮ થી.

પ્રશ્ન ૨૧૮ : પ્રશ્ન-૪૪ માં બતાવેલ કર્મચારીઓને પગાર વધારો-ગ્રેડ મળશે?

ઉત્તર ૨૧૮ : તે અરજીઓ જોઈતપાસીને તે અંગે નિર્ણય કરવામાં આવશે.

પ્રશ્ન ૨૧૯ : જો હા, તો ક્યારે?

ઉત્તર ૨૧૯ : ઉપર પ્રશ્ન નં. ૨૧૮ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૦ : જો ના, તો કેમ? કારણ આપશો.

ઉત્તર ૨૨૦ : પ્રશ્ન નં. ૨૧૮ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૧ : યુનિવર્સિટી તરફથી જ્યારે પ્રેસને કોઈ મેટર છાપકામ માટે મળે છે ત્યારે કંપોઝ, રીડિંગ, છાપકામ તથા બાઈન્ડિંગના ભાવ અલગ અલગ હોય છે?

ઉત્તર ૨૨૧ : યુનિવર્સિટી પ્રેસના નક્કી થયેલ દરોમાં કંપોઝ, છાપકામ તથા બાઈન્ડિંગના દર અલગ નક્કી કરવામાં આવ્યા છે.

પ્રશ્ન ૨૨૨ : કંપોઝ અને રીડિંગના સંયુક્ત ભાવ યુનિવર્સિટીએ નક્કી કરેલા છે, તે વાત સાચી?

ઉત્તર ૨૨૨ : હા, જી.

પ્રશ્ન ૨૨૩ : યુનિવર્સિટી પ્રેસમાં હાલમાં પ્રૂફરીડિંગ વિભાગમાં કઈ કઈ વ્યકિતઓ કામ કરી રહી છે? નામ તથા હોદ્દો આપશો?

ઉત્તર ૨૨૩ : સદરહુ વિગત નીચે મુજબ છે :

૧. શ્રી. ડી. એમ. પંડ્યા, પ્રૂફરીડર
૨. શ્રી. બી. આર. ભાવસાર, પ્રૂફરીડર "બી"
૩. શ્રી. સી. એસ. પટેલ, પ્રૂફરીડર "સી".

પ્રો. એસ. બી. વોરાએ નીચેના પૂરક પ્રશ્ન પૂછ્યા :

પ્રૂફરીડરની ચાર જગ્યાઓ પ્રેસમાં ખાલી છે અને આ જગ્યાઓ ભરાતી નથી માટે બહાર કામ કરાવવું પડે છે એમ પ્રેસમેનેજર જણાવે છે તેમ છતાં પ્રૂફરીડરની જગ્યાઓ કેમ ભરાતી નથી? તેનાં કારણો શાં છે?

કુલપતિશ્રીનો ઉત્તર : હાલ માહિતી ઉપલબ્ધ નથી.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

યુનિવર્સિટીની ડાયરી મોટી હતી. હવે તે નાની કેમ કરી દેવામાં આવી?

કુલપતિશ્રીનો ઉત્તર : આ પ્રશ્ન અભિપ્રાયનો છે.

પ્રશ્ન ૨૨૪ : પ્રૂફરીડિંગ ખાતામાં કેટલી જગ્યાઓ ખાલી છે?

ઉત્તર ૨૨૪ : કુલ ચાર.

પ્રશ્ન ૨૨૫ : આ જગ્યાઓ ખાલી છે તેમ કારણ દર્શાવીને બહાર રીડિંગ કરાવવા માટે વારંવાર પ્રસ્તાવ મૂકવામાં આવે છે તે વાત સાચી?

ઉત્તર ૨૨૫ : યુનિવર્સિટી પ્રેસમાં પ્રૂફરીડિંગના કામનું ભારણ વધારે હોય ત્યારે તે કામ માટે બહારથી મદદ લેવા માટે પ્રસ્તાવો મૂકવામાં આવે છે તેમાં પ્રૂફરીડરની જગ્યાઓ ખાલી છે તે કારણ પણ સ્પષ્ટ દર્શાવવામાં આવે છે.

પ્રશ્ન ૨૨૬ : જો હા, તો પ્રૂફરીડિંગમાં જગ્યાઓ ખાલી હોવા છતાં કેમ ભરવામાં આવી નથી? કારણો આપશો.

ઉત્તર ૨૨૬ : પ્રશ્ન ૨૧૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૭ : પ્રૂફરીડિંગમાં સ્ટાફ ન હોવાને કારણે રીડિંગનું કામ બહાર આપવામાં આવે છે?

ઉત્તર ૨૨૭ : ઉપર પ્રશ્ન નં. ૨૨૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૮ : જો હા, તો કયા કયા પ્રૂફરીડરને કામ આપવામાં આવે છે, તેમનાં નામ આપશો.

ઉત્તર ૨૨૮ : સદરહુ વિગત નીચે દર્શાવ્યા પ્રમાણે છે :

૧. શ્રી. કે. ડી. દેસાઈ
૨. શ્રી. જે. ડી. અમીન
૩. શ્રી. ડી. એચ. પટેલ.

પ્રશ્ન ૨૨૯ : આ કામ સામાન્ય રીતે કયું કયું આપવામાં આવે છે?

ઉત્તર ૨૨૯ : સામાન્ય રીતે પ્રકાશનો, અભ્યાસક્રમો મતદારયાદી વગેરેનું.

પ્રશ્ન ૨૩૦ : સદરહુ કામના રીડિંગનાં બિલો જે તે પ્રૂફરીડર યુનિવર્સિટી પ્રેસમૅનેજરને ઉદ્દેશીને મૂકે છે તે વાત સાચી?

ઉત્તર ૨૩૦ : હા, જી.

પ્રશ્ન ૨૩૧ : સદરહુ બિલોનો ખર્ચ જે તે બજેટ હેડ ખાતે પડે છે, તે વાત સાચી?

ઉત્તર ૨૩૧ : હા, જી.

પ્રશ્ન ૨૩૨ : જો હા, તો 'વિદ્યા' અંકના પ્રૂફરીડિંગનું બિલ કયા ખાતે ઉધારાય છે, તે જણાવશો.

ઉત્તર ૨૩૨ : "વિદ્યા" જર્નલ છપામણી ખર્ચ ખાતે

પ્રો. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :
વિદ્યાનું પ્રકાશન હમણાં બંધ થઈ ગયું છે? કોર્ટ સભ્યને તેની નકલ
કેમ મોકલવામાં આવતી નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના જી. કાગળના ઊંચા ભાવ થવાથી તેની નકલ હવે મોકલવામાં આવતી નથી. પ્રો. એસ. બી. વોરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછયો :
નહીં મોકલવાનો નિર્ણય સિન્ડિકેટે કયારે લીધેલો ?

કુલપતિશ્રીનો ઉત્તર : તે અંગેની મને માહિતી નથી.

પ્રશ્ન ૨૩૩ : જ્યારે 'વિદ્યા' અંક છપાઈને બહાર પડે છે ત્યારે છાપકામનું બિલ યુનિવર્સિટી પ્રેસ મોકલે છે, તે કયા ખાતે પડે છે?

ઉત્તર ૨૩૩ : "વિદ્યા"-જર્નલમાં છપામણી ખર્ચ ખાતે

પ્રશ્ન ૨૩૪ : કંપોઝ અને રીડિંગના ભાવ સંયુકત હોવા છતાં એક પ્રૂફરીડરનું બિલ તથા અંક છપાઈને બહાર પડે છે ત્યારે યુનિવર્સિટી પ્રેસનું બીજું બિલ 'વિદ્યા' અંક ખાતે ઉધારાય છે તે વાત સાચી ?

ઉત્તર ૨૩૪ : હા, જી.

પ્રશ્ન ૨૩૫ : આમ રીડિંગનું કામ પ્રેસનું હોવા છતાં બિલનું ખર્ચ બેવડાય છે તે વાત સાચી?

ઉત્તર ૨૩૫ : હા, જી.

પ્રશ્ન ૨૩૬ : પ્રૂફરીડિંગનું બિલ યુનિવર્સિટી પ્રેસ પગાર ખાતે પડવું જોઈએ તે વાત સાચી?

ઉત્તર ૨૩૬ : ના, જી.

પ્રશ્ન ૨૩૭ : જો હા, તો આવું કેમ થાય છે? કારણ આપશો.

ઉત્તર ૨૩૭ : ઉપર પ્રશ્ન નં. ૨૩૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૮ : એક બાજુ યુનિવર્સિટી પ્રેસ પ્રૂફરીડિંગ બહાર કરાવે છે અને બીજી બાજુ રીડિંગ વિભાગમાં જગ્યાઓ ખાલી છે. આમ કરવાનું કારણ શું ?

ઉત્તર ૨૩૮ : ઉપર પ્રશ્ન નં. ૨૧૦નો ઉત્તર જોવા વિનંતી છે.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :
પ્રેસના પ્રશ્નો અંગે એક સમિતિ નીમવામાં આવશે?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રસ્તાવ પર વિચારણા કરવામાં આવશે.
આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :
પ્રશ્ન નં. ૨૨૫ની માફક પ્રશ્ન નં. ૨૩૮માં પણ એવો જ જવાબ આપવામાં આવ્યો છે, કારણ શું?

કુલપતિશ્રીનો ઉત્તર : ભવિષ્યમાં પ્રશ્નોના જવાબો વિગતવાર આપવા પ્રયત્ન કરવા જોઈએ.

શ્રી. એચ. પી. ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ખાલી રહેલી જગ્યાઓ ભરતાં રોસ્ટર નડે છે કે તેની પદ્ધતિ ?

કુલપતિશ્રીનો ઉત્તર : રોસ્ટરની પદ્ધતિ નડે છે.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સીનિયોરિટીનું લિસ્ટ પ્રેસનું અલગ થાય છે તેમ યુનિવર્સિટીનું સીનિયોરિટીનું લિસ્ટ મૂકવાનો નિર્ણય થયે એક વર્ષ થઈ ગયું તેમ છતાં કેમ મુકાયું નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : સીનિયોરિટીનું લિસ્ટ મૂકવા માટે પગલાં લેવાઈ રહ્યાં છે.

પ્રશ્ન ૨૩૯ : સદરહુ જગ્યાઓ ભરવામાં આવશે ?

ઉત્તર ૨૩૯ : રોસ્ટર અંગે આખરી નિર્ણય થયેથી કામકાજની જરૂરિયાત જોઈતપાસીને તે જગ્યાઓ ભરવાનું વિચારવામાં આવશે.

પ્રશ્ન ૨૪૦ : જો હા, તો ક્યારે ?

ઉત્તર ૨૪૦ : ઉપર પ્રશ્ન નં. ૨૩૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪૧ : જો ના, તો કેમ ?

ઉત્તર ૨૪૧ : ઉપર પ્રશ્ન નં. ૨૩૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪૨ : ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયને સીનિયોરિટી લિસ્ટ મૂકવા અંગે સને ૧૯૮૦ના વર્ષમાં કેટલી વાર માગણી કરી ? તારીખો આપશો.

ઉત્તર ૨૪૨ : પ્રેસ કર્મચારી યુનિયન તરફથી સીનિયોરિટીની યાદી બાબતમાં સને ૧૯૮૦ દરમ્યાન ઓછામાં ઓછા પાંચ વાર સદરહુ યાદી મૂકવા માટે માગણી આવેલી જણાય છે.

પ્રશ્ન ૨૪૩ : ઉપરની માગણીના અનુસંધાનમાં પ્રેસ-મૅનેજરે સીનિયોરિટી લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે ?

ઉત્તર ૨૪૩ : યુનિવર્સિટી પ્રેસનું જે સીનિયોરિટી લિસ્ટ છે તેને રિવાઇઝડ કરવા માટેનો કાચો મુસદ્દો યુનિવર્સિટી પ્રેસ તરફથી રજૂ થયો હતો.

પ્રશ્ન ૨૪૪ : યુનિવર્સિટી પ્રેસના કાર્યકારી મૅનેજર શ્રી. પી. એમ. ગાંધીએ તૈયાર કરાવેલ સૂચિત લિસ્ટ કુલપતિશ્રીના આદેશ માટે કઈ તારીખે મોકલવામાં આવ્યું ?

ઉત્તર ૨૪૪ : તા. ૧૫—૭—૧૯૮૦ના રોજ.

પ્રશ્ન ૨૪૫ : તે પર કઈ તારીખે કુલપતિશ્રીએ સહી કરી?

ઉત્તર ૨૪૫ : યુનિવર્સિટી પ્રેસના તે સમયના કાર્યકારી મદદનીશ પ્રેસ વ્યવસ્થાપકશ્રીએ પ્રેસ વ્યવસ્થાપકશ્રી રજાઓ ઉપર હતા તે દરમ્યાન સૂચિત રિવાઈઝડ સીનિયોરિટી લિસ્ટ તેમ જ ખાલી જગ્યાઓ બાબતનો જે સંયુક્ત પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો તેના કેટલાક મુદ્દા બાબતમાં જરૂરી સ્પષ્ટતા કરવાની સૂચનાના સંદર્ભમાં તા. ૧૮—૭—૧૯૮૦ના રોજ કુલપતિશ્રીએ સહી કરી હતી.

પ્રશ્ન ૨૪૬ : જો સહી ન કરી હોય તો તે અંગે કોઈ કારણ ખરું કે?

ઉત્તર ૨૪૬ : ઉપર પ્રશ્ન નં. ૨૪૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪૭ : ત્યાર પછી યુનિયનની માગણી વધતાં સૂચિત લિસ્ટ કઈ તારીખે પ્રેસના નોટિસ બોર્ડ
અને પર મૂકવામાં આવ્યું?

પ્રશ્ન ૨૪૮ : તેમાં જે કર્મચારીને વાંધો હોય તેને કેટલા દિવસમાં તે રજૂ કરવાની સમયમર્યાદા મૂકી?

ઉત્તર ૨૪૭ અને ૨૪૮ : પ્રશ્ન ક્રમાંક ૨૪૫ના ઉત્તરમાં જણાવેલ હકીકતના સંદર્ભમાં પ્રેસ વ્યવસ્થાપકશ્રી તરફથી રિવાઈઝડ સીનિયોરિટી યાદી અંગેનો એક કાચો મુસદ્દો તા. ૧૪—૧૧—૧૯૮૦ના રોજ પ્રેસના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવ્યો હતો અને તે બાબતમાં જો કોઈ વાંધા યા સૂચન હોય તો તે અંગે પંદર દિવસમાં રજૂઆત કરવા માટે જણાવવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૨૪૯ : તે લિસ્ટના આવેલા વાંધાઓની વિગતવાર માહિતી આપશો.

ઉત્તર ૨૪૯ : સદરહુ વિગત નીચે મુજબ છે :

| ક્રમાંક | નામ | વાંધા—વિગત |
|---|---|---|
| ૧. | શ્રી. પ. હ. પટેલ | અગાઉ ધોરણ આઠ સુધીનો અભ્યાસ કર્યાની જે વિગત તેઓએ લખાવી હતી તેના બદલે પ્રાથમિક શાળાંત પરીક્ષા પાસ કર્યાની વિગત નોંધવા માટે. |
| ૨. | શ્રી. બી. જી. ભાવસાર | સેવા પત્રિકામાં તેઓએ અગાઉ જન્મ તા. ૨૩—૧૧—૧૯૨૩ જે નોંધાવી છે તેના બદલે તા. ૨૩—૧૧—૧૯૨૭ ને માન્ય રાખવા અને સુધારો કરવા બાબત. |

પ્રશ્ન ૨૫૦ : જો વાંધાઓ સીનિયોરિટીને લગતા ન હોય તો સૂચિત લિસ્ટ ફાઈનલ કરવામાં કોઈ વાંધો છે?

પ્રશ્ન ૨૫૧ : જો ના, તો સૂચિત લિસ્ટ ક્યારે ફાઈનલ કરવામાં આવશે? તારીખ આપશો.

ઉત્તર ૨૫૦ અને ૨૫૧ : સીનિયોરિટી લિસ્ટને અંતિમ સ્વરૂપ આપવા અંગેની શ્રી. પ્રેસ-મેનેજરની ભલામણને મંજૂરી મળ્યેથી તેને પ્રસિદ્ધ કરવામાં આવશે.

પ્રશ્ન ૨૫૨ : સૂચિત સીનિયોરિટી લિસ્ટ ખાતાવાર તૈયાર કરાયેલ છે. તેની નકલ આપશો.

ઉત્તર ૨૫૨ : સદરહુ લિસ્ટ સૂચિત કાચું હોઈ તે નકલ સભા સમયે ટેબલ પર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૨૫૩ : યુનિવર્સિટી પ્રેસમાં છેલ્લાં પાંચ વર્ષથી કેટલા ટેમ્પરરી માણસો રાખવામાં આવ્યા છે તેમનાં નામ તથા હોદ્દા અંગે માહિતી આપશો?

પ્રશ્ન ૨૫૪ : તેઓને કેટલા સમય પૂરતા નોકરીમાં રાખવામાં આવ્યા?

ઉત્તર ૨૫૩ અને ૨૫૪ : યુનિવર્સિટી એક્ટના સુધારવામાં આવેલા સ્ટેચ્યૂટ ૩૧ અન્વયે છેલ્લા ત્રણ વર્ષ પૂર્વેની માહિતી સમયમર્યાદા બહારની ગણાય. યુનિવર્સિટી પ્રેસમાં તા. ૧-૪-૧૯૭૬ પછી હંગામી ધોરણે રાખવામાં આવેલ પ્રેસ કર્મચારીઓની કુલ સંખ્યા ૧૫૧ જેટલી થાય છે. તેમનાં નામ તથા કામગીરી અંગેની માહિતી સભા સમયે ટેબલ પર રાખવામાં આવશે.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ટેમ્પરરી સ્ટાફનો ખર્ચ ગ્રાન્ટેબલ છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે ૧૯૭૬--૭૯ના બ્લૉક ગ્રાન્ટ માટે સરકારે ખર્ચ માન્ય કર્યું હતું.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧. હાલ કેટલા ટેમ્પરરી સ્ટાફની સંખ્યા છે ?

૨. શું યુનિવર્સિટી પી. એફ. બચાવવા માટે ટેમ્પરરી સ્ટાફ રાખે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ૧. ટેમ્પરરી હાલ કેટલા છે તે માહિતી ઉપલબ્ધ નથી.

૨. ના જી.

પ્રશ્ન ૨૫૫ : જે કર્મચારીને છૂટા કરવામાં આવે છે તેમને તેઓ યુનિવર્સિટી પ્રેસની નોકરીમાં હતા તેવું સર્ટિફિકેટ આપવામાં આવે છે?

ઉત્તર ૨૫૫ : ના, જી.

શ્રી. ઉજમશી કાપડિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી પ્રેસમાં કામ કરનાર કર્મચારીને સર્ટિફિકેટ આપવાની પ્રથા નથી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે, ના જી.

શ્રી. ઉજમશી કાપડિયાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ કર્મચારી સર્ટિફિકેટ માંગે તો આપવું ના જોઈએ ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા જી, માંગવામાં આવે તો આપવામાં આવશે.

પ્રશ્ન ૨૫૬ : જો ના, તો બીજી વખત અન્ય કર્મચારીને રાખતાં પહેલાં છૂટા થયેલા કર્મચારીને બોલાવવામાં આવે છે?

ઉત્તર ૨૫૬ : પ્રેસની જરૂરિયાત સંદર્ભમાં જરૂરી અને યોગ્ય જણાય તો એવા ટેમ્પરરી કર્મચારીને ફરીથી પણ હંગામી ધોરણે બોલાવવામાં આવે છે.

**પ્રશ્ન ૨૫૭ :** આ જાતના કર્મચારીઓ ટેમ્પરરી ધોરણે રાખવા પેપરમાં જાહેરાત આપી લેવામાં આવે છે?

**ઉત્તર ૨૫૭ :** સામાન્ય રીતે નહિ.

**પ્રશ્ન ૨૫૮ :** જો ના, તો તેમને કઈ પદ્ધતિથી બોલાવવામાં આવે છે?

ઉત્તર ૨૫૮ : યુનિવર્સિટી પ્રેસ તરફથી ચોક્કસ કામકાજોના સંદર્ભમાં જરૂરી મંજૂરી મેળવીને જે તે ઉમેદવારો તરફથી મળેલ અરજીઓ જોઈ તપાસીને હંગામી ધોરણે કામ ઉપર લેવામાં આવે છે.

**પ્રશ્ન ૨૫૯ :** કોઈ કર્મચારીને ત્રણ માસ કરતાં વધુ રાખવાની જરૂરત હોવા છતાં તેને છૂટો કરી દેવામાં આવે છે?

ઉત્તર ૨૫૯ : યુનિવર્સિટી પ્રેસના કામકાજના સંદર્ભમાં કામચલાઉ ધોરણે જેઓને કામે લેવામાં આવે તેમને સામાન્ય રીતે તેમની મુદત પૂરી થયા પછી છૂટા કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૫૯/૧ : તેને બદલે અન્ય નવા કર્મચારીની ભરતી કરવામાં આવે છે?

ઉત્તર ૨૫૯/૧ : પ્રશ્ન નં. ૨૫૯ના ઉત્તરમાં જણાવ્યા પ્રમાણે હંગામી ધોરણે નિમાયેલ કર્મચારીઓની સામાન્ય રીતે તેમની મુદત પૂરી થયા પછી છૂટા કરવામાં આવતા હોઈ તેમને બદલે અન્ય કોઈને નિમણૂકનો પ્રશ્ન ઊભો થતો નથી.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કામચલાઉમાંથી સીનિયરમોસ્ટ હોય તો તેને કાયમી જગ્યા ઉપર નિમણૂક કરવામાં આવે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : સામાન્ય રીતે તેમાંથી સીનિયરમોસ્ટ હોય તેને લેવામાં આવે છે, પરંતુ અનુભવ અને કાર્યક્ષમતા પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

શ્રી. હિમાંશુ વ્યાસે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કાયમી જગ્યાઓ કેટલા વર્ષથી અને કેટલી ખાલી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ માહિતી હાલ ઉપલબ્ધ નથી.

**પ્રશ્ન ૨૬૦ :** જો હા, તો આ બાબત ઈન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યૂટ ઍક્ટની દૃષ્ટિએ ગુનો બને ખરો?

**ઉત્તર ચ૬૦ :** ઉપર પ્રશ્ન નં. ૨૫૯/૧નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

**પ્રશ્ન ૨૬૧ :** જો હા, હવે પછી ભવિષ્યમાં છેલ્લા જે કર્મચારી ટેમ્પરરી જગાએ નોકરી કરી ગયો છે તેને જરૂરત પડતાં પાછો બોલાવીને નોકરીમાં રાખવામાં આવશે?

**ઉત્તર ૨૬૧ :** પ્રત્યેક કેસના ગુણદોષને આધારે તે અંગે વિચારણા કરવામાં આવશે.

પ્રશ્ન ૨૬૨ : યુનિવર્સિટી કાર્યાલયમાં જે પટાવાળાઓ તથા (હેલ્પરો હોય તો) તેમના પગાર અટકી ગયા છે તેમને દર બે વરસે એક ઇજાફો આપવામાં આવે છે?

ઉત્તર ૨૬૨ : હા, જી.

પ્રશ્ન ૨૬૩ : જો હા, તો યુનિવર્સિટી પ્રેસમાં તેવી જ કેડરના કર્મચારીઓનાં પગારધોરણ અટકી ગયાં હોય તેમને સદરહુ નિયમ લાગુ પાડવામાં આવશે કે કેમ?

ઉત્તર ૨૬૩ : તે અંગેનો કોઈ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨૬૪ : યુનિવર્સિટી પ્રેસમાં ચાલુ (૧૯૮૧) સાલ સુધીમાં પગારધોરણમાં અટકી ગયા હોય તેવા કર્મચારીનું નામ, હોદ્દો અને કઈ તારીખે અટકી ગયા તેની માહિતી આપશો.

ઉત્તર ૨૬૪ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ પ્રેસ–૩ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૬૫ : યુનિવર્સિટી પ્રેસમાં બાઈન્ડિંગ વિભાગના જે હેલ્પરો છે તેમની પાસે જુનિયર બાઈન્ડરનું કામ લેવામાં આવે છે?

ઉત્તર ૨૬૫ : યુનિવર્સિટી પ્રેસમાં બાઇન્ડિંગ વિભાગમાં હેલ્પર બાઈન્ડિંગને લગતી કામગીરી હોય છે અને તેની વહેંચણી સામાન્ય રીતે હેડબાઈન્ડર કરે છે.

પ્રશ્ન ૨૬૬ : બાઈન્ડિંગ હેલ્પરની ફરજમાં શું શું આવે છે?

ઉત્તર ૨૬૬ : બાઇન્ડિંગને લગતી જે કામગીરી તેમને સોંપવામાં આવે તે.

પ્રશ્ન ૨૬૭ : સોઈંગ મશીન, સ્ટીચિંગ મશીન, ફોલ્ડિંગ મશીન, સ્ક્રીન પ્રિન્ટિંગ મશીન અને ફોલ્ડિંગ મશીન ચલાવતા અને ચલાવી શકતા હેલ્પરોનાં નામ આપશો.

ઉત્તર ૨૬૭ : બાઈન્ડિંગ વિભાગના ઉપર્યુક્ત યંત્રો હેડ બાઈન્ડર, આસિ. બાઈન્ડર વગેરેની સૂચના અને નિરીક્ષણ હેઠળ આ વિભાગમાં કામ કરતા અને વિભાગની જરૂરિયાત મુજબ નીચે મુજબના હેલ્પર—આસિ. તે અંગેની સામાન્ય કામગીરીથી વાકેફ છે:

| ક્રમ | નામ |
|---|---|
| ૧. | શ્રી. જી. કે. મોમીન |
| ૨. | શ્રી. જે. સી. શાહ |
| ૩. | શ્રી. બી. એ. પિંગુળકર |
| ૪. | શ્રી. એ. એ. ચૌહાણ |
| ૫. | શ્રી. એન. સી. દીક્ષિત |

પ્રશ્ન ૨૬૮ : ઉપરોક્ત કામ તેઓની પાસે કેટલાં વર્ષથી લેવામાં આવે છે?

ઉત્તર ૨૬૮ : મશીન ચલાવવાની તાલીમ મેળવે છે. તેઓને જોડાયા ત્યારથી સદરહુ કામગીરી તેઓ તેમનાથી ઉપરની કક્ષાના કર્મચારીઓની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કરતા આવ્યા છે.

પ્રશ્ન ૨૬૯ : જો તેમનું કામ સંતોષકારક જણાતું હોય તો તેઓને કનવર્ટ કરી ઉપલી ગ્રેડની જગાઓ ખોલીને પ્રમોશન આપવામાં આવશે?

ઉત્તર ૨૬૯ : યુનિવર્સિટી પ્રેસના બાઈન્ડિંગ વિભાગમાં નવી જગ્યાઓ ઊભી કરવાનો કોઈ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨૭૦ : જો હા, તો ક્યારે?

અને

પ્રશ્ન ૨૭૧ : જો ના, તો કેમ? કારણ આપશો.

ઉત્તર ૨૭૦ અને ૨૭૧ : ઉપર પ્રશ્ન નં. ૨૬૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૭૨ : યુનિવર્સિટી પ્રેસના મશીન વિભાગમાં મશીનમેનોની જગા કેટલી?

ઉત્તર ૨૭૨ : આઠ.

પ્રશ્ન ૨૭૩ : તે જગ્યાઓમાંથી કેટલી જગા ખાલી છે?

ઉત્તર ૨૭૩ : ત્રણ.

પ્રશ્ન ૨૭૪ : શ્રી. એન. પી. પટેલ અને શ્રી. એમ. બી. પન્નાને મશીનમેનનું ઓફિસિયેટિંગ કઈ તારીખે આપવામાં આવેલું?

ઉત્તર ૨૭૪ : યુનિવર્સિટી પ્રેસના મશીન વિભાગની તે સમયની કામગીરી અને વ્યવસ્થાના સંદર્ભમાં શ્રી. એન. પી. પટેલને તા. ૨૮-૪-૧૯૭૨થી તા. ૨૪-૭-૧૯૮૦ સુધી તથા શ્રી. એમ. બી. પન્નાને તા. ૧૮-૧૨-૧૯૭૪થી તા. ૨૩-૭-૧૯૮૦ સુધી મશીનમેનની જગ્યાનું ચાર્જ એલાઉન્સ આપવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૨૭૫ : સદરહુ ઓફિસિયેટિંગ કોના આદેશથી આપવામાં આવેલું?

ઉત્તર ૨૭૫ : કુલપતિશ્રીના.

પ્રશ્ન ૨૭૬ : શ્રી. એમ. બી. પન્ના અને શ્રી. એન. પી. પટેલ બંને કર્મચારીઓને કેટલા સમય સુધી મશીનમેનનું એલાવન્સ આપવામાં આવ્યું?

ઉત્તર ૨૭૬ : આ માટે પ્રશ્ન નં. ૨૭૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૭૭ : ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં મશીનમેનની જગ્યાઓ કઈ સાલમાં ખોલવામાં આવી?

ઉત્તર ૨૭૭ : મશીનમેનની જગ્યાઓ યુનિવર્સિટી પ્રેસની શરૂઆતથી સને ૧૯૫૮-૫૯ના વર્ષથી ખોલવામાં આવી છે.

પ્રશ્ન ૨૭૮ : આ જગાઓ ઉપર લગભગ આઠ વર્ષ કર્મચારીઓ શા માટે નિયુકત કરવામાં આવ્યા નહીં?

ઉત્તર ૨૭૮ : પ્રેસની જરૂરિયાત પ્રમાણે મશીનમેનોની જે તે સમયે નિયુક્તિ કરવામાં આવી છે.

પ્રશ્ન ૨૭૯ : ૧૯૮૦ની સાલમાં મશીનમેનનું એલાવન્સ લેતા કર્મચારીને મશીન-'બી'ની જગ્યા આપવામાં આવી તે વાત સાચી?

ઉત્તર ૨૭૯ : હા, જી.

પ્રશ્ન ૨૮૦ : જો હા, તો તે કર્મચારી મશીનમેનની ગુણવત્તા ધરાવતો હોવા છતાં મશીનમેનની જગ્યા ખાલી હોવા છતાં મશીનમેન 'બી'ની જગ્યા શા માટે આપવામાં આવી?

ઉત્તર ૨૮૦ : મશીનમેન "સી"ની મૂળ જગ્યા ઉપરના શ્રી. એન. પી. પટેલને નક્કી કરાયેલ ચેનલ ઑફ પ્રમોશન અને સાનિયોરિટી પ્રમાણે મશીનમેન "સી" માંથી મશીનમેન "બી"માં બઢતી નિયુક્તિની જોગવાઈ હોવાથી તેઓને મશીનમેન "બી" તરીકે નીમવામાં આવ્યા છે.

પ્રશ્ન ૨૮૧ : શ્રી. એમ. બી. પન્નાને મશીનમેનનું એલાવન્સ માનનીય વી. સી. ની મંજૂરીથી આપવામાં આવેલ તે વાત સાચી?

ઉત્તર ૨૮૧ : હા, જી.

પ્રશ્ન ૨૮૨ : ૧૯૮૦માં શ્રી. પન્નાનું મશીનમેનનું ઑફિસિયેટિંગ બંધ કરવા માટે કુલપતિશ્રીએ આદેશ કરેલો?

અને

પ્રશ્ન ૨૮૩ : જો ના, તો કોના આદેશથી બંધ કરવામાં આવેલું?

ઉત્તર ૨૮૨ અને ૨૮૩ : પ્રેસના મશીન વિભાગમાં મશીનમેન "બી"ની ખાલી જગ્યા કાયમી ધોરણે ભરવામાં આવતાં મશીન વિભાગની વ્યવસ્થામાં આનુષંગિક ફેરફાર કરવાનું જરૂરી જણાયું હતું અને તેથી મશીનમેન "સી" મૂળ કાયમી પદ ધરાવતા શ્રી. એમ. બી. પન્નાને મશીનમેન "બી"નું ચાર્જ ઍલાઉન્સ આપવાની ભલામણ કુલપતિશ્રીએ મંજૂર કરી હતી.

પ્રશ્ન ૨૮૪ : શ્રી. એન. પી. પટેલને મશીનમેન-'બી"નો નિમણૂક પત્ર આપ્યો તેને કરીને મશીન-મેનનું એલાવન્સ બંધ કરેલું?

ઉત્તર ૨૮૪ : ઉપર પ્રશ્ન નં. ૨૮૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૮૫ : મશીનમેનની જગ્યાઓ ખાલી છે કેમ? હા, તો કેટલી અને કઈ તારીખથી?

ઉત્તર ૨૮૫ : આ અંગેની માહિતી માટે પ્રશ્ન નં. ૨૮૪ના ઉત્તરનું પરિશિષ્ટ "પ્રેસ-૧" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૮૬ : જો હા, તો શ્રી. એન. પી. પટેલને મશીનમેનનું એલાવન્સ શા માટે બંધ કરવામાં આવ્યું?

ઉત્તર ૨૮૬ : તેઓને મશીનમેન "બી"ની કાયમી જગ્યા ઉપર બઢતી આપવામાં આવતાં તેમની જગ્યા એટલે કે મશીનમેન "સી"ની જગ્યા પર તેઓ હતા ત્યારે તેમને જે લાભ મળતો હતો તે મળતો બંધ થયો હતો.

પ્રશ્ન ૨૮૭ : યુનિવર્સિટી પ્રેસમાં સરકારી પ્રેસના સરકારના નિયમ મુજબ સવલતો મેળવવા પ્રેસ કર્મચારીઓની માગણીઓ રહી છે?

ઉત્તર ૨૮૭ : હા, જી.

પ્રશ્ન ૨૮૮ : જો હા, તો યુનિવર્સિટી પ્રેસની કર્મચારીઓ દ્વારા થતાં જેવાં કે, પરીક્ષાને લગતાં ખાનગી કામો, પ્રશ્નપત્રો, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તથા પેનલોની યાદીઓ બાબતના કામ અંગે કર્મચારીઓએ ૧૨॥ ટકા એલાવન્સની માગણી કરેલી?

ઉત્તર ૨૮૮ : હા, જી.

પ્રશ્ન ૨૮૯ : તો તે શા માટે સ્વીકારવામાં આવતી નથી?

ઉત્તર ૨૮૯ : યુનિવર્સિટીનાં સત્તામંડળોને તે સ્વીકારવાની જરૂર જણાઈ નથી.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રેસના કર્મચારીઓને સરકારશ્રી જે રીતે એલાવન્સ આપે છે તે રીતે આપણે એલાવન્સ કેમ આપતા નથી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે સરકારની પ્રથા આપણે સ્વીકારી નથી અને યુનિવર્સિટીએ પોતાની પ્રથા રાખી છે.

શ્રી. એચ. પી. ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી પ્રેસમાં કયાં કયાં કામો કરાવવામાં છે?

કુલપતિશ્રીનો ઉત્તર : પેપરો, પુસ્તકો, મીનિટ્સ, વગેરે વગેરે

શ્રી. શરદભાઈ પટેલ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રેસમાં પેપરોનું કામ લગભગ ચાર મહિના ચાલે છે. સરકાર ૨૦ ટકા એલાવન્સ આપે છે તો આપણે ત્યાં ગયી ૧૦ ટકા એલાવન્સ આપી શકીએ નહીં?

કુલપતિશ્રીનો ઉત્તર : તમારા સૂચનની નોંધ કરીએ છીએ.

શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જુનિયર કલાર્ક (સ્ટોર્સ)ને રૂ. ૨૬૦-૪૦૦નું પગારધોરણ આપીએ છીએ, જ્યારે સ્ટોરકીપરને રૂ. ૪૨૫-૭૦૦નું પગારધોરણ આપવામાં આવેલું છે, તો જુનિયર કલાર્ક (સ્ટોર્સ)ને રૂ. ૪૨૫-૭૦૦નું પગારધોરણ કેમ આપવામાં આવતું નથી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આ કર્મચારીની નિમણૂક જુનિયર કલાર્ક (સ્ટોર્સ)ની છે. સ્ટોરકીપરનું પગારધોરણ તેઓને આપવા માટે સરકારશ્રીને ભલામણ કરવામાં આવી છે, તેની મંજૂરીની રાહ જોવામાં આવે છે.

શ્રી. શરદભાઈ પટેલ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ જગ્યા પર કામ કરનારને સ્ટોરકીપરનો પગાર આપવામાં આવશે?

કુલપતિશ્રીના ઉત્તર : તમારો પ્રશ્ન અભિપ્રાયનો છે. અત્યારે તે અંગે કાંઈ કહી શકાય નહીં.

શ્રી. શરદભાઈ પટેલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્ટોર્સ અંગેના કામ કરતા જુનિયર કલાર્ક કર્મચારીઓને ટ્રાન્સફર કરવામાં આવ્યા છે તે વાત સાચી છે?

કુલપતિશ્રીના ઉત્તર : હા જી.

પ્રશ્ન ૨૯૦ : ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયે પ્રેસ-મેનેજર દ્વારા ગુજરાત સરકારના મધ્યસ્થ મુદ્રણાલયના કર્મચારીઓને મળતી સવલતો અંગે માહિતી મંગાવેલ?

ઉત્તર ૨૯૦ : હા, જી.

પ્રશ્ન ૨૯૧ : જો હા, તો તેમાં પ્રેસ કર્મચારીઓને ખાનગી કામ માટે ૨૦ ટકા એલાવન્સ આપવાની વાત કરેલી છે?

અને

પ્રશ્ન ૨૯૨ : જો હા, તો યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને ૧૨॥ ટકા પરીક્ષા ભથ્થું આપવામાં શું બાધક છે?

ઉત્તર ૨૯૧ અને ૨૯૨ : રાજ્ય સરકારના મુદ્રણાલયમાં ખાનગી કામનો પ્રકાર અને વ્યવસ્થા યુનિવર્સિટી પ્રેસ કરતાં ભિન્ન પ્રકારનાં છે તેથી.

પ્રશ્ન ૨૯૩ : ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં જ્યારે શ્રી. બી. કે. પટેલની નિમણૂક કરવામાં આવી ત્યારે જુનિયર કલાર્ક અને સ્ટોરકીપરની જગ્યાનું પગારધોરણ શું હતું?

ઉત્તર ૨૯૩ : સને ૧૯૬૫માં જુ. કલાર્ક (સ્ટોર)ની જગ્યા ઉપર શ્રી. બી. કે. પટેલને યુનિ. પ્રેસમાં નીમવામાં આવેલ ત્યારે યુનિ.ના અન્ય વિભાગો કે જ્યાં "સ્ટોરકીપર" પણ નીમવામાં આવેલા હતા, તે બેઉ જગ્યાનું પગારધોરણ રૂ. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઇ.બી. ૧૦-૨૫૦ હતું.

પ્રશ્ન ૨૯૩/૧ : શ્રી. દેસાઈપંચના અમલ પછી બંને કેડરોનાં પગારધોરણો કયાં છે?

ઉત્તર ૨૯૩/૧ : શ્રી. દેસાઈ પંચની ભલામણોના સંદર્ભમાં સરકારશ્રીના મંજૂર કરેલ અને યુનિવર્સિટીએ અમલમાં મૂકેલ સદરહુ કેડરોનાં પગારધોરણ નીચે મુજબ છે :

(૧) જુનિ. કલાર્ક (સ્ટોર) રૂ. ૨૬૦-૪૦૦

(૨) સ્ટોરકીપર રૂ. ૪૨૫-૭૦૦.

પ્રશ્ન ૨૯૪ : બંને કેડરોની જગ્યાનું પગારધોરણ સરખું માનીને શ્રી. બી. કે. પટેલને જુનિયર કલાર્ક (સ્ટોર) તરીકે નિમણૂક કરવામાં આવી તે વાત સાચી?

ઉત્તર ૨૯૪ : શ્રી. પટેલની નિમણૂક કરવામાં આવી ત્યારે જુનિયર કલાર્કની જગા અને સ્ટોર-કલાર્કની જગ્યાનું પગારધોરણ સરખું હતું તેમાં માન્યતાનો પ્રશ્ન આવતો નથી.

પ્રશ્ન ૨૯૫ : શ્રી. બી. કે. પટેલ યુનિવર્સિટી પ્રેસનું સ્ટોર અંગેનું તમામ કામકાજ સંભાળે છે તે વાત સાચી?

ઉત્તર ૨૯૫ : હા, છે.

પ્રશ્ન ૨૯૬ : યુનિવર્સિટી સિન્ડિકેટે સ્ટોરકીપરની જગ્યા યુનિવર્સિટી પ્રેસમાં ખોલેલ છે તે વાત સાચી?

અને

પ્રશ્ન ૨૯૭ : જો હા, તો કઈ તારીખના ઠરાવથી?

ઉત્તર ૨૯૬ અને ૨૯૭ : હા, છે. સિન્ડિકેટ તા. ૨૨/૨૩—૬-૧૯૬૩ના ઠરાવ ક્રમાંક ૫૭ [ સ્થાયી સમિતિ તા. ૧૨—૬—૧૯૬૩ની સભાની ભલામણ ક્રમાંક ૨ (૧) ] અન્વયે.

પ્રશ્ન ૨૯૮ : યુનિવર્સિટી પ્રેસમાં સ્ટોરકીપરની જગ્યા રદ કરવામાં આવી છે?

ઉત્તર ૨૯૮ : યુનિ. પ્રેસમાં સ્ટોર્સ અંગેની જગ્યા જુનિયર કલાર્ક (સ્ટોર)થી ભરવામાં આવી છે.

પ્રશ્ન ૨૯૯ : જો હા, તો સિન્ડિકેટની કઈ તારીખની અને ઠરાવથી?

ઉત્તર ૨૯૯ : ઉપર પ્રશ્ન નં. ૨૯૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૦૦ : જો ના, તો શ્રી. બી. કે. પટેલ પાસે સ્ટોરકીપરનું કામ યુનિવર્સિટી બની હોવાથી નામાભિધાન કરી આપશો?

અને

પ્રશ્ન ૩૦૧ : જો હા, તો ક્યારે?

ઉત્તર ૩૦૦ અને ૩૦૧ : રાજ્ય સરકારની અનુમતિ આવે તો અને ત્યારે.

પ્રશ્ન ૩૦૨ : યુનિવર્સિટીએ કચેરીમાં તાજેતરમાં કઈ કઈ જગ્યાઓનાં નામાભિધાન કરવામાં આવ્યાં છે?

ઉત્તર ૩૦૨ : નીચેની જગ્યાઓનાં નામાભિધાન બદલવામાં આવ્યાં છે:

| ક્રમાંક | જૂનું નામાભિધાન | નવું નામાભિધાન |
|---|---|---|
| ૧ | એસ્ટેટ સુપ્રિન્ટેન્ડન્ટ | યુનિવર્સિટી એન્જિનિયર |
| ૨. | બિલ્ડિંગ સુપરવાઈઝર | ડે. એન્જિનિયર (સિવિલ) |
| ૩. | ઇલેક્ટ્રિકલ એન્જિનિયર | ડે. એન્જિનિયર (ઇલેક્ટ્રિકલ) |
| ૪. | ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન ઍન્ડ યુથ વેલ્ફેર | ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન |

વધુમાં બે વોર્ડ બૉયની જગ્યાઓમાંથી એક જગ્યાને ડ્રેસરની જગ્યામાં ફેરવવામાં આવી છે.

પ્રશ્ન ૩૦૩ : આવું નામાભિધાન કેમ કરવામાં આવ્યું ? કારણ આપશો.

ઉત્તર ૩૦૩ : આ જગાઓની ફરજો અને જવાબદારી જોતાં તેમ જ રાજ્યની બીજી યુનિવર્સિટીઓમાં સમાન કક્ષાના કામગીરીવાળી જગાઓનાં નામાભિધાન લક્ષમાં લઈને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નામાભિધાન આપવાનું ઠરાવ્યું છે.

પ્રશ્ન ૩૦૪ : પ્રશ્ન ૩૦૨ ના જવાબમાં કેડરોનું નામાભિધાન યુનિવર્સિટીએ બદલ્યું તે તેમ શ્રી. પટેલની બાબતમાં યુનિવર્સિટી નામાભિધાન કરશો ?

ઉત્તર ૩૦૪ : સદરહુ પ્રશ્ન અસ્પષ્ટ હોવાથી માંગેલી માહિતી આપવાનું બની શકે તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૩૦૫ : જો હા, તો ક્યારે ?

ઉત્તર ૩૦૫ : ઉપર પ્રશ્ન નં. ૩૦૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૦૬ : જો ના, તો કેમ ?

ઉત્તર ૩૦૬ : ઉપર પ્રશ્ન નં. ૩૦૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૦૭ : યુનિવર્સિટી ભવનના બિનગુજરાતી અધ્યાપકોના ગુજરાતીના જ્ઞાનની ચકાસણી કરવા માટે કઈ પદ્ધતિ સ્વીકારવામાં આવી છે ?

ઉત્તર ૩૦૭ : યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના બિન ગુજરાતી અધ્યાપકોના ગુજરાતીના જ્ઞાનની ચકાસણી કરવા માટે કોઈ પદ્ધતિ સ્વીકારવા અંગેનો કોઈ પ્રસ્તાવ વિચારણા માટે આવેલ નથી.

પ્રશ્ન ૩૦૮ : જો કોઈ પદ્ધતિ હજી સુધી ઊભી કરવામાં આવી ન હોય તો એ ઊભી કરવામાં કયું સ્થાપિત હિત આડે આવે છે ?

ઉત્તર ૩૦૮ : પ્રશ્નમાં ગૃહીતાર્થનો ભાવ જોતાં તેનો ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૩૦૯ : વાણિજ્ય વિદ્યાશાખાએ જે જુદા જુદા ડિપ્લોમા કોર્સની ભલામણ કરી છે અને જેના ઘટના સ્ટેટ્યૂટમાં સમાવેશ થયો છે તે ડિપ્લોમા શરૂ કરવામાં શું આપત્તિ છે?

ઉત્તર ૩૦૯ : પૂર્વસ્નાતક કક્ષાના ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે કોઈ કોલેજ તરફથી જોડાણ માટેની અરજી આવેથી વિચારણા કરવામાં આવશે, જ્યારે અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો શરૂ કરવા માટેનો કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીના વિદ્યાભવન કે અનુસ્નાતક કેન્દ્ર તરફથી આવશે તો તે પર પણ વિચારણા કરી શકાશે.

પ્રશ્ન ૩૧૦ : વાણિજ્ય વિદ્યાશાખાના કયા સરપ્લસ પ્રાધ્યાપકો રિકોલ થવાના બાકી છે?

ઉત્તર ૩૧૦ : સદરહુ માહિતી શિક્ષણ નિયામકશ્રી પાસેથી મંગાવવામાં આવી છે, પરંતુ તે હજી સુધી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૩૧૧ : યુનિવર્સિટીની એવી કઈ કોલેજ છે કે જેમાં તે કોલેજના જ સ્ટાફને હજી સુધી રિકોગ્નાઈઝ કરવામાં આવ્યો ન હોય?

ઉત્તર ૩૧૧ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧૨" જોવા વિનંતી છે.

[૬] શ્રી. બી. એસ. અગ્રવાલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૩૧૨ : એચ. કે. વ્યાવસાયિક પ્રશિક્ષણ કેન્દ્ર કે નિયામક કે પદ કે લિયે પિછલે વર્ષ જો વિજ્ઞાપન દિયા ગયા થા ઉસમેં કિતને આવેદનપત્ર આયે થે? કુલ સંખ્યા દે.

ઉત્તર ૩૧૨ : સદરહુ જગ્યા માટે કુલ ૧૨ અરજીઓ આવી હતી.

પ્રશ્ન ૩૧૩ : ઉસ પદ કે લિયે સાક્ષાત્કાર કે લિયે કિતને વ્યક્તિઓં કો બુલાયા ગયા થા? કુલ સંખ્યા દે.

ઉત્તર ૩૧૩ : કુલ ૯ ઉમેદવારોને મુલાકાત માટે બોલવવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૩૧૪ : કયા ઉસ પદ કે સાક્ષાત્કાર કે લિયે પ્રો. રમેશ મ. ભટ્ટ કો બુલાયા ગયા થા? યદિ નહીં તો કયોં?

ઉત્તર ૩૧૪ : ના, છ. શ્રી. રમેશભાઈ ભટ્ટ તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઓછામાં ઓછી લાયકાત ધરાવતા નહોતા.

પ્રશ્ન ૩૧૫ : યદિ ઉન્હે આવશ્યક શૈક્ષણિક યોગ્યતાઓં કી કમી કે લિયે નહીં બુલાયા જા સકા, અર્થાત્ ઉનકો ઉસ પદ કે લિયે અયોગ્ય માના ગયા, તો ફિર ઉન્હે ઉસ પદ પર "માનદ" રૂપ મેં કયોં ચલાયા જા રહા હૈ?

ઉત્તર ૩૧૫ : શ્રી. રમેશભાઈ ભટ્ટ માનદ કો-ઓર્ડિનેટર તરીકે નિમાયા છે અને તે જગ્યા માટે લાયકાતનાં ધોરણો નિયત કરવામાં આવેલ નથી, એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે રીડર-ડાયરેક્ટર ફોર પ્રોફેશનલ ટ્રેઈનિંગની પૂરા સમયની જગ્યા માટે લાયકાતનાં ધોરણો નક્કી થયાં તે પહેલાં શ્રી ભટ્ટ માનદ કો-ઓર્ડિનેટર તરીકે નિમાયા છે.

પ્રશ્ન ૩૧૬ : કયા યહ સચ હૈ કિ પ્રો. રમેશ મ. ભટ્ટને અપની શૈક્ષણિક યોગ્યતાઓંકી કમી કો (કોન્ડોન) કરને કે લિયે કુલપતિશ્રી કો પ્રાર્થના પત્ર દિયા થા ઔર કુલપતિશ્રીને ઉસે અસ્વીકૃત કિયા થા?

ઉત્તર ૩૧૬ : પ્રા. રમેશ ભટ્ટે આવેદનપત્ર સાથે ખાસ વિનંતી કરી શૈક્ષણિક લાયકાત કોન્ડોન કરવા જણાવ્યું હતું, પરંતુ તે વખતના કુલપતિશ્રી તે વિનંતીનો સ્વીકાર કરી શકયા નથી.

પ્રશ્ન ૩૧૭ : એચ. કે. વ્યાવસાયિક પ્રશિક્ષણ કેન્દ્ર કે ૧૯૭૬-૭૭ સે ૧૯૭૯-૮૦ તક કે પ્રત્યેક વર્ષ કે ખર્ચ કે આંકડે દેને કી કૃપા કરે!

ઉત્તર ૩૧૭ : એચ. કે વ્યવસાયિક પ્રશિક્ષણ કેન્દ્રના ખર્ચ અંગેની માહિતી નીચે પ્રમાણે છે :

| વર્ષ | કુલ ખર્ચની રકમ |
|---|---|
| ૧૯૭૬—૭૭ | ૧,૬૧,૨૮૭—૫૧ પૈસા |
| ૧૯૭૭—૭૮ | ૧,૫૮,૦૪૬—૯૯ |
| ૧૯૭૮—૭૯ | ૧,૪૯,૨૭૩—૪૬ |
| ૧૯૭૯—૮૦ | ૧,૭૮,૯૧૬—૧૭ |

પ્રશ્ન ૩૧૮ : ઉપર્યુક્ત પ્રત્યેક વર્ષ મેં શ્રી. રમેશ મ. ભટ્ટ કો માસિક રૂ. ૨૫૦/- કે માનદ વેતન કે અતિરિક્ત વિભિન્ન અભ્યાસક્રમો મેં દિયે ગયે વ્યાખ્યાનો તથા પ્રવાસ ખર્ચ કે રૂપ મેં ઉન્હેં સ્વયં કો જો રકમ ચુકાઈ ગઈ હૈ ઉસકે આંકડે નિમ્નલિખિત રૂપ મેં દે :

| વર્ષ | કુલ માનદ વેતન | કુલ પ્રવાસ ભથ્થા | વિભિન્ન અભ્યાસક્રમમેં વ્યાખ્યાનો કા કુલ પારિશ્રમિક |
|---|---|---|---|
| ૧૯૭૬--૭૭ | | | |
| ૧૯૭૭--૭૮ | | | |
| ૧૯૭૮--૭૯ | | | |
| ૧૯૭૯--૮૦ | | | |

ઉત્તર ૩૧૮ : શ્રી રમેશભાઈ ભટ્ટને માનદ વેતન માસિક રૂા. ૨૫૦ ઉપરાંત વિભિન્ન અભ્યાસક્રમોમાં આપેલા વ્યાખ્યાનો તથા પ્રવાસ અંગેની ચૂકવેલી રકમની માહિતી નીચે પ્રમાણે છે :

| વર્ષ | કુલ માનદ વેતન | કુલ પ્રવાસ ભથ્થાં | વિભિન્ન અભ્યાસક્રમમાં વ્યાખ્યાનોના કુલ પારિશ્રમિક |
|---|---|---|---|
| ૧૯૭૬-૭૭ | ૩,૦૦૦ | કાંઈ નહીં | ૧,૫૩૦—૦૦ |
| ૧૯૭૭-૭૮ | ૩,૦૦૦ | ,, | ૧૫—૦૦ |
| ૧૯૭૮-૭૯ | ૩,૦૦૦ | ,, | કાંઈ વેતન ચૂકવવામાં આવ્યું નથી. |
| ૧૯૭૯-૮૦ | ૩,૦૦૦ | ,, | — ઉપર મુજબ — |

શ્રી. બી. એસ. આગવાલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧. એચ. કે. વ્યાવસાયિક પ્રશિક્ષણ કેન્દ્રના દોઢ લાખ રૂપિયાનું બજેટ ખર્ચવાની સત્તા કો-ઓર્ડિનેટરને આપવામાં આવી છે ?

૨. કો-ઓર્ડિનેટર તરીકે સર્ટિફિકેટમાં સહી કરે છે તે શું બરાબર છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ૧. બજેટમાં કરેલી જોગવાઈનું ખર્ચ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ખર્ચવાનું હોય છે.

૨. સદરહુ બાબતની નોંધ લેવામાં આવે છે.

શ્રી. બી. એસ. અગ્રવાલે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન નં. ૩૨૭ અંગે વધુ માહિતી આપવા કૃપા કરશો ?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રશ્ન નં. ૩૨૭ની બાબત ઘણી ગુપ્ત રાખવી યોગ્ય થશે. તમે જે ધ્યાન દોર્યું છે તે બદલ આભાર. આ કામ ખાનગી હોવાથી ઘણા ઓછા સભ્યો પાસેથી કામ લેવાનું જોઈએ, તેથી મહેનતાણા અંગે ટોચમર્યાદા રાખવી મુશ્કેલ છે.

પ્રશ્ન ૩૧૯ : આપને વિશ્વવિદ્યાલય કે રીડર ઔર પ્રોફેસર કે પદ કે લિયે આવેદનપત્રોંકી કિતની પ્રતિલિપિયેં પ્રાર્થિયો કે પાસ સે મંગાઈ જાતી હૈ ?

ઉત્તર ૩૧૯ : યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રોફેસર અથવા રીડરની જગ્યા માટે આવેદનપત્રની એક જ નકલ મંગાવવામાં આવે છે.

પ્રશ્ન ૩૨૦ : આવેદનપત્ર કે સાથ રિસર્ચ પેપર્સ મોનોગ્રાફ્સ પ્રકાશિત પુસ્તકો કોભી મંગાયા જાતા હૈ ક્યા? યદિ હો તો ઈન રિસર્ચ પેપર્સ મોનોગ્રાફ્સ ઔર પ્રકાશિત પુસ્તકો કી કિતની પ્રતિલિપિયેં મંગાઈ જાતી હૈ?

ઉત્તર ૩૨૦ : ના, જી.

પ્રશ્ન ૩૨૧ : ક્યા ઈન પદોં કે લિયે સાક્ષાત્કાર લેનેવાલે નિષ્ણાતો કો આવેદકોં કે ઈન પ્રકાશિત રિસર્ચ પેપર્સ, મોનોગ્રાફ્સ પ્રકાશિત ગ્રંથો ઈત્યાદિ કી પ્રતિલિપિયેં સાક્ષાત્કાર સે પહલે ભેજ દી જાતી હૈ? યા ઉન્હે કેવલ સિનોપ્સિસસ કી પ્રતિલિપિ હી ભેજી જાતી હૈ?

ઉત્તર ૩૨૧ : ના, જી. અરજીઓનું તારણ મોકલવામાં આવે છે.

પ્રશ્ન ૩૨૨ : ક્યા યહ સચ હૈ કિ અધિકાંશ સિનોપ્સિસ મેં આવેદકો કે અનુભવ શૈક્ષણિક યોગ્યતાઓં ઈત્યાદિ કે વિવરણ મેં ટાઈપ અથવા કિસી અન્ય કારણસે અનેક ભૂલેં મિલાને કી શિકાયતેં આતી હૈ?

ઉત્તર ૩૨૨ : ક્યાંક ભૂલ રહેવા પામી હોય તે બનવાજોગ છે. કોઈ ચોક્કસ કેસ અંગે માહિતી માગવામાં આવે તો તે બાબતમાં સંબંધિતપાસીને તે આપી શકાય.

**પ્રશ્ન ૩૨૩ :** યદિ કોઈ પ્રાધ્યાપક વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજ મેં હી નોકરી કરતા હો ઔર ઉસને, પરીક્ષા વિભાગ દ્વારા ભેજા ગયા, આપની યોગ્યતાઓ ઔર શૈક્ષણિક અનુભવો ઇત્યાદિ કે વિષય મેં આવેદનપત્ર, સમય સે ભેજા હો, તો કયા ઉસ વિષય કે બોર્ડ ઑફ સ્ટડીઝ કો, ઉસ વ્યકિતકા નામ પરીક્ષકોં કે પેનલ મેં શામિલ ન કરને કા અધિકાર હૈ?

**ઉત્તર ૩૨૩ :** પ્રાશ્નિક-પરીક્ષક માટેની લઘુતમ લાયકાત નહિ ધરાવનાર અધ્યાપકનું નામ પેનલ પર ન મૂકવા બોર્ડ ઑફ સ્ટડીઝને અધિકાર નથી.

**પ્રશ્ન ૩૨૪ :** કયા અભ્યાસસમિતિ કો ઉસકી યોગ્યતાઓં કે અનુસાર ઉસે પેનલ મેં ઉચિત સ્થાન નહીં દેના ચાહિયે?

**ઉત્તર ૩૨૪ :** પ્રશ્ન ૩૨૩નો ઉત્તર જોવા વિનંતી છે.

**પ્રશ્ન ૩૨૫ :** કયા ડૉ. એસ. કે. નારંગ (ઓપ્થેમોલોજી કે પ્રોફેસર) કા પરીક્ષક સંબંધી આવેદનપત્ર વિશ્વવિદ્યાલય કો મિલા હૈ?

**ઉત્તર ૩૨૫ :** સને ૧૯૮૧ની પરીક્ષા માટે આવેદનપત્ર મળ્યું નથી.

**પ્રશ્ન ૩૨૬ :** યદિ હો તો ઉનકા એમ.એસ. ઓપ્થોમોલોજી કે પેનલ મેં કયોં નહીં શામિલ કિયા ગયા હૈ?

**ઉત્તર ૩૨૬ :** પ્રશ્ન ૩૨૫નો જવાબ જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રશ્ન ૩૨૭ :** આપને વિશ્વવિદ્યાલય મેં પરીક્ષાઓ મેં ડાલનેવાલે ડમી નંબરો સે સંબંધિત નિમ્ન-લિખિત જાનકારી દેને કી કૃપા કરે :

| (એ) વર્ષ | (બી) જીનકી ઉત્તર પુસ્તિકા પર ડમી નંબર ડાલે ગયે ઉનકી સંખ્યા | (સી) ઉત્તર પુસ્તકો કી સંખ્યા | (ડી) ડમી નંબર ડાલને કે ખર્ચ કી રકમ | (ઇ) જિન પ્રાધ્યાપકો કો યહ કામ દિયા ગયા ઉનકે નામ ઔર ઉન્હે ચૂકાઈ ગઈ રકમ વિભિન્ન પરીક્ષાઓ મેં યહ કામ કરને કી કુલ રકમ | (એફ) અહમદાવાદ કે બહાર સે બુલાયે ગયે પ્રાધ્યાપકોં કે નામ ઔર ઉન્હે દિયે જાને વાલે ભત્તો કી રકમ | (જી) ડમી નંબર ડાલને કા દર |
|---|---|---|---|---|---|---|
| ૧૯૭૬ ઑકટોબર | | | | | | |
| ૧૯૭૭ માર્ચ--એપ્રિલ | | | | | | |
| ૧૯૭૭ ઑકટોબર | | | | | | |
| ૧૯૭૮ માર્ચ--એપ્રિલ | | | | | | |
| ૧૯૭૮ ઑકટોબર | | | | | | |
| ૧૯૭૯ માર્ચ--એપ્રિલ | | | | | | |
| ૧૯૭૯ ઑકટોબર | | | | | | |
| ૧૯૮૦ માર્ચ--એપ્રિલ | | | | | | |
| ૧૯૮૦ ઑકટોબર | | | | | | |

**ઉત્તર ૩૨૭ :** પરીક્ષા અંગેની માહિતી ગુપ્ત ગણવામાં આવતી હોવાથી તે માહિતી આપવાનું બની શકે તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૩૨૮ : એસે વ્યકિતઓં કે નામ તથા ઉન્હે ચૂકાઈ ગઈ કુલ રકમ કે આંકડે દે. કિસી ભી વર્ષ કી દોનો સત્રકી પરીક્ષાઓમે મિલકર ૧૦૦૦ રૂ. સે અધિક રૂપયે ચૂકાયે ગયે હો?

ઉત્તર ૩૨૮ : પરીક્ષકોનાં નામોની યાદી ગુપ્ત ગણવામાં આવતી હોવાથી તે માહિતી આપવાનું બની શકે તેમ નથી તો ક્ષમા કરશો.

વધુમાં જણાવવાનું કે માર્ચ-એપ્રિલ ૧૯૮૦ની પરીક્ષામાં કુલ ૪૨ પરીક્ષકોને રૂ. ૧—૧૨થી રૂ. ૨૭૩—૭૫ રકમ રૂ. ૧,૦૦૦ કરતાં વધુ પરીક્ષા માટે ચૂકવવામાં આવી હતી.

**[ ૭ ] શ્રી. એન એસ. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :**

પ્રશ્ન ૩૨૯ : નવી કોર્ટ અસ્તિત્વમાં આવ્યા પછી કોર્ટની સભામાં કુલાધિપતિશ્રી દ્વારા નિયુકત સભ્યો અંગે માહિતી આપવા વિનંતી છે.

| સભ્યનું નામ | ફેકલ્ટી | રજૂ કરેલ પ્રશ્નો | રજૂ કરેલ પ્રસ્તાવો | હાથ ધરવામાં આવેલ પ્રશ્નો | હાથ ધરવામાં આવેલ પ્રસ્તાવો | હાજર | ગેરહાજર |
|---|---|---|---|---|---|---|---|

ઉત્તર ૩૨૯ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૧૩" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૩૦ : યુનિવર્સિટીની વિજ્ઞાન વિદ્યાશાખામાં ચાલુ વર્ષે દ્વિતીય વર્ષ બી.એસસી.ના વિદ્યાર્થીઓ માટે ૩+૨+૧ અભ્યાસક્રમની પદ્ધતિ ઉપરાંત ૩+૩ની વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી છે. આ અંગે નીચે મુજબની માહિતી આપવા વિનંતી :

( ૧ ) કઈ કઈ કૉલેજોમાં ફકત જૂની પદ્ધતિ ૩+૨+૧ અનુસાર શિક્ષણ આપવામાં આવે છે?

અને

પ્રશ્ન ૩૩૧ : કઈ કઈ કૉલેજોમાં ફકત નવી પદ્ધતિ ૩+૩ અનુસાર શિક્ષણ આપવામાં આવે છે?

અમે

પ્રશ્ન ૩૩૨ : કઈ કઈ કૉલેજોમાં બંને પદ્ધતિ અનુસાર શિક્ષણ આપવામાં આવે છે?

અને

પ્રશ્ન ૩૩૩ : ૩+૨+૧ અને ૩+૩ પદ્ધતિ અનુસાર અભ્યાસ કરવા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા—વિષયવાર આપવા વિનંતી.

અને

પ્રશ્ન ૩૩૪ : આ નવી યોજનાથી કેટલા ફાજલ અધ્યાપકો, વિષયવાર, રીકોલ થયા તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૩૩૦ થી ૩૩૪ : સદરહુ બાબતમાં ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૩૫ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કઈ કઈ કૉલેજોએ ફેબ્રુઆરી ૧૯૮૧ સુધીના પગારો ચૂકવ્યા નથી? બાકી હોય તો કયારથી બાકી છે?

ઉત્તર ૩૩૫ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૩૬ : છેલ્લી બે કોર્ટની સભાઓ દરમિયાન મંગાવવામાં આવેલ માહિતી કઈ કઈ કોલેજોએ મોકલી નથી?

ઉત્તર ૩૩૬ : સદરહુ કોલેજોનાં નામોની યાદી માટે પરિશિષ્ટ "૧૫" જોવા વિનંતી છે.

## [૮] શ્રી. ભરત દવેએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૩૩૭ : સંલગ્ન કોલેજોને સ્પર્શતા પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે જે સમિતિ નીમી છે તે સમિતિએ રાજ્ય સરકાર સમક્ષ કયા કયા પ્રશ્નો રજૂ કર્યા ?

ઉત્તર ૩૩૭ : રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા માટે જે મુદ્દાઓ અગ્રતાના ક્રમિક ધોરણે રજૂ કરવાનું ઠરાવ્યું છે તે આ સાથે પરિશિષ્ટ "૧૬" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૩૩૮ : તેનું શું નિરાકરણ આવ્યું ( અહીં ૧—૪—૧૯૮૦ થી આજ સુધી માહિતી આપવા વિનંતી છે ).

| ૩. | પ્રૂફરીડર–સી | ૧ |
| ૪. | જુ. કલાર્ક | ૧ |
| ૫. | કંપોઝ ઓવરસિયર | ૧ |
| ૬. | કંપોઝ ફોરમેન | ૧ |
| ૭. | આસિ. કંપોઝ ફોરમેન | ૪ |
| ૮. | કંપોઝીટર | ૪ |
| ૯. | જેલીમેન એટેન્ડન્ટ | ૨ |
| ૧૦. | મોનો–ઓપરેટર | ૧ |
| ૧૧. | મોનો–કાસ્ટર | ૧ |
| ૧૨. | મિકેનિક–કમ–હેડ–મશીનમેન | ૧ |
| ૧૩. | મશીનમેન | ૩ |
| ૧૪. | મશીનમેન–બી | ૧ |
| ૧૫. | મશીનમેન–સી | ૪ |
| ૧૬. | આસિ. બાઇન્ડર | ૧ |
| ૧૭. | જુ. બાઇન્ડર | ૧ |

## પરિશિષ્ટ "પ્રેસ–૨"

## પ્રશ્ન ક્રમાંક–૨૧૧, ૨૧૨ અને ૨૧૩ અંગેની માહિતી

યુનિવર્સિટી પ્રેસમાં જે કર્મચારીઓને ચાર્જ એલાઉન્સ આપવામાં આવે છે તે અંગેની માહિતી.

| ક્રમ | નામ | મૂળ જગ્યા | ચાર્જ આપવામાં આવેલ જગ્યા અને તારીખ |
|---|---|---|---|
| ૧. | શ્રી. ડી. એમ. પંડયા | પ્રૂફરીડર | આસિ. પ્રેસ–મેનેજર<br>તા. ૧–૯–૧૯૮૦ |
| ૨. | ,, બી. આર. ભાવસાર | પ્રૂફરીડર–બી | પ્રૂફરીડર<br>તા. ૧–૯–૧૯૭૭ |
| ૩. | ,, સી. એસ. પટેલ | પ્રૂફરીડર–સી | પ્રૂફરીડર<br>તા. ૩૦–૧૧–૧૯૮૦ |
| ૪. | ,, આર. બી. પટેલ | કંપોઝ ફોરમેન | કંપોઝ ઓવરસિયર<br>તા. ૧–૪–૧૯૮૦ |
| ૫. | ,, યુ. એ. શેખ | આસિ. કંપોઝ ફોરમેન | કંપોઝ ફોરમેન<br>તા. ૧–૭–૧૯૮૦ |
| ૬. | ,, વી. એમ. પટેલ | કંપોઝીટર | આસિ. કંપોઝ ફોરમેન<br>તા. ૨૮–૮–૧૯૮૦ |
| ૭. | ,, એમ. બી. પન્ના | મશીનમેન–સી | મશીનમેન–બી<br>તા. ૨૧–૮–૧૯૮૦ |
| ૮. | ,, બી. એસ. ચૌધરી | જુ. બાઈન્ડર | આસિ. બાઈન્ડર<br>તા. ૫–૨–૧૯૭૦ |
| ૯. | ,, જી. કે. મોમીન | હેલ્પર | જુનિ. બાઈન્ડર<br>તા. ૨૯–૧૧–૧૯૭૫. |

## પરિશિષ્ટ "પ્રેસ-૩"

## પ્રશ્ન ક્રમાંક—૨૬૪ અંગેની માહિતી

ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં તા. ૧—૩—૧૯૮૧ સુધીમાં જે કર્મચારીઓનાં પગારધોરણ અટકી ગયાં છે તે અંગેની માહિતી.

| ક્રમ | નામ | હોદ્દો | મૂળ પગાર રૂ. | પગારધોરણ રૂ. | પગારધોરણમાં અટકી ગયાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી. ડી. એમ. પંડયા | પ્રૂફરીડર | ૫૬૦ | ૩૫૦—૫૬૦ | તા. ૧૩—૨—૧૯૭૪ |
| ૨. | ,, બી. આર. ભાવસાર | પ્રૂફરીડર-બી | ૩૭૮ | ૧૫૩—૩૭૮ | તા. ૧૩—૭—૧૯૭૯ |
| ૩. | ,, જી. કે. મોમીન | હેલ્પર | ૧૭૫ | ૯૦—૧૭૫ | તા. ૧૧—૨—૧૯૮૦ |
| ૪. | ,, જે. સી. શાહ | હેલ્પર | ૧૭૫ | ૯૦—૧૭૫ | તા. ૧—૧—૧૯૮૧ |
| ૫. | ,, બી. એ. પિંગુળકર | હેલ્પર | ૧૭૫ | ૯૦—૧૭૫ | તા. ૧૨—૭—૧૯૮૦ |
| ૬. | ,, એચ. એમ. ચૌહાણ | હેલ્પર | ૧૭૫ | ૯૦—૧૭૫ | તા. ૨૪—૨=૧૯૮૦ |
| ૭. | ,, પી. એસ. ઠાકોર | હેલ્પર | ૧૭૫ | ૯૦—૧૭૫ | તા. ૩—૪—૧૯૮૦ |
| ૮. | ,, એ. એ. ચૌહાણ | હેલ્પર | ૧૭૫ | ૯૦—૧૭૫ | તા. ૪—૫—૧૯૮૦ |
| ૯. | , એન. સી. દીક્ષિત | હેલ્પર | ૧૭૫ | ૯૦—૧૭૫ | તા. ૧૬—૨—૧૯૮૦ |

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા સોમવાર, તા. ૨૯-૩-૧૯૮૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કોર્ટ-ખંડમાં મળી હતી. અને મંગળવાર, તા. ૩૦-૩-૧૯૮૨ના રોજ તેજ સમયે ચાલુ રહી હતી. બંને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. આ બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૨૯-૩-૧૯૮૨ | તા. ૩૦-૩-૧૯૮૨ |
|---|---|---|---|
| ૧. | શ્રી. કે. એસ. શાસ્ત્રી. કુલપતિશ્રી | હાજર | હાજર |
| ૨. | શ્રી. એલ. આર. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૩. | ,, ઉમાશંકર જે. જોશી | ગેરહાજર | ગેરહાજર |
| ૪. | ,, એન. એમ. મિયાંભાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૫. | ,, ઈશ્વરભાઈ જે. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૬. | ,, ડૉ. પી. સી. વૈદ્ય | ગેરહાજર | ગેરહાજર |
| ૭. | ,, ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ, કુલસચિવ | હાજર | હાજર |
| ૮. | ,, આર. એસ ગાંધી | હાજર | હાજર |
| ૯. | ,, પી. કે. લહેરી | ગેરહાજર | ગેરહાજર |
| ૧૦. | ,, એસ. બી. કુમતા | ગેરહાજર | ગેરહાજર |
| ૧૧. | ડૉ. ઓ. પી. ગુપ્તા | ગેરહાજર | ગેરહાજર |
| ૧૨. | શ્રી. શંભુ દયાલ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૨એ | શ્રી. એમ. એ. પટેલ | હાજર | હાજર |
| ૧૩. | શ્રી. પી. સી. પરીખ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૪. | શ્રી. જયકુમાર સંઘવી | હાજર | ગેરહાજર |
| ૧૫ | ,, સુરેન્દ્ર રાજપાલ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૬ | ,, એચ. આર. પાઠક | ગેરહાજર | ગેરહાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૨૯-૩-૧૯૮૨ | તા. ૩૦-૩-૧૯૮૨ |
|---|---|---|---|
| ૧૭. | શ્રી. જહાંગીર આર. જે. ડામા | ગેરહાજર | ગેરહાજર |
| ૧૮. | ,, એમ. છ પરમાર | હાજર | ગેરહાજર |
| ૧૯. | ,, સી. એચ. ભટ્ટ | ગેરહાજર | ગેરહાજર |
| ૨૦. | ,, છ. જે. બ્રહ્મભટ્ટ | હાજર | હાજર |
| ૨૧. | ,, પી. સી. શાહ | હાજર | ગેરહાજર |
| ૨૨. | ,, આર. છ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૨૩. | ,, કે. એસ. પટેલ | હાજર | હાજર |
| ૨૪. | ,, કે. બી. સંઘવી | હાજર | હાજર |
| ૨૫. | ,, પી. એમ. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૨૬. | ,, એમ. બી. શાહ | ગેરહાજર | ગેરહાજર |
| ૨૭. | ,, આર. વી. પટેલ | હાજર | હાજર |
| ૨૮. | ,, ડી. સી. દેસાઈ. | ગેરહાજર | ગેરહાજર |
| ૨૯. | ,, એ. આર. પઠાણ | હાજર | હાજર |
| ૩૦. | ડૉ. પી. એલ. શાહ | ગેરહાજર | ગેરહાજર |
| ૩૧. | ડૉ. આર. સી. સોનપાલ | ગેરહાજર | ગેરહાજર |
| ૩૨. | શ્રી. એમ. સી. શાહ | હાજર | ગેરહાજર |
| ૩૩. | ,, બી. કે. શાહ | હાજર | ગેરહાજર |
| ૩૪. | ,, એસ. સી. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૩૫. | ,, બી. એસ. અગ્રવાલ | હાજર | હાજર |
| ૩૬. | ,, ઉજમશી એ. કાપડિયા | હાજર | હાજર |
| ૩૭. | ,, પરેશ એમ. મજમુદાર | હાજર | ગેરહાજર |
| ૩૮. | ,, નરહરિ એમ. પરીખ | હાજર | ગેરહાજર |
| ૩૯. | ,, વી. બી. પટેલ | હાજર | હાજર |
| ૪૦. | ,, કે. એ. શાહ | હાજર | હાજર |
| ૪૧. | ,, એ. ટી. દેસાઈ | હાજર | હાજર |
| ૪૨. | ,, સી. એમ. શેઠ | હાજર | હાજર |
| ૪૩. | ,, આર. આર. સિંઘ | હાજર | ગેરહાજર |
| ૪૪. | ,, ડી. કે. વાઘેલા | હાજર | હાજર |
| ૪૫. | ,, એ. ટી. અજમેરા | હાજર | હાજર |
| ૪૬. | ,, એચ. પી. ચૌહાણ | હાજર | હાજર |
| ૪૭. | ,, બી. જે. દવે | હાજર | હાજર |
| ૪૮. | ,, આર. એ. પટેલ | હાજર | હાજર |
| ૪૯. | ,, આર. સી. પટેલ | હાજર | હાજર |
| ૫૦. | ,, વી. એમ પટેલ | હાજર | ગેરહાજર |
| ૫૧. | ,, એન. એસ શાહ | હાજર | હાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૨૯—૩—૧૯૮૨ | તા. ૩૦—૩—૧૯૮૨ |
|---|---|---|---|
| ૫૨. | શ્રી. એન. આર. શાહ | હાજર | હાજર |
| ૫૩. | ,, આર. એ. શાહ | હાજર | હાજર |
| ૫૪. | ,, વી. સી. શાહ | હાજર | હાજર |
| ૫૫. | ,, સી. પી. જોશી | હાજર | હાજર |
| ૫૬. | ,, એસ. જે. શાહ | હાજર | હાજર |
| ૫૭. | કુ. એસ. એન. શોધન | હાજર | ગેરહાજર |
| ૫૮. | શ્રી. કે. જે. નથવાણી | ગેરહાજર | ગેરહાજર |
| ૫૯. | ,, એચ. એમ. મહેતા | ગેરહાજર | ગેરહાજર |
| ૬૦. | ,, એમ. ડી. પંડ્યા | ગેરહાજર | ગેરહાજર |
| ૬૧. | ,, કે. ડી. શાહ | હાજર | હાજર |
| ૬૨. | ,, વી. એચ. દીક્ષિત | હાજર | હાજર |
| ૬૩. | ડૉ. પી. પી. મહેતા | હાજર | હાજર |
| ૬૪. | ,, ઉત્કર્ષ એસ. મેઢ | ગેરહાજર | ગેરહાજર |
| ૬૫. | શ્રી. વી. એસ. દોશી | હાજર | હાજર |
| ૬૬. | ,, મહેન્દ્ર એમ. ગાંધી | હાજર | હાજર |
| ૬૭. | ,, સી. બી. મહેતા | હાજર | હાજર |
| ૬૮. | ,, કે. જે. મહેતા | હાજર | હાજર |
| ૬૯. | ,, આર. એમ. શાહ | હાજર | હાજર |
| ૭૦. | ,, એસ. બી. વોરા | હાજર | હાજર |
| ૭૧. | ,, ડી. એ. પટેલ | હાજર | હાજર |
| ૭૨. | ,, ડી. બી. સોલંકી | હાજર | હાજર |
| ૭૩. | ,, એમ. એન. શેઠ | હાજર | હાજર |
| ૭૪. | ,, કે. આર. શાહ | હાજર | હાજર |
| ૭૫. | ,, કે. એફ. જોશી | હાજર | હાજર |
| ૭૬. | આચાર્ય જે. એ. દવે | ગેરહાજર | ગેરહાજર |
| ૭૭. | આચાર્ય બી. કે. ગઢવી | હાજર | ગેરહાજર |
| ૭૮. | આચાર્ય ડી. એ. ઘાંચી | હાજર | હાજર |
| ૭૯. | આચાર્ય ડી. એસ. જોશી | હાજર | હાજર |
| ૮૦. | આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ | હાજર | હાજર |
| ૮૧. | આચાર્ય બી. સી. પટેલ | હાજર | હાજર |
| ૮૨. | આચાર્ય નયનાબહેન કે. શાહ | ગેરહાજર | ગેરહાજર |
| ૮૩. | આચાર્ય પી. એ. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૮૪. | આચાર્ય એસ. એમ. શાહ | હાજર | હાજર |
| ૮૫. | આચાર્ય સી. એલ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૮૬. | આચાર્ય આર. વી. શાસ્ત્રી | હાજર | ગેરહાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૨૯-૩-૧૯૮૨ | તા. ૩૦-૩-૧૯૮૨ |
|---|---|---|---|
| ૮૭. | આચાર્ય બી. એમ. ઠાકર | ગેરહાજર | ગેરહાજર |
| ૮૮. | આચાર્ય કે. આર. યાદવ | હાજર | ગેરહાજર |
| ૮૯. | આચાર્ય જે. પી. ત્રિવેદી | હાજર | હાજર |
| ૯૦. | આચાર્ય એન. વી. પંડ્યા | હાજર | હાજર |
| ૯૧. | આચાર્ય એમ. જે. પટણી | હાજર | ગેરહાજર |
| ૯૨. | આચાર્ય જે. બી. પટેલ | હાજર | હાજર |
| ૯૩. | આચાર્ય આર. એલ. પટેલ | હાજર | હાજર |
| ૯૪. | આચાર્ય જે. જી. પટેલ | હાજર | હાજર |
| ૯૫. | આચાર્ય જે. ડી. તલાટી | હાજર | હાજર |
| ૯૬. | આચાર્ય વી. સી. ઉપાધ્યાય | હાજર | હાજર |
| ૯૭. | આચાર્ય એચ. એમ. દેસાઈ | હાજર | ગેરહાજર |
| ૯૮. | આચાર્ય પી. આર. દેસાઈ | હાજર | હાજર |
| ૯૯. | આચાર્ય એમ. ડી. પંચોલી | હાજર | હાજર |
| ૧૦૦. | આચાર્ય બી. એમ. પાઠક | હાજર | હાજર |
| ૧૦૧. | ડૉ. એચ. એસ. શાહ | હાજર | ગેરહાજર |
| ૧૦૨. | આચાર્ય એન. પી. પંડ્યા | ગેરહાજર | ગેરહાજર |
| ૧૦૩. | આચાર્ય જે. એમ. પટેલ | હાજર | હાજર |
| ૧૦૪. | આચાર્ય બી. એમ. પીરજાદા | હાજર | હાજર |
| ૧૦૫. | આચાર્ય આર. એલ. ગાંધી | હાજર | હાજર |
| ૧૦૬. | આચાર્ય ડી. એમ. [illegible] | હાજર | હાજર |
| ૧૦૭. | આચાર્ય આર. એ. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૦૮. | આચાર્ય આર. એચ. વ્યાસ | હાજર | હાજર |
| ૧૦૯. | આચાર્ય બી. એમ. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૧૦. | ડૉ. કે. ભાર્ગવ | હાજર | ગેરહાજર |
| ૧૧૧. | શ્રી પી. બી. સુથાર | હાજર | હાજર |
| ૧૧૨. | શ્રી ડી. વી. ઓડેદરા | હાજર | હાજર |
| ૧૧૩. | શ્રી જે. એચ. ઠક્કર | હાજર | ગેરહાજર |
| ૧૧૪. | શ્રી કે. જી. પટેલ | હાજર | ગેરહાજર |
| ૧૧૫. | શ્રી બી. જે. શાહ | હાજર | હાજર |
| ૧૧૬. | શ્રી એમ. જે. પુરોહિત | હાજર | હાજર |
| ૧૧૭. | શ્રી એસ. એ. અમીન | હાજર | ગેરહાજર |
| ૧૧૮. | શ્રી એચ. એમ. સોદાગર | હાજર | હાજર |
| ૧૧૯. | શ્રી એમ. એસ. શુક્લ | હાજર | હાજર |
| ૧૨૦. | શ્રી જી. બી. પટેલ | હાજર | હાજર |
| ૧૨૧. | શ્રી જે. એમ. પટેલ | હાજર | હાજર |

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૨૯-૩-૧૯૮૨ | તા. ૩૦-૩-૧૯૮૨ |
|---|---|---|---|
| ૧૨૨. | શ્રી. શરદ પટેલ | હાજર | હાજર |
| ૧૨૩. | શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી | ગેરહાજર | હાજર |
| ૧૨૪. | શ્રી. શ્રેણિક કસ્તૂરભાઈ લાલભાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૨૫. | ડૉ. એમ. એન. દેસાઈ | હાજર | હાજર |
| ૧૨૬. | ડૉ. (મિસ) ઈ. એ. સોલોમન | ગેરહાજર | હાજર |
| ૧૨૭. | શ્રી. એમ. પી. ભટ્ટ | હાજર | હાજર |
| ૧૨૮. | ,, સી. જી. ખત્રી | ગેરહાજર | ગેરહાજર |
| ૧૨૯. | ,, આર. ડી. ચૌધરી | હાજર | હાજર |
| ૧૩૦. | ,, એ. આર. શાહ | હાજર | હાજર |
| ૧૩૧. | ,, એચ. કે. ત્રિવેદી | હાજર | હાજર |
| ૧૩૨. | ,, ટી. રાધાકૃષ્નન | ગેરહાજર | ગેરહાજર |
| ૧૩૩. | ,, એન. જે. શાહ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૩૪. | ,, વાય. પી. શુકલ | હાજર | હાજર |
| ૧૩૫. | ડૉ. એસ. જે. દામાણી | ગેરહાજર | ગેરહાજર |
| ૧૩૬. | શ્રી. નરહરિ એચ. અમીન | હાજર | હાજર |
| ૧૩૭. | ,, કે. ડી. દેસાઈ | હાજર | હાજર |
| ૧૩ . | ,, કે. એચ. સોનેરી | ગેરહાજર | ગેરહાજર |
| ૧૩૯ | શ્રીમતી ઈન્દુબહેન એચ. પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૪૦. | શ્રી. આસન વાસવાણી | ગેરહાજર | ગેરહાજર |
| ૧૪૧. | શ્રી. બબાભાઈ એસ. પટેલ | હાજર | હાજર |

બાકી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં પ્રમુખશ્રીએ નવા કોર્ટ-સભ્યોનું સ્વાગત કર્યું.

**૧. તા. ૧૦/૧૧-૬-૧૯૮૧ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.**

તા. ૧૦/૧૧-૬-૧૯૮૧ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેના ત્રણ શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા :

(૧) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા રાષ્ટ્રના અગ્રણી વયોવૃદ્ધ સ્વાતંત્ર્ય સેનાની અને ગાંધી વિચારસરણીના પ્રખર સમર્થક આચાર્ય જે. બી. કૃપલાણીના નિધનથી ઊંડા આઘાત અને શોકની લાગણી અનુભવે છે. રાષ્ટ્રે ગાંધીયુગનો એક મહારથી, સ્પષ્ટ વક્તા અને કર્મનિષ્ઠ રાષ્ટ્રપ્રેમી ગુમાવ્યો છે, અને તેથી રાષ્ટ્રને ન પૂરી શકાય તેવી મોટી ખોટ પડી છે.

૧૯૧૭માં બિહારના ચંપારણ્યના સત્યાગ્રહથી ગાંધીજી સાથે સંકળાયેલા આચાર્ય કૃપલાણીજીએ ગુજરાત વિદ્યાપીઠના આચાર્યપદે દસકા સુધી રહીને રાષ્ટ્રીય કેળવણી વિકસાવી હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના જનરલ સેક્રેટરી તરીકે ૧૯૪૨ના 'ભારત છોડો' ઠરાવ અને ક્રીપ્સ મંત્રણાઓ જેવા ઐતિહાસિક પ્રસંગો સાથે કૃપલાણીજી સંકળાયેલા હતા. સ્વતંત્રતા બાદ તેઓશ્રી કોંગ્રેસ પક્ષના પ્રમુખ પણ બન્યા હતા.

અણીશુદ્ધ પ્રામાણિકતા, તેજસ્વી બુદ્ધિપ્રભા, પ્રખર વિદ્વતા, સિદ્ધાંતોમાં અનુનમ, નીડર સ્પષ્ટ વક્તા અને અત્યન્ત અસરકારક એવા વ્યંગકાર જેવી બહુમુખી પ્રતિભા તેઓ ધરાવતા હતા.

સદ્દગતે તેમની લાખો રૂપિયાની કિંમતની તમામ મિલકત જાહેર દાનરૂપે આપી દીધી છે. તેમના ત્યાગ, બલિદાન, નિઃસ્વાર્થપણું, પ્રામાણિકતા અને નીડરતાનું આ સભા કૃતજ્ઞભાવે સ્મરણ કરીને અર્ધી સદીના પટ પર વિસ્તરેલા તેમના સેવાયજ્ઞને શ્રદ્ધાંજલિ સમર્પે છે અને તેમના ઐતિહાસિક પ્રદાનમાંથી આ દેશની અનેક ભાવિ પેઢીઓ અને વિશેષ કરીને યુવાવર્ગ અને વિદ્યાર્થીગણ પ્રોત્સાહન પામીને દેશ અને સમાજના ઉત્કર્ષમાં પોતાનું પ્રદાન કરવા પ્રેરાશે એવી શ્રદ્ધા આ સભા વ્યક્ત કરે છે અને સદ્દગતના પવિત્ર આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરે છે."

આ ઠરાવની નકલ સદ્દગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૨) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા ભાષાસાહિત્ય ભવનના અધ્યાપક શ્રી. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના અકાળ અવસાનથી ઊંડા આઘાતની અને ભારે શોકની લાગણી અનુભવે છે.

સાહિત્ય અને શિક્ષણનાં ક્ષેત્રોમાં અધ્યયન, અધ્યાપન અને લેખન દ્વારા સદ્દગતે બજાવેલી અનન્ય સેવાઓને આ સભા કૃતજ્ઞભાવે સ્મરીને શ્રદ્ધાંજલિ અર્પે છે અને દિવંગત આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરે છે તથા સદ્દગતનાં કુટુંબીજનો પર જે વિપત્તિ આવી પડી છે તે માટે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે અને તે સહન કરવાની તેમને શક્તિ મળે એવી પ્રાર્થના કરે છે."

આ ઠરાવની નકલ સદ્દગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૩) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદના અધ્યાપક અને યુનિવર્સિટી કોર્ટના ભૂતપૂર્વ સભ્ય શ્રી. કે. એચ. મોદીના દુઃખદ અવસાન બદલ ઊંડા આઘાતની અને શોકની લાગણી અનુભવે છે.

કાયદાના ક્ષેત્રમાં અધ્યયન અને અધ્યાપન દ્વારા સદ્દગતે બજાવેલી સંનિષ્ઠ સેવાઓને આ સભા કૃતજ્ઞભાવે સ્મરીને શ્રદ્ધાંજલિ અર્પે છે અને દિવંગત આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરે છે તથા સદ્દગતનાં કુટુંબીજનો પર જે વિપત્તિ આવી પડી છે તે માટે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે અને તે સહન કરવાની તેમને શક્તિ મળે એવી પ્રાર્થના કરે છે."

આ ઠરાવની નકલ સદ્દગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

ઉપરના ઠરાવો સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યા.

તે પછી સભાગૃહનું બાકી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

**૨. ૧૯૮૨–૮૩ અને ૧૯૮૩–૮૪ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત :**

[**નોંધ.**–(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૮૦માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૮૨ના રોજ પૂરી થતી હોઈ ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની છે.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ બે વર્ષનું એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૮૨થી તા. ૩૧મી માર્ચ ૧૯૮૪ સુધીનું રહેશે.

(૩) ચૂંટણીની નોટિસ કોર્ટના સભાસદોને તા. ૨૩–૨–૧૯૮૨ના રોજ પરિપત્રાંક ઍકેડેમિક/૧૪૧૬૩૧/૧૯૮૨ દ્વારા મોકલવામાં આવી હતી.]

૧૯૮૨–૮૩ અને ૧૯૮૩–૮૪ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સ ઉપર નીચેના ત્રણ ઉમેદવારોને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૪–૩–૧૯૮૨ના પરિપત્રાંક ઍકેડેમિક-૧૫૦૩૪૫થી બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલા છે તેની સભાગૃહને જાણ કરવામાં આવી :

(૧) શ્રી. ભગવતશરણ અગ્રવાલ

(૨) આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલ

(૩) શ્રી. નગીનભાઈ શનાભાઈ શાહ.

તે પછી બાબત ક્રમાંક **૨–અ. 'પ્રશ્નોત્તરી'** અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું, અને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધી. પ્રશ્નોત્તરી ક્રમાંક ૬૩ સુધી હાથ ધરી શકાઈ હતી.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૧ થી ૬૩ **પરિશિષ્ટ 'અ–૧'** તરીકે સામેલ છે.)

**૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા. ૩૧મી માર્ચ ૧૯૮૧ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.**

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૮૧ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી એમ. સી. શાહને બદલે આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખે રજૂ કર્યો અને તેને ડૉ. વી. સી. શાહે ટેકો આપ્યો.

તે પર લંબાણ ચર્ચાવિચારણા ચાલતાં સભાગૃહનો સમય પૂરો થતાં સભાનું કામકાજ બંધ રાખવામાં આવ્યું અને તા. ૩૦–૩–૧૯૮૨ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે સભા ફરીથી મળતાં પ્રથમ પ્રશ્નોત્તરીનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું અને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધી પ્રશ્નોત્તરી ક્રમાંક ૬૪ થી ૧૦૭ સુધી હાથ ધરી શકાઈ હતી અને બાકીની પ્રશ્નોત્તરી હાથ ધરી શકાઈ નહોતી.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૬૪ થી ૧૦૭ **પરિશિષ્ટ 'અ ૨'** તરીકે સામેલ છે)

તે પછી બાબત નં. ૩ અંગેની તા. ૨૯-૩-૧૯૮૨ ના રોજ અધૂરી રહેલી ચર્ચાવિચારણા આગળ ચાલી. સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા ચાલુ હતી તે દરમિયાન કુલપતિશ્રી કે. એસ. શાસ્ત્રીએ સભાગૃહને વિનંતી કરી કે મારે બહારગામ જવાનું હોવાથી સભાગૃહ સૂચવે તેને અધ્યક્ષસ્થાને બેસાડીએ. સભાગૃહે ડૉ. એન. એન. દેસાઈનું નામ સૂચવતાં કુલપતિશ્રી સાંજે ૪-૪૦ કલાકે સભાગૃહ છોડી ગયા અને ડૉ. એમ. એન. દેસાઈએ અધ્યક્ષપદ સંભાળ્યું.

તે પછી સદરહુ બાબત અંગેની ચર્ચાવિચારણા આગળ ચાલી અને સાંજે ૫-૧૫ કલાકે આચાર્યશ્રી દર્શનસિંગ શીખે પ્રમુખશ્રીનું ધ્યાન દોર્યું કે સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (quorum) છે ? પ્રમુખશ્રીએ જણાવ્યું કે, સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (quorum) નથી, અને તેથી સભા બરખાસ્ત કરવામાં આવે છે. આથી સભાનું કામકાજ આગળ ચાલી શક્યું નહીં. અને તેથી કામકાજની યાદી પરની બાકીની બાબતો હાથ ધરી શકાઈ નહીં.

બ્રુ. મ. પટેલ
કુલસચિવ

નં. કોર્ટ / ૬૩૦૨૩ / ૧૯૮૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા. ૧૦-૫-૧૯૮૨

## પરિશિષ્ટ 'અ-૧' અને 'અ-૨'
કામકાજ ક્રમાંક ૨(અ)

---

## પરિશિષ્ટ 'અ-૧'
પ્રશ્નોત્તરી ક્રમાંક ૧થી ૬૩ (તા. ૨૯-૩-૧૯૮૨)

નીચેના સભ્યોએ પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :

(પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવેલ છે.)

**| ૧ | શ્રી. એ. ટી. અજમેરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :**

પ્રશ્ન ૧ : માનનીય કુલપતિશ્રીએ યુનિવર્સિટી વટહુકમ દ્વારા પ્રાપ્ત થયેલ સત્તાઓનો ક્યારે ક્યારે, ક્યાં, ક્યા સંદર્ભમાં અને શા માટે ઉપયોગ કરવાની જરૂર પડી?

ઉત્તર ૧ : પ્રશ્નનો વ્યાપ જોતાં ઉત્તર આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨ : તે પ્રસંગોમાં પ્રાપ્ત થયેલ સત્તાનો ઉપયોગ અનિવાર્ય હતો ?

ઉત્તર ૨ : પ્રશ્ન ૧ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થીઓને પ્રવેશ, યુનિવર્સિટી હસ્તક લેવાનો કારોબારી સમિતિએ કરેલ ઠરાવનો પાઠ, સભાની તારીખ અને ઠરાવક્રમ સાથે આપશો?

ઉત્તર ૩ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૪-૭-૧૯૮૧ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૫૦થી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૮૨થી બી.એડ.ના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું યુનિવર્સિટીને હસ્તક રાખવું અને તે અંગે યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી."

પ્રશ્ન ૪ : પ્રશ્ન ક્રમાંક "૩" માંના ઠરાવમાં એ સ્પષ્ટ નથી કે પ્રવેશની સત્તા યુનિવર્સિટીએ નિર્વિવાદ પોતાના હસ્તક રાખવાની છે અને માત્ર પ્રવેશનાં ધોરણો જ શોધાવી કાઢવાનું કુલપતિશ્રીને સોંપ્યું હતું ?

ઉત્તર ૪ : ઠરાવની સ્પષ્ટતા માટે ઉપર ટાંકવામાં આવેલ ઠરાવ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થી પ્રવેશ યુનિવર્સિટી હસ્તક રાખવાનું સ્પષ્ટ છતાં અને કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ શિક્ષણશાસ્ત્રની સમિતિએ સુપરત કરેલ વચગાળાના અહેવાલમાં પહેલા વિકલ્પ તરીકે તે પ્રવેશ કાર્યવાહી યુનિવર્સિટી હસ્તક રાખવાનું સ્પષ્ટ છતાં માનનીય કુલપતિશ્રીને શા માટે બીજો વિકલ્પ એટલે કે પ્રવેશની કાર્યવાહીનું સંચાલન કૉલેજોને સોંપવાનું પસંદ કરવાની જરૂર પડી ?

ઉત્તર ૫ : બે વિકલ્પમાંથી જે વિકલ્પ યોગ્ય જણાયો છે તે કુલપતિશ્રીએ પસંદ કર્યો છે. તાલીમાર્થીઓને પ્રવેશ આપ્યાની યાદીની આખરી મંજૂરી યુનિવર્સિટીએ આપવાની હોય છે તેથી પ્રવેશ યુનિવર્સિટી હસ્તક છે તેમ કહી શકાય.

પ્રશ્ન ૬ : અને કઈ સત્તાના આધારે ?

ઉત્તર ૬ : ઉપર પ્રશ્ન ૩ ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : બી.એડ. કોલેજોમાં તાલીમાર્થી પ્રવેશ ઉપસ્થિત થયેલા ખાસ સંજોગોમાં પણ યુનિવર્સિટી દસ્તક ન થઈ શકવાના અંતરાયો ક્યા ક્યા છે તે સ્પષ્ટ આધાર ટાંકીને જણાવશો ?

ઉત્તર ૭ : ઉપર પ્રશ્ન ૫ ના ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૮ : એસ. ટી. ટી. કોલેજ, અમદાવાદ અને વીસનગર તથા અન્ય જે જે કોલેજોમાં આજદિન સુધી હડતાળનો પગાર અધ્યાપકોને શા માટે પરત કરાયો નથી ?

ઉત્તર ૮ : કઈ હડતાલ વિષે ઉલ્લેખ છે તે સ્પષ્ટ થતું નથી તેથી ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૯ : આ કોલેજોને શિસ્તમાં લાવવા યુનિવર્સિટીઓ કઈ દંડકીય કાર્યવાહી તાત્કાલિક હાથ ધરી છે ?

અને

પ્રશ્ન ૧૦ : કે ધરવા વિચારણા કરી છે ?

ઉત્તર ૯ અને ૧૦ : ઉપર પ્રશ્ન ૮ ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧ : પ્રાધ્યાપકો અને બિનશિક્ષક કર્મચારીઓ માટેના યુનિવર્સિટીઓ નક્કી કરેલા રજાના નિયમો માટે સરકારી મંજૂરી બાબતમાં શી પરિસ્થિતિ પ્રવર્તે છે ?

ઉત્તર ૧૧ : સંલગ્ન કોલેજોના કેવળ શિક્ષકોની રજાઓના નિયમો અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને લખવામાં આવ્યું છે. તેના અમલની બાબતમાં રાજ્ય સરકારની મંજૂરી લેવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૨ : ક્યા ક્યા અધ્યાપકોને ગ્રેચ્યુઈટીના કોલેજના અને / અથવા સરકારના હિસ્સો મળ્યો નથી ?

અને

પ્રશ્ન ૧૩ : શા માટે ?

અને

પ્રશ્ન ૧૪ : ક્યારે મળશે ?

ઉત્તર ૧૨ થી ૧૪ : સદરહુ બાબત અંગેની ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ “૧”** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫ : સંલગ્ન કોલેજોમાં “લીવ એકાઉન્ટ” રાખવો અને તેમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની સહી લેવી અપેક્ષિત અનિવાર્ય છે કે નહીં ?

ઉત્તર ૧૫ : સંલગ્ન કોલેજોમાં ‘લીવ એકાઉન્ટ’ રાખવા બાબતમાં યુનિવર્સિટીઓએ કોઈ નિયમો ઘડ્યાં નથી.

પ્રશ્ન ૧૬ : કઈ કઈ કોલેજોએ આવો “લીવ એકાઉન્ટ” રાખવો શરૂ કર્યો છે ?

ઉત્તર ૧૬ : ઉપર પ્રશ્ન ૧૫ ના ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૭ : શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફને લગતા મળવાપાત્ર રજાઓ, રજા પ્રવાસો, તબીબી ખર્ચ જેવા મહત્વના બધા સરકારી પરિપત્રો સ્ટાફને વંચાવવાની, તેમાં સહી લેવાની તથા તેની વિસ્તૃત સંતોષકારક સમજ આપવાની આચાર્યશ્રીઓની કોઈ ફરજ ખરી ?

ઉત્તર ૧૭ : પરિપત્રો અંગે સંબંધકર્તાઓને જાણ કરવી જોઈએ.

પ્રશ્ન ૧૮ : આચાર્યશ્રીઓ સ્ટાફની પાસેથી કામ લેવાના બધા જ પરિપત્રો વંચાવે છે, પરંતુ તેમના લાભના પરિપત્રો વંચાવવાનું ટાળે છે એવા વ્યાપક અનુભવના સંદર્ભમાં પ્રસ્તુત પરિસ્થિતિ નિવારવા યુનિવર્સિટી શું કરી શકે તેમ છે ?

ઉત્તર ૧૮ : સ્ટે. ૩૧(૫)(૨)(*i*)(બી) અન્વયે પ્રશ્નનો ઉત્તર આપવો શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૯ : શિક્ષણશાસ્ત્રની કઈ કઈ કોલેજોએ કઈ કઈ યુનિવર્સિટી નિર્ણીત જાહેર રજાઓ પાળી નથી ?

ઉત્તર ૧૯ : તા. ૧૨–૩–'૮૨ સુધીમાં ઉપલબ્ધ થયેલી ૩૫ કોલેજોની માહિતી પૈકી એવી એક પણ કોલેજ નથી જેણે યુનિ. નિર્ણીત જાહેર રજાઓનું પાલન કર્યું ન હોય.

પ્રશ્ન ૨૦ : શું આ બધી રજાઓ આ કોલેજો માટે પાળવી નિરપવાદ અનિવાર્ય નથી ?

ઉત્તર ૨૦ : આ માટે ઑ. ૩૫ (*ii*) ના પાઠ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧ : શિક્ષણશાસ્ત્રની કોલેજોમાં તાલીમાર્થીઓ પાસેથી કોશન મની લેવામાં આવે છે. ૧૯૮૦-૮૧ના વર્ષમાં તે પ્રત્યેક કોલેજને કયા તાલીમાર્થીઓની, કયા કારણોસર, "કોશન મની"માંથી કેટલી રકમ કાપવાની ફરજ પડી ?.

ઉત્તર ૨૧ : તા. ૧૨–૩–'૮૨ સુધીમાં ઉપલબ્ધ થયેલી શિક્ષણશાસ્ત્રના કુલ ત્રણ કોલેજોની માહિતી પૈકી એવી એક પણ કોલેજ નથી જેણે કોશન મનીની રકમ પરત કરી ન હોય.

પ્રશ્ન ૨૨ : જો ખરેખર જ આ કપાત **Significant** ના હોય તો પ્રસ્તુત "કોશન મની" દાનમાં માગી લેવાની વાસ્તવિકતામાંથી તાલીમાર્થીઓને બચાવી લેવા તે "કોશન મની" નહીં માગવા શિક્ષણશાસ્ત્રની કોલેજોને આદેશ આપવામાં શી મુશ્કેલી છે ?

ઉત્તર ૨૨ : પ્રશ્નમાં અભિપ્રેત છે તેવી ચોક્કસ રજૂઆત કોઈ કેસમાં કરવામાં આવશે તો તે અંગે જરૂરી કાર્યવાહી થઈ શકે.

પ્રશ્ન ૨૩ : માર્ચ-એપ્રિલ ૧૯૮૧માં લેવાયેલી બી.એડ.ની પરીક્ષામાં સંલગ્ન પ્રત્યેક બી.એડ. કોલેજના કેટલા તાલીમાર્થીઓ વિશેષ યોગ્યતામાં, પ્રથમ વર્ગમાં, દ્વિતીય વર્ગમાં અને પાસ વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા ?

ઉત્તર ૨૩ : સદરહુ માહિતી **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૨૪ : આવેલ માહિતી ઉપરથી એવું સરળ અર્થઘટન થઈ શકે આમ નથી કે એસ. ટી. ટી. કોલેજ, વીસનગરમાં પરીક્ષા વખતે એક યા બીજા સ્વરૂપની વ્યાપક ગેરરીતિઓ આચરવામાં આવી હોય ?

ઉત્તર ૨૪ : સૂચિત અર્થઘટન કરવા અંગે કોઈ કારણ નથી.

પ્રશ્ન ૨૫ : એસ. ટી. ટી. કૉલેજ, ખેડા વિરુદ્ધ આવેલી ફરિયાદોના મુદ્દા ટૂંકમાં જણાવશો ?
અને

પ્રશ્ન ૨૬ : એસ. ટી. ટી. કૉલેજ, ખેડાની એકમાત્ર સભ્યની તપાસ સમિતિના સભ્ય પ્રો. ડી. જે. એચ. શાહના તપાસ અહેવાલના સંપૂર્ણ પાઠ અને તે શક્ય જ ન હોય તો અહેવાલના મુદ્દા વિગત સાથે જણાવશો.

ઉત્તર ૨૫ અને ૨૬ : સદરહુ હેવાલ કાર્યાલયમાં, કાર્યાલયના સમય દરમિયાન જોવા માટે ઉપલબ્ધ કરી શકાશે તથા સભા સમયે સભાગૃહના ટેબલ પર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૨૭ : એ અહેવાલના આધારે કયા યુનિવર્સિટી સત્તામંડળે શી કાર્યવાહી કરી ?

ઉત્તર ૨૭ : સદરહુ હેવાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૪-૧૦-૧૯૮૧ની સભામાં બાબત ક્રમાંક ૮૫થી વિચારણા માટે મૂકવામાં આવ્યો હતો જેમાં સદરહુ હેવાલની નોંધ લેવાનું ઠરાવ્યું છે.

પ્રશ્ન ૨૮ : એસ. ટી. ટી. કૉલેજ, ખેડામાં માર્ચ–એપ્રિલ ૧૯૮૧ની બી.એડ. વિભાગ ૧ની પરીક્ષા વખતે કેન્દ્ર સંચાલનમાં તેમ જ પરીક્ષાર્થીઓના સંબંધમાં શી શી ગેરરીતિ આચરવામાં આવી હતી ?

ઉત્તર ૨૮ : માર્ચ–એપ્રિલ ૧૯૮૧માં બી.એડ. પરીક્ષા જૂન ૧૯૮૧માં લેવામાં આવી હતી. તેમાં આઠ વિદ્યાર્થીઓએ ગેરરીતિ અપનાવી હતી. કેન્દ્ર સંચાલનમાં ગેરરીતિ થયાનો અહેવાલ નથી.

પ્રશ્ન ૨૯ : એ અંગે યુનિવર્સિટીએ મોકલેલા નિરીક્ષકશ્રીનો શો અહેવાલ છે ?

ઉત્તર ૨૯ : સદરહુ અહેવાલ સભાગૃહ સમયે ટેબલ પર ઉપલબ્ધ થશે.

પ્રશ્ન ૩૦ : યુનિવર્સિટી કોર્ટમાં આવેલ બધા જ પ્રસ્તાવો અને પ્રશ્નોને ચર્ચાવિચારણાનો પૂરતો અવકાશ મળે અને તે નિરર્થક ખર્ચાળ બૌદ્ધિક વ્યાયામ ન બની રહે તે માટે નવા વરાયેલા માનનીય કુલપતિશ્રીએ શી વિચારણા કરી છે ?

ઉત્તર ૩૦ : યુનિવર્સિટી કોર્ટની સભાની કાર્યવાહી તે અંગેની સ્ટેચ્યુટરી જોગવાઈઓને આધીન કરવાની હોય છે.

પ્રશ્ન ૩૧ : અમદાવાદ શહેરની કઈ કઈ કૉલેજોએ યુનિવર્સિટીની પૂર્વ પરવાનગીથી કે તે વિના કયા સ્થળે કયા મકાનમાં સ્થળાંતર કર્યું છે ?

ઉત્તર ૩૧ : છેલ્લાં ત્રણ વર્ષમાં અમદાવાદ શહેર વિસ્તારની નીચેની સંલગ્ન કૉલેજોએ તેનાં નામ સામે જણાવેલ સ્થળે સ્થળાંતર કર્યું છે :

| ક્રમાંક | કૉલેજનું નામ | સ્થળ |
|---|---|---|
| (૧) | બી. ડી. આર્ટ્સ કૉલેજ | ગાંધીગ્રામ રેલવે સ્ટેશન સામે, એલિસબ્રિજ. |
| (૨) | અમદાવાદ કોમર્સ કૉલેજ | એસ. ટી. ટી. કૉલેજ, વાસણાના મકાનમાં (અંશતઃ) |

પ્રશ્ન ૩૨ : આ કાયદેસર ન હોય ત્યાં યુનિવર્સિટીએ જે તે કૉલેજો સામે શાં પગલાં લીધાં છે ?

ઉત્તર ૩૨ : યુનિવર્સિટીનાં ધારાધોરણોના સંદર્ભમાં પર્યાપ્ત ભૌતિક સુવિધાઓ સ્થળાંતર થયેલ પ્રત્યેક કૉલેજના મકાનમાં ઉપલબ્ધ હોવા બાબતમાં સ્થાનિક તપાસ સમિતિના

હેવાલને અનુલક્ષીને પરવાનગી આપવામાં આવી છે. આવી કોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૩૩ : અમદાવાદ કોમર્સ કોલેજે એસ. ટી. ટી. કોલેજ, અમદાવાદમાં સ્થળાંતર કર્યું છે તે પૂર્વપરવાનગીથી કરેલ છે ?

ઉત્તર ૩૩ : હા, જી.

પ્રશ્ન ૩૪ : એસ. ટી. ટી. કોલેજ, અમદાવાદ હાલ જે મકાનમાં બેસે છે તે મકાન એસ. ટી. ટી. કોલેજ, અમદાવાદ માટે યુનિવર્સિટીની શરતોના એક ભાગ રૂપે બનાવેલ નથી ?

ઉત્તર ૩૪ : એસ. ટી. ટી. કોલેજ હાલ જે મકાનમાં બેસે છે તેમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ જોડાણની એક શરત રૂપે છે.

પ્રશ્ન ૩૫ : તે મકાન બાંધવા માટે યુ.જી.સી. તરફથી કે સરકાર તરફથી કોઈ મકાન-ગ્રાન્ટ મળી હતી ?

ઉત્તર ૩૫ : તે માટે યુ. જી. સી. તરફથી કોઈ ગ્રાન્ટ આ કોલેજને મળી નથી. રાજ્ય સરકાર યુનિવર્સિટી મારફતે ગ્રાન્ટ આપતી નહીં હોઈ રાજ્ય સરકારે કોઈ ગ્રાન્ટ આપી છે કે કેમ તેની માહિતી આ કાર્યાલયમાં ઉપલબ્ધ નથી.

પ્રશ્ન ૩૬ : કેટલી મળી હતી ?

અને

પ્રશ્ન ૩૭ : તે ગ્રાન્ટની શરત એજ્યુકેશન કોલેજ જ તેનો ઉપયોગ કરે તેવી ન હતી ?

ઉત્તર ૩૬ અને ૩૭ : પ્રશ્ન ૩૫ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૮ : જો તેમ ન હોય તો એસ. ટી. ટી. કોલેજ, અમદાવાદને બીજી વખત સ્થળાંતર કરવાના દિવસો જોવાના છે ખરા ?

ઉત્તર ૩૮ : આ વિષે આ કાર્યાલય કોઈ માહિતી આપી શકે નહિ તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૩૯ : ૧૯૮૦-૮૧ના વર્ષમાં લેવાયેલ સ્વૈચ્છિક પરીક્ષાઓમાં પ્રા. એચ. પી. ચૌહાણને શી કામગીરી કેટલા દિવસ માટે સોંપવામાં આવી હતી ?

ઉત્તર ૩૯ : શ્રી. એચ. પી. ચૌહાણને સ્વૈચ્છિક પરીક્ષાઓમાં કેટલીક પરીક્ષા અંગેની કામગીરી લગભગ ૧૦ દિવસ સોંપવામાં આવી હતી.

પ્રશ્ન ૪૦ : તેમનાથી અનેક સીનિયર યુનિવર્સિટી કોર્ટ સભ્યો હોવા છતાં તેમના જેવા તદ્દન જુનિયર યુનિવર્સિટી કોર્ટ સભ્યને કઈ લાયકાત ઉપર કેવા વિશિષ્ટ સંજોગોમાં તે કામગીરી સોંપવાની યુનિવર્સિટીને જરૂર પડી ?

ઉત્તર ૪૦ : પરીક્ષાના કામને ત્વરિત પહોંચી વળવા માટે કુલપતિશ્રીની અનુમતિથી તેમને કેટલુંક કામ સોંપવામાં આવ્યું હતું. આ કામ સીનિયોરિટીના ધોરણે સોંપવામાં આવ્યું ન હતું.

પ્રશ્ન ૪૧ : શું આવી નિમણૂકો માટે કોઈ ધોરણ કે માપદંડ છે કે નહીં ?

ઉત્તર ૪૧ : પ્રશ્ન ૪૦નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૨ : બી.એડ. પરીક્ષા સમિતિમાં જોડેલા માનનીય સભ્યોને બી.એડ. પાર્ટ—૨ પરીક્ષામાં ગમે તે પરીક્ષકની સ્થાનિક કે બિનસ્થાનિક નિયુક્તિની કરવાની સત્તાઓ હોય છે. આ નિયુક્તિમાં પક્ષપાતી નિયુક્તિ માટે વ્યાપક અવકાશ છે.

ઉત્તર ૪૨ : આ પ્રશ્ન ૪૨ ના કોઈ કોઈ પ્રત્યુત્તર આપવાનો રહેતો નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૪૩ : એક ને એક અધ્યાપકને એકથી વધુ વાર સળંગ સ્થાનિક નિયુક્તિ મળવાના બનાવો બન્યા છે. આમાં પણ પક્ષપાતી વલણને અવકાશ ન રહે તે માટે યુનિવર્સિટીએ કેમ હજી સુધી કાંઈ ધોરણો વિચાર્યાં નથી ?

ઉત્તર ૪૩ : આ અંગે કોઈ વિચારણા થઈ નથી.

પ્રશ્ન ૪૪ : હજી પણ વિચારે છે ખરી ?

ઉત્તર ૪૪ : આ અંગે કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૪૫ : કઈ વિશિષ્ટ જરૂરિયાતને સંતોષવા, કયા ખાસ સંજોગોમાં, કઈ યુનિવર્સિટી જોગવાઈના આધારે પ્રિ. જી. બી. પરીખની નિમંત્રિત સભ્ય તરીકેની નિયુક્તિ બી.એડ. પરીક્ષાની પરીક્ષા સમિતિમાં કરવામાં આવી છે ?

ઉત્તર ૪૫ : શ્રી. કુલપતિશ્રીના આદેશથી શ્રી. જી. બી. પરીખની નિમંત્રિત સભ્ય તરીકેની નિયુક્તિ બી.એડ.ની પરીક્ષા સમિતિમાં કરવામાં આવી છે.

પ્રશ્ન ૪૬ : પ્રિ. જી. બી. પરીખ સતત કેટલા સમયથી આ સમિતિમાં બેસે છે ?

ઉત્તર ૪૬ : પ્રિ. જી. બી. પરીખ ૧૯૮૦થી આ સમિતિમાં સભ્ય તરીકે છે.

પ્રશ્ન ૪૭ : ચાલુ વર્ષે તેમની સતત નિયુક્તિમાં પરીક્ષા સમિતિના સભ્યોએ ખૂબ વિરોધ કરેલો તે વાત સાચી ?

ઉત્તર ૪૭ : તેઓની નિયુક્તિ બાબતમાં કોઈ લેખિત રજૂઆત થઈ નથી.

પ્રશ્ન ૪૮ : યુનિવર્સિટી કોર્ટના પ્રસ્તાવો, પ્રશ્નોત્તરી અને કાર્યવાહી દરેક સંલગ્ન કોલેજને મોકલવામાં આવે છે ?

ઉત્તર ૪૮ : યુનિવર્સિટી કોર્ટની સભાની કામકાજની યાદી યુનિવર્સિટી કોર્ટના સભ્યોને મોકલવામાં આવે છે, જ્યારે સભાની કાર્યવાહીની નોંધ સંલગ્ન કોલેજને મોકલવામાં આવે છે.

પ્રશ્ન ૪૮(અ) : તે સાહિત્ય, સ્ટાફના સભ્યો વાંચી શકે માટે પુસ્તકાલયમાં રાખવા કોલેજોને આદેશ અપાયો છે ?

ઉત્તર ૪૮(અ) : ના, જી.

પ્રશ્ન ૪૯ : એજ્યુકેશન કોલેજ માટે તાલીમાર્થી પ્રવેશની સમયમર્યાદા શી છે ?

ઉત્તર ૪૯ : જૂન ૧૯૮૨થી તાલીમાર્થીઓ પાસેથી અરજી મગાવવાની છેલ્લી તા. ૩૧ માર્ચ ૧૯૮૨ મુકરર કરવામાં આવી છે.

પ્રશ્ન ૫૦ : જે યુનિવર્સિટી કોર્ટ સભ્યોને યુનિવર્સિટીની કોઈ પણ સમિતિઓમાં સમાવવામાં આવ્યા નથી તેમની શક્તિઓનો લાભ ઉઠાવવા તેમને અન્ય સમિતિઓમાં સ્થાન આપવામાં શા અંતરાયો છે ?

ઉત્તર ૫૦ : કોઈ અંતરાયો નથી. સમિતિઓના કાર્યક્ષેત્રના સંદર્ભમાં યુનિવર્સિટી કોર્ટના જે સભ્યોની સેવાઓ લેવાની જરૂર જણાય તો તે લેવામાં આવે છે.

પ્રશ્ન ૫૧ : **સદરહુ** પ્રશ્નની ભાષા અને તે આક્ષેપાત્મક હોઈ તેને સભામાંની કાર્યવાહીમાંથી રદ કરવાનું સભાગૃહનું સૂચન કુલપતિશ્રીએ સ્વીકાર્યું હતું.

પ્રશ્ન ૫૨ : કયા કયા યુનિવર્સિટી કોર્ટ સભ્યોને કઈ કઈ એકથી વધુ સમિતિઓમાં સમાવવામાં આવ્યા છે ?

ઉત્તર ૫૨ : પ્રશ્નનો વ્યાપ જોતાં ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૫૩ : વર્તમાન યુનિવર્સિટી કોર્ટમાં સરકારી હોદ્દાની રૂએ જે જે વ્યક્તિવિશેષો સભ્યો તરીકે નિયુક્તિ પામ્યા છે. તેઓની કોર્ટ સભામાં હાજરી અને યુનિવર્સિટી અને સરકારશ્રી વચ્ચે સુસંવાદી કડી રૂપે સક્રિયતા દાખવ્યાના પુરાવા પ્રસ્તાવ મૂકવા, પ્રશ્નો પૂછવા, પ્રસંગ ઊભો થતાં સરકારી માહિતી પૂરી પાડવી, અનુમતિ અર્થે સરકાર કક્ષાએ રજૂ થતી યુનિવર્સિટીની બાબતોની તત્કાલીન પરિસ્થિતિ જણાવવી વગેરે આપી શકશો ?

ઉત્તર ૫૩ : યુનિવર્સિટી કોર્ટની સભામાં હાજરી અંગેની માહિતી યુનિવર્સિટી કોર્ટની સભાની કાર્યવાહીની નોંધ જે સભ્યશ્રીઓને પરિપત્રિત કરવામાં આવે છે તેમને આપવામાં આવે છે. પ્રશ્નમાં માંગેલ અન્ય માહિતી સ્પષ્ટ થતી નહિ હોવાથી તેનો ઉત્તર આપવો શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૫૪ : કયા પ્રશ્નપત્રોના અધ્યાપન માટે યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન ભવનના શિક્ષણશાસ્ત્ર વિભાગ માટે વ્યાખ્યાતાની જગ્યા ભરવાની જરૂર પડી છે ?

ઉત્તર ૫૪ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને બે વ્યાખ્યાતાઓની જગ્યાઓ મંજૂર કરેલી છે જેમાં પ્રશ્નપત્રોના અધ્યાપનનો ઉલ્લેખ નથી.

પ્રશ્ન ૫૫ : એ જગ્યા ક્યારે પૂરવામાં આવશે ?

ઉત્તર ૫૫ : આ જગ્યાઓ બે વર્ષના ગાળા-સમય દરમિયાન પૂરી શકાઈ ન હોવાથી રાજ્ય સરકારના નિયમો પ્રમાણે હાલ ભરી શકાય તેમ નથી. તે જગ્યાઓ પૂરવા માટે રાજ્ય સરકારશ્રીની મંજૂરી માંગી છે. રાજ્ય સરકારશ્રીની મંજૂરી મળ્યેથી જગ્યાઓ પૂરવામાં આવશે.

પ્રશ્ન ૫૬ : માર્ચ એપ્રિલ ૧૯૮૮ની યુનિવર્સિટી બી.એડ. પરીક્ષા વિભાગ ૧નાં ભિન્ન ભિન્ન પ્રશ્નપત્રો માટે નિયુક્ત થયેલ પ્રાશ્નિકોનાં નામ, તેમની કુલ કેડર અને તેમનાં તે વિષય શીખવ્યાના અનુભવનાં કુલ વર્ષો જણાવશો ?

ઉત્તર ૫૬ : આ માહિતી ખાનગી હોઈ આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૫૭ : માર્ચ એપ્રિલ ૧૯૮૮ની બી.એડ. પરીક્ષા વિભાગ ૧ અને ૨ના પરીક્ષણ કાર્ય અંગે થયેલ વ્યવસ્થા નીચેના પેટાપ્રશ્નો લક્ષમાં રાખી સમજાવશો :

(૧) બન્ને વિભાગના પરીક્ષણકાર્ય માટે કેન્દ્ર સંભાળતા નિરપવાદ ગુણવત્તા વળગી રહેવાનું બન્યું છે કે નહીં ?

(૨) બન્ને વિભાગના પરીક્ષણકાર્ય માટે પીએચ.ડી.ની ઉપાધિ માટે મળતા ક્રેડિટ ગુણની અવગણના કોઈ પણ કેસમાં કરવામાં આવી છે ?

(૩) વિભાગ ૧ ની પરીક્ષા માટે ચેરમેન અને પ્રાશ્નિકોની નિમણૂક ક્રેડિટ લિસ્ટને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે ?

(૪) વિભાગ ૧ ની પરીક્ષા માટે પ્રાશ્નિકોની નિયુક્તિ વખતે તેઓ તે વિષય ઘણાં વર્ષોથી, આજે પણ શીખવે છે, તે ધ્યાનમાં લેવામાં આવ્યું છે ?

(૫) વિભાગ ૧ ની પરીક્ષા માટે પરીક્ષકોની વિષયવાર યાદી તેમના ક્રેડિટ ગુણ અને તેમના તે વિષયના કુલ અનુભવનાં વર્ષોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે ?

(૬) પરીક્ષકો છેલ્લી ઘડીએ રાજીનામું આપીને જે પરિસ્થિતિ સર્જે તે પરિસ્થિતિને પહોંચી વળવા વિસ્તૃત પ્રતીક્ષાયાદી તૈયાર કરવામાં આવી છે અને પ્રતીક્ષા-યાદીના પરીક્ષકોને ગમે ત્યારે કામગીરી આપવી પડે તેને માટે સજ્જ રહેવા અને તેમની સમયસર પૂર્વઅનુમતિ મેળવવા પાકી વ્યવસ્થા કરવામાં આવી છે ?

(૭) પ્રસ્તુત પરીક્ષા યાદીમાં છેલ્લી ઘડીની પરિસ્થિતિને પહોંચી વળવા ક્રેડિટ ગુણને ચુસ્ત વળગીને સ્થાનિક પરીક્ષકોની ટેલિફોન નંબરો સાથેની યાદી તૈયાર રાખવામાં આવી છે ?

(૮) પરીક્ષા પત્યાના દિવસે અથવા તો મોડામાં મોડા બીજા દિવસે ઉત્તરવહીનાં બંડલો પરીક્ષકોને રવાના ન કરી શકાય તો તેવા સંજોગોમાં રૂબરૂ યુનિવર્સિટીને તત્ક્ષણ પહોંચાડી દેવાની વ્યવસ્થા વિચારાઈ છે ?

(૯) કોઈ પણ સંજોગોમાં વિષય ભણાવ્યો જ ન હોય તેવા પરીક્ષકને જે તે વિષયની ઉત્તરવહીઓ જાણીબૂઝીને કે ભૂલથી મોકલાઈ ન જાય તેની પાકી તકેદારી રાખવામાં આવી છે ?

(૧૦) પ્રત્યેક પરીક્ષકને ઓછામાં ઓછી અને વધુમાં વધુ કેટલી ઉત્તરવહીઓ પરીક્ષણ માટે આપવી એવું નક્કી કરવામાં આવ્યું છે ?

(૧૧) વિભાગ ૨ માં લગભગ પ્રત્યેક વર્ષે લગભગ એકની એક વ્યક્તિને ચેરમેનશિપ શા માટે આપવામાં આવે છે ?

(૧૨) વિભાગ ૨ ની પરીક્ષામાં જે તે વિષયના પાઠ જે તે વિષયના પરીક્ષક જ જુએ એમ ધ્યાનમાં રાખીને પરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે ?

(૧૩) વિભાગ ૧ અને ૨ ની પરીક્ષા માટે છેલ્લી ઘડીની નિમણૂકોની સત્તા કોની પાસે છે ? એ સત્તા કોઈ પણ અનધિકૃત કે અપાત્ર વ્યક્તિઓને ટ્રાન્સફર કરવામાં નહીં આવે ને ?

(નોંધ: આ બધા પ્રશ્નોના જવાબ તૈયાર કરતાં પહેલાં બી.એડની બન્ને વિભાગની પરીક્ષા પતી જાય તો તે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જવાબ આપવા વિનંતી છે.)

ઉત્તર ૫(૧) : શક્ય હોય ત્યાં સુધી ક્રેડિટ સંખ્યાને પરીક્ષણ કાર્ય માટે જે તે વ્યક્તિને નીમતી વખતે વળગી રહેવામાં આવ્યું છે.

ઉત્તર ૫૭(૨) : બી.એડ. વિભાગ ૧ અને ૨ના પરીક્ષણ કાર્ય માટે પીએચ.ડી.ની ઉપાધિ મળતાં ક્રેડિટ ગુણની અવગણના બનતાં સુધી કોઈ કેસમાં કરવામાં આવી નથી.

ઉત્તર ૫૭(૩) : શક્ય હોય ત્યાં સુધી વિભાગ ૧ની પરીક્ષા માટે ચેરમેન અને પ્રાશ્નિકોની નિમણૂક ક્રેડિટ લિસ્ટને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.

ઉત્તર ૫૭(૪) : હા, જી.

ઉત્તર ૫૭(૫) : શક્ય હોય ત્યાં સુધી ઉપરની બાબતો ધ્યાનમાં રાખી પરીક્ષકોની વિષયવાર યાદી તૈયાર કરવામાં આવી છે.

ઉત્તર ૫૭(૬) : આવી કોઈ પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવતી ન હોઈ પ્રતીક્ષા યાદીના પરીક્ષકોને ગમે ત્યારે કામગીરી સ્વીકારવા સજ્જ રહેવા જણાવી તેમની પૂર્વ-સંમતિ મેળવવા વ્યવસ્થા કરવાનો પ્રશ્ન જ નથી.

ઉત્તર ૫૭(૭) : આ પ્રશ્નનો ઉત્તર જરૂરી નથી કેમ કે પ્રશ્ન ૬ના ઉત્તરમાં જણાવ્યા પ્રમાણે કોઈ પ્રતીક્ષા યાદી અગાઉથી તૈયાર રાખવામાં આવી નથી.

ઉત્તર ૫૭(૮) : પરીક્ષા પૂરી થતાં તરત કેન્દ્રમાંથી પરીક્ષકોને તે જ દિવસે કે મોડામાં મોડું બીજે દિવસે ઉત્તરવહી પરીક્ષણ માટે મોકલવાની સૂચના કેન્દ્ર નિરીક્ષકને હોય છે જ અને આ સૂચન પ્રમાણે નિરીક્ષક પગલાં લે તે માટે શક્ય તેટલી વ્યવસ્થા ગોઠવવામાં આવે જ છે.

ઉત્તર ૫૭(૯) : આ અંગે શક્ય કેટલી તકેદારી રાખવામાં આવી છે.

ઉત્તર ૫૭(૧૦) : સામાન્ય રીતે ઓછામાં ઓછી ૨૫૦ અને વધુમાં વધુ ૩૫૦ (૭૦ કે ૧૦૦ ગુણના પ્રશ્નપત્રવાળી) ઉત્તરવહીઓ એક પરીક્ષકને સામાન્યતઃ પરીક્ષણ માટે આપવાનું વિચાર્યું છે.

ઉત્તર ૫૭(૧૧) : પરીક્ષાની જરૂરિયાત ધ્યાનમાં લઈને વ્યવસ્થા કરવામાં આવે છે.

ઉત્તર ૫૭(૧૨) : જે તે સંસ્થાના તાલીમાર્થીઓ માટે નિમાતા પરીક્ષકોના તે તાલીમાર્થીઓના વિષયોના પાઠ જોઈ શકવાની ક્ષમતા ધરાવતી વ્યક્તિ હોય તેનો ખ્યાલ રાખી શક્ય હોય ત્યાં સુધી નિમણૂક કરવામાં આવે છે.

ઉત્તર ૫૭(૧૩) : હાલના નિયમો જોતાં; ના, જી

પ્રશ્ન ૫૮ : તાલીમાર્થી પ્રવેશ માટે સ્થાનિક પ્રવેશ સમિતિના વિકલ્પ પસંદ કરનાર અને "યુનિવર્સિટીની એપ્રુવલ"ના વિકલ્પ પસંદ કરનાર કોલેજોની યાદી આપશો?

ઉત્તર ૫૮ : જૂન ૧૯૮૨થી બી.એડ.માં તાલીમાર્થીઓને પ્રવેશ માટે કોલેજોએ કયો વિકલ્પ પસંદ કર્યો છે તેની બાબતની ૩૧મી માર્ચ ૧૯૮૨ પહેલાં આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૫૯ : તાલીમાર્થી પ્રવેશને મંજૂર કરતા "યુનિવર્સિટી એપ્રુવલ કમિટી" કેવા સ્વરૂપે કામ કરશે? એકત્રિત રૂપે કે વિભાજિત રૂપે? યુનિવર્સિટીમાં બેસીને કે કોલેજોમાં સ્થળ ઉપર જઈને?

ઉત્તર ૫૯ : તે અંગે યુનિવર્સિટી કાર્યાલય કોઈ ઉત્તર આપી શકે નહીં.

પ્રશ્ન ૬૦ : બી.એડ. કોલેજોમાં આંતરિક ગુણાંકન સમગ્રપણે છેલ્લી ઘડીએ જાહેર નોટિસ બોર્ડ ઉપર મૂકવાને બદલે જે જે કામનું મૂલ્યાંકન થાય કે તરત જ તે જાહેર કરવામાં આવે એમ આખા વર્ષ દરમિયાન તેની માહિતી તાલીમાર્થીઓને મળી રહે તેમ કરવામાં શી મુશ્કેલીઓ છે ?

ઉત્તર ૬૦ : આ કોલેજનો વહીવટી પ્રશ્ન હોવાથી આમ કરવામાં કોલેજ પક્ષે શું મુશ્કેલી છે તે પ્રશ્ન કોલેજોને સ્પર્શતો હોવાથી યુનિવર્સિટી પ્રત્યુત્તર આપી શકે નહિ તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૬૧ : કેટલીક બી.એડ. કોલેજોમાં આંતરિક મૂલ્યાંકન (માત્ર લેવાતી પરીક્ષાઓને બાદ કરતાં) નોટિસ બોર્ડ ઉપર મુકાતું જ નથી અને મુકાતું હોય તો તાલીમાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષા આપવા ચાલ્યા જાય ત્યારે મુકાય છે એ વાત સાચી છે?

ઉત્તર ૬૧ : ઉપર પ્રશ્ન ૬૦નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૨ : 'માસ પ્રમોશન' અંગે ગુજરાત હાઈકોર્ટના આવેલ ચુકાદાની પુનઃવિચારણા કરવાની અપીલનું પરિણામ આવી ગયા પછી માનનીય કુલપતિશ્રીએ

(૧) કારોબારી સમિતિને બોલાવવાનું શા માટે નિવાર્યું હતું ?

(૨) છૂટક સભામાં સરકાર નિયુક્ત સભ્યોને નિમંત્રવાનું શા માટે ટાળ્યું હતું ?

(૩) આચાર્યો, યુનિવર્સિટી કોર્ટ સભ્યો અને વિદ્યાર્થી યુનિવર્સિટી કોર્ટ સભ્યોને અલગ અલગ મળીને અને બહુમતી અભિપ્રાય 'માસ પ્રમોશન'ના પ્રશ્ન 'સુપ્રીમ કોર્ટ'માં ન લઈ જવાના જાણવા છતાં કઈ પ્રાપ્ત સત્તાના આધારે, કઈ નક્કર ભૂમિકા ઉપર અને શિક્ષણનાં ક્યાં મૂલ્યોની જાળવણી અર્થે "માસ પ્રમોશન"ના પ્રશ્ને "સુપ્રીમ કોર્ટ"માં જવાનું પસંદ કર્યું હતું ?

(૪) ગુજરાત હાઈકોર્ટમાંથી ચુકાદાની પુનઃ વિચારણાનું પરિણામ આવી જવા છતાં પરીક્ષાર્થીઓમાં સર્વસામાન્ય લાગણી 'પરીક્ષામાં બેસવું અનિવાર્ય છે' એમ પ્રવર્તતી છતાં અને તેના પરિણામ રૂપ કાયમ માટે "યુનિવર્સિટી પરીક્ષાઓ"માંથી તુચ્છ કારણોસર થતી "માસ પ્રમોશન"ની માંગણીરૂપી બદીની હકાલપટ્ટી થતી છતાં અને શૈક્ષણિક મૂલ્યોની પુનઃપ્રસ્થાપનાથી યુનિવર્સિટીની કીર્તિ વધવા છતાં ક્યા પડકારોને નહીં પહોંચી વળવાની મુશ્કેલીઓથી "માસ પ્રમોશન"ના પ્રશ્ન સુપ્રીમ કોર્ટમાં લઈ જવાનું વિચાર્યું હતું ?

ઉત્તર ૬૨ : (૧) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા કુલપતિશ્રી યોગ્ય સમયે બોલાવે છે તેથી સભા બોલાવવાનું નિવાર્યું કહી શકાય નહિ.

(૨) પ્રશ્ન સ્પષ્ટ નહિ હોવાથી ઉત્તર આપવો શક્ય નથી તો ક્ષમા કરશો.

(૩) આ પ્રશ્ન અભિપ્રાયનો હોવાથી ઉત્તર આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

૪ ) ઉપરના પ્રશ્નનો ઉત્તર જોવા વિનંતી છે

**પ્રશ્ન** ૬૩ : પ્રવર્તમાન યુનિવર્સિટી કોર્ટ દ્વારા ચૂંટાયેલ એકિઝકયુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલની સભાઓની તારીખો આપશો ?

**ઉત્તર** ૬૩ : પ્રવર્તમાન યુનિવર્સિટી કોર્ટ દ્વારા ચૂંટાયેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાઓની તારીખો અને એકેડેમિક કાઉન્સિલના સભ્યોની ચૂંટણી યુનિ. કોર્ટ દ્વારા થતી નથી તે સ્પષ્ટતા સાથે ૧૯૮૦, ૧૯૮૧ અને ૧૯૮૨નાં વર્ષોમાં મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાઓની તારીખો નીચે આપી છે :

| **એકિઝકયુટિવ કાઉન્સિલની તારીખ** | **એકેડેમિક કાઉન્સિલની તારીખ** |
|---|---|
| ૧૨—૧—૮૦ | ૧૩—૨—૮૦ |
| ૧૯ / ૨૦—૨—૮૦ | ૧૧ / ૧૨—૩—૮૦ |
| ૧૫—૩—૮૦ | ૨૦—૫—૮૦ |
| ૧૯—૪—૮૦ | ૨૭—૬—૮૦ |
| ૨૬ / ૨૭—૪—૮૦ | ૨૧—૭—૮૦ |
| ૨૪ / ૨૫—૫—૮૦ | ૮—૮—૮૦ |
| ૫ / ૬—૭—૮૦ | ૪—૫—૮૧ |
| ૨૩—૭—૮૦ | ૧/૭—૭—૮૧ |
| ૨૦—૯—૮૦ | ૧૬—૭—૮૧ |
| ૧૮—૧૦—૮૦ | ૨૯—૭—૮૧ |
| ૨૦—૧૨—૮૦ | ૨૫—૧—૮૨ |
| ૧૬—૫—૮૧ | |
| ૪—૭—૮૧ | |
| ૧૭—૭—૮૧ | |
| ૨—૮—૮૧ | |
| ૨૩—૮—૮૧ | |
| ૨૯—૮—૮૧ | |
| ૧૨—૧૨—૮૧ | |
| ૩૦—૧—૮૨ | |

## પરિશિષ્ટ 'અ-૨'

પ્રશ્નોત્તરી ક્રમાંક ૬૪થી ૧૦૩ (તા. ૩૦-૩-૧૯૮૨)

પ્રશ્ન ૬૪ : એમ.એડ.ના વિદ્યાર્થીઓને ડિઝર્ટેશન માર્ગદર્શન આપવાના અનુભવને અનુસ્નાતક શિક્ષણનો અનુભવ ગણી એમ.એડ. કક્ષાએ "ફુલ પી. જી. ટીચર" તરીકેની માન્યતા આપવાના પ્રશ્ન અંગે ઉકેલની શી સ્થિતિ પ્રવર્તે છે ?

ઉત્તર ૬૪ : આ બાબતની વિચારણાનું કામ એક સમિતિને સોંપવામાં આવ્યું છે,

પ્રશ્ન ૬૫ : આનો નાકોદ ઉકેલ ક્યારે આવશે ?

ઉત્તર ૬૫ : સમિતિનો અહેવાલ આવ્યેથી આગળ કાર્યવાહી કરવામાં આવશે.

પ્રશ્ન ૬૬ થી ૭૨ : સદરહુ પ્રશ્નોની ભાષા અને તે આક્ષેપાત્મક હોઈ તેઓને સભાની કાર્યવાહીમાંથી રદ કરવાનું સભાગૃહનું સૂચન કુલપતિશ્રીએ સ્વીકાર્યું હતું.

પ્રશ્ન ૭૩ : બી.એડ. કોલેજોના અધ્યાપકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે યુનિવર્સિટી, રાજ્ય શિક્ષણ ભવન, રિજિયોનલ કોલેજ ભોપાલ, એન.સી.ઈ.આર.ટી. વગેરે સંસ્થાઓ તરફથી આવેલા પરિપત્રો અંગેની માહિતી નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખી, કાર્ય વર્ષ ૧૯૮૧-૮૨ની મર્યાદામાં આપવા વિનંતી છે :

(૧) પરિપત્ર મોકલનાર સંસ્થાનું નામ

(૨) પરિપત્ર મોકલ્યા તારીખ

(૩) પરિપત્રમાં જણાવેલ કાર્યક્રમ અને તેનો સમયગાળો

(૪) કાર્યક્રમનો પરિપત્ર બધા અધ્યાપકોને વંચાવ્યો હતો ?

(૫) ક્યા અધ્યાપકશ્રીને તે કાર્યક્રમમાં મોકલ્યા હતા ?

(૬) જો કોઈ અધ્યાપકશ્રીને મોકલ્યા ન હતા તો શી મુશ્કેલીઓ હતી ?

(૭) કાર્યક્રમ માટે ટી.એ., ડી.એ., અન્ય ભથ્થું તથા અન્ય કોઈ અગવડ શી હતી ?

ઉત્તર ૭૩ : ક્યા પરિપત્રો બી.એડ. કોલેજોના અધ્યાપકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટેના ગણાય તે અભિપ્રાયનો પ્રશ્ન હોઈ ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

[૨] **શ્રી. નગીનભાઈ એસ. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી:**

પ્રશ્ન ૭૪ : નવો કોર્ટ અસ્તિત્વમાં આવ્યા પછી અત્યારસુધી એકિઝક્યુટિવ કાઉન્સિલની કેટલી મીટિંગો મળી ?

ઉત્તર ૭૪ : સદરહુ માહિતી માટે પ્રશ્ન ૬૩ ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૪-એ : તેમાં ડાયરેક્ટર ઑફ એજ્યુકેશને કેટલી મીટિંગોમાં હાજરી આપી છે? કુલાધિપતિ નિયુક્ત સભ્યોની પણ હાજરી જણાવવા વિનંતી.

ઉત્તર ૭૪-એ : તેમાં જણાવેલ એકિઝક્યુટિવ કાઉન્સિલની સભાઓ પૈકી નીચેની સભાઓમાં ડાયરેક્ટર ઑફ હાયર એજ્યુકેશને હાજરી આપી હતી :

તા. ૨૬/૨૭–૪–૧૯૯૦; તા. ૨૪/૨૫–૫–૧૯૯૦;
તા. ૫/૬–૭–૧૯૯૦; તા. ૨૦–૯–૧૯૯૦;
તા. ૨૦–૧૨–૧૯૯૦; તા. ૨–૮–૧૯૯૧;
તા. ૨૩–૮–૧૯૯૧ અને તા. ૧૨–૧૨–૧૯૯૧.

કુલાધિપતિશ્રી નિયુક્ત સભ્યોની હાજરી અંગેની માહિતી નીચે પ્રમાણે છે :

શ્રી. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિક

તા. ૧૨–૧–૧૯૯૦; તા. ૧૯/૨૦–૨–૯૦;
તા. ૧૫–૩–૧૯૯૦; તા. ૧૯–૪–૧૯૯૦;
તા. ૨૬/૨૭–૪–૧૯૯૦; તા. ૨૪/૨૫–૫–૧૯૯૦.

શ્રી. શાંતુભાઈ સી. પટેલ

તા. ૨૩–૭–૧૯૯૦; તા. ૨૦–૯–૧૯૯૦;
તા. ૧૮–૧૦–૧૯૯૦; તા. ૪–૭–૧૯૯૧
તા. ૨–૮–૧૯૯૧; તા. ૨૩–૮–૧૯૯૧;
તા. ૧૨–૧૨–૧૯૯૧.

શ્રી. ઈન્દુબહેન એચ. પટેલ

તા. ૧૨–૧–૧૯૯૦; તા. ૧૫–૩–૧૯૯૦;
તા. ૨૪/૨૫–૫–૧૯૯૦; તા. ૫/૬–૭–૧૯૯૦;
તા. ૨૩–૭–૧૯૯૦; તા. ૨૦–૯–૧૯૯૦;
તા. ૨૦–૧૨–૧૯૯૦; તા. ૧૬–૫–૧૯૯૧;
તા. ૪–૭–૧૯૯૧; તા. ૧૭–૭–૧૯૯૧;
તા. ૨૯–૮–૧૯૯૧; તા. ૧૨–૧૨–૧૯૯૧.

પ્રશ્ન ૭૫ : વિજ્ઞાન કૉલેજોમાં કેમિસ્ટ્રી, ફિઝિક્સ, બાયોલોજી, મેથ્સ., સ્ટેટિસ્ટિક્સ વિષયમાં કૉલેજબાર ફાજલ શિક્ષકોનાં નામ અને હાલ તેઓ કઈ સંસ્થામાં ફરજ બજાવે છે તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૭૫ : સદરહુ બાબતમાં ઉપલબ્ધ થયેલ માહિતી માટે પરિશિષ્ટ "૩" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૬ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો પૈકી કેટલીક કૉલેજોમાં યુનિવર્સિટી અને સરકાર-શ્રીના નિયમ મુજબ પ્રોવિડંટ ફંડ ટ્રસ્ટની રચના થયેલી છે? તે ટ્રસ્ટોમાં અધ્યાપકોના પ્રતિનિધિઓની માહિતી કૉલેજવાર આપવા વિનંતી.

ઉત્તર ૭૬ : સદરહુ બાબતમાં ઉપલબ્ધ થયેલ માહિતી માટે પરિશિષ્ટ "૪" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૭ : ખંભાત કેળવણી મંડળ હસ્તકની તમામ કૉલેજોમાં

(૧) અધ્યાપકોના ફાળો પ્રોવિડંટ ફંડમાં નિયમિત જમા થાય છે? છેલ્લાં સાત વર્ષની વિગત આપવા વિનંતી.

(૨) સંસ્થાઓના ફાળો નિયમિત જમા થાય છે? છેલ્લાં સાત વર્ષની વિગત આપવા વિનંતી.

(૩) પ્રોવિડંટ ફંડની ઉભય પક્ષની રકમ કયા કયા વર્ષની જમા થયા વગરની બાકી છે? કઈ બેંકમાં જમા કરવામાં આવી છે?

(૪) હાલ છૂટા થયેલા પૈકી કોઈ અધ્યાપકને પ્રોવિડંટ ફંડની રકમ ચૂકવ્યા વગરની બાકી છે? કયા કયા અધ્યાપક/કર્મચારીની બાકી છે? કેટલી રકમ બાકી છે? બાકી હોય તો ક્યારે ચૂકવવામાં આવશે?

ઉત્તર ૭૭ : આ વર્ષ પહેલાંનાં છેલ્લાં ત્રણ વર્ષના અગાઉનાં વર્ષોની માહિતી સ્ટે. ઓ. અન્વયે આપવાનું બની શકે તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૭૮ : ૧૯૭૭માં ફાજલ થયેલા અધ્યાપકો ઉચ્ચતર માધ્યમિકમાં જતાં કૉલેજો પાસે તેઓની જમા પ્રોવિડંટ ફંડની રકમ ઉપર રિ-કોલ થતા સુધી કેટલી કૉલેજોએ વ્યાજની ગણતરી કરી નથી? શાથી?

ઉત્તર ૭૮ : તા. ૧૨—૩—'૮૨ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી અનુસાર પોતાની કૉલેજમાં સંખ્યાધિક શિક્ષક પોતાની કૉલેજમાં રિ-કોલ થયા હોય તેવા કેસોમાં પોતાના પ્રો. ફંડની જમા રકમ પર વ્યાજની ગણતરી કરી ન હોય તેવી એક પણ કૉલેજ જણાઈ નથી.

પ્રશ્ન ૭૯ : યુજીસી ટીચર્સ ફેલોશિપ યોજના હેઠળ ૧૯૮૦-૮૧, ૧૯૮૧-૮૨ અને હવે ૧૯૮૨-૮૩માં પસંદ કરવામાં આવેલા શિક્ષકોની માહિતી આપવા વિનંતી.

| વિષય | ૧૯૮૦—૮૧ | ૧૯૮૧—૮૨ | ૧૯૮૨—૮૩ |
|---|---|---|---|
| બોટાની | | | |
| ઝુલોજી | | | |
| મેથ્સ | | | |
| કેમિસ્ટ્રી | | | |
| માઈક્રોબાયોલોજી | | | |
| ફિઝિક્સ | | | |

ઉત્તર ૭૯ : માંગેલી માહિતી નીચે મુજબ છે :

| વિષય | | શિક્ષકનું નામ |
|---|---|---|
| ૧ બોટાની | ૧ | શ્રી. જે. બી. પટેલ |
| ૧૯૮૦–૮૧ | | |
| ૧૯૮૧–૮૨ | ૧ | શ્રીમતી દક્ષા બી. ઠાકોર |
| ૧૯૮૨–૮૩ | | — |
| ૨ મેથેમેટિક્સ | ૧ | શ્રી. જે. ડી. આચાર્ય |
| ૧૯૮૦–૮૧ | ૨ | શ્રી. જે. એ. પટેલ |
| | ૩ | શ્રી. બી. એમ. મુનશી |
| | ૪ | શ્રી. એસ. સી. ઠક્કર |
| | ૫ | શ્રી. યુ. વી. ફત્તેહ |
| | ૬ | શ્રી. બી. વી. જોશી (એમ.ફિલ.) |
| | ૭ | કુ. કલાવી દવે (એમ.ફિલ.) |
| ૧૯૮૧–૮૨ | ૧ | શ્રી. બી. એમ. મુનશી |
| | ૨ | શ્રી. એસ. સી. ઠક્કર |
| | ૩ | શ્રી. યુ. વી. ફત્તેહ |
| ૧૯૮૨–૮૩ | | — |
| ૩ માઇક્રોબાયોલોજી | | આ બંને વિભાગો યુ. જી. સી.એ માન્ય રાખ્યા નથી તેથી માહિતી આપવાની રહેતી નથી. |
| ૪ ફિઝિક્સ | | |
| ૫ કેમિસ્ટ્રી | | |
| ૧૯૮૦–૮૧ | | — |
| | | (જાન્યુઆરી ૮૨થી નીમાયા) |
| ૧૯૮૧–૮૨ | ૧ | શ્રી. જે. એચ. શાહ |
| | ૨ | મિસિસ એન. જે. પટેલ |
| | ૩ | શ્રી. એચ. આર. તનવાની |
| | ૪ | શ્રી. સી. પી. જોષી |
| | ૫ | શ્રી. પી. ઓ. ચૌહાણ |
| | ૬ | શ્રી એમ. જે. મહારાજા |
| | ૭ | શ્રી. એમ. ની. હાથી |
| ૧૯૮૨–૮૩ | | — |
| ઝૂલોજી | | |
| ૧૯૮૦–૮૧ | | — |
| ૧૯૮૧–૮૨ | | — |
| ૧૯૮૨–૮૩ | | — |

(૧૯૮૦–૮૧ પછીના ૭ ટીચર ફેલો લેવાયા હતા)

પ્રશ્ન ૮૦ : (ક) સંલગ્ન કોલેજોમાં પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે કાર્ય કરતા અધ્યાપકો પૈકી જેઓ ઇન્ટરનલ રેફરી તરીકે પરીક્ષકનું કાર્ય કરતા હોય છે તેઓને અન્ય યુનિવર્સિટીની માફક કોઈ મહેનતાણું આપવામાં આવે છે ? અને

(ખ) ના, જવાબ હોય તો શાથી ?

ઉત્તર ૮૦ (ક) : ના, જી.

ઉત્તર ૮૦ (ખ) : એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જરૂર જણાઈ નથી.

પ્રશ્ન ૮૧ : (ક) યુનિવર્સિટી ભવનમાંથી પસંદ કરેલા આવા રેફરીને મહેનતાણું મળે છે ?

(ખ) કેટલું ?

ઉત્તર ૮૧ (ક) : ના, જી.

ઉત્તર ૮૧ (ખ) : પ્રશ્ન ૮૦ (ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૮૨ : સંલગ્ન કોલેજોમાં પીએચ.ડી.નું કાર્ય થતું હોય ત્યાં યુનિવર્સિટી તરફથી પુસ્તકાલય ઉપરાંત કયા પ્રકારની અને કેટલી સહાય આપવામાં આવે છે ?

ઉત્તર ૮૨ : આર્થિક સહાય આપવા બાબતમાં અનુસ્નાતક નિયમ ૪૪ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે

પ્રશ્ન ૮૩ : પોતાના શૈક્ષણિક કાર્ય ઉપરાંત આવું મહત્ત્વનું કાર્ય કરનાર ગાઈડને પુરસ્કાર આપવાની પ્રથા છે ખરી ?

ઉત્તર ૮૩ : ના, જી.

પ્રશ્ન ૮૪ : એમ.ફિલ.ના વર્ગો યુનિવર્સિટી ભવનોમાં ચલાવવામાં આવે છે તેમાં અમદાવાદ અને અમદાવાદ બહારની સંલગ્ન કોલેજોના પીએચ.ડી. માર્ગદર્શક કક્ષાના કેટલા અધ્યાપકોને અધ્યાપન કાર્ય માટે બોલાવવામાં આવે છે ? ફેકલ્ટી વાર આ માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૮૪ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

| વિદ્યાશાખા | શિક્ષકની સંખ્યા |
|---|---|
| વિનયન | ૧ |
| વિજ્ઞાન | — |

પ્રશ્ન ૮૫ : ડભોઈની કોમર્સ કોલેજ અંગે નીચે મુજબની માહિતી આપવા નમ્ર વિનંતી છે :

(૧) ઓ. ૯૬ પ્રમાણે યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલ છેલ્લાં ત્રણ વર્ષના (૧૯૭૮–૭૯, ૧૯૭૯–૮૦ અને ૧૯૮૦–૮૧)ની માહિતી.

(૨) ઓ. ૯૬ પ્રમાણે ૧૯૮૧–૮૨ના વર્ષની માહિતી.

(૩) અનુસ્નાતક કેન્દ્રમાં આવતા મુલાકાતી શિક્ષકોનાં નામ અને કોલેજની વિગત ૧૯૭૯ના વર્ષની આપવા વિનંતી.

(૪) ડભોઈની કોમર્સ કોલેજમાં મદદનીશ તથા અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા શિક્ષકોની યાદી તથા માન્યતાની તારીખ.

(૫) અર્થશાસ્ત્ર વિષયમાં ત્યાંની જ કોલેજના સાંપ્રાથમિક અધ્યાપકને બદલે અન્યને પસંદ કરવામાં આવ્યા છે તે વાત સાચી છે ? નવા પસંદગી પામનાર વ્યાખ્યાતાની

લાયકાત ધરાવે છે? આ બાબતે યુનિવર્સિટી પાસે કોઈ ફરિયાદ આવી છે ખરી? યુનિવર્સિટીએ શું કર્યું ?

(૬) અનુસ્નાતક કેન્દ્રના ટાઈમટેબલની નકલ તથા વિષય લેનાર શિક્ષકની માહિતી છેલ્લાં ત્રણ વર્ષની આપવા વિનંતી છે.

ઉત્તર ૮૫(૧) અને (૨) : સદરહુ માહિતી યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલયના સમય દરમિયાન જોવા મળી શકશે તેમ જ સભાગૃહમાં સભા સમક્ષ ટેબલ પર રાખવામાં આવશે.

ઉત્તર ૮૫(૩) : કોલેજ તરફથી માહિતી માગવામાં આવી છે પરંતુ કોલેજ તરફથી તે માહિતી હજુ સુધી ઉપલબ્ધ થઈ નથી,

ઉત્તર ૮૫(૪) : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

| | ક્રમાંક | શિક્ષકનું નામ | માન્યતાની તારીખ |
|---|---|---|---|
| અનુ. શિક્ષક | ૧. | શ્રી. એચ. એ. પટેલ | ૧૮—૧—૧૯૮૧ |
| | ૨. | શ્રી. એમ. ટી. શાહ | ૧૩-૧૧-૧૯૭૩ |
| મદદનીશ | ૧. | શ્રી. એમ. સી. ભટ્ટ | ૨૬—૩—૧૯૭૯ |
| શિક્ષકો | ૨. | શ્રી. જે. એમ. પટેલ | ૪—૩—૧૯૭૯ |
| | ૩. | શ્રી. કે. આર. શાહ | ૧૮—૫—૧૯૭૩ |
| | ૪. | શ્રી. એચ. કે. વ્યાસ | ૪—૩—૧૯૭૯ |
| | ૫. | શ્રી. એલ. એમ. પટેલ | ૨૧—૮—૧૯૮૦ |
| | ૬. | શ્રી. એ. જી. જોશી | ૫—૮—૧૯૮૧ |

ઉત્તર ૮૫(૫) : આ બાબતમાં યુનિવર્સિટીને ફરિયાદ મળી છે અને યુનિવર્સિટીનાં ધારાધોરણના સંદર્ભમાં કોલેજને જરૂરી આદેશ આપવામાં આવ્યો છે. પરંતુ સંબંધકર્તા શિક્ષકે વડોદરાની અદાલતમાં આ અંગે દાવો દાખલ કરેલ છે. આથી આ બાબત હાલ અદાલતના ક્ષેત્રાધીન હોઈ પ્રશ્નના ઉત્તરો આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

ઉત્તર ૮૫(૬): સદરહુ કોલેજ તરફથી એમ.કોમ.ના અનુસ્નાતક કેન્દ્રના ૧૯૮૦—૮૧ના વર્ષના મળેલ ટાઇમટેબલની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે. જ્યારે વર્ષ ૧૯૭૯—૮૦ તથા વર્ષ ૧૯૮૧—૮૨ના ટાઇમટેબલ કોલેજ પાસેથી ઉપલબ્ધ થયેથી સભા સમયે ટેબલ પર રાખવામાં આવશે.

પ્રશ્ન ૮૬ : વિજ્ઞાન વિદ્યાશાખામાં દ્વિતીય વર્ષ બી.એસસી.ના વિદ્યાર્થીઓ માટે

(૧) કઈ કઈ કોલેજો ૩ વત્તા ૩ પ્રમાણે શિક્ષણ આપે છે?

(૨) કઈ કઈ કોલેજો ફક્ત ૩ વત્તા ૨ વત્તા ૧ પ્રમાણે શિક્ષણ આપે છે?

(૩) કઈ કઈ કોલેજો બન્ને પદ્ધતિ પ્રમાણે શિક્ષણ આપે છે?

ઉત્તર ૮૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે પરિશિષ્ટ "૭" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૭ : સ્વામિનારાયણ સાયન્સ કૉલેજમાં પુસ્તકો, સાધનો વગેરે વાપરવા આપવાની મણિનગર સાયન્સ કૉલેજે કરેલી વિનંતી બાદ શી કાર્યવાહી થઈ છે તે જણાવવા વિનંતી.

ઉત્તર ૮૭ : ઉપરોક્ત બાબત અંગે મણિનગર સાયન્સ કૉલેજે કરેલી વિનંતી બાદ સદરહુ કૉલેજ પાસેથી યુ.જી.સી. અને તેમની વચ્ચે થયેલ પત્રવ્યવહારની નકલો આગળ કાર્યવાહી હાથ ધરવા મંગાવી હતી. જે કૉલેજે આજદિન સુધી મોકલેલ નથી તેથી આગળ કાર્યવાહી થઈ શકી નથી.

**[ ૩ ] શ્રી. સી. એમ. શેઠે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :**

પ્રશ્ન ૮૮ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં કઈ કઈ કૉલેજોએ યુનિવર્સિટીના નિયમનો ભંગ કર્યો છે ?

અને

પ્રશ્ન ૮૯ : નિયમભંગનું શું કારણ છે ?

અને

પ્રશ્ન ૯૦ : યુનિવર્સિટીએ તે દિશામાં કોઈ કામગીરી કરી છે કે કેમ ?

અને

પ્રશ્ન ૯૧ : તે અંગે શું કાર્યવાહી કરવામાં આવી છે ?

ઉત્તર ૮૮થી ૯૧ : કયા નિયમના ભંગ વિષે પ્રશ્નમાં ઉલ્લેખ છે તે સ્પષ્ટ ન હોઈ આ પ્રશ્નોના ઉત્તરો આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૯૨ : નવી તરાહને લઈને ફાજલ પડેલા અધ્યાપકોમાંથી હજુ કેટલા ફાજલ છે ?

અને

પ્રશ્ન ૯૩ : ૧૯૮૨ સુધીમાં તેઓને પરત લેવાના હતા તો તેનું શું થયું ?

અને

પ્રશ્ન ૯૪ : સરકારે તેના માટે પરિપત્ર બહાર પાડયો હતો કે કેમ ?

અને

પ્રશ્ન ૯૫ : શું તે પરિપત્ર પાછો ખેંચી લેવામાં આવ્યો છે એ વાત ખરી છે ?

અને

પ્રશ્ન ૯૬ : હવે ફાજલ અધ્યાપકોને પુનઃ કૉલેજોમાં ક્યારે લેવામાં આવશે ?

ઉત્તર ૯૨ થી ૯૬ : સદરહુ માહિતી આ કાર્યાલયને ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૯૭ : સરકાર પાસે યુનિવર્સિટીએ તે અંગે રજૂઆત કરી છે કે કેમ ?

ઉત્તર ૯૭ : ના, જી.

પ્રશ્ન ૯૮ : તેના સરકારે શું જવાબ આપ્યો છે ?

ઉત્તર ૯૮ : ઉપર પ્રશ્ન ૯૭ના ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૯૯ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કૉલેજો કેટલી ?

ઉત્તર ૯૯ : ૩૧ (વિજ્ઞાનની તથા સંયુક્ત વિજ્ઞાન વિદ્યાશાખા ધરાવતી)

પ્રશ્ન ૧૦૦ : તેમાં દરેક કોલેજની સંખ્યા કેટલી ?

ઉત્તર ૧૦૦ : પ્રશ્ન અસ્પષ્ટ હોઈ તેના ઉત્તર આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૦૧ : ૧૧–૧૨ મા ધોરણના સાયન્સના વિદ્યાર્થીઓના સઘન અભ્યાસ માટે આ સાયન્સ કોલેજોમાં સમાવેશ શું ન કરી શકાય ?

ઉત્તર ૧૦૧ : આ અભિપ્રાયના પ્રશ્ન હોઈ સ્ટે. ૩૧(૫)(૨)(સી) અન્વયે તેનો ઉત્તર આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૦૨ : યુનિવર્સિટીઓ તે દિશામાં કોઈ કાર્યવાહી કરવાનું વિચાર્યું છે ખરું ?

ઉત્તર ૧૦૨ : ધોરણ ૧૧–૧૨ના વિજ્ઞાનના વર્ગો સંલગ્ન વિજ્ઞાનની કોલેજોને સોંપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવી છે.

પ્રશ્ન ૧૦૩ : એમ.એ. અને એમ.કોમ. એક્સ્ટર્નલ પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૮૦–૮૧, ૧૯૮૧–૮૨માં કેટલી હતી અને કેટલી છે ?

ઉત્તર ૧૦૩ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

| પરીક્ષા | ૧૯૮૦–૮૧ | ૧૯૮૧–૮૨ |
|---|---|---|
| એમ.એ. ભાગ ૧ | ૨,૯૨૧ | ૨,૨૦૦ |
| એમ.એ. ભાગ ૨ | ૭૩૫ | ૭૩૦ |
| એમ.કોમ. ભાગ ૧ | ૪,૧૪૧ | ૨,૩૫૫ |
| એમ.કોમ. ભાગ ૨ | ૧,૦૫૫ | ૭૭૧ |

પ્રશ્ન ૧૦૪ : તેઓની ફીની રકમ યુનિવર્સિટી કુલ કેટલી મેળવે છે ?

ઉત્તર ૧૦૪ :

| | ૧૯૮૦–૮૧ | ૧૯૮૧–૮૨ |
|---|---|---|
| એમ.એ.(એક્સ્ટર્નલ) | ૪,૯૫,૪૭૫–૦૦ | *૩,૭૫,૭૦૦–૦૦ |
| એમ.કોમ.(એક્સ્ટર્નલ) | ૬,૮૦,૭૧૨–૫૦ | *૪,૨૮,૭૫૦–૦૦ |

(*તા. ૩૧–૧–૧૯૮૨ સુધીની રકમ)

પ્રશ્ન ૧૦૫ : યુનિવર્સિટી તેઓની ફીની રકમના બદલામાં તેઓને માર્ગદર્શન આપવા કશી વ્યવસ્થા કરે છે કે કેમ ?

ઉત્તર ૧૦૫ : વિદ્યાર્થીઓને ગ્રંથાલયના ઉપયોગની સગવડ ઉપલબ્ધ કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૦૬ : શી વ્યવસ્થા કરવામાં આવે છે ?

ઉત્તર ૧૦૬ : ઉપર પ્રશ્ન નં. ૧૦૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૭ : આટલી બધી ફીની રકમ મેળવ્યા પછી વિદ્યાર્થીઓને તેમના સરનામે પરીક્ષાના સ્થાન અને નંબરો જણાવવાની વ્યવસ્થા અંગે યુનિવર્સિટીઓ કંઈ વિચાર્યું છે કે કેમ ?

ઉત્તર ૧૦૭ : યુનિવર્સિટીની બીજી રેગ્યુલર પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓના નંબરો યુનિવર્સિટીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવે છે તે જ પ્રમાણે આ વિદ્યાર્થીઓના નંબરો નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવે છે.

## પરિશિષ્ટ "૧"

### શ્રી. એ. ટી. અજમેરાના પ્રશ્ન ક્રમાંક ૧૨થી ૧૪ અંગેની તા. ૧૨-૩-૧૯૮૨ સુધીમાં ઉપલબ્ધ થયેલ માહિતી

ગ્રેચ્યુઇટીની રકમ મેળવવા પાત્ર હોય, પરંતુ યુનિ.ના ધારાધોરણ અનુસાર તે રકમ ચૂકવવામાં આવી ન હોય તે અંગેની ઉપલબ્ધ થયેલ માહિતી :

| ક્રમાંક | કૉલેજનું નામ | ગ્રેચ્યુઇટીની રકમ મેળવવાને પાત્ર અધ્યાપકને યુનિ.ના ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની પૂરેપૂરી રકમ ચૂકવવામાં આવી છે ? | ન ચૂકવવાનું કારણ | સદરહુ રકમ અધ્યાપકને ક્યારે મળશે તેની માહિતી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
(૧૪) અમોએ ૧૯૮૦-૮૧ના હિસાબો અંગેની ઇન્ટર્નલ ઑડિટર્સ મે. લાખિયા ઍન્ડ કંપનીની ઑડિટ નોંધ જોઈ છે. તે અંગે જરૂરી જે તે વિભાગના અધિકારીઓ સાથે રૂબરૂ ચર્ચા કરી હતી. ઑડિટ નોંધ અંગે દર્શાવેલ ક્ષતિઓ માટે ઘટતી કાર્યવાહી સત્વરે કરવા ભલામણ છે.

(૧૫) પરીક્ષા ખર્ચમાં મુસાફરી ખર્ચ અંગે રજિસ્ટરમાં રોકડા અપાયેલ બિલોની નોંધ રાખવામાં આવતી નથી. આ અંગે યોગ્ય નોંધ રાખવાનું સૂચવવામાં આવે છે.

હિસાબ વિભાગ તરફથી જરૂરી માહિતી અમને પૂરી પાડવામાં આવી હતી અને તે સંબંધે અમારા બધા પ્રશ્નોના સંતોષકારક ખુલાસા મળ્યા હતા. હિસાબ વિભાગે આપેલ સહકાર બદલ અમે આભારી છીએ.

સી. પી. જોશી
ભગવતશરણ અગ્રવાલ
એચ. પી. ચૌહાણ

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૭

બોર્ડ ઓફ એકાઉન્ટ્સના સભ્યોએ સને ૧૯૮૧-૮૨ના વર્ષનું યુનિવર્સિટી હિસાબોનું ઓડિટ કામ પૂરું કર્યું છે. આ અંગે છેવટનો અહેવાલ તૈયાર કરી આપવાની તા. ૨૪-૨-૧૯૮૩, તા. ૨૮-૨-૧૯૮૩ અને તા. ૧-૩-૧૯૮૩ના રોજની મીટિંગોમાં નીચેના સભ્યશ્રીઓ હાજર હતા:

| | તા. ૨૪-૨-૧૯૮૩ | તા. ૨૮-૨-૧૯૮૩ | તા. ૧-૩-૧૯૮૩ |
|---|---|---|---|
| પ્રિ. જશભાઈ જી. પટેલ | હાજર | ગેરહાજર | હાજર |
| શ્રી. ભગવતશરણ અગ્રવાલ | હાજર | હાજર | હાજર |
| શ્રી. નગીનભાઈ એસ. શાહ | હાજર | હાજર | હાજર |

આ મીટિંગોમાં તા. ૨૪-૨-૧૯૮૩ અને તા. ૧-૩-૧૯૮૩ના રોજ પ્રિ. જશભાઈ જી. પટેલ (ચેરમેન) અને તા. ૨૮-૨-૧૯૮૩ના રોજ શ્રી. ભગવતશરણ અગ્રવાલે અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું.

આગામી કોર્ટ-સભામાં રજૂ કરવાનો રિપોર્ટ નીચે મુજબ છે:

**૧. લોકલ ફંડના ઓડિટ પેરા બાબત:**

લોકલ ફંડ એકાઉન્ટ્સના સરકારી ઓડિટ રિપોર્ટ અંગે બાકી રહેતા ૧૯૬૮-૬૯થી ૧૯૭૯-૮૦ સુધીના જનરલ ફંડના કુલ્લે ૧૯૫ પેરા પૈકી ૧૯૭૮-૭૯ના વર્ષના ૬ પેરાનો નિકાલ થતાં ૧૮૯ બાકી રહે છે, જ્યારે ગ્રાન્ટના ૧૯૬૪-૬૫થી ૧૯૭૯-૮૦ સુધીના ૧૨૦ પેરા પૈકી ૧૯૭૮-૭૯ના વર્ષના ૧૦ પેરા તેમ જ ૧૯૭૦-૭૧ના એક અને ૧૯૭૬-૭૭ના વર્ષના એક મળી કુલ ૧૨ પેરાઓ નિકાલ થયા છે. નિકાલ થયેલા પેરાનું પ્રમાણ, પ્રમાણમાં ઘણું ઓછું છે તો તે અંગે ઘટતું કરવા ભલામણ કરીએ છીએ.

**૨. યુનિવર્સિટીના આવક-જાવકના છેલ્લાં ત્રણ વર્ષના આંકડા નીચે મુજબ છે:**

| | આવક | જાવક | ખર્ચમાં વધારો |
|---|---|---|---|
| | રૂ. પૈસા | રૂ. પૈસા | રૂ. પૈસા |
| ૧૯૭૯-૮૦... | ૨,૧૭,૧૧,૩૭૯-૦૦ | ૨,૨૨,૧૬,૪૦૨-૦૦ | ૫,૦૫,૦૨૩-૦૦ |
| ૧૯૮૦-૮૧... | ૨,૦૬,૬૭,૬૨૯-૯૫ | ૨,૨૪,૬૦,૪૯૫-૪૭ | ૧૭,૯૨,૮૬૫-૫૨ |
| ૧૯૮૧-૮૨... | ૨,૧૬,૫૫,૭૭૮-૦૦ | ૨,૪૩,૨૩,૧૫૪-૦૦ | ૨૬,૬૭,૩૭૬-૦૦ |

આમ વર્ષોવર્ષ યુનિવર્સિટીનું ખર્ચનું પ્રમાણ વધતું જાય છે.

અમાન્ય ખર્ચાઓનું પ્રમાણ વધવાથી ખર્ચમાં વધારો થતો માલૂમ પડે છે. આથી આવા અમાન્ય ખર્ચાઓનું પુનરાવર્તન ન થાય તે માટે હિસાબી વિભાગ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ખાસ ભલામણ કરીએ છીએ.

## ૩. એડવાન્સીસ અંગે :

અમોએ એડવાન્સ રજિસ્ટર તપાસ્યાં છે. તે વ્યવસ્થિત જણાયાં છે, જેમાં વ્યક્તિઓ, ભવનો અને સંલગ્ન કોલેજો પાસે ઘણા લાંબા સમયથી લીધેલા એડવાન્સના હિસાબો આવ્યા નથી.

ભવનોના અધ્યાપકોને પ્રોજેક્ટ અને કાર્યક્રમો માટે આપવામાં આવેલ મોટી રકમોના હિસાબો પ્રોજેક્ટ અને કાર્યક્રમો વર્ષો પહેલાં પૂરા થવા હોવા છતાં આવ્યા નથી. સંલગ્ન કોલેજો પાસે પરીક્ષા અંગેનાં એડવાન્સીસ તેમ જ અન્ય એડવાન્સીસ પણ બાકી રહેલ છે. તેવી જ રીતે ભવનોનાં પણ એડવાન્સીસ બાકી નીકળે છે.

મોટા ભાગનાં એડવાન્સીસની રકમો ૧૯૭૫થી ૧૯૭૮ સુધીની માલૂમ પડી છે.

આ ઘણી જ ગંભીર બાબત છે. તો સત્વરે અગાઉનાં સૂચનો ધ્યાનમાં લઈને ગંભીરપણે ઘટતું કરવા ભલામણ કરીએ છીએ.

યુનિવર્સિટીની તેમ જ ભવનોની મુલાકાત લીધેલી કેટલીક સામાન્ય પેટીકેશ વ્યવસ્થિત અને બરાબર જણાઈ હતી.

## ૫. ટાઇમબારના ચેકો અંગે :

છેલ્લાં કેટલાંક વર્ષોથી ટાઇમબારના ચેકોનું પ્રમાણ નીચે મુજબનું માલૂમ પડયું છે :

| | | |
|---|---|---|
| ૧૯૭૭-૭૮ | ... રૂ. | ૧૧,૪૩૬-૬૪ |
| ૧૯૭૮-૭૯ | ... રૂ. | ૩૩,૭૬૧-૩૫ |
| ૧૯૭૯-૮૦ | ... રૂ. | ૨૧,૨૧૮-૬૫ |
| ૧૯૮૦-૮૧ | ... રૂ. | ૨૩,૪૦૦-૬૮ |
| ૧૯૮૧-૮૨ | ... રૂ. | ૨૫,૩૪૧-૯૪ |
| | કુલ ... રૂ. | ૧,૧૫,૧૫૯-૨૬ |

તા. ૧-૪-૧૯૮૧ના રોજ આવા ચેકોની રકમ રૂ. ૯૪,૭૭૭-૬૬ પૈ. હતી, જે પૈકી ૧૯૮૧-૮૨ના વર્ષમાં રૂ. ૮,૭૯૬-૦૪ પૈ. જેટલી રકમ સરભર થઈ શકી હતી અને રૂ. ૨૯,૧૭૭-૬૪ પૈ.નો વધારો થતાં રૂ. ૧,૧૫,૧૫૯-૨૬ પૈ. ના ટાઈમબારના ચેકો જણાય છે.

આ અંગે ઘટતું કરવા અમારી ભલામણ છે.

## ૬. સસ્પેન્સ રજિસ્ટર :

સસ્પેન્સ રજિસ્ટર તપાસતાં નીચે મુજબની રકમો વર્ષોથી નિકાલ થયા વગરની માલૂમ પડી છે :

| | | |
|---|---|---|
| ૧૯૭૧-૭૨ | ... રૂ. | ૬,૮૪૦-૦૦ |
| ૧૯૭૬-૭૭ | ... રૂ. | ૧,૦૧૪-૯૫ |
| ૧૯૭૭-૭૮ | ... રૂ. | ૧,૩૯૬-૧૦ |
| ૧૯૭૮-૭૯ | ... રૂ. | ૨૯,૩૫૨-૩૨ |
| ૧૯૮૦-૮૧ | ... રૂ. | ૧૬,૨૬૬-૨૨ |
| ૧૯૮૧-૮૨ (૩૧-૩-૮૨ સુધી) | ... રૂ. | ૩૩,૦૬૪-૭૯ |
| | કુલ રૂ. | ૯૨,૮૦૨-૪૫ |

ઉપરની સસ્પેન્સ એકાઉન્ટમાં પડેલી રકમો પૈકી કેટલીક રૂ. ૫-૦૦ થી માંડીને ૦૦-૦૧ પૈસા સુધીની ત્રણ વર્ષથી વધુ સમય પહેલાંની જણાઈ છે. જેનો સંદર્ભ દર વર્ષે ઑડિટ રિપોર્ટમાં જોવા મળે છે.

આથી અમો ભલામણ કરીએ છીએ કે આવી ત્રણ વર્ષથી વધુ જૂની નાની કે મોટી તમામ રકમો અંગે નિકાલ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ત્વરિત પગલાં લઈ સંબંધકર્તા અધિકારીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે, જેથી વખતોવખત આવતી ઑડિટ રિમાર્ક દૂર કરી શકાય.

ડિપોઝિટ રજિસ્ટર તપાસતાં નીચે મુજબની રકમો ઘણાં વર્ષોથી ચૂકવાયા વગરની માલૂમ પડી છે :

## ૭. ડિપોઝિટ રજિસ્ટર :

| | | |
|---|---|---|
| ૧૯૭૧-૭૨ | ... રૂ. | ૨,૧૦૦-૦૦ |
| ૧૯૭૨-૭૩ | ... રૂ. | ૨,૦૦૦-૦૦ |
| ૧૯૭૩-૭૪ | ... રૂ. | ૩૦૦-૦૦ |
| ૧૯૭૪-૭૫ | ... રૂ. | ૧,૨૦૩-૦૦ |
| ૧૯૭૫-૭૬ | ... રૂ. | ૩.૩૦૩-૦૦ |
| ૧૯૭૬-૭૭ | ... રૂ. | ૪,૧૦૦-૦૦ |
| ૧૯૭૭-૭૮ | ... રૂ. | ૧૧,૩૫૦-૦૦ |
| ૧૯૭૮-૭૯ | ... રૂ. | ૧૩,૩૨૦-૦૦ |
| ૧૯૭૯-૮૦ | ... રૂ. | ૨૧,૭૭૦-૩૦ |
| ૧૯૮૦-૮૧ | ... રૂ. | ૭૩,૭૭૦-૦૦ |
| ૧૯૮૧-૮૨ | ... રૂ. | ૧,૯૬,૫૬૦-૦૦ |
| કુલ... | રૂ. | ૩,૨૯,૨૬૫-૩૦ |

આ રકમો પૈકી સંલગ્ન કોલેજોના જોડાણ અંગેની ડિપોઝિટો પણ ઘણાં વર્ષોથી જે તે કોલેજને પરત થયા વગરની પડી છે. કોલેજો માગણી કરે તે કરતાં યુનિવર્સિટીએ જાતે જ પહેલ કરીને આવી જોડાણ અંગેની ડિપોઝિટો જે તે કોલેજને પરત કરવી જોઈએ.

અત્રે એટલું નોંધવું ઉલ્લેખનીય છે કે છેલ્લાં ત્રણ વર્ષમાં આવી જોડાણ ડિપોઝિટો કોલેજોની માગણી થતાં જ ઠીક ઠીક પ્રમાણમાં ચૂકવાઈ છે.

અમારા ઉપરના સૂચન પ્રમાણે ડિપોઝિટો પરત કરવાની કાર્યવાહી ન થઈ શકે તેમ હોય તો યુનિવર્સિટીના ઓડિટર મેસર્સ લાખિયા એન્ડ કું.ની ભલામણ મુજબ ત્રણ વર્ષથી વધુ સમયની ડિપોઝિટો કાનૂની દૃષ્ટિએ ચૂકવવાની જવાબદારી રહેતી નથી. તો તેમના સૂચન મુજબ આવી રકમો 'પરચૂરણ આવક ખાતે' જમા લેવા ભલામણ કરી છીએ.

## ૮. કોમ્પ્યુટર સેન્ટર :

આ સેન્ટરમાં પણ એક વર્ષથી વધુ સમય માટેનાં બિલો ખેંચાતાં આવ્યાં છે, જેમાંનાં મોટા ભાગનાં ૧૯૭૫, ૧૯૭૬, ૧૯૭૭ અને ૧૯૮૦ના વર્ષનાં છે. આ બિલોની રકમો સત્વરે એકત્રિત કરવા અમો ભલામણ કરીએ છીએ.

## ૯. કેન્ટીન :

અમોએ કેન્ટીનની મુલાકાત લીધી હતી.

યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું મહદ્‌અંશે પાલન થયું છે એમ જણાય છે.

## ૧૦. યુનિવર્સિટી હોસ્ટેલ્સ :

હોસ્ટેલના ડેડ સ્ટૉક રજિસ્ટરમાં ૧૯૭૫-૭૬ પછી અત્યાર સુધી ભૌતિક ચકાસણી કરનાર અધિકારીની સહી ન હતી એવી ફરિયાદ હતી. તેનો તા. ૩૧-૩-૧૯૮૨ સુધીમાં નિકાલ થયો છે અને યોગ્ય અધિકારીશ્રીની સહી થઈ છે.

કેટલાંક વર્ષોથી કંડમ કરવાનાં વાસણોને તથા અન્ય ફર્નિચરને ડેડસ્ટૉક રજિસ્ટરમાંથી કાઢી નાખવા અધિકૃત વ્યક્તિને સત્તા આપવાની કાર્યવાહી કરવા ભલામણ છે.

ઓડિટના વર્ષમાં હોસ્ટેલના વિદ્યાર્થીઓના ભોજન બિલનાં નાણાં નિયમ પ્રમાણે અપવાદરૂપ એક બે કિસ્સાઓ સિવાય બીજે કે ત્રીજે દિવસે બેંકમાં જમા થયેલ માલૂમ પડયાં છે, જે આવકારદાયક બીના છે.

## ૧૧. ડેડસ્ટૉક ભૌતિક ચકાસણી બાબતે :

યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ વિભાગ દ્વારા દર વર્ષે હિસાબી વર્ષનો આખર તારીખમાં ડેડસ્ટૉકની ભૌતિક ચકાસણી કરવામાં આવે છે.

યુનિવર્સિટીની જુદી જુદી શાખાઓએ રાખેલ ડેડસ્ટૉક રજિસ્ટરોની અચાનક અને વ્યવસ્થિત ચકાસણી એસ્ટેટ વિભાગ તરફથી કરવાની કોઈ પ્રણાલિકા જણાતી નથી. તો અમારી ભલામણ છે કે એસ્ટેટ વિભાગ તરફથી યુનિવર્સિટી કાર્યાલય ઉપરાંત બીજી કોઈ પણ જગાએ એસ્ટેટ વિભાગ દ્વારા

અત્યાર સુધી ખરીદાયેલ ચીજવસ્તુઓની ભૌતિક ચકાસણીનું કામ ઓછામાં ઓછાં દર ત્રણ વર્ષે એક વાર થવું જોઇએ. વર્ષોથી પડેલાં બિનઉપયોગી સાધનોને રદબાતલ કરવા માટેના નિયમો મુજબ મળેલી સત્તા અનુસાર ઘટતું કરવા ભલામણ છે.

## ૧૨. એન. એસ. એસ. વિભાગ :

એન. એસ. એસ. વિભાગનાં કેટલાંક સાધનો ડી.પી.ઈ. વિભાગ યુવક કલ્યાણ કેન્દ્ર તથા કોલેજોને ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી પૂર્વ મંજૂરી લઈને આપવામાં આવ્યાં છે. તે બાબતમાં યુનિવર્સિટીના ઓડિટ જે વાંધો ઉપસ્થિત કર્યો છે તે અમોને વાજબી જણાય છે. તે સિવાય પણ જે કોલેજોને સાધનો આપવામાં આવ્યાં છે તેની યાદી જોવા મળી છે. કયા ધોરણસર આ કોલેજોની પસંદગી કરવામાં આવી છે તેની નોંધ જોવા મળી નથી તથા જે તે કોલેજો પાસેથી મળેલ સાધનોનું પ્રમાણપત્ર પણ જોવા મળેલ નથી.

સાધનો તબદીલ કરનારની કે લેનારની પણ કોઈ જ અધિકૃત સહી જોવા મળતી નથી.

આ બાબતને અમો ઘણી જ ગંભીર લેખીએ છીએ.

અમોએ સને ૧૯૮૧-૮૨ના હિસાબો અંગેની યુનિવર્સિટી ઑડિટર્સ મે. લાખિયા ઍન્ડ કું.ની ઑડિટ નોંધ જોઈ છે. તે અંગે જરૂરી જે તે વિભાગના અધિકારીઓ સાથે રૂબરૂ ચર્ચા કરી હતી.

ઑડિટ નોંધ અંગે દર્શાવેલ ક્ષતિઓ માટે ઘટતી કાર્યવાહી સત્વરે કરવા ભલામણ છે.

હિસાબ વિભાગ તરફથી જરૂરી માહિતી તથા સંતોષકારક ખુલાસાઓ અમોને પૂરાં પાડવા માટે ડેવલપમેન્ટ ઑફિસર તથા ઑફિસિયેટિંગ ચીફ એકાઉન્ટ્સ ઑફિસર અને તેમના સ્ટાફનો અમોને મળેલા સહકાર બદલ અમો આભાર માનીએ છીએ.

પ્રિ. જશભાઈ જી. પટેલ
શ્રી. ભગવતશરણ અગ્રવાલ
શ્રી. નગીનભાઈ એસ. શાહ

પરિશિષ્ટ 'અ–૧' અને 'અ–૨'
કામકાજ ક્રમાંક ૨(અ)

પરિશિષ્ટ 'અ–૧'

પ્રશ્નોત્તર ક્રમાંક ૧થી ૧૫૦ (તા. ૩૦–૩–૧૯૮૩)

# પ્રશ્નોત્તરી

*નીચેના સભ્યોએ પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(*પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવેલ છે.)

**[૧] શ્રી. એ. ટી. અજમેરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :**

પ્રશ્ન ૧ : આગાઉ યુનિવર્સિટી કોર્ટ સભાઓમાં પુછાયેલા કેટલાય પ્રશ્નોના જવાબ સ્ટે. ૩૧ (૨)ની જોગવાઈ દર્શાવી ઈન્કારાયા છે. ઈન્કારનાં કારણોમાં પ્રશ્નની અસ્પષ્ટતા, વ્યાપકતા, સંદિગ્ધતા, ૫ વર્ષની મર્યાદા પહેલાંની માહિતી માગવી. આક્ષેપ, કાર્યક્ષેત્ર બહારના હોવા, અભિપ્રાયાત્મકતા, પૂર્વપક્ષાત્મકતા, પરીક્ષા અંગેના હોવાથી ગોપનીયતા આદિ બતાવવામાં આવે છે. ઘણી વખત પ્રશ્નોના જવાબો સહેજ ઉદાર વલણ દાખવી આપી શકાય તેમ છે. માફ કરશો, કયારેક એવું જોવામાં આવ્યું છે કે, સ્ટેચ્યૂટની જોગવાઈને સ્થિતિચુસ્તતાથી શુભાશય ત્યાગી શબ્દાર્થને વળગી રહી પ્રશ્નોના જવાબો નિવારાયા હોય. આ અને હવે પછી કોર્ટ સભામાં પ્રશ્નોના જવાબમાં વિધાયક, પ્રોત્સાહક અને ઉદાર વલણ અપનાવવામાં આવશે ? કોર્ટના કેટલાક માનનીય સભ્યોના ક્ષતિયુકત રીતે પણ સાફ દિલથી પુછાયેલા પ્રશ્નોના જવાબો આપવામાં શા માટે મુશ્કેલી અનુભવાવી જોઈએ ?

ઉત્તર ૧ : કોર્ટના સભ્યોની સાફદિલી અંગે શંકા નથી તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે સંબંધ કરતા સ્ટેચ્યૂટની જોગવાઈ મુજબ પ્રશ્નોના ઉત્તરો દ્વારા આપી શકાય તે માહિતી આપવામાં કોઈ મુશ્કેલી અનુભવાતી નથી.

પ્રશ્ન ૨ : સંલગ્ન કોલેજો અને અન્ય માન્ય સંસ્થાઓમાં કર્મચારીઓનાં પ્રોવિડન્ટ ફંડ અંગે યુનિવર્સિટીને અંદાજે કેટલી ફરિયાદો ૧૯૮૨-૮૩ના વર્ષ દરમ્યાન મળી હતી ?

ઉત્તર ૨ : નવ.

પ્રશ્ન ૩ : એલ.આઈ.સી.ના અહેવાલોમાં આ અંગે કયા કયા મુદ્દાઓ પરત્વે ફરિયાદ નોંધવામાં આવી છે ?

ઉત્તર ૩ : કોઈ ચોક્કસ કેસ અંગે માહિતી પૂછવામાં આવે તો તે બાબતમાં તપાસ કરીને ઘટતી માહિતી આપી શકાશે.

પ્રશ્ન ૪ : પ્રોવિડન્ટ ફંડ ઉપર વ્યાજ આપવા માટે સરકારે વ્યાજનો પ્રવર્તમાન કેટલો દર નક્કી કરેલ છે ?

ઉત્તર ૪ : સદરહુ બાબત અંગે હાલ પ્રવર્તમાન દર નીચે મુજબ છે :

રૂ. ૩૫,૦૦૦/- અથવા તેની નીચે ૯% તથા

રૂ. ૩૫,૦૦૦/-થી ઉપરની રકમ માટે ૮ ૧/૨%.

પ્રશ્ન ૫ : પ્રત્યેક સંલગ્ન કોલેજે આ વ્યાજનો દર સ્વીકારવો ફરજિયાત નથી ?

ઉત્તર ૫ : હા, જી.

પ્રશ્ન ૬ : જો "ના" તો શા માટે ?

ઉત્તર ૬ : ઉપર પ્રશ્ન ૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : યુનિવર્સિટી પોતાના કર્મચારીઓને પ્રોવિડંટ ફંડ ઉપર કેટલું વ્યાજ આપે છે ?

ઉત્તર ૭ : રૂ. ૩૫,૦૦૦/- સુધીની જમા થાપણ ઉપર ૯% અને

રૂ. ૩૫,૦૦૦/- ઉપરની જમા થાપણ ઉપર ૮ ૧/૨% વ્યાજ મળવાપાત્ર છે.

પ્રશ્ન ૮ : પ્રોવિડન્ટ ફંડ નીચેના પ્રત્યેક મુદ્દા પરત્વે યુનિવર્સિટીને કેટલી ફરિયાદ મળી છે ? (જેટલી સમયમર્યાદાની માહિતી આપી શકો તેટલી આપવા વિનંતી છે.)

(૧) પ્રોવિન્ડટ ફંડની રચના જ કરી ન હોય તેવી સંલગ્ન કોલેજો આદિ સંસ્થાઓની સંખ્યા.

(૨) પ્રોવિડન્ટ ફંડનું રજિસ્ટ્રેશન કરવામાં ન આવ્યું હોય તેવી સંસ્થાઓની સંખ્યા.

(૩) પ્રોવિડન્ટ ફંડના હિસાબો તૈયાર ન હોય તેવી સંસ્થાઓની સંખ્યા.

(૪) પ્રોવિડન્ટ ફંડની રચના પહેલાં અને/અથવા પછી પ્રોવિડન્ટ ફંડની રકમ સંસ્થા પાસે રહી હોય અને બેંકમાં ન જમા કરાવી હોય અને બેંકમાં જમા કરાવી હોય તેવી સંસ્થાઓની સંખ્યા.

(૫) પ્રોવિડન્ટ ફંડ ઉપર નિશ્ચિત વ્યાજ દરથી ઓછું વ્યાજ અપાતું હોય તેવી સંસ્થાઓની સંખ્યા.

(૬) પ્રોવિડન્ટ ફંડ અંગે ઉપર્યુકત સિવાયની અન્ય ફરિયાદો મળી હોય તેવા પ્રકારની સંસ્થાઓની સંખ્યા.

(૭) જ્યાં ટ્રસ્ટો અવારનવાર બદલાયાં હોય અને તે તે સમયની પ્રોવિડન્ટ ફંડની રકમ અંગેની જવાબદારી અંગે પ્રશ્નો ઉપસ્થિત થયા હોય તેવી સંસ્થાઓની સંખ્યા.

ઉત્તર ૮ : ફરિયાદ મળવા બાબતમાં માહિતી નીચે મુજબ છે :

૧ થી ૩. એક પણ નહિ

૪. એક

૫. એક પણ નહિ

૬. આઠ

૭. એક પણ નહિ.

પ્રશ્ન ૯ : પ્રત્યેક સંલગ્ન કૉલેજ માટે પ્રૉવિડન્ટ ફંડની રચના અને વ્યવસ્થાના એક જ નિયમો છે ?

પ્રશ્ન ૧૦ : કે તે માટે સાર્વત્રિક માળખું નક્કી થયું છે ?

અને

પ્રશ્ન ૧૧ : જો "હા", તો તેની વિગતો આપશો.

અને

પ્રશ્ન ૧૨ : પ્રૉવિડન્ટ ફંડ માટે નિયમો બનાવી તે યુનિવર્સિટી પાસે માન્ય કરાવવાના હોય છે

અને

પ્રશ્ન ૧૩ : પ્રૉવિડન્ટ ફંડ કમિટી ઉપર સંલગ્ન કૉલેજોએ કોને કોને નીમવાના હોય છે ?

અને

પ્રશ્ન ૧૪ : પ્રૉવિડન્ટ ફંડનો કૉલેજોમાં ગેરવહીવટ ન થાય તે માટે યુનિવર્સિટી કઈ રીતે શી તકેદારી રાખે છે ?

ઉત્તર ૯થી ૧૪ : એમ્પ્લોઈઝ પ્રૉવિડન્ટ ફન્ડ્ઝ ઍન્ડ મિસેલેનિયસ પ્રૉવિડન્ટ ફન્ડ્ઝ ઍક્ટ, ૧૯૫૨ની જોગવાઈઓ તા. ૧–૪–૧૯૮૨થી કૉલેજોને પણ લાગુ પાડવામાં આવેલ છે.

પ્રશ્ન ૧૫ : શિક્ષણશાસ્ત્રની કૉલેજોના સંબંધમાં પ્રૉવિડંટ ફંડ અંગે નીચેની માહિતી આપી આભારી કરશો :

(૧) પ્રૉવિડન્ટ ફંડની રચના કયા વર્ષે કરવામાં આવી ?

(૨) તે માટે રજિસ્ટ્રેશન થયું હોય તો કયારે થયું ? ન થયું હોય તો શા માટે નથી થયું ?

(૩) હાલ પ્રૉવિડન્ટ ફંડ કમિટી ઉપર કઈ કઈ વ્યકિત કઈ હેસિયત(હોદ્દો)થી છે?

(૪) સરકારની તિજોરીમાં કેટલી રકમ જમે કરાવી ?

(૫) સંસ્થા પાસે રહી ગયેલી પણ બૅંકમાં નહીં જમા કરાયેલી રકમ કેટલી છે ? તે કયારે જમા કરાવવામાં આવશે ?

(૬) સંસ્થા પાસે બૅંકમાં ફિક્સ ડિપૉઝિટ રૂપે અને ખાતામાં (બંનેમાં અલગ અલગ) કુલ કેટલી રકમ છે ?

(૭) સંસ્થા પાસેની રકમનો સંસ્થાના પોતાના કે નિયમ વિરુદ્ધનાં કામો માટે થયો હોય તો કેટલો (કેટલી રકમનો) ઉપયોગ થયો ?

(૮) સંસ્થાને બૅંક પાસેથી ફિક્સ ડિપૉઝિટ ઉપર અને સેવિંગ્સ ખાતામાં કયા કયા દરે વ્યાજ મળે છે ?

(૯) સંસ્થા કર્મચારીઓને કયા દરે વ્યાજ આપે છે ? જો આ વ્યાજ બૅંકથી મળતા વ્યાજથી ઓછું હોય તો બાકીનું વ્યાજ કયાં જમા થાય છે ? તે કોને કયારે મળશે ?

(૧૦) પ્રૉવિડન્ટ ફંડનું ખાતું કઈ બૅંકમાં છે ? કયા નંબરથી છે ? કઈ વ્યકિતઓની સહીથી તેમાંથી રકમ ઉપાડવાની વ્યવસ્થા છે ?

(૧૧) કર્મચારીઓ તરફથી ૧૯૮૨-૮૩ના ગાળા દરમ્યાન લોન માટે કેટલી અરજીઓ આવી ? કેટલી અરજીઓ શા માટે ઈન્કારવામાં આવી ?

ઉત્તર ૧૫ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬ : હાલ પ્રોવિડન્ટ ફંડના વહીવટ અંગે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને કૉલેજ કક્ષાએ શી સ્થિતિ પ્રવર્તે છે?

ઉત્તર ૧૬ : ઉપર પ્રશ્ન નં. ૯થી ૧૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭ : કોઈ કૉલેજ એકાએક બંધ થઈ જાય અને પ્રોવિડન્ટ ફંડ અંગે વ્યવસ્થા પ્રવર્તતી હોય તો સંલગ્ન કૉલેજોનાં હિતોના રખેવાળ તરીકે યુનિવર્સિટી આ અંગે શું કરી શકે? (આ ભય નીચે કેટલીક કૉલેજોના કર્મચારીઓ જીવે છે માટે આ પ્રશ્નને હાયપોથિકલ ગણી જવાબ ન નિવારવા અને તે માટે સ્ટેચ્યુટરી શી જોગવાઈ છે તે જણાવવા વિનંતી છે.)

ઉત્તર ૧૭ . કૉલેજ એકાએક બંધ થઈ ના જાય તે માટે ઑર્ડિ. ૧૨૦-ઈ ઘડવામાં આવેલ છે. બાકી સંલગ્ન કૉલેજોમાં કર્મચારી વર્ગના પ્રૉવિડંટ ફંડની વ્યવસ્થા, હવે ઉપર પ્રશ્ન નં. ૧૬ના ઉત્તરમાં જણાવ્યું છે તે પ્રમાણે, પ્રૉવિડંટ ફંડ કમિશનરના કાર્યાલય દ્વારા કરવાની રહે છે

પ્રશ્ન ૧૮ : યુનિવર્સિટીએ જાહેર કરેલી બધી રજાઓ સંસ્થાઓએ પાળવી ફરજિયાત નથી ?

ઉત્તર ૧૮ : ના, જી.

પ્રશ્ન ૧૯ : સંસ્થાઓ તે ન પાળે તો યુનિવર્સિટી તેમની સામે શું પગલાં લે ?

ઉત્તર ૧૯ : ઉપર પ્રશ્ન નં. ૧૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦ : પ્રૉવિડંટ ફંડ અંગેના ઘણાખરા પ્રશ્નોનું ઉદ્ભવસ્થાન બધા જ કર્મચારીઓનો પ્રૉવિડંટ ફંડફાળો ભેગો કરી એક જ બૅંક એકાઉન્ટમાં પ્રૉ. ફંડ કમિટીના અમુક સભ્યોની સહીની લેવડદેવડની મૂકવાની વ્યવસ્થામાં છે. આના બદલે માધ્યમિક શાળાની જેમ પ્રત્યેક કર્મચારીનો સ્વતંત્ર પ્રૉવિડંટ ફંડ એકાઉન્ટ પોસ્ટ ઑફિસ કે બૅંકમાં ખોલાવવાની વ્યવસ્થા આડે શા અંતરાયો છે ?

ઉત્તર ૨૦ : ઉપર પ્રશ્ન ૧૬નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨૧ : જે ટ્રિબ્યુનલ કેસોમાં યુનિવર્સિટી એક પક્ષકાર તરીકે સામેલ હોય તે કેસોના ચુકાદાઓ અતિ સંક્ષેપમાં તારણ રૂપે આપશો ? બની શકે તો તે ચુકાદાઓનાં સંક્ષિપ્ત તારણો નીચે વિગતો સાથે અપાય તો આભારી થઈશ :

૧. વાદીનું નામ
૨. પ્રતિવાદીનું નામ
૩. કેસનો નંબર
૪. કેસ દાખલ થયા તારીખ
૫. કેસના ચુકાદાની તારીખ
૬. કેસનો ચુકાદો અતિસંક્ષેપમાં.

ઉત્તર ૨૧ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨ : કોર્ટ સભાની કાર્યવાહી ધ્વનિમુદ્રિત કરાવવાની જરૂરિયાત ઘણી વાર જણાઈ આવી છે. તેમ કરવામાં કઈ આર્થિક અને વ્યવસ્થાની મુશ્કેલીઓ અનુભવાય છે

ઉત્તર ૨૨ : પ્રશ્નના પૂર્વાર્ધમાં રહેલ ગૃહીત જોતાં તેના ઉત્તરાર્ધનો જવાબ આપવાનું બની શકે તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૩ : મેડિકલ ઍલાવન્સના સંબંધમાં વિકલ્પ પસંદગી અંગે હાલ શી સ્થિતિ પ્રવર્તે છે ?

ઉત્તર ૨૩ : મેડિકલ ઍલાવન્સ અંગે યુનિવર્સિટીના કર્મચારીઓ માટે નીચે મુજબની પરિસ્થિતિ પ્રવર્તે છે :

(૧) કેટલાક કર્મચારીઓએ માસિક રૂ. ૧૫/– મેડિકલ ઍલાવન્સ માટેનો વિકલ્પ પસંદ કરેલો છે, તો

(૨) બીજા કેટલાક કર્મચારીઓએ તબીબી સારવાર માટેનાં દવાઓનાં બિલોનાં નાણાં મજરે મેળવવાનો વિકલ્પ આપેલ છે.

ઉપરોક્ત વિકલ્પ દર વર્ષે એપ્રિલ માસમાં બદલી શકાય છે.

પ્રશ્ન ૨૪ : (૧) તા. ૧–૪–૧૯૮૨થી આજદિન સુધી શિક્ષણશાસ્ત્રની કોલેજોને દરેક હપતામાં કુલ કેટલી ગ્રાન્ટ મળી ?

(૨) દરેક હપતામાં નિભાવ ગ્રાન્ટ કેટલી મળી ?

પ્રશ્ન ૨૫ : દરેક હપતામાં એલ.ટી.સી., મેડિકલ એઈડ, આદિ અન્ય કઈ કઈ બાબતો માટે કેટકેટલી ગ્રાન્ટ મળી ?

પ્રશ્ન ૨૬ : પ્રશ્ન ૨૫ની બાબતો માટે અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓની દરેક બાબત (એલ.ટી.સી., મેડિકલ એઈડ) માટે કુલ કેટલી રકમ વપરાઈ ?

પ્રશ્ન ૨૭ : પ્રશ્ન ૨૬ પ્રમાણે ગ્રાન્ટની રકમ વહેંચતાં કેટલી ગ્રાન્ટ વધી કે ઘટી ?

પ્રશ્ન ૨૮ : ગ્રાન્ટ વધી તો તેને અલગ સુરક્ષિત રીતે જમા રાખી કે અન્ય હેતુઓ માટે તેનો ઉપયોગ કર્યો ?

પ્રશ્ન ૨૯ : ગ્રાન્ટ ઘટી તો અધ્યાપકો-બિનશૈક્ષણિક કર્મચારીઓની એલ.ટી.સી., મેડિકલ બિલ આદિ માગણીઓનો કેવી રીતે ઉકેલ કર્યો ?

પ્રશ્ન ૩૦ : જો નકારવામાં આવી હોય તો એલ.ટી.સી., મેડિકલ એઈડ આદિ માગણીઓને શાથી નકારવામાં આવી ?

ઉત્તર ૨૪થી ૩૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે પરિશિષ્ટ "૩" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૧ : ૧૯૮૨–૮૩ વર્ષમાં બી.એડ. પ્રવેશ માટે મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, પર્શિયન આદિ વિષયો સાથે સ્નાતક કે અનુસ્નાતક થયેલા પ્રવેશાર્થીઓને તે વિષયોના અધ્યાપકોની તથા તે વિષયોની પદ્ધતિ (Methods)ની જોગવાઈના અભાવના કારણે નિયમ શિથિલ કરી પ્રવેશ આપવો પડ્યો. જૂન ૧૯૮૩થી એવા પ્રવેશાર્થીઓને નિયમમાં રહીને પ્રવેશ આપી શકવા માટે તે વિષયોની પદ્ધતિઓના શિક્ષણની જોગવાઈ કરવા થોડી પણ કઈ કઈ શિક્ષણશાસ્ત્રની કોલેજોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે?

ઉત્તર ૩૧ : કોઈ ચોક્કસ પ્રસ્તાવ આવ્યેથી તે અંગે વિચારણા કરી શકાશે.

પ્રશ્ન ૩૨ : શિક્ષણની અભ્યાસસમિતિમાં આ વિષયોની પદ્ધતિઓની જોગવાઈ માટે કોઈ ઠરાવ ચર્ચા માટે આવ્યો હતો ?

ઉત્તર ૩૨ : હા, જી.

પ્રશ્ન ૩૩ : જો "હા", તો શો નિર્ણય લેવામાં આવ્યો ?

ઉત્તર ૩૩ : સદરહુ બાબતના સંદર્ભમાં શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૩–૧૦–૧૯૮૦ની સભામાં નીચે મુજબ ઠરાવ થયો છે :

"બી.એડ.માં રાજ્યશાસ્ત્રનો મેથડનો અભ્યાસક્રમ દાખલ કરવાની રાજ્યશાસ્ત્રની અભ્યાસસમિતિનાં સૂચનોનો આ અભ્યાસસમિતિ સૈદ્ધાંતિક સ્વીકાર કરે છે."

તે ઉપરાંત શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૪–૧૦–૧૯૮૨ની સભામાં નવો અભ્યાસક્રમ તૈયાર થાય ત્યારે ગૃહવિજ્ઞાન વિષયની મેથડનો અભ્યાસક્રમ તૈયાર કરવા ઠરાવ્યું છે.

મનોવિજ્ઞાન એક વિષયપદ્ધતિ તરીકે દાખલ કરવાનું સૂચન નવા અભ્યાસક્રમ અંગે વિચારીએ ત્યારે વિચારવાનું શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૫-૯–૧૯૮૧ની સભામાં નક્કી થયું છે.

પ્રશ્ન ૩૪ : જો અભ્યાસસમિતિ કક્ષાએ કશો નિર્ણય ન થઈ શક્યો હોય તો કુલપતિશ્રી પોતાને પ્રાપ્ત સત્તા દ્વારા આ બાબતમાં કોઈ વિધાયક નિર્ણય લેવા વિચારે છે?

ઉત્તર ૩૪ : તે અંગે ચોક્કસ પ્રસ્તાવ કે સૂચન આવ્યેથી તે અંગે ઘટતી વિચારણા કરી શકાશે.

પ્રશ્ન ૩૫ : માધ્યમિક શાળાઓની જેમ એલ.ટી.સી. અને મેડિકલ એલાવન્સની રકમ સીધી પે બિલમાં આવરી લેવા માટે સરકારશ્રીને સમજાવવાના યુનિવર્સિટીએ શા પ્રયત્નો કર્યા છે ?

ઉત્તર ૩૫ : મેડિકલ એલાવન્સ પે બિલમાં આકારવામાં આવે છે, જ્યારે એલ.ટી.સી. મુસાફરી-ભથ્થું હોવાથી મુસાફરી-ભથ્થા બિલમાં આકારવામાં આવે છે. માધ્યમિક શાળાઓની જેમ પદ્ધતિ અપનાવવા માટેનો કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીની વિચારણા માટે આવેલ નથી.

પ્રશ્ન ૩૬ : પોતાના ઉચ્ચતર ક્રેડિટ ગુણ હોવા છતાં પોતાને પરીક્ષક, મોડરેટર, પ્રાશ્નિક કે ચેરમેન આદિ થવા બાબતમાં થયેલ અન્યાય અંગે શિક્ષણશાસ્ત્રની કોલેજોના અધ્યાપકો તરફથી કોઈ ફરિયાદો યુનિવર્સિટીને મળી છે ? તે ફરિયાદોમાં તથ્ય હતું ?

ઉત્તર ૩૬ : પ્રશ્નમાં ચોક્કસ વિગતોને અભાવે તેનો ઉત્તર આપવાનું બની શક્યું નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૩૭ : તે ફરિયાદોનો શો ઉકેલ આવ્યો ?

ઉત્તર ૩૭ : પ્રશ્ન નં. ૩૬નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૮ : ૧૯૮૩માં લેવાનાર બી.એડ.ની પરીક્ષા માટે ક્રેડિટ ગુણની સીનિયોરિટીની યાદી સર્વસામાન્ય બનાવવામાં આવી છે કે વિષયવાર ?

ઉત્તર ૩૮ : બી.એડ. પરીક્ષા માટે યાદી ક્રેડિટ પ્રમાણે સર્વસામાન્ય છે; પરંતુ પેનલમાં વિષયવાર યાદી અભ્યાસસમિતિએ આપી છે અને પ્રત્યેક શિક્ષકના નામની સામે જે તે વિષયના શિક્ષણનો અનુભવ દર્શાવેલ છે.

પ્રશ્ન ૩૯ : જો "વિષયવાર યાદી" હોય તો પોતે કયા વિષયમાં પરીક્ષણ કાર્ય કરવા માગે છે એવું અધ્યાપકોને પૂછવામાં આવ્યું છે ?

ઉત્તર ૩૯ : ના, જી.

પ્રશ્ન ૪૦ : કે પછી અધ્યાપકોની વિષયવાર યાદી બનાવવાનું કામ જે તે જવાબદાર વ્યક્તિની શુદ્ધબુદ્ધિ ઉપર છોડી દેવામાં આવ્યું છે ?

ઉત્તર ૪૦ : પ્રશ્ન નં. ૩૮માં જણાવ્યા પ્રમાણે વિષયવાર યાદી અભ્યાસસમિતિએ બનાવીને આપી છે.

પ્રશ્ન ૪૧ : અને તે વ્યક્તિ કયા આધારે શુદ્ધબુદ્ધિથી કામ કરશે ? (પોતાની પ્રાતિપાત્ર વ્યક્તિને ચેરમેન બનાવવામાં અંતરાયરૂપ વધુ ક્રેડિટગુણ ધરાવતી અધ્યાપકવ્યક્તિને અન્ય વિષયોની યાદીમાં બનાવી સમાવી લીધાના બનાવો ભૂતકાળમાં બન્યા છે.)

ઉત્તર ૪૧ : પ્રશ્ન ૪૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૨ : શિક્ષણશાસ્ત્રની કોલેજોમાં (પ્રત્યેક કોલેજવાર) ૧૦ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને ૧૦ કે તેથી વધુ વર્ષનો અનુભવ ધરાવતા અધ્યાપકોની સંખ્યા કેટલી છે ?
(આ પત્ર મળ્યાની તારીખ લક્ષમાં રાખી પ્રશ્નનો જવાબ આપવા વિનંતી છે.)

ઉત્તર ૪૨ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે પરિશિષ્ટ "જ" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૩ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૪-૭-૧૯૮૧ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૫૦ કોણે રજૂ કર્યો હતો ?

ઉત્તર ૪૩ : સામાન્ય રીતે કોઈનો પ્રસ્તાવ રજૂ કરવાનો હોતો નથી, તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૪–૭–૧૯૮૧ની સભામાં બા. ક્ર. ૧૫૦થી બી.એડ.ના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો પ્રશ્ન વિચારાય તે હતો.

પ્રશ્ન ૪૪ : એ ઠરાવની ભૂમિકા શી હતી?

ઉત્તર ૪૪ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તે સભાની નોંધમાં ઠરાવની ભૂમિકાનો ઉલ્લેખ નથી.

પ્રશ્ન ૪૫ : યુનિવર્સિટી કોર્ટ સભાની કાર્યસૂચિ પૂરી કરવા બીજા કે ત્રીજા દિવસ સુધી કોર્ટ સભા લંબાવવા શી મુશ્કેલીઓ છે?

ઉત્તર ૪૫ : યુનિવર્સિટી કોર્ટની સભાના કામકાજની વિચારણા તે અંગેનાં ધારાધોરણો અનુસાર કરવામાં આવે છે, એમાં મુશ્કેલીઓનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૪૬ : શિક્ષણશાસ્ત્રની કોલેજોમાં જૂન ૧૯૮૨ના પહેલા સત્ર માટે જે ફી તાલીમાર્થીઓ પાસેથી ઉઘરાવવામાં આવી તેની વિગતો નીચેના મુદ્દા ધ્યાનમાં રાખી જણાવવા વિનંતી :

| | |
|---|---|
| ૧. પ્રવેશપત્રની ફી | ૭. કોશન મની |
| ૨. ટ્યુશન ફી | ૮. સ્ટેશનરી ચાર્જીઝ |
| ૩. સ્ટુડન્ટ્સ યુનિયન ફી | ૯. પુવર બૉય્ઝ લાઇબ્રેરી ફી |
| ૪. જિમખાના ફી | ૧૦. પુવર બૉય્ઝ લાઇબ્રેરી માટે ડેપ્રીસિયેશન ફી |
| ૫. લાઇબ્રેરી ફી | ૧૧. અન્ય કોઈ ફી (નામ સાથે દા.ત., વિકાસ ફી વગેરે) |
| ૬. યુનિવર્સિટી રજિસ્ટ્રેશન ફી | ૧૨. કુલ ફી |

ઉત્તર ૪૬ : સદરહુ બાબત અંગેની ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૭ : સંલગ્ન કોલેજમાં કોઈ અધ્યાપક લગભગ પૂરા વર્ષ માટે ગેરહાજર રહે અને કોઈ અધ્યાપક પૂરા છ માસ અથવા પૂરા સત્ર માટે કોમ્યુટેડ લીવ ઉપર હોય તો તેમનો કાર્યબોજ અન્ય અધ્યાપકો ઉપર ન પડે તે માટે તેમની જગ્યાએ કોઈ અધ્યાપકની નિમણૂક માટે શી યુનિવર્સિટી જોગવાઈ છે?

ઉત્તર ૪૭ : માંદગીના કારણસર કોઈ શિક્ષક એક માસ કરતાં વધારે સમય માટે રજા ઉપર હોય અને એ જ વિષયના બીજા ત્રણ કરતાં વધારે શિક્ષકો તે કૉલેજમાં ન હોય તો તેને બદલે અવેજીમાં જે જગ્યા પુરાય, તે અને આ જ શરતે સ્ત્રી શિક્ષક કર્મચારી પ્રસૂતિની રજા પર જાય ત્યારે અવેજી તરીકે નિમાયેલ વ્યક્તિનો પગાર ગ્રાન્ટ-પાત્ર ગણવો તે અંગેનો રાજ્ય સરકારનો તા. ૧-૧૨-૧૯૮૨નો ઠરાવ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૧-૧૯૮૩ની સભામાં સ્વીકાર્યો છે.

પ્રશ્ન ૪૮ : સંલગ્ન કોલેજોમાં કેટલા અધ્યાપકો કેટલા સમયગાળાની કોમ્યુટેડ લીવ ઉપર ૧૯૮૨ના વર્ષ દરમ્યાન હતા?

અને

પ્રશ્ન ૪૯ : લાંબા સમયગાળાની કોમ્યુટેડ લીવ ઉપર ગયેલા અધ્યાપકોની જગ્યાએ કોઈ હંગામી અધ્યાપકની નિમણૂક કરવામાં આવેલી?

ઉત્તર ૪૮ અને ૪૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૦ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ, બોર્ડ્ઝ ઑફ સ્ટડીઝ આદિ જે સમિતિનો કાર્યસમયગાળો ત્રણ-ત્રણ વર્ષનો છે તે ધ્યાનમાં રાખી એક વ્યાવહારિક વ્યવસ્થા ખાતર યુનિવર્સિટી કોર્ટસભાનો સમયગાળો ૭ વર્ષનો કરવામાં શી મુશ્કેલીઓ છે?

ઉત્તર ૫૦ : આ પ્રશ્ન ગુજરાત રાજ્યની વિધાનસભાના સત્તાક્ષેત્રમાં આવતો હોઈ તેનો જવાબ આપવાનું બની શકયું નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૫૧ : શિક્ષણશાસ્ત્રની કઈ કોલેજોએ પોતાના કયા કયા કર્મચારીઓએ લીવ એન્કેશમેન્ટનો લાભ માગ્યો હોવા છતાં શા માટે આપ્યો નથી?

ઉત્તર ૫૧ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે **પરિશિષ્ટ "૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૨ : યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી એજ્યુકેશન એન્ડ ફિલોસોફીની સંશોધનની સ્વાભાવિક જરૂરિયાતોના ભાગરૂપે તથા સાથેસાથ યુનિવર્સિટી પરિવારનાં બાળકોની જરૂરિયાત સંતોષવા કે.જી.થી હાયર સેકન્ડરી કક્ષાની શાળા શરૂ કરવા યુનિવર્સિટી શા અંતરાયોનો અનુભવ કરી રહી છે?

ઉત્તર ૫૨ : કે.જી. થી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની શાળા શરૂ કરવાની બાબત યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતી નથી. તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે યુનિવર્સિટીના વિદ્યાભવનની સંશોધનની જરૂરિયાતના સંદર્ભમાં કોઈ ચોક્કસ પ્રસ્તાવ આવ્યેથી તે પર વિચારણા કરી શકાશે.

પ્રશ્ન ૫૩ : બી.એડ.ની માર્ચ-એપ્રિલ ૧૯૮૨ ના પરીક્ષાના પરિણામ સંબંધમાં પરીક્ષાર્થીઓની સંખ્યા કોલેજવાર નીચે પ્રમાણે આપશો:

૧. કોલેજના કુલ પરીક્ષાર્થીઓની સંખ્યા
૨. કોલેજના ડિસ્ટિંક્શન મેળવનારની સંખ્યા
૩. કોલેજના પ્રથમ વર્ગમાં પાસ થનારની સંખ્યા.

ઉત્તર ૫૩ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૪ : યુનિવર્સિટી કોર્ટની માર્ચ ૧૯૮૦ની પ્રશ્નોત્તરીના સંદર્ભમાં ૨૩ સંસ્થાઓએ તથા માર્ચ ૧૯૮૧ની પ્રશ્નોત્તરીના સંદર્ભમાં ૧૩ સંસ્થાઓએ અને માર્ચ ૧૯૮૨ની પ્રશ્નોત્તરીના સંદર્ભમાં ૧૭ સંસ્થાઓએ માહિતી આપી નથી, તો ૧૯૮૧-૮૨ના વર્ષમાં ઉપરની કઈ સંસ્થાઓમાં સ્થાનિક તપાસસમિતિઓએ લેખિત કારણો મેળવી નોંધ કરી છે ?

ઉત્તર ૫૪ : ૧૯૮૧—૮૨ના વર્ષમાં કોલેજોનાં જોડાણ માટે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિઓએ કોઈ કૉલેજ માટે લેખિત કારણો મેળવી નોંધ કરી નથી.

પ્રશ્ન ૫૫ : ઉપર્યુક્ત પ્રશ્નોત્તરીના સંબંધમાં શિક્ષણશાસ્ત્રની નીચેની કોલેજોએ તેની સામે દર્શાવેલ વર્ષો માટે માહિતી આપી નથી, તો ત્યાં ગયેલ સ્થાનિક તપાસસમિતિએ તેનાં કારણોની શી નોંધ કરી છે ?

ઉત્તર ૫૫ : ઉપર પ્રશ્ન ૫૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૬ : અને જો નોંધ ન કરી હોય તો જે તે સંસ્થાને સીધાં આ પ્રશ્નથી કારણો પૂછવામાં આવશે ?

૧. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, ૧૯૮૦, ૧૯૮૧, ૧૯૮૨
૨. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, ૧૯૮૦-૮૨
૩. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ, ૧૯૮૦
૪. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા, ૧૯૮૦
૫. એ. જી. ટીચર્સ કૉલેજ, ૧૯૮૦
૬. આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ, ૧૯૮૦
૭. શ્રી. એમ. એન. શુક્લ કૉલેજ ઑફ એજ્યુકેશન, ૧૯૮૧
૮. વૈદ્ય શ્રી. એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ૧૯૮૨
૯. શ્રી. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા, ૧૯૮૨
૧૦. શ્રી. એસ. ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા, ૧૯૮૨.

ઉત્તર ૫૬ : તે બાબતમાં હેવાલમાં કશી નોંધ જોવા મળતી નથી.

પ્રશ્ન ૫૭ : પીએચ.ડી.ની ઉપાધિ માટેનો મહાનિબંધ કઈ કઈ ભાષાઓમાં લખવાની છૂટ છે ?

ઉત્તર ૫૭ : નીચે પ્રશ્ન ૫૮ના ઉત્તરમાં ટાંકેલ જોગવાઈ જોવા વિનંતી છે

પ્રશ્ન ૫૮ : તે અંગેની જોગવાઈ ટાંકશો.

ઉત્તર ૫૮ : સંબંધકર્તા સ્ટેટ્યૂટ ૨૦૭(૧) અને (૩)ના પાઠ નીચે પ્રમાણે છે :

(1) Gujarati shall be the medium of instruction and examination.

(3) Notwithstanding anything contained in (1) above, it will be permissible for any research student to submit his thesis, at his option, in Gujarati or English or Hindi.

પ્રશ્ન ૫૯ : આવતી યુનિવર્સિટી કોર્ટ સભાની ચૂંટણી પહેલાં શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા માટે આચાર્યો, અધ્યાપકો, નોંધાયેલા સ્નાતકો અને વિદ્યાર્થીઓ માટે અલગ બેઠક ફાળવણી માટેના સંબંધિત સ્ટેચ્યૂટ્સ માર્ચ ૧૯૮૩માં મળતી કોર્ટ સભામાં સુધરાઈ જશે ?

ઉત્તર ૫૯ : શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા માટે અલગ બેઠકોની ફાળવણી કરવા માટેના જે સ્ટેચ્યૂટ્સ યુનિવર્સિટી કોર્ટની સભા સમક્ષ છે તે પર યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

પ્રશ્ન ૬૦ : યુનિવર્સિટી કોર્ટ સભા નોનકોરમ ન થાય અને સભાનું કામકાજ ચાલુ રહે અને પૂરું થાય એ માટે યુનિવર્સિટીએ કોઈ આયોજન કે વિચારણા કરી છે ?

ઉત્તર ૬૦ : આ માટેનું આયોજન કોર્ટના સભ્યો પોતે જ કરી શકે.

પ્રશ્ન ૬૧ : ગણપૂર્તિ (કોરમ) જેટલા સભાસદોને આદિથી અંત સુધી હાજર રહેવા સમજાવવા જે ઘટતું કરવું પડે તેમ કરવા શા અંતરાયો છે?

ઉત્તર ૬૧ : ઉપર પ્રશ્ન નં. ૬૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૨ : તા. ૨૫-૧-૧૯૮૩ના રોજ બહાર પડેલ ગુજરાત ઑર્ડિનન્સ-૩ (ગુજરાત યુનિવર્સિટીને લગતી બાબતો પૂરતો) ૧૯૮૩નો પૂરો પાઠ આપશો.

ઉત્તર ૬૨ : ઉપરોક્ત ઑર્ડિનન્સ ૩ (ગુજરાત યુનિવર્સિટીને લગતી બાબતો)ની નકલ યુનિવર્સિટી કોર્ટના સભ્યોને તા. ૧૪-૨-૧૯૮૩ના પરિપત્રાંક એકેડેમિક/૧૩૫૪૮૫ થી પરિપત્રિત કરવામાં આવેલ છે તેની નકલો સભાગૃહ વખતે ટેબલ પર પણ રાખવામાં આવશે.

પ્રશ્ન ૬૩ : એજ્યુકેશન કોલેજોમાં ક્યાંય પણ અંગ્રેજી માધ્યમના વર્ગો નથી તો બી.એડ. પ્રશ્નના પ્રશ્નપત્રોમાં પ્રશ્નોનું અંગ્રેજીકરણ આપવાની જરૂરિયાત શી છે ?

ઉત્તર ૬૩ : સ્ટે. ૨૦૭ મુજબ વિદ્યાર્થીને પરીક્ષામાં અંગ્રેજીના માધ્યમ તરીકે ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવેલ હોઈ પ્રશ્નપત્રના અંગ્રેજી પાઠ પણ તૈયાર કરાવવામાં આવે છે.

પ્રશ્ન ૬૪ : પરરાજ્યના માત્ર ૫% પ્રવેશાર્થીઓ ગુજરાતી માધ્યમ જાણી લેવાની શરતે પ્રવેશ લેતા હોય ત્યારે આમેય લાંબાં (પ્રશ્નપત્ર ૪ અને ૫ ૩૨ જેટલાં પાનાંનાં થાય છે.) પ્રશ્નપત્રોમાં પ્રશ્નોનું અંગ્રેજીકરણ આપીને ખોટો ખર્ચ કરવાની જરૂર શી છે ?

ઉત્તર ૬૪ : ઉપર પ્રશ્ન નં. ૬૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૫ : માસ પ્રમોશન અંગે યુનિવર્સિટીને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ન્યાય માગવા આજદિન સુધી કેટલો ખર્ચ થયો ?

ઉત્તર ૬૫ : ૧૯૮૦-૮૧ના વર્ષમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રથમ અને દ્વિતીય તથા માસ્ટર્સ પરીક્ષા વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક કરવામાં આવી હતી તેના સંદર્ભમાં વડી અદાલત તથા વરિષ્ઠ અદાલતની કાર્યવાહી અંગે ૧૯૮૨-૮૩ના વર્ષ દરમ્યાન રૂ. ૨,૭૭,૦૪૭ ખર્ચ થયો છે.

પ્રશ્ન ૬૬ : માસ પ્રમોશનના પ્રશ્ને પરીક્ષાર્થીઓને પરત કરવાની ફીની રકમ કેટલી થાય ?

ઉત્તર ૬૬ : ઉપર પ્રશ્ન ૬૫ના ઉત્તરમાં જણાવેલ પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓની પરીક્ષા ફીની કુલ રકમ આશરે રૂ. ૨૪,૨૨,૬૩૫/– જેટલી થાય છે તે પરત કરવાનો પ્રશ્ન વરિષ્ઠ અદાલતના ચુકાદા પર અવલંબે છે.

પ્રશ્ન ૬૭ : માત્ર આટલું બાકી ન રાખી અધ્યાપકોને સંતોષ ન આપી શકાય ? એ પરીક્ષક વેતનની કુલ રકમ કેટલી થાય તેમ છે?

ઉત્તર ૬૭ : ઉપર પ્રશ્ન નં. ૬૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૮ : વધેલી મોંઘવારીના સંદર્ભમાં પ્રવર્તમાન પરીક્ષક વેતનો સુધારણા હેઠળ છે ?

ઉત્તર ૬૮ : પરીક્ષકોના પુરસ્કાર માટેના દર સુધારવાનો પ્રશ્ન હાલ યુનિવર્સિટીની વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૬૯ : જો "હા", તો તે કયારે અમલમાં આવશે ?

ઉત્તર ૬૯ : તે અંગે જરૂરી મંજૂરી આવ્યેથી.

પ્રશ્ન ૭૦ : જો મકાનની માલિકી અધ્યાપક કે તેનાં પત્નીની હોય અને તેના ઉપર કોઈ ભાડું ઉપજાવ્યું ન હોય તો રૂ. ૭૫૦ના મૂળ પગાર ઉપર ૧૫ ટકા લેખે જે રૂ. ૧૧૨–૫૦ પૈસા વધુમાં વધુ ઘરભાડું ફ્લેટ રેટ મળે છે તેને બદલે મળતા મૂળ પગારના ૧૫ ટકા લેખે તે મળી શકે. આ સરકારી જોગવાઈનો લાભ કઈ કઈ સંસ્થાઓના કેટલા અધ્યાપકોએ લીધો ?

ઉત્તર ૭૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલી માહિતી માટે પરિશિષ્ટ "૯" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૧ : અધ્યાપકો અંગેના પરિપત્રો બધા જ અને સમયસર મળતા નથી એવા વ્યાપક અસંતોષના સંદર્ભમાં ૧૯૮૨–૮૩ના વર્ષ દરમિયાન યુનિવર્સિટીએ અધ્યાપકો માટેના પરિપત્રો કયા પત્રક્રમાંકથી, કઈ તારીખે, કયા વિષય સંબંધમાં સંસ્થાઓ ઉપર મોકલેલા તેની યાદી આપશો.

ઉત્તર ૭૧ : પ્રશ્નમાં અભિપ્રેત અભિપ્રાયને પુષ્ટિ મળે એવું કાર્યાલયના દફતર પરથી ફલિત થતું નથી. પ્રશ્નમાં કયા પરિપત્રો માટે માહિતી માગવામાં આવી છે તે સ્પષ્ટ થતું ન હોઈ ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૭૨ : આજની તારીખે શિક્ષણશાસ્ત્રની કોલેજોમાં કયા કયા અધ્યાપકો હજી ટયૂટરો તરીકે વિદ્યમાન છે ?

અને

પ્રશ્ન ૭૩ : તેમનું વ્યાખ્યાતામાં કન્વર્ઝન નિયમ મુજબ કયા કયા વર્ષે થશે ?

ઉત્તર ૭૨ અને ૭૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧૦" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૪ : પ્રત્યેક વિદ્યાશાખા દીઠ આજની તારીખે કેટલા ટયૂટર/ડેમોન્સ્ટ્રેટરો છે ?

ઉત્તર ૭૪ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૫ : ૧–૬–૧૯૮૦થી ટયૂટર/ડેમોન્સ્ટ્રેટરોનું વ્યાખ્યાતામાં પરિવર્તન માટેનો જી. આર. કયારે બહાર પડશે ? સરકારશ્રી પાસેથી આની માહિતી મંગાવી શકાય.

ઉત્તર ૭૫ : તેનો ઉત્તર યુનિવર્સિટી કાર્યાલય આપી શકે નહિ તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૭૬ : યુનિવર્સિટી કોર્ટ અને અન્ય સત્તામંડળોની ચૂંટણીમાં "કવોટા"થી આગળ નીકળી ગયેલા હારેલા ઉમેદવારના બધા જ મતપત્રો પછીનો અગ્રતાક્રમ પ્રાપ્ત કરનારને પૂરેપૂરા મૂલ્ય સાથે ટ્રાન્સફર થાય તે જોગવાઈ દર્શાવતો સ્ટેચ્યૂટ અને તેમાં તે જોગવાઈ દર્શાવતી પંક્તિઓ "અધોરેખાથી" અથવા "ઇટાલિક્સ"થી દર્શાવશો ?

ઉત્તર ૭૬ : સદરહુ બાબતને સ્પર્શતા સ્ટે. ૧૬૫–ડી.નો પાઠ નીચે ટાંકયો છે :

*Provided, however, that in the case of any election, where a particular number of candidates have been specified to be elected for any particular faculty or for any category of persons to be elected such number of candidates not exceeding the number of seats so specified as have attained the numbers of votes equal to or greater than the quota, shall thereupon be declared elected.*

*It is further provided that the candidate any of the faculties or categories stated above in which the specified number of candidates to be elected are declared elected shall be deemed to be eliminated, even if some or all of them have attained the quota but could not be declared elected because of the provision of such specification of seats as stated above. and thereupon the rules governing counting of votes in respect of eliminated candidates shall apply and such eliminated candidates shall be dealt with first before the process of elimination of other candidates is taken up under the relevant statutes.*

પ્રશ્ન ૭૭ : બિનહરીફ ચૂંટાયેલા છતાં નિયમ મુજબ મતપત્રક ઉપર જેનું નામ છે અને તેવા જે બિનહરીફ ઉમેદવારને મત મળ્યા હોય તો તે મતપત્રો સ્ટેચ્યૂટની કઈ જોગવાઈ મુજબ (પૂરો સ્ટેચ્યૂટ આપો.) (૧) નિરર્થક (exhausted) બને? અથવા (૨) પછીનો અગ્રતાક્રમ પ્રાપ્ત કરનારને ટ્રાન્સફર થાય ?

ઉત્તર ૭૭ : સ્ટે. ૧૬૫ની જોગવાઈ પ્રમાણે.

પ્રશ્ન ૭૮ : ૧૯૮૨માં યોજાયેલ સંલગ્ન કૉલેજોના આચાર્યોની બેઠકો માટેની પેટાચૂંટણીમાં વિજ્ઞાન વિદ્યાશાખામાંથી પ્રિ. ગોરધનભાઈ એસ. પટેલને મળેલા મતપત્રો વિનયન અને શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખાઓમાંથી પ્રિ. ગોરધનભાઈ બી. પટેલને ખોટી રીતે ટ્રાન્સફર થયા હતા તે વાત સાચી ?

ઉત્તર ૭૮ : ના, જી.

પ્રશ્ન ૭૯ : જો તે ખોટી રીતે ટ્રાન્સફર ન થયા હોય તો પ્રિ. વી. પી. પરીખ ચૂંટાયેલા જાહેર થાત તે વાત સાચી ?

ઉત્તર ૭૯ : પ્રશ્ન નં ૭૮નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૮૦ : ચૂંટણીને પડકારતી અરજીઓ વિષે નીચે પ્રમાણે માહિતી આપવા વિનંતી છે :

૧. ચૂંટણીને પડકારતી અરજીનો નંબર અને વર્ષ
૨. કઈ કોર્ટમાં પડકારવામાં આવી ?
૩. તેના કારણે કયા સ્ટેચ્યૂટમાં શા સુધારા કરવા પડ્યા ?
૪. કેટલી અરજીઓના ચુકાદા આવવા બાકી છે !

(**નોંધ.**—ચૂંટણી અને તેના કારણે થયેલા સ્ટેચ્યૂટ સુધારા મહત્ત્વની બાબત હોઈ તેની સામે કાળમર્યાદાની જોગવાઈ ન દર્શાવવા વિનંતી છે.)

ઉત્તર ૮૦ : પ્રશ્નમાં પૂરતી વિગતોના અભાવે ઉત્તર આપવાનું શકય બન્યું નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૮૧ : યુનિવર્સિટી કોર્ટની કામકાજની યાદીમાં ઘણા સ્ટેચ્યૂટ–સુધારાના પ્રસ્તાવો હોય છે. સભાસદોનો સમય બચાવવા અને સરળતા ખાતર પણ સુધારા માટેના શબ્દો કે વાકયો કે ઉમેરણ અધોરેખા કે "ઇટાલિક્સ"થી દર્શાવવાનું આ જ કોર્ટસભાની કામકાજની યાદીથી શરૂ કરવામાં આવશે? કૃપા કરીને શરૂ કરજો જ.

ઉત્તર ૮૧ : સૂચન માટે આભાર.

પ્રશ્ન ૮૨ : ગુજરાત યુનિવર્સિટી દ્વારા શિક્ષણશાસ્ત્રની કૉલેજોને સ્પર્શતા કયા કયા પરિસંવાદો/કાર્યશિબિરોનું આયોજન કરવામાં આવ્યું ?

ઉત્તર ૮૨ : ચાલુ વર્ષે યુનિવર્સિટીના ઉપક્રમે આવા કોઈ કાર્યક્રમો યોજવામાં આવ્યા નથી.

પ્રશ્ન ૮૩ : કઈ તારીખોએ ?

અને

પ્રશ્ન ૮૪ : કઈ કઈ કૉલેજોના કયા કયા અધ્યાપકોએ તેમાં ભાગ લીધો ?

ઉત્તર ૮૩ અને ૮૪ : પ્રશ્ન ૮૨ નો ઉત્તર જોતાં આ પ્રશ્નો ઉપસ્થિત થતા નથી.

## [૨] શ્રી. સી. એમ. શેઠે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૮૫ : સમય સમય પર જાહેર થતી મોંઘવારીની રકમ સંપૂર્ણતઃ ચૂકવવામાં કેટલી અને કઈ કઈ કૉલેજો બાકી રહી છે ?

અને

પ્રશ્ન ૮૬ : તેનું શું કારણ ?

ઉત્તર ૮૫ અને ૮૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૭ : નડિયાદની કોઈ કૉલેજ તેમાં બાકી છે કે કેમ ?

ઉત્તર ૮૭ : હા, યુનિ.ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ.

પ્રશ્ન ૮૮ : સેન પગારધોરણના અમલીકરણમાં કેટલી અને કઈ કઈ કોલેજોએ રકમ ચૂકવી છે?

અને

પ્રશ્ન ૮૯ : કેટલી અને કઈ કઈ કોલેજોએ ચૂકવી નથી?

અને

પ્રશ્ન ૯૦ : તેના માટેનું શું કારણ છે?

ઉત્તર ૮૮થી ૯૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૧ : દિવાળી વેકેશન સરકારના કહ્યા પ્રમાણે લંબાવવામાં આવ્યું છે તે વાત શું સાચી છે?

ઉત્તર ૯૧ : ના, જી.

પ્રશ્ન ૯૨ : ક્રિસ્ટમસ વેકેશન છેલ્લી ઘડીએ લંબાવવાનું શું કારણ હતું?

ઉત્તર ૯૨ : તે વખતની પ્રવર્તમાન પરિસ્થિતિમાં તેમ કરવું જરૂરી લાગ્યું હતું.

પ્રશ્ન ૯૩ : વેકેશન લંબાવવામાં આવ્યું છતાં કેટલી અને કઈ કઈ કોલેજો ચાલુ રહી?

ઉત્તર ૯૩ : સદરહુ ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯૪ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલની લગભગ બધી સીટોની ચૂંટણી હોય ત્યારે પ્રશ્નોત્તરી અને ઠરાવોની ચર્ચા યોજાય તે કેટલે અંશે યોગ્ય?

ઉત્તર ૯૪ : સ્ટે. ૩૧(૧) થી (૫) મુજબ યુનિવર્સિટી કોર્ટની સભાના કામકાજની યાદીમાં સંબંધકર્તા બાબતોનો અગ્રતાક્રમ રાખવો આવશ્યક છે.

પ્રશ્ન ૯૫ : પહેલેથી તેની બીજે દિવસે યોજવાની છે એવી જાણકારી અગાઉથી કેમ કરવામાં ન આવી?

ઉત્તર ૯૫ : યુનિવર્સિટી કોર્ટની સભા એક દિવસ માટે જ રાખવામાં આવી હતી.

પ્રશ્ન ૯૬ : પ્રશ્નો અને ઠરાવોની ચર્ચા થવા વિના મીટિંગ કેન્સલ થાય તો માત્ર ચૂંટણી માટે મીટિંગ યોજી હોત તો કેવું?

ઉત્તર ૯૬ : કોર્ટની તા. ૪–૧–૧૯૮૩ની સભાની કાર્યવાહીમાં ચૂંટણી ઉપરાંત તેની ક્ષેત્ર-મર્યાદામાં આવતાં બીજા કામ પણ વિચારણા માટે રજૂ કરવાનું જરૂરી જણાયું હતું.

પ્રશ્ન ૯૭ : પ્રશ્નો/ઠરાવોને છપાવવાનો ખર્ચ બચી શકત ને?

ઉત્તર ૯૭ : કોર્ટના સભ્યોને પ્રશ્નો અને પ્રસ્તાવો રજૂ કરવાનો હક હોઈ તેમાં છાપવાના ખર્ચનો પ્રશ્ન વચ્ચે લાવી શકાય નહીં.

પ્રશ્ન ૯૮ : તે અંગેનો લગભગ કેટલો ખર્ચ થયો હશે?

ઉત્તર ૯૮ : કોર્ટના કામકાજની યાદીઓ — મૂળ અને સુધારેલી છાપવાનો ખર્ચ રૂ. ૫,૩૭૯–૩૫ જેટલો હતો.

પ્રશ્ન ૯૯ : પ્રોવિડંટ ફંડની રકમ કેટલી અને કઈ કઈ કોલેજોએ સંપૂર્ણતઃ જમા કરાવી નથી?

અને

પ્રશ્ન ૧૦૦ : કેટલી અને કઈ કઈ કૉલેજોએ અડધી જમા કરાવી છે?

અને

પ્રશ્ન ૧૦૧ : તેના માટેનાં ક્યાં કારણો છે?

અને

પ્રશ્ન ૧૦૨ : તે દિશામાં યુનિવર્સિટી કાંઈ ચોક્કસ પગલું ભરીને પ્રોવિડંટ ફંડની બધી જ રકમ સરકારમાં જમા થાય તેવું કશું કરી શકાય?

અને

પ્રશ્ન ૧૦૩ : તે દિશામાં સમજાવટનો માર્ગ અપનાવવો જરૂરી છે તે યુનિવર્સિટી કશું વિચારે છે કે કેમ?

ઉત્તર ૯૯ થી ૧૦૩ : પ્રશ્ન ૯ થી ૧૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૪ : યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના પ્રશ્નો શું હાઈકોર્ટમાં "૮૨–૮૩"ના પડેલા છે કે કેમ?

અને

પ્રશ્ન ૧૦૫ : યુનિવર્સિટીને તે અંગેની જાણકારી છે કે કેમ? તે અંગે શું યુનિવર્સિટી જાણકારી કરશે ને?

ઉત્તર ૧૦૪ થી ૧૦૫ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૬ : યુનિવર્સિટી સંલગ્ન કેટલી અને કઈ કઈ કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના "૮૨–૮૩"ના પ્રશ્નો છે કે કેમ?

ઉત્તર ૧૦૬ : પ્રશ્નમાં ક્યા પ્રશ્નો તે સ્પષ્ટ દર્શાવેલું ન હોઈ ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૦૭ : તેમાં આચાર્યશ્રી અને અધ્યાપક તથા બિનશૈક્ષણિક કર્મચારી છે કે કેમ? તેનુ નિરાકરણ થયું છે કે કેમ?

ઉત્તર ૧૦૭ : પ્રશ્ન ૧૦૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૮ : એમ.એ. અને એમ.કૉમ.માં એક્સ્ટર્નલ પરીક્ષામાં બેસનાર કેટલા વિદ્યાર્થી છે? તેઓની ફીની કુલ રકમ કેટલી?

ઉત્તર ૧૦૮ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

| પરીક્ષા | વિદ્યાર્થી સંખ્યા | ફીની આવક રૂ. |
|---|---|---|
| એમ.એ. એક્સ્ટર્નલ | ૪,૧૫૦ | ૫,૦૩,૪૩૦/— |
| એમ.કૉમ. એક્સ્ટર્નલ | ૬,૩૦૦ | ૭,૧૬,૮૦૦/— |

(તા. ૩૧—૧૨- ૧૯૮૨ સુધીના)

ઉપરોક્ત ફીમાં પરીક્ષા ફીનો પણ સમાવેશ થઈ જાય છે.

પ્રશ્ન ૧૦૯ : ફીની રકમ લીધા પછી તેઓને યુનિવર્સિટી તરફથી કશું માર્ગદર્શન મળે છે કે કેમ?

ઉત્તર ૧૦૯ : યુનિવર્સિટી તરફથી તેમને જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે તથા વિદ્યાર્થીઓને ગ્રંથાલયના ઉપયોગની સગવડ પણ ઉપલબ્ધ કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૧૦ : ભલે યુનિવર્સિટી માર્ગદર્શન ન આપે પણ તેમના નંબર અને પરીક્ષાનું સેન્ટર યુનિવર્સિટી શું જણાવી શકે નહિ?

ઉત્તર ૧૧૦ : ના, જી. યુનિવર્સિટીની બીજી રેગ્યુલર પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓના નંબરો યુનિવર્સિટીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવે છે તે જ પ્રમાણે આ વિદ્યાર્થીઓના નંબરો પણ નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવે છે.

પ્રશ્ન ૧૧૧ : યુનિવર્સિટી પરીક્ષામાં ૧૯૮૨માં મોટા પાયા પર કેટલાં અને કયાં સ્થાનો પર ચોરી થઈ હતી?

ઉત્તર ૧૧૧ : માર્ચ–એપ્રિલ ૧૯૮૨ની પરીક્ષાઓમાં પકડાયેલ ગેરરીતિઓના કેસોની સંખ્યા ૧,૯૨૦ છે.

પ્રશ્ન ૧૧૨ : તેને લઈને કેટલાં અને કયાં કયાં સેન્ટરો બંધ કરવામાં આવ્યાં છે?

ઉત્તર ૧૧૨ : ચાલુ વર્ષે કોઈ પરીક્ષા કેન્દ્ર બંધ કરવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૧૧૩ : બંધ કરેલું સેન્ટર પુન: શરૂ કરવાની વાત શું સાચી છે?

ઉત્તર ૧૧૩ : ઉપર પ્રશ્ન નં. ૧૧૨નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૪ : તેનાં શું કારણો છે?

ઉત્તર ૧૧૪ : ઉપર પ્રશ્ન નં. ૧૧૨નો જવાબ જોવા વિનંતી છે.

## [૩] શ્રી. નગીનભાઈ એસ. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧૧૫ : નવી તરાહને કારણે હજુ કેટલા અધ્યાપકો રિ-કોલ થયા વિના બાકી છે? વિષયવાર સંખ્યા જણાવવા વિનંતી.

ઉત્તર ૧૧૫ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૬ : રિ-કોલ કરવા માટે યુનિવર્સિટી દ્વારા લેવાયેલાં પગલાંની વિગતવાર માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૧૧૬ : આ અંગે ઑર્ડિ. ૧૬૫ ઘડવામાં આવ્યો છે. વધુમાં ઉમેરવાનું કે કૉલેજના સંખ્યાધિક શિક્ષકને "રિ-કૉલ" કરવાનું કામ શિક્ષણસંચાલકશ્રીના કાર્યક્ષેત્રમાં આવે છે.

પ્રશ્ન ૧૧૭ : આ બાબતે સરકારનું વલણ કેવું છે?

ઉત્તર ૧૧૭ : તેનો ઉત્તર યુનિવર્સિટી કાર્યાલય આપી શકે નહિ તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૧૮ : ઉચ્ચતર માધ્યમિકના વિજ્ઞાન પ્રવાહના વર્ગો સાયન્સ કૉલેજોને સોંપાય એવી યુનિવર્સિટી દ્વારા થયેલી ઘટતી રજૂઆતનું શું પરિણામ આવ્યું છે?

ઉત્તર ૧૧૮ : આ અંગે રાજ્ય સરકારના નિર્ણયની યુનિવર્સિટીને હજુ સુધી જાણ થઈ નથી.

પ્રશ્ન ૧૧૯ : ૧૯૮૨ માર્ચ-એપ્રિલ અને ૧૯૮૨ ઑક્ટોબરમાં લેવાયેલ પરીક્ષાઓમાં ચોરીઓ કરતાં પકડાયેલા વિદ્યાર્થીઓ વિષે નીચે મુજબની માહિતી આપવા વિનંતી :

(૧) સ્થાનિક સીનિયર-જુનિયર સુપરવાઈઝર દ્વારા પકડવામાં આવેલા કેસોની સંખ્યા અને યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પગલાંની ટૂંક માહિતી.

(૨) યુનિવર્સિટી નિયુક્ત ઑબ્ઝર્વર દ્વારા પકડવામાં આવેલ કેસોની સંખ્યા અને યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પગલાંની વિગત.

(૩) બંને પેટાપ્રશ્નોમાં સેન્ટરવાર માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૧૧૯ : તે માહિતી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.

પ્રશ્ન ૧૨૦ : ગત ખાસ કોર્ટની સભાના પ્રશ્ન ૬૦ના ઉત્તરમાં નડિયાદ કેન્દ્રના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પકડાયા છે તેવું જણાવાયેલ છે. આ સંદર્ભમાં નીચેની માહિતી આપવા વિનંતી છે :

(૧) નડિયાદમાં કેટલી કૉલેજોમાં કેન્દ્રો આપવામાં આવ્યાં હતાં? કઈ કઈ કૉલેજોમાં?

(૨) દરેક કેન્દ્રમાં પકડાયેલ વિદ્યાર્થીસંખ્યા કેટલી?

(૩) જે તે કેન્દ્રમાં પકડાયેલ વિદ્યાર્થીઓ પૈકી તે જ કૉલેજના કેટલા અને અન્ય કૉલેજોના કેટલા? કઈ કઈ કૉલેજોના?

ઉત્તર ૧૨૦ : ૧. ચાર કૉલેજોમાં કેન્દ્ર આપવામાં આવ્યાં હતાં :

(૧) સી. બી. આર્ટ્સ કૉલેજ

(૨) જે. ઍન્ડ જે. સાયન્સ કૉલેજ

(૩) આઈ. વી. કૉમર્સ કૉલેજ

(૪) સોનાવાલા લૉ કૉલેજ.

૨. સદરહુ માહિતી સભાગૃહમાં ઉપલબ્ધ કરવામાં આવશે.

૩. સદરહુ માહિતી ઉપલબ્ધ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૨૧ : યુનિવર્સિટી દ્વારા નિયુક્ત ઑબ્ઝર્વરની કાર્યપદ્ધતિ માટે કોઈ નીતિનિયમો નક્કી કર્યાં છે? જો હા, તો આપવા વિનંતી.

ઉત્તર ૧૨૧ : પરીક્ષાઓમાં ગેરરીતિઓ પર અંકુશ લાવવાના હેતુથી નિરીક્ષકોને નીમવાની પ્રથા આ યુનિવર્સિટીમાં શરૂ કરવામાં આવી છે. તે હેતુ સારી રીતે સરે તે માટે જે કાંઈ તાત્કાલિક પગલાં લેવાનું તેમને જરૂરી લાગે તે પગલાં લેવાની સામાન્ય નીતિ પ્રવર્તે છે. તે અંગેના ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી.

પ્રશ્ન ૧૨૨ : અનુસ્નાતક શિક્ષણ માટે વિજ્ઞાન વિદ્યાશાખામાં માન્ય શિક્ષકો અને મદદનીશ શિક્ષકોની વિષયવાર સંખ્યા આપવા વિનંતી.

ઉત્તર ૧૨૨ : તા. ૨૫–૨–૧૯૮૩ના રોજ પ્રવર્તતી પરિસ્થિતિ મુજબ માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય મદદનીશ અનુસ્નાતક શિક્ષકોની સંખ્યા નીચે મુજબ છે :

| | | શિક્ષક | મદદનીશ |
|---|---|---|---|
| ફિઝિક્સ | — | ૯૯ | ૩૫ |
| કેમિસ્ટ્રી | — | ૧૦૩ | ૬૭ |
| બોટની | — | ૨૮ | ૨૨ |
| ઝૂલોજી | — | ૧૨ | ૯ |
| માઈક્રોબાયોલોજી | — | ૫ | ૫ |
| જિયોલોજી | — | ૨ | ૨ |
| મૅથેમેટિક્સ | — | ૩૯ | ૨૦ |
| સ્ટેટિસ્ટિક્સ | — | ૧૭ | ૧૨ |

પ્રશ્ન ૧૨૩ : તે પૈકી કેટલાને ખરેખર અનુસ્નાતક શિક્ષણકાર્યનો લાભ મળે છે ?

ઉત્તર ૧૨૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૧૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨૪ : સંલગ્ન કોલેજોમાં અધ્યાપકોને કયા કયા પ્રકારની રજાઓ પગાર સાથે મળવાપાત્ર છે ?

અને

પ્રશ્ન ૧૨૫ : કેટલી ?

ઉત્તર ૧૨૪ અને ૧૨૫ : સંલગ્ન કોલેજોના પૂર્ણ સમયના અધ્યાપકો નીચે જણાવેલ પ્રકારની રજાઓ, તે અંગે ઘડેલાં ધારાધોરણ અનુસાર પગાર સાથે, મેળવવાને પાત્ર છે.

| રજાનો પ્રકાર | રજાની સંખ્યા |
|---|---|
| (૧) કેજ્યુઅલ લીવ | ૧૦ |
| (૨) ડયુટી લીવ | સંખ્યા નિયત કરવામાં આવી નથી. |
| (૩) સ્પે. કેજ્યુઅલ લીવ | ૧૦ થી વધારે નહિ. |
| (૪) અર્ન્ડ લીવ | (ક) (વેકેશનસહ નોકરીનો ૧/૩૦ ભાગ) (ખ) (વેકેશન દરમિયાનની સેવા માટે ૧/૩ ભાગ.) |
| (૫) હાફ પે લીવ | ૨૦ આ રજાઓ કૉમ્યુટ થઈ શકે છે. |
| (૬) સ્ટડી લીવ | ૨ વર્ષ સુધી (તે અંગેની જોગવાઈને આધીન) |
| (૭) મેટરનિટી લીવ | ૩ માસ |
| (૮) કોરેન્ટિન લીવ | ૨૧ દિવસથી વધુ નહિ, પરંતુ અપવાદ તરીકે ૩૦ દિવસ સુધી આપી શકાય. |

હંગામી શિક્ષકો ઉપરની રજાઓ નીચે દર્શાવેલ અપવાદ સાથે મેળવવાને પાત્ર છે :

| | |
|---|---|
| (૧) હક્ક રજા | નોકરીનો ૧/૬૦ ભાગની અને વેકેશન દરમિયાન કામ કર્યું હોય તો તેનો ૧/૩ ભાગ. |
| (૨) હાફ પે લીવ | ન મળી શકે. |

માનદ અને ખંડ સમયના શિક્ષકો પૂર્ણ સમયના શિક્ષકોને મળતી રજાઓ મેળવવાને પાત્ર છે.

પ્રશ્ન ૧૨૬ : યુનિવર્સિટી સ્વીકૃત રજાઓનું માળખું રાજ્ય સરકારના શિક્ષણખાતાએ સ્વીકારેલ છે ?

ઉત્તર ૧૨૬ : સંલગ્ન કોલેજો/માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે યુનિવર્સિટીએ મંજૂર કરેલા રજાઓના નિયમો માટે રાજ્ય સરકારની મંજૂરી જરૂરી નથી, એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે અનુદાનના સંદર્ભમાં રાજ્ય સરકારે તે નિયમોનો સ્વીકાર હજુ સુધી કરેલ નથી.

પ્રશ્ન ૧૨૭ : આ પ્રકારની કોલેજોએ રજા આપી હોય તેમ છતાં ડી. ઈ. તરફથી પગાર કાપવાના કે અન્ય પ્રશ્નો ઊભા થયા છે ?

ઉત્તર ૧૨૭ : હા, જી. રાજ્ય સરકારના અનુદાનના સંદર્ભમાં કેટલીક કોલેજોમાં તે અંગે પ્રશ્નો ઊભા થયા છે.

પ્રશ્ન ૧૨૮ : આ બાબતે યુનિવર્સિટીએ ક્યાં પગલાં લીધાં છે ?

ઉત્તર ૧૨૮ : તે અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવામાં આવેલી છે.

પ્રશ્ન ૧૨૯ : ડભોઈની કૉમર્સ કૉલેજ અંગેની તપાસનું શું પરિણામ આવ્યું છે ?

ઉત્તર ૧૨૯ : તે અંગે કોઈ નિર્ણય લેવાયો નથી.

પ્રશ્ન ૧૩૦ : તપાસનો રિપોર્ટ જાહેર કરવામાં આવશે ?

ઉત્તર ૧૩૦ : તે રિપોર્ટ હાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા હેઠળ હોઈ તેને જાહેર કરી શકાય તેમ નથી.

પ્રશ્ન ૧૩૧ : અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રાયોગિક કામ માટે મહેકમની જોગવાઈ કરવામાં આવનાર છે ?

ઉત્તર ૧૩૧ : આવો કોઈ પ્રસ્તાવ હાલ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૧૩૨ : ક્યા પ્રમાણમાં ?

ઉત્તર ૧૩૨ : પ્રશ્ન ૧૩૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૩ : સંલગ્ન કોલેજો માટે ૧૯૭૨થી ૧૯૭૭ના ગાળા દરમ્યાન યુનિવર્સિટીના ગ્રૅચ્યુઇટી ચુકવણીના ઠરાવ અન્વયે, ગ્રૅચ્યુઇટી ચુકવણી માટે કેટલા કેસો ટ્રિબ્યુનલ કોર્ટ સમક્ષ પડેલા છે ?

ઉત્તર ૧૩૩ : ત્રણ.

પ્રશ્ન ૧૩૪ : કઈ કઈ કોલેજોમાં આવા કેસો થયા છે ?

ઉત્તર ૧૩૪ : ક્રમાંક કોલેજનું નામ

(૧) આઈ. વી. પટેલ કોલેજ ઑફ કોમર્સ, નડિયાદ

(૨) આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કોમર્સ કોલેજ, બોરસદ

(૩) શેઠ એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત.

પ્રશ્ન ૧૩૫ : તેમાંથી કેટલા કેસોનો નિકાલ થયો છે ?

ઉત્તર ૧૩૫ : બે.

પ્રશ્ન ૧૩૬ : એમ.એસસી. પાસ વર્ગ ધરાવતા ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટર્સની સંખ્યા (**વિષયવાર**) કેટલી હશે ?

અને

પ્રશ્ન ૧૩૭ : કઈ કઈ કોલેજોમાં આવા અધ્યાપકો છે ?

ઉત્તર ૧૩૬ અને ૧૩૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૧૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૮ : આવા અધ્યાપકોને, બીજા વર્ગની ડિગ્રી ધરાવનાર અધ્યાપકની માફક રૂ. ૨૫૦-૧૫-૪૦૦ ને બદલે રૂ. ૩૦૦-૧૫-૪૦૦ના સ્કેલમાં ક્યારે મૂકવામાં આવશે ?

ઉત્તર ૧૩૮ : સદરહુ પ્રશ્ન ચોથી પંચવર્ષીય યોજના હેઠળ કોલેજોના શિક્ષકોના રાજ્ય સરકારે સુધારેલ પગારધોરણને સ્પર્શતા હોઈ યુનિવર્સિટી કાર્યાલય તેનો ઉત્તર આપી શકે નહિ તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૩૯ : અત્યાર સુધી નહીં મૂકવાનું કારણ શું ?

ઉત્તર ૧૩૯ : ઉપર પ્રશ્ન ૧૩૮ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૦ : માસ પ્રમોશન આપવા અંગેનો નિર્ણય કઈ તારીખની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મીટિંગમાં લેવામાં આવ્યો હતો ?

ઉત્તર ૧૪૦ : તે વખતની પ્રવર્તમાન પરિસ્થિતિમાં પ્રથમ અને દ્વિતીય વર્ષ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા એમ.એ. અને એમ.કૉમ. પાર્ટ ૧ (એક્સ્ટર્નલ સિવાય) અને એમ.એસસી. પાર્ટ ૧ના વિદ્યાર્થીઓને માર્ચ-એપ્રિલ ૧૯૮૧ની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક કર્યાના કુલપતિશ્રીના નિર્ણયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૪-૭-૧૯૮૧ની સભાને જાણ કરવામાં આવી હતી અને સભાગૃહે ઠરાવ ક્રમાંક ૧૪૭થી તેની નોંધ લીધી હતી.

પ્રશ્ન ૧૪૧ : આ મીટિંગમાં હાજર રહેલા સભ્યશ્રીઓનાં નામ આપવા વિનંતી.

ઉત્તર ૧૪૧ : આ મીટિંગમાં હાજર રહેલા સભ્યશ્રીઓનાં નામ નીચે મુજબ છે :

| ક્રમાંક | સભ્યનું નામ |
|---|---|
| ૧. | ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કાર્યકારી કુલપતિશ્રી |
| ૨. | આચાર્ય બી. એમ. પીરઝાદા |
| ૩. | શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ |
| ૪. | શ્રી. નરહરિભાઈ એચ. અમીન |
| ૫. | પ્રો. પરેશભાઈ એમ. મજમુદાર |
| ૬. | આચાર્ય દર્શનસિંગ એમ. શીખ |
| ૭. | આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ |
| ૮. | આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ |
| ૯. | શ્રી. અરવિંદભાઈ આર. શાહ |
| ૧૦. | શ્રી. વાડીભાઈ બી. પટેલ |
| ૧૧. | શ્રી. એન. આર. શાહ |
| ૧૨. | શ્રી. શાન્તુભાઈ સી. પટેલ |
| ૧૩. | શ્રીમતી ઈન્દુબહેન એચ. પટેલ |
| ૧૪. | આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ. |

પ્રશ્ન ૧૪૨ : આ નિર્ણય સર્વાનુમતે કે બહુમતીએ હતો ?

ઉત્તર ૧૪૨ : ઉપર પ્રશ્ન ૧૪૧ના ઉત્તરમાં જણાવેલ સદરહુ બાબત અંગે નોંધ લેવામાં આવેલ હોઈ તેમાં વધુમતી-સર્વાનુમતિનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૧૪૩ : શારીરિક શિક્ષણના અધ્યાપકની ઊણપ હજુ કઈ કઈ કૉલેજોમાં છે ?

ઉત્તર ૧૪૩ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી નીચે મુજબ છે :

| ક્રમાંક | કૉલેજનું નામ | કૉલેજ તરફથી આવેલ સ્પષ્ટતા |
|---|---|---|
| ૧. | પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ | બન્ને સંસ્થાઓની વિદ્યાર્થી સંખ્યા ૧,૦૦૦થી ઓછી હોવાથી ભગિની સંસ્થામાંથી શારીરિક શિક્ષણના અધ્યાપકની સેવા લેવામાં આવે છે. |
| ૨. | ખેડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ | રિ-કૉલ કરવામાં આવેલ છે, પરંતુ ફરજ ઉપર હાજર થયેલ નથી. શિક્ષણ નિયામકશ્રી સાથે પત્ર-વ્યવહાર ચાલુ છે. |
| ૩. | ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉમર્સ, નડિયાદ | હાલ ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટ. ઑફ ટેકનોલૉજીમાં કાર્ય કરતા. શિક્ષકની સેવાઓ લઈએ છીએ |
| ૪. | કૉમર્સ કૉલેજ, મોડાસા | આર્ટ્સ કૉલેજના અધ્યાપક કામગીરી સંભાળે છે. |
| ૫. | સાયન્સ કૉલેજ, કડી | — |

પ્રશ્ન ૧૪૪ : માર્ચ-એપ્રિલ ૧૯૮૨ની પરીક્ષાઓનાં પરિણામો બહાર પડ્યા પછી સાયન્સ/કૉમર્સ/આર્ટ્સ વિદ્યાશાખાઓનાં બધા વર્ગોમાં ગુણપત્રકો ક્યારે આપવામાં આવેલાં ?

ઉત્તર ૧૪૪ : માર્ચ—એપ્રિલ ૧૯૮૨ની પરીક્ષાઓનાં પરિણામો બહાર પડ્યા પછી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓનાં પરિણામો બહાર પડ્યા અંગેની તથા ગુણપત્રકો મોકલ્યાની માહિતી નીચે પ્રમાણે છે :

| | | પરિણામ જાહેર થયા તારીખ | કૉલેજોને ગુણપત્રક મોકલ્યા તારીખ |
|---|---|---|---|
| ૧. | એફ.વાય.બી.એ. | ૨૫—૬—૮૨ | ૧૦—૭—૮૨ |
| ૨. | એસ.વાય.બી.એ. | ૨૪—૬—૮૨ | ૧૩—૭—૮૨ |
| ૩. | ટી.વાય.બી.એ. | ૨૦—૬—૮૨ | ૨૩—૬—૮૨ |
| ૪. | એફ.વાય.બી.એસસી. | ૧૧—૬—૮૨ | ૧૧—૬—૮૨ |
| ૫. | એસ.વાય.બી.એસસી. | ૧૮—૬—૮૨ | ૨૧—૬—૮૨ |
| ૬. | ટી.વાય.બી.એસસી. | ૧૮—૬—૮૨ | ૧૮—૬—૮૨ |
| ૭. | એમ.એસસી. પાર્ટ ૧ | ૧૭—૬—૮૨ | ૨૭—૬—૮૨ |
| ૮. | એમ.એસસી. પાર્ટ ૨ | ૧૭—૬—૮૨ | ૧૯—૬—૮૨ |
| ૯. | એફ.વાય.બી.કૉમ. | ૧૩—૬—૮૨ | ૨૦—૬—૮૨ |

| | પરિણામ જાહેર થયા તારીખ | કૉલેજોને ગુણપત્રક મોકલ્યા તારીખ |
|---|---|---|
| ૧૦. એસ.વાય.બી.કૉમ. | ૧૪—૬—૮૨ | ૨૦—૬—૮૨ |
| ૧૧. ટી.વાય.બી.કૉમ. | ૧૨—૬—૮૨ | ૧૬—૬—૮૨ |
| ૧૨. એમ.કૉમ. પાર્ટ ૧ | ૬—૬—૮૨ | ૨૧—૬—૮૨ |
| ૧૩. એમ.કૉમ. પાર્ટ ૨ | ૯—૬—૮૨ | ૨૬—૬—૮૨ |
| ૧૪. એમ.એ. પાર્ટ ૧ | ૭—૭—૮૨ | ૧૩—૭—૮૨ |
| ૧૫. એમ.એ. પાર્ટ ૨ | ૮—૭—૮૨ | ૧૧—૭—૮૨ |

પ્રશ્ન ૧૪૫ : સંલગ્ન કૉલેજો પૈકી કોઈ કૉલેજ તરફથી વિષય કે વિદ્યાશાખા કે કૉલેજ બંધ કરવાની નોટિસ મળી છે ?

ઉત્તર ૧૪૫ : હા, જી. (ત્રણ કૉલેજો તરફથી)

પ્રશ્ન ૧૪૬ : આ દિશામાં યુનિવર્સિટીએ કરેલી કાર્યવાહી આપવા વિનંતી.

ઉત્તર ૧૪૬ : તે પૈકી બે કૉલેજોની બાબતમાં તપાસ કરીને હેવાલ આપવા માટે સમિતિઓ નીમવામાં આવી છે, જ્યારે એક કૉલેજની અરજી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મૂકવામાં આવી છે.

પ્રશ્ન ૧૪૭ : વિજ્ઞાન વિદ્યાશાખામાં બી.એસસી. ડિગ્રી સાથે ડેમોન્સ્ટ્રેટર હતા. તેઓ હવે એમ.એસસી. પાસ વર્ગમાં ઉત્તીર્ણ થાય અને રૂ. ૭૦૦ના પગારધોરણ ઉપર પહોંચી ગયા હોય તેવાઓને વ્યાખ્યાતા-પદ આપવા માટે શી જોગવાઈ છે ?

ઉત્તર ૧૪૭ : તા. ૧-૪-૧૯૭૭ અથવા ત્યાર બાદ જે સમયે રૂ. ૫૦૦-૯૦૦ના પગારધોરણમાં રૂ. ૭૦૦ના પગાર ઉપર પહોંચ્યા હોય ત્યારે જેઓ સંબંધક યુનિવર્સિટીએ નક્કી કરેલ જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા હોય તેમને જ વ્યાખ્યાતાના રૂ. ૭૦૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂકવાની રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૨-૯-૧૯૭૯ના ઠરાવ ક્રમાંક પરચ/૧૩૭૯—૩૩૬૮૭-ખ.માં જોગવાઈ છે.

પ્રશ્ન ૧૪૮ : આવા કેટલા અધ્યાપકો કઈ કઈ કૉલેજોમાં હશે ?

ઉત્તર ૧૪૮ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૧૯" જોવા વિનંતી છે.

## [૪] શ્રી. એસ. જે. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧૪૯ : ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને અડધી સી.એલ.નો લાભ મળે છે ?

ઉત્તર ૧૪૯ : હા, જી.

પ્રશ્ન ૧૫૦ : આ જ લાભ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કર્મચારીને મળી શકે કે કેમ ?

ઉત્તર ૧૫૦ : ના, જી.

## પરિશિષ્ટ 'અ-૨'

### પ્રશ્નોત્તર ક્રમાંક ૧૫૧ થી ૩૦૦ (તા. ૩૧—૩—૧૯૮૩)

પ્રશ્ન ૧૫૧ : આ ક્રમાંકનો કોઈ પ્રશ્ન નથી.

પ્રશ્ન ૧૫૨ : સંલગ્ન કોલેજમાં કોઈ પણ પ્રકારની નિમણૂક માટે પસંદગી સમિતિની જરૂર ખરી ?

ઉત્તર ૧૫૨ : ખંડ સમયના શિક્ષકોની નિમણૂકો સિવાયની નિમણૂકો માટે પસંદગી સમિતિની જરૂર રહે છે.

પ્રશ્ન ૧૫૩ : પસંદગી સમિતિમાં કોનો કોનો સમાવેશ થાય છે ?

ઉત્તર ૧૫૩ : (ક) શિક્ષકોની નિમણૂકો માટે ઑર્ડિ. ૯૭ની જોગવાઈ મુજબ.

(ખ) બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે પસંદગી સમિતિ પર શિક્ષણ સંચાલન કે તેના પ્રતિનિધિનો સમાવેશ આવશ્યક છે.

પ્રશ્ન ૧૫૪ : ખંડ સમયની નિમણૂક કરવાની હોય તો આ સમિતિની જરૂર ખરી ?

ઉત્તર ૧૫૪ : ના, જી. (શિક્ષકોની નિમણૂકોને માટે)

પ્રશ્ન ૧૫૫ : સંલગ્ન કોલેજોમાં શિક્ષકોની નિમણૂક અંગેની માન્યતા માટે હાલનાં જે શૈક્ષણિક લાયકાતોનાં ધોરણો છે તેમાં ચાલુ વર્ષે છૂટછાટ આપી હોય તેવા અધ્યાપકોની સંખ્યા, વિષય, કૉલેજ અને અધ્યાપકનું નામ આપશો. આમ 'બી' ગ્રેડ ન હોય અને ગયા વર્ષે જેમને વ્યાખ્યાતા તરીકે એક વર્ષ માટે માન્યતા આપી હોય છતાં આ વર્ષે તેજ નિમણૂક યથાવત્ રહી હોય તેવા અધ્યાપકોની સંખ્યા, વિષય, અધ્યાપકનું નામ અને કૉલેજ જણાવશો.

ઉત્તર ૧૫૫ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૨૦" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫૬ : યુનિવર્સિટી સંલગ્ન કઈ વિજ્ઞાનની કોલેજોનો સમય સવારનો છે ?

ઉત્તર ૧૫૬ : નીચેની કોલેજોનો :

(૧) તોલાની આર્ટ્સ ઍન્ડ સાયન્સ કોલેજ, આદિપુર

(૨) મણિનગર સાયન્સ કોલેજ, અમદાવાદ

પ્રશ્ન ૧૫૭ : ક્યાંથી ક્યાં સુધીનો ?

ઉત્તર ૧૫૭ : બન્ને કોલેજોમાં સવારે ૭ થી બપોરે ૧ વાગ્યા સુધીનો.

પ્રશ્ન ૧૫૮ : વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજોમાં ટ્યુટોરિયલની બેચનું પ્રમાણ (ધોરણ સંખ્યા) એકસરખી છે ?

ઉત્તર ૧૫૮ : હા, જી.

પ્રશ્ન ૧૫૯ : જો ના, તો તે ધોરણ જણાવશો.

ઉત્તર ૧૫૯ : ઉપર પ્રશ્ન નં. ૧૫૮નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૬૦ : જો હા, તો પણ ધોરણ જણાવશો.

ઉત્તર ૧૬૦ : એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ ની સભામાં ટ્યુટોરિયલ અંગે નીચે મુજબ ઠરાવ્યું છે :

"વર્ગકામ (ટ્યુટોરિયલ કામ) માટે ૪૦ વિદ્યાર્થીઓથી વધે નહિ એવી ટુકડીઓ રાખવી. ................."

પ્રશ્ન ૧૬૧ : યુનિવર્સિટી પરીક્ષામાં ગેરરીતિ કરતાં કેટલા વિદ્યાર્થીઓ ગયા માર્ચ-ઓક્ટોબર પરીક્ષામાં પકડાયા ?

ઉત્તર ૧૬૧ : સને ૧૯૮૨ માર્ચની પરીક્ષામાં ૧,૯૨૦ અને સને ૧૯૮૨ ઓક્ટોબરની પરીક્ષામાં ૩૯૭ ગેરરીતિઓના કેસો નોંધાયા હતા.

પ્રશ્ન ૧૬૨ : શિક્ષા કેટલાને થઈ ?

ઉત્તર ૧૬૨ : એપ્રિલ ૧૯૮૨ની પરીક્ષાઓમાં ૧૮૬૬ વિદ્યાર્થીઓને શિક્ષા કરવામાં આવી હતી. ઓક્ટોબર ૧૯૮૨ની પરીક્ષાઓમાં ગેરરીતિ અંગેના કેસોની કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન ૧૬૩ : આવા પકડાયેલા વિદ્યાર્થીઓના સીનિયર સુપરવાઈઝર કે જુનિયર સુપરવાઈઝર દ્વારા પકડાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી ?

ઉત્તર ૧૬૩ : આ માહિતી વિસ્તૃત પ્રકારની હોઈ ઉત્તર આપવો શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૬૪ : કયા કેન્દ્ર ઉપરથી સૌથી વધુ વિદ્યાર્થી પકડાયા ?

ઉત્તર ૧૬૪ : નડિયાદ કેન્દ્રમાંથી.

પ્રશ્ન ૧૬૫ : ચાલુ વર્ષે આ કેન્દ્ર પરીક્ષાકેન્દ્ર તરીકે ચાલુ છે ?

ઉત્તર ૧૬૫ : હા, જી.

પ્રશ્ન ૧૬૬ : અમદાવાદ શહેર અને ગ્રામ વિસ્તારની કઈ કઈ કોલેજોમાં ઓબ્ઝર્વરની કાયમી વ્યવસ્થાની ગોઠવણી કરેલી ?

ઉત્તર ૧૬૬ : નડિયાદ કેન્દ્રમાં કેટલીક પરીક્ષાઓ વખતે ઓબ્ઝર્વરની વ્યવસ્થા સતત રાખવામાં આવી હતી.

પ્રશ્ન ૧૬૭ : ઓબ્ઝર્વર કોઈ પણ પરીક્ષાકેન્દ્ર ઉપર મૂકેલ હોય અને એક પણ ગેરરીતિનો કિસ્સો ન બન્યો હોય તેવાં પરીક્ષાકેન્દ્રો કેટલાં ?

ઉત્તર ૧૬૭ : ઓબ્ઝર્વર જે કેન્દ્ર પર ગયા હોય અને કેન્દ્ર પરથી ગેરરીતિનો એક પણ કિસ્સો પકડાયો ન હોય તેવાં કોઈ પરીક્ષા કેન્દ્રો નથી.

પ્રશ્ન ૧૬૮ : ક્યાં ક્યાં ?

ઉત્તર ૧૬૮ : પ્રશ્ન ૧૬૭નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૯ : યુનિવર્સિટીમાં એમ.ફિલ.ની જોગવાઈ કયા કયા વિષયમાં ચાલુ વર્ષે છે ?
ઉત્તર ૧૬૯ : નીચેના વિષયોમાં :

**વિનયન વિદ્યાશાખા**

ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, પ્રાકૃત, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇતિહાસ.

**વિજ્ઞાન વિદ્યાશાખા**

ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિત, પ્રાણીવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, કીટાણુ-વિજ્ઞાન, આંકડાશાસ્ત્ર.

**વાણિજ્ય વિદ્યાશાખા**

એકાઉન્ટન્સી.

પ્રશ્ન ૧૭૦ : ગયા વર્ષે હતી અને આવતા વર્ષે ચાલુ કરવાની વિચારણા હોય તે વિષયો જણાવશો.

ઉત્તર ૧૭૦ : ૧૯૮૧–૮૨ના વર્ષે હતા તે મુજબના જ વિષયોમાં એમ.ફિલ.ની જોગવાઈ હાલ ચાલુ છે, જ્યારે એકાઉન્ટન્સી વિષયમાં એમ.ફિલ.ની જોગવાઈ વર્ષ ૧૯૮૨–૮૩માં પણ કરવામાં આવેલ છે. આવતા વર્ષે એમ.ફિલ. માટે કોઈપણ વધારાનો વિષય ચાલુ કરવાનો પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૧૭૧ : યુ.જી.સી.ની યોજના નીચે એમ.ફિલ. કે પીએચ.ડી. કરવા જતા અધ્યાપકોને યુનિવર્સિટી તરફથી અને કોલેજ તરફથી કઈ કઈ સગવડો આપવામાં આવે છે ?

ઉત્તર ૧૭૧ : પ્રયોગશાળા અને ગ્રંથાલયની સગવડ આપવામાં આવે છે, જ્યારે પીએચ.ડી. કરતા અધ્યાપકોને સત્ર ફીમાંથી મુક્તિ અને શક્ય હોય તો યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર રહેઠાણની સગવડ આપવામાં આવે છે.

પ્રશ્ન ૧૭૨ : સંલગ્ન કોલેજમાં બીજા ગ્રંથપાલની નિમણૂક ક્યારે થઈ શકે ?

ઉત્તર ૧૭૨ : તે અંગે નીચેનો નિયમ જોવા વિનંતી છે :

૩. સદરહુ કેન્દ્રીય ગ્રંથાલયમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી લાયકાત ધરાવતા ઓછામાં ઓછા બે ગ્રંથપાલો, અને તે કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૫૦૦થી વધુ હોય તેવા વધારાના પ્રત્યેક ૧,૦૦૦ વિદ્યાર્થી દીઠ જરૂરી લાયકાત ધરાવતા વધુ એક ગ્રંથપાલ, પણ કોલેજોની કુલ સંખ્યાથી વધુ નહિ તેટલા ગ્રંથપાલો નીમવા જોઈશે. આ ગ્રંથપાલો પૈકી એકને મુખ્ય ગ્રંથપાલ અને બાકીનાને સહગ્રંથપાલ તરીકે કામ સોંપવું જોઈશે.

પ્રશ્ન ૧૭૩ : કોલેજોમાં પી.એફ.માંથી લોન લેવાના નિયમો યુનિવર્સિટી નક્કી કરે છે કે કોલેજ મેનેજમેન્ટ ?

ઉત્તર ૧૭૩ : પી.એફ.માંથી લોન અંગેના નિયમો યુનિવર્સિટીએ ઘડેલા છે; પરંતુ લોન મંજૂર કરવાનું કામ પી.એફ. ટ્રસ્ટ કમિટીને હસ્તક છે.

પ્રશ્ન ૧૭૪ : જો યુનિવર્સિટી નક્કી કરતી હોય તો કયા કયા નિયમો છે તે જણાવશો.

ઉત્તર ૧૭૪ : આ અંગે નીચેનો નિયમ જોવા વિનંતી છે :

13. A subscriber who has completed at least twelve years of service in the employment of the College or Institution, as the case may be, may be granted an advance by the P.F. Trust Committee of the College or Institution, as the case may be, in its discretion for constructing or purchasing a house or carrying out the repairs of his house to the extent of his own subscription plus the contribution of the College or Institution, as the case may be, credited to his Provident Fund Account as on 31st March immediately preceding his application, such advance shall be repaid in monthly instalments not exceeding 120 and at such rate of interest as may be fixed by the P.F. Trust Committee of the College or Institution, as the case may be, from time to time.

Such advances shall be recovered by deductions from the salary paid by the College or Institution, as the case may be, to the subscriber. The first of such deductions shall be made from the first payment of a full month's salary after the subscriber has drawn the advance. The amount of such instalments shall be fixed in round numbers and the last instalment shall cover the entire balance then to be refunded by the subscriber provided that the subscriber may, at his option, pay an additional, sum and above the amount of the instalment fixed in round figures.

Advances from the amount standing to the credit of subscriber on acconnt of his own subscription, may at the discretion of the P. F. Trust Committee of the College or Institution, as the case may be, be granted to him in the case of the illness of the subscriber or of members of his family or for any other reason deemed sufficient by the P. F. Trust Committee of the College or Institution, as the ca se may be. Such loans shall be repaid at a rate of interest and in a number of instalment to be fixed by the P.F. Trust Committee of the College or Institution, as the case may be, in each case."

The amount so sanctioned shall be paid directly to the Government or semi-Government agency, as the case may be,

પ્રશ્ન ૧૭૫ : એલ.ટી.સી. કે મેડિકલ બેનિફિટનો લાભ ન આપતી હોય તેવી કોલેજોની સંખ્યા કેટલી ?

અને

પ્રશ્ન ૧૭૬ : કઈ કઈ ?

ઉત્તર ૧૭૫ અને ૧૭૬ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે પરિશિષ્ટ "૨૧" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૭૭ : કોલેજોમાં સીનિયોરિટી અંગેના કોઈ નિયમોની જોગવાઈ છે ?

ઉત્તર ૧૭૭ : ના, જી.

પ્રશ્ન ૧૭૮ : જો, હોય તો કયા કયા નિયમો ?

ઉત્તર ૧૭૮ : ઉપર પ્રશ્ન ૧૭૭નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૭૯ : ખંડ સમયના અધ્યાપકોને વધુમાં વધુ કેટલો કાર્યભાર વધારેમાં વધારે કેટલા દિવસ માટે આપી શકાય ?

ઉત્તર ૧૭૯ : ખંડ સમયના શિક્ષકોને ઑર્ડિ. ૧૨૦ ઓ.ની કંડિકા ૩(*vi*) (*vii*) અને (*viii*)માં બતાવ્યા પ્રમાણે કાર્યભાર સોંપી શકાય. તેની વહેંચણી કેટલા દિવસોમાં કરવી તેનો નિયમ કરવામાં આવેલ નથી.

પ્રશ્ન ૧૮૦ : અને ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે વધુમાં વધુ કેટલી કોલેજોમાં સેવા આપી શકે ?

ઉત્તર ૧૮૦ : બે કોલેજોમાં.

પ્રશ્ન ૧૮૧ : પરીક્ષકોને ઓછામાં ઓછું કેટલું પોસ્ટેજ આપવામાં આવે છે ?

ઉત્તર ૧૮૧ : જે પરીક્ષામાં મોડરેશન પ્રથા દાખલ કરેલ છે તે પરીક્ષાઓ માટે પૂરેપૂરું ટપાલ ખર્ચ તથા બાકીની પરીક્ષામાં ઉચ્ચક રૂ. ૧૫/- ટપાલ ખર્ચ પેટે ચૂકવવામાં આવે છે.

પ્રશ્ન ૧૮૨ : વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન શાખામાં વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા જરૂરી કયા વિષયો નક્કી કરવામાં આવ્યા છે ?

ઉત્તર ૧૮૨ : માહિતી નીચે પ્રમાણે છે :

(૧) વિનયન વિદ્યાશાખામાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા કોઈ ચોક્કસ વિષયો નક્કી કરવામાં આવ્યા નથી.

(૨) વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે વિજ્ઞાનના વિષયો હોવા જરૂરી છે.

(૩) વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રથમવર્ષમાં પ્રવેશ મેળવવા :

(૧) બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, (૨) એકાઉન્ટન્સી (વાણિજ્ય ગણિત અને નામાનાં મૂળતત્ત્વો), (૩) અર્થશાસ્ત્ર હોવા જરૂરી છે.

પ્રશ્ન ૧૮૩ : કોઈ પણ પરીક્ષામાં એકઝામિનર જ હોય ત્યાર બાદ તેમને પ્રાયોગિક પરીક્ષાના પેપરસેટિંગનું કામ સોંપવામાં આવે તો તેમને મહેનતાણું યુનિવર્સિટી કેવી રીતે ચૂકવે છે?

ઉત્તર ૧૮૩ : પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકને જો તેમણે પ્રશ્નપત્ર કાઢવાનું કામ પણ કર્યું હોય તો તેમને નિયમ મુજબ પેપરસેટિંગનું મહેનતાણું પણ ચૂકવવામાં આવે છે.

પ્રશ્ન ૧૮૪ : કોઈ એક અધ્યાપકે એકઝામિનર તરીકેની નિમણૂક સ્વીકારી, થોડી ઉત્તરવહીઓ તપાસી અને યુનિવર્સિટીની બેદરકારીને કારણે અન્ય કેન્દ્રની ઉત્તરવહીઓ ન મળી તે દરમિયાન તે અધ્યાપકને કેટલાંક કારણોને લીધે પરીક્ષાના કાર્યનો અસ્વીકાર કરવાની જરૂર ઊભી થઈ તો તેમને મહેનતાણું અને પોસ્ટેજ યુનિવર્સિટી કેવી રીતે ચૂકવે છે?

ઉત્તર ૧૮૪ : પ્રશ્નમાં વ્યક્ત કરેલ અન્ય બાબતો બાજુ પર રાખીને જણાવવાનું કે પરીક્ષકે જેટલું કાર્ય કર્યું હોય તેના પ્રમાણમાં પુરસ્કાર ચૂકવવામાં આવે છે.

પ્રશ્ન ૧૮૫ : ચાલુ વર્ષે યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલાં પુસ્તકોની યાદી લેખક સાથે આપવા વિનંતી.

ઉત્તર ૧૮૫ : જાન્યુઆરી ૧૯૮૨થી આજદિન સુધીમાં કુલ ૨૬ પુસ્તકોનું પ્રકાશન થયું છે, જેની યાદી લેખકનાં નામ સાથે નીચે પ્રમાણે છે :

| નં. | પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૧. | જીવશાસ્ત્ર પદ્ધતિ | ડૉ. કે. એસ. સુથાર |
| ૨. | મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ | ડૉ. પરેશ મજમુદાર અને શ્રી. ડી. એમ. ધોળકિયા |
| ૩. | નાણું અને બૅંકિંગ | શ્રી. જી. પી. મલમપટ્ટાવાળા |
| ૪. | મનોભાષાશાસ્ત્ર પરિચય | ડૉ. બી. એ. પરીખ |
| ૫. | ન્યુક્લિયર રસાયણ | ડૉ. આર. કે. શાહ |
| ૬. | ગણતરી વિધેયો | ડૉ. ગુલાબભાઈ ર. દેસાઈ |
| ૭. | ભારતની સામાજિક સંસ્થાઓ (મધ્યકાલ અને અર્વાચીનકાલ) | ડૉ. એન. એ. આચાર્ય |
| ૮. | ગુપ્તકાલીન સિદ્ધિઓ | ડૉ. યતીન્દ્ર ઈ. દીક્ષિત |
| ૯. | શાંકરદર્શનકા વ્યાવહારિક જીવનમેં ઉપયોગ | સ્વામીશ્રી અખંડઆનંદજી સરસ્વતી મહારાજ |
| ૧૦. | સમૂહકાર્ય | ડૉ. જે. બી. ઠાકોર |

| નં. | પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૧૧. | ગુજરાતમાંની ઇસ્લામી સલ્તનતનો ઇતિહાસ (ઈ.સ. ૧૩૦૦થી ઈ.સ. ૧૫૭૩ સુધી) | સ્વ. ડૉ. સી. આર. નાયક |
| ૧૨. | Our Cultural Dilammas (ટાગોર મેમોરિયલ લેક્ચર્સ ૧૯૮૧–૮૨) | નિસીમ ઈઝાકીલ |
| ૧૩. | પ્રવાહી સોનું | ડૉ. આઈ. જી. વશી |
| ૧૪. | લેખ્યસૂચિકરણ | ડી. એન. શુક્લ |
| ૧૫. | શિક્ષણમાં આંકડાશાસ્ત્રીય તથા પ્રાયોગિક પદ્ધતિઓ | એન. આર. ત્રિવેદી |
| ૧૬. | સોવિયેત સંઘનું બંધારણ | ડૉ. બી. એમ. શુક્લ |
| ૧૭. | સુરેખ બીજગણિત-ભાગ ૧ | ડૉ. એસ. કે. પટેલ |
| ૧૮. | પુસ્તક પસંદગી પરિચય (પુનર્મુદ્રણ) | શ્રી. ડી. એન. શુક્લ |
| ૧૯. | ઉપનિષદ આલોક | સ્વામીશ્રી ઈશ્વરાનંદગિરિ |
| ૨૦. | Who am I? | સ્વામી દયાનંદ |
| ૨૧. | કૌટુંબિક સમસ્યાઓ અને નિવારણ | ડૉ. તારા પટેલ |
| ૨૨. | ભારતીય સંસ્કૃતિની ઝળક | થોમસ પરમાર |
| ૨૩. | અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વ શક્તિ | ડૉ. ઉષા જી. ભટ્ટ |
| ૨૪. | Genetic, Biochemical and Cytochemical Studies on Leucoderma | Dr. V. C. Shah |
| ૨૫. | Liberalism and Less-developed Countries | M. P. Bhatt<br>M. S. Trivedi |
| ૨૬. | The Western Epic Tradition —its Unity and Continuity. | Dr. R. A. Malagi |

પ્રશ્ન ૧૮૬ : બી.એડ. પ્રવેશ અંગે એડમિશન ફોર્મ ક્યાંથી, ક્યારથી અને ક્યાં સુધી મળશે?

ઉત્તર ૧૮૬ : બી.એડ.માં પ્રવેશ અંગેનું એડમિશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાંથી મળી શકશે. તે ક્યારથી અને ક્યાં સુધી મળશે તે અંગેની વીગતો ટૂંક સમયમાં નક્કી થયેથી જાહેર કરવામાં આવશે.

પ્રશ્ન ૧૮૭ : ચાલુ વર્ષે પરીક્ષામાં બેઠા હોય તેમને પ્રવેશ મળશે ?

ઉત્તર ૧૮૭ : તેઓ તેમના પરિણામને આધીન પ્રવેશપાત્ર ગણાશે.

પ્રશ્ન ૧૮૮ : કેટલી બેઠકો આ માટે નક્કી કરી છે ?

ઉત્તર ૧૮૮ : ૧૦% જેટલી.

પ્રશ્ન ૧૮૯ : પાસ વર્ગમાં પાસ થયેલાને પ્રવેશ મળશે કે કેમ ?

ઉત્તર ૧૮૯ : તેઓ પ્રવેશપાત્ર ગણાશે, પણ તેમને ખરેખર પ્રવેશ મળશે કે કેમ તે તેમની વ્યક્તિગત ગુણવત્તા પર આધારિત હશે.

પ્રશ્ન ૧૯૦ : બી.એડ. પ્રવેશ સમિતિમાં કેટલા સભ્યો છે ?

ઉત્તર ૧૯૦ : દસ.

પ્રશ્ન ૧૯૧ : કયા કયા ?

ઉત્તર ૧૯૧ :

(૧) પ્રિ. જી. બી. પરીખ (કન્વીનર)
(૨) પ્રિ. બી. સી. પટેલ
(૩) પ્રિ. પી. એ. પટેલ
(૪) પ્રિ. ડી. એ. ઘાંચી
(૫) ડૉ. કે. જી. દેસાઈ
(૬) શ્રી. એ. ટી. અજમેરા
(૭) શ્રી. એચ. પી. ચૌહાણ
(૮) શ્રી. એમ. ડી. પટેલ
(૯) શ્રી. એમ. સી. બુટાલા
(૧૦) શ્રી. કે. એ. સુથાર.

પ્રશ્ન ૧૯૨ : જે તે બી.એડ. કોલેજના ટ્રસ્ટીમંડળ માટે સીધી ભરતીથી એડમિશનની સીટો નક્કી કરેલ છે ?

ઉત્તર ૧૯૨ : ના, જી.

પ્રશ્ન ૧૯૩ : જો હા, તો કેટલી ?

ઉત્તર ૧૯૩ : ઉપર પ્રશ્ન નં. ૧૯૨નો ઉત્તર જોવા વિનંતી.

પ્રશ્ન ૧૯૪ : સંખ્યાધિક અધ્યાપકો ચાલુ વર્ષે રિ-કોલ થઈ કોલેજમાં ગયા હોય તેવા અધ્યાપકોની સંખ્યા કેટલી ?

અને

પ્રશ્ન ૧૯૫ : નામ અને વિષય આપશો.

ઉત્તર ૧૯૪થી ૧૯૫ : સદરહુ બાબત અંગે શિક્ષણ નિયામકશ્રીને પત્ર લખ્યો છે, પરંતુ તેમનો જવાબ આવ્યો નથી.

પ્રશ્ન ૧૯૬ : હજુ કેટલા સંખ્યાધિક બાકી છે તે વિષયવાર જણાવશો.

ઉત્તર ૧૯૬ : સદરહુ માહિતી અંગે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીને પૂછવામાં આવતાં તેઓશ્રીએ નીચે મુજબ માહિતી આપી છે :

ગુજરાત યુનિવર્સિટીના સમાવવા બાકી રહેતા સંખ્યાધિક અધ્યાપકોની વિગતવાર આંકડાકીય માહિતી વર્ષ ૧૯૮૧-૮૨.

| નં. | વિષય | સમાવવાના બાકી રહેતા સંખ્યાધિક અધ્યાપકોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ગુજરાતી | ૨૦ |
| ૨. | અર્થશાસ્ત્ર | ૨ |
| ૩. | આંકડાશાસ્ત્ર | ૨ |
| ૪. | કોમર્સ-એકાઉન્ટન્સી | — |
| ૫. | ગણિતશાસ્ત્ર | ૧૭ |
| ૬. | વનસ્પતિશાસ્ત્ર-બોટની | ૯ |
| ૭. | પ્રાણીશાસ્ત્ર | ૪ |
| ૮. | અંગ્રેજી | ૧૨ |
| ૯. | ફિલોસોફી | ૧૪ |
| ૧૦. | માનસશાસ્ત્ર | ૧ |
| ૧૧. | રાજ્યશાસ્ત્ર | ૨ |
| ૧૨. | હોમ સાયન્સ | — |
| ૧૩. | રસાયણશાસ્ત્ર | ૨૪ |
| ૧૪. | પર્શિયન | ૨ |
| ૧૫. | સંસ્કૃત | ૧૯ |
| ૧૬. | હિન્દી | ૫ |
| ૧૭. | ઇતિહાસ | ૬ |
| ૧૮. | ઓર્ગેનિક કેમિસ્ટ્રી | ૨ |
| ૧૯. | ભૌતિકશાસ્ત્ર | ૩૨ |
| ૨૦. | બાયોલોજી | ૨૭ |
| ૨૧. | ભૂગોળ | ૧૨ |
| ૨૨. | સમાજશાસ્ત્ર | — |
| | | કુલ...૨૧૨ |

પ્રશ્ન ૧૯૭ : ચાલુ વર્ષે સંખ્યાધિક અધ્યાપકો જે તે વિષયમાં હોય તેમ છતાં તદ્દન નવી નિમણૂકો થઈ હોય તેવા અધ્યાપકોની સંખ્યા, વિષય અને કોલેજનું નામ આપશો.

ઉત્તર ૧૯૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૨૨" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૮ : તા. ૨૩-૭-૧૯૮૦ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કરેલા ઠરાવ-૮ આવકારદાયક છે અને તે માટે યુનિવર્સિટીને અભિનંદન. આ ઠરાવનું પાલન કરી કોઈ પણ કર્મચારીના આશ્રિતને નોકરી આપી હોય તેવી કોલેજનું નામ, કર્મચારીનું નામ આપવા વિનંતી.

ઉત્તર ૧૯૮ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૨૩" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૯ : એક કોલેજના અધ્યાપક ત્રણ વર્ષની નોકરી પછી ફાજલ થઈ ઉચ્ચતર માધ્યમિક શાળામાં જોડાયા ત્યાર બાદ ત્રણ વર્ષની નોકરી પછી રિકોલ થઈ અન્ય કોલેજમાં જોડાયા હોય તો તેમને મેનેજમેન્ટના પી.એફ.નો કેટલો ફાળો મળે ?

ઉત્તર ૧૯૯ : કોલેજના કર્મચારીઓના પી.એફ. અંગેના નિયમોનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

12 (*a*) The whole amount to his credit in his account on account of subscription and interest thereon; and

(*b*) In case other than dismissal, amount to his credit in his account on account of contribution interest thereon in following proportions :

(*i*) Nil, if the total period of service is less than three years.

(*ii*) Full, if the total period of service is three years or more.

For the purpose of these rules services already put in by the employees of the College/Institution* will be calculated from the dates on which they took over change in the service of the College / Institution.*

*Note.*—The continuous service of an employee in different College/Institution under the same management shall be considered as services in the same College/Institution.*

પ્રશ્ન ૨૦૦ : એક કર્મચારીએ ૧૪ વર્ષની એક કોલેજમાં સેવા આપી છે તેને સરકાર ગ્રેચ્યુઈટી કોઈપણ કારણસર ચૂકવવાની ના પાડે છે તો તે કર્મચારીને ગ્રેચ્યુઈટી કોણ ચૂકવે ?

ઉત્તર ૨૦૦ : તે કર્મચારીને નોકરીએ રાખનાર.

[૫] શ્રી. સી. એમ. શેઠે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૨૦૧ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં હજુ પણ ફાજલ પડેલા અધ્યાપકોની સંખ્યા કેટલી છે ?

ઉત્તર ૨૦૧ : ૨૧૨

પ્રશ્ન ૨૦૨ : સરકારે ઈ.સ. ૧૯૮૦માં તેઓનો સમાવેશ કરવામાં આવશે એવી બાંહેધરી આપી હતી તો હજુ સુધી તેઓનો સમાવેશ કરવામાં કેમ નથી આવ્યો ?

ઉત્તર ૨૦૨ : સદરહુ પ્રશ્નનો ઉત્તર આ કાર્યાલય આપી શકે નહીં તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૦૩ : યુનિવર્સિટીએ સરકાર સમક્ષ તે અંગેની રજૂઆત કરી છે કે કેમ ?

ઉત્તર ૨૦૩ : હા, જી.

પ્રશ્ન ૨૦૪ : સરકાર તરફથી તે અંગેનો શું જવાબ છે ?

ઉત્તર ૨૦૪ : સરકાર તરફથી કોઈ જવાબ મળ્યો નથી.

પ્રશ્ન ૨૦૫ : બોરસદ સાયન્સ કોલેજમાં એક અધ્યાપક લગભગ એક વર્ષથી કોલેજમાં જતા નથી અને પીરિયડ લેતા નથી એ વાત શું સાચી છે?

ઉત્તર ૨૦૫ : ના, જી.

પ્રશ્ન ૨૦૬ : યુનિવર્સિટી સમક્ષ તે અંગેની રજૂઆત થઈ છે કે કેમ ?

ઉત્તર ૨૦૬ : ના, જી.

પ્રશ્ન ૨૦૭ : રજૂઆત લેખિત છે કે મૌખિક છે ?

અને

પ્રશ્ન ૨૦૮ : તે દિશામાં યુનિવર્સિટી તરફથી કોઈ કાર્યવાહી થઈ છે કે કેમ ?

અને

પ્રશ્ન ૨૦૯ : શી કાર્યવાહી થઈ છે ?

ઉત્તર ૨૦૭થી ૨૦૯ : ઉપર પ્રશ્ન નં. ૨૦૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૦ : યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં પર્શિયન વિષય કેટલી કોલેજોમાં ભણાવવામાં આવે છે ?

અને

પ્રશ્ન ૨૧૧ : તે કઈ કઈ કોલેજો છે ?

ઉત્તર ૨૧૦ અને ૨૧૧ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨૪"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૨ : તાજેતરમાં એક કોલેજે વિષય બંધ કર્યો છે કે કેમ ?

ઉત્તર ૨૧૨ : એક કોલેજે વિષય બંધ કરવા માટેની પરવાનગી માટે અરજી કરેલી છે.

પ્રશ્ન ૨૧૩ : યુનિવર્સિટીમાં તે અંગેની રજૂઆત થઈ છે કે કેમ ?

ઉત્તર ૨૧૩ : ઉપર પ્રશ્ન ૨૧૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧૪ : શું યુનિવર્સિટીએ તે વિષય બંધ કરવાની પરવાનગી આપી છે કે કેમ ?

ઉત્તર ૨૧૪ : આ બાબતમાં એક સમિતિ નીમવામાં આવી છે, જેનો હેવાલ આવ્યેથી આગળ કાર્યવાહી કરવામાં આવશે.

પ્રશ્ન ૨૧૫ : આવું ચાલશે તો ફાજલ પડેલા અધ્યાપકોનો સમાવેશ કેવી રીતે થશે ?

અને

પ્રશ્ન ૨૧૬ : યુનિવર્સિટી તે અંગે સ્પષ્ટતા કરશે ને ?

ઉત્તર ૨૧૫ અને ૨૧૬ : ઉપર પ્રશ્ન ૨૧૪નો ઉત્તર જોતાં આ પ્રશ્નો હાલના તબક્કે ઉપસ્થિત થતા નથી.

પ્રશ્ન ૨૧૭ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં પાર્ટટાઇમ પ્રોફેસરોની સંખ્યા કેટલી?

ઉત્તર ૨૧૭ : ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોમાં ખંડ સમયના શિક્ષકોની હાલની સંખ્યા ૪૭૩ છે.

પ્રશ્ન ૨૧૮ : પાર્ટટાઇમ અધ્યાપક કેટલી કોલેજોમાં સેવા આપી શકે ?

ઉત્તર ૨૧૮ : વધુમાં વધુ બે કોલેજોમાં.

પ્રશ્ન ૨૧૯ : પાર્ટટાઇમ અધ્યાપક હોવા છતાં કેટલી અને કઈ કઈ કોલેજોએ બિલકુલ નવા અધ્યાપકની ફુલટાઇમ તરીકેની નિયુક્તિ કરી છે ?

ઉત્તર ૨૧૯ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે **પરિશિષ્ટ "૨૫"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૦ : યુનિવર્સિટી સમક્ષ તે અંગેની ફરિયાદ આવી છે કે કેમ ?

ઉત્તર ૨૨૦ : હા, જી.

પ્રશ્ન ૨૨૧ : યુનિવર્સિટીએ તે દિશામાં કોઈ કાર્યવાહી કરી છે કે કેમ ?

ઉત્તર ૨૨૧ : આ અંગે કોલેજના આચાર્યને પુછાવતાં તેઓએ તા. ૧૪—૧૦—૧૯૮૨ના પત્રાંક ૬૯૩થી જણાવ્યું છે કે.........શિક્ષણનિયામકશ્રીએ ખંડ-સમયના બદલે પૂરા સમયના વ્યાખ્યાતા શ્રી. જે. એ. પંચાલ જેઓ આ સંસ્થાના ફાજલ અધ્યાપક હતા તેમને પરત બોલાવવાનું પત્ર નં. ઉબક/સરપ્લસ/ ૬૬ / ૮૨/૫૯૭/ તા. ૨૬-૭-૧૯૮૨થી જણાવ્યું. આથી શ્રી. બી. સી. પટેલને છૂટા કરીને તેમને સ્થાને ફાજલ અધ્યાપકને પરત બોલાવ્યા છે.

પ્રશ્ન ૨૨૨ : શી કાર્યવાહી કરી છે ?

ઉત્તર ૨૨૨ : ઉપર પ્રશ્ન નં ૨૨૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૩ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો પૈકી "૧૯૮૨-૮૩"માં કઈ કઈ કોલેજોમાં આચાર્યશ્રી અને પ્રાધ્યાપકો વચ્ચે મારામારીનો સંઘર્ષ ખેલાયો ?

ઉત્તર ૨૨૩ : આવો એક બનાવ બન્યો હતો.

પ્રશ્ન ૨૨૪ : શું તે અંગે પોલીસ કેસ પણ થયા હતા તે વાત સાચી કે કેમ ?

ઉત્તર ૨૨૪ : હા, જી.

પ્રશ્ન ૨૨૫ : યુનિવર્સિટી સમક્ષ તે અંગેની રજૂઆત થઈ છે કે કેમ ?

ઉત્તર ૨૨૫ : હા, જી.

પ્રશ્ન ૨૨૬ : યુનિવર્સિટીએ તે દિશામાં શી કાર્યવાહી કરી ?

ઉત્તર ૨૨૬ : સદરહુ બનાવના સંદર્ભમાં કુલપતિશ્રીએ આચાર્ય જી. બી. પરીખ અને શ્રી. એ. ટી. દેસાઈની બનેલી સમિતિ નીમી હતી. સમિતિએ સંચાલકમંડળ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓને કુલપતિશ્રીને રૂબરૂ મળવા બોલાવ્યા હતા.

પ્રશ્ન ૨૨૭ : સમાધાન થયું હોય તો તે કેવા પ્રકારનું સમાધાન છે ? યુનિવર્સિટી સ્પષ્ટતા કરશે ને ?

ઉત્તર ૨૨૭ : કોલેજનું વાતાવરણ બગડતું અટકે અને વિદ્યાર્થીઓને શિક્ષણ મળતું રહે તે **આશયથી** કોલેજ શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યું અને સંચાલકમંડળે બનાવ અંગે **તટસ્થ** સમિતિ નીમ્યાની જાણ કરી છે.

**[૬] આચાર્ય ભાનુપ્રસાદ ઠાકરે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :**

પ્રશ્ન ૨૨૮ : આપણી યુનિવર્સિટીમાં કયા દર ચૂકવવામાં આવે છે ?

ઉત્તર ૨૨૮ : સદરહુ માહિતી નીચે મુજબ છે :

નિરીક્ષકોને નીચેના દરે વેતન ચૂકવવામાં આવે છે.
સીનિયર નિરીક્ષક રૂ. ૨૫/- સેશનના
જુનિયર નિરીક્ષક રૂ. ૧૫/- સેશનના
પરીક્ષકોને આપવામાં આવતા મહેનતાણા અંગેની માહિતી સભા સમક્ષ મૂકવામાં આવશે.

પ્રશ્ન ૨૨૯ : આ દર કયા વર્ષથી અમલમાં છે ?

ઉત્તર ૨૨૯ : આ દરનો અમલ માર્ચ '૭૪ની પરીક્ષાઓથી કરવામાં આવેલો છે.

પ્રશ્ન ૨૩૦ : તેમાં ૧૯૮૩-૮૪ના પરીક્ષા-વર્ષથી સુધારો કરવાની હૈયાધારણ યુનિવર્સિટી દ્વારા અપાઈ હતી ?

ઉત્તર ૨૩૦ : તે પ્રશ્ન પર વિચારણા કરવામાં આવશે, તેમ કેટલાક સભ્યો સાથે વાતચીત દરમ્યાન જણાવવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૨૩૧ : ચાલુ વર્ષની પરીક્ષાઓથી તેમાં સુધારો કરવામાં આવ્યો છે ?

ઉત્તર ૨૩૧ : ના, જી.

પ્રશ્ન ૨૩૨ : તો નવા દર જણાવવા વિનંતી છે.

ઉત્તર ૨૩૨ : પ્રશ્ન નં. ૨૩૧ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૩ : ગુજરાત યુનિવર્સિટી દ્વારા જુદી જુદી આંતર-યુનિવર્સિટી રમતો માટે ખેલાડીઓની પસંદગી કઇ રીતે કરવામાં આવે છે ?

ઉત્તર ૨૩૩ : જુદી જુદી રમતોની આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતી ગુજરાત યુનિવર્સિટીની ટુકડીઓની પસંદગી યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ દ્વારા નિયુક્ત જે તે રમતની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૩૪ : ૧૯૮૨—૮૩ના વર્ષમાં આપણી યુનિવર્સિટીની ટીમોએ આંતર-યુનિવર્સિટીની કેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો ?

ઉત્તર ૨૩૪ : ૨૨.

પ્રશ્ન ૨૩૫ : આ ખેલાડીઓની પસંદગી માટે નીમવામાં આવેલા પસંદગી સમિતિના સભ્યોનાં નામ તેમની કૉલેજનાં નામ સહિત આપી શકાશે ?

ઉત્તર ૨૩૫ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૬ : આ પસંદગી માટે દક્ષિણ વિભાગ અને ઉત્તર વિભાગના કેટલા ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરોની નિમણૂક કરવામાં આવી હતી ?

ઉત્તર ૨૩૬ : બંધારણ પ્રમાણે યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ પર પ્રત્યેક વિભાગમાંથી એક એક ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર સભ્ય તરીકે નિમાય છે જેમનો સમાવેશ તેમની પસંદગી જાણીને જે તે રમત-રમતો માટેની પસંદગી સમિતિમાં કરવામાં આવે છે. તે મુજબ ૧૯૮૨-૮૩ના વર્ષ દરમ્યાન પણ કાર્યવાહી થઈ હતી.

પ્રશ્ન ૨૩૭ : આ અંગે આ વર્ષે કોઈ ફરિયાદ આવી છે ?

ઉત્તર ૨૩૭ : ના, જી.

પ્રશ્ન ૨૩૮ : જુદી જુદી ટીમોના સિલેકશનમાં યુનિવર્સિટી અમદાવાદ સિવાયના શારીરિક શિક્ષણના શિક્ષકોને નીમવાની નીતિ યુનિવર્સિટી અપનાવશે ખરી ?

ઉત્તર ૨૩૮ : યુનિવર્સિટીની નીતિમાં અમદાવાદ અને બહાર એવો કોઈ ભેદભાવ કરવામાં આવતો નથી.

પ્રશ્ન ૨૩૯ : યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષણ, નિરીક્ષણ તેમ જ અન્ય કામ કરતા માણસો પર હિંસક હુમલાઓ કરવામાં આવે છે તે સાચું ?

ઉત્તર ૨૩૯ : ના, જી.

પ્રશ્ન ૨૪૦ : ૧૯૮૦–૮૨ના વર્ષમાં આવી કોઈ ધમકી કે હુમલા કરવામાં આવ્યાની વાત યુનિવર્સિટીના ધ્યાન પર લાવવામાં આવી છે ખરી ?

ઉત્તર ૨૪૦ : હા, જી.

પ્રશ્ન ૨૪૧ : આવા કિસ્સાઓ વખતે પરીક્ષાના કામ સાથે સંકળાયેલાના જાન જોખમમાં હોય છે તો યુનિવર્સિટી આ માટે આવા કર્મચારીઓનો વીમો લેવાનું વિચારે છે ?

ઉત્તર ૨૪૧ : આવો કોઈ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨૪૨ : ૧૯૭૯માં યુનિવર્સિટીએ નક્કી કરેલા રજાના નિયમો ગુજરાત સરકારશ્રીએ આ રજાઓને પગાર સાથેની રજાઓ તરીકે સ્વીકાર્યા છે ?

ઉત્તર ૨૪૨ : સંલગ્ન કોલેજોના અધ્યાપકો માટેના રજાઓના નિયમો માટે રાજ્ય સરકારની સ્વીકૃતિ જરૂરી નથી. કોલેજોના અનુદાનના હેતુ માટે જ રાજ્ય સરકારની મંજૂરીનો પ્રશ્ન ઊભો થાય છે.

પ્રશ્ન ૨૪૩ : યુનિવર્સિટીએ નક્કી કરેલી અને કોલેજોએ મંજૂર કરેલી રજાઓ સરકારશ્રીએ પગાર માટે ગ્રાહ્ય ગણી નથી તેવી કોઈ ફરિયાદ યુનિવર્સિટી પાસે આવી છે ખરી ?

ઉત્તર ૨૪૩ : હા, જી.

પ્રશ્ન ૨૪૪ : આ અંગે યુનિવર્સિટીએ રજાઓના નિયમો અંગે કોઈ ફેર વિચારણા કરી છે ?

ઉત્તર ૨૪૪ : ના, જી.

પ્રશ્ન ૨૪૫ : રજાઓનો પ્રશ્ન કેટલા વર્ષથી આખરી નિર્ણય લેવાયા સિવાયનો પડયો છે ?

ઉત્તર ૨૪૫ : ઉપર પ્રશ્ન નં. ૨૪૨નો ઉત્તર જોતાં, યુનિવર્સિટીનો આખરી નિર્ણય લેવાઈ ગયો છે.

પ્રશ્ન ૨૪૬ : યુનિવર્સિટીએ નક્કી કરેલી બધા જ પ્રકારની રજાઓ પગાર સહિતની રજાઓ ગણાય તે માટે યુનિવર્સિટી સરકારશ્રીને આગ્રહ રાખી કયારે માન્ય કરાવશે ?

ઉત્તર ૨૪૬ : રાજ્ય સરકાર સમક્ષ તે અંગે ઘટતી રજૂઆત કરવામાં આવેલ છે. તેનો નિર્ણય કયારે આવશે તેનો જવાબ યુનિવર્સિટી કાર્યાલય આપી શકે નહિ.

[૭] શ્રી. એ. ટી. અજમેરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૨૪૭ : ૧૯૮૩માં આવી રહેલી યુનિવર્સિટી કોર્ટ-સભાની ચૂંટણી પહેલાં શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા માટે આચાર્યો અને અધ્યાપકોની અલગ બેઠક-ફાળવણી માટેના સ્ટેચ્યૂટ્સ ૧૦-એ અને ૧૦(૩)ને કોર્ટ-સભામાં રજૂ કરી, સ્વીકૃતિ મેળવવાનું કામ પૂરું થશે ?

ઉત્તર ૨૪૭ : આ પ્રશ્નનો ઉત્તર યુનિવર્સિટી કાર્યાલય આપી શકે નહીં, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૪૮ : જો યુનિવર્સિટીએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઉપરની ચૂંટણીના હેતુ માટે વિનયન અને શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખાઓને ગણી છે તો સેક્સન ૧૬(૧), ક્લાસ (૨)(બી)(*i*)માં વિભાગ (એ) અને (બી) "ફેકલ્ટી ઑફ આર્ટ્સ" પછી "એજ્યુકેશન" શબ્દ ઉમેરી વિનયન અને શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખાઓને પોસ્ટ-ગ્રેજ્યુએટ અને અંડર-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓની બેઠકોની ચૂંટણી માટે અલગ ગણવામાં આવી છે કે નહીં ?

ઉત્તર ૨૪૮ : ના, જી. જાણ માટે ઉમેરવાનું કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ચૂંટણી સ્ટે. **૧૬૧ની** જોગવાઈઓ મુજબ થાય છે.

પ્રશ્ન ૨૪૯ : યુનિવર્સિટી કોર્ટ-સભા નોન-કોરમ ન થાય અને કોર્ટ-સભાનું કામ ચાલુ રહે અને પૂરું થાય એ માટે યુનિવર્સિટીએ કોઈ આયોજન કે વિચારણા કરી છે ? અથવા કરવી યોગ્ય લાગી છે ? (યુનિવર્સિટી કોર્ટ-સભ્યોના સેંકડો મતદારોના મતસાર્થકયનો અને સંતોષનો આ પ્રશ્ન છે.)

ઉત્તર ૨૪૯ : પ્રશ્ન ૬૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૫૦ : શિક્ષણશાસ્ત્રની કઈ કઈ કોલેજોમાં દસ વર્ષથી ઓછા અનુભવવાળા કયા કયા અધ્યાપકો છે ?

ઉત્તર ૨૫૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૨૭" જોવા વિનંતી છે.**

પ્રશ્ન ૨૫૧ : સંલગ્ન કોલેજોના અધ્યાપકોની સીનિયોરિટીના નિયમો ઘડાયા છે ?

ઉત્તર ૨૫૧ : ના, જી.

પ્રશ્ન ૨૫૨ : "ના" તો ક્યારે ઘડાશે ?

ઉત્તર ૨૫૨ : આ અંગે કોઈ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨૫૩ : યુનિવર્સિટી ભવનોના અધ્યાપકોની સીનિયોરિટીના નિયમો શા છે ?

ઉત્તર ૨૫૩ : યુનિવર્સિટીનાં ભવનોના અધ્યાપકોની સીનિયોરિટી અંગે નિયમો નક્કી કરવામાં આવ્યા નથી.

પ્રશ્ન ૨૫૪ : પ્રવર્તમાન પાઠ્યક્રમોની પુનઃ રચના કેટલા સમયગાળે થાય છે ?

ઉત્તર ૨૫૪ : આ માટે કોઈ ચોક્કસ સમયગાળો નિયત કરવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૨૫૫ : શિક્ષણશાસ્ત્રની કોલેજો કઈ સાલમાં શરૂ થઈ ?

અને

પ્રશ્ન ૨૫૬ : તે દરેકમાં સ્થાનિક તપાસસમિતિ (એલ.આઈ.સી.) અને ત્રિવાર્ષિક નિરીક્ષણ સમિતિ (ટ્રાયનલ ઇન્સ્પેક્શન કમિટી) છેલ્લે કઈ સાલમાં આવી હતી ?

અને

પ્રશ્ન ૨૫૭ : તેમાં કોણ કોણ સભ્યો હતા ?

અને

પ્રશ્ન ૨૫૮ : તેમણે કઈ મુખ્ય ક્ષતિઓનો નિર્દેશ કર્યો હતો ? (જેટલી આપી શકાય તેટલી માહિતી આપવા વિનંતી છે.)

ઉત્તર ૨૫૫થી ૨૫૮ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨૮"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૫૯ : કોઈપણ વિદ્યાશાખાના અભ્યાસક્રમમાં "યોગ"નો વિષય અપાય છે ?

ઉત્તર ૨૫૯ : ના. જી

પ્રશ્ન ૨૬૦ : જો "ના" તો એ વિષય કોઈપણ વિદ્યાશાખામાં પણ શરૂ કરવાની વિચારણા છે ?

ઉત્તર ૨૬૦ : આ માટે હાલ કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨૬૧ : વાણિજ્ય વિદ્યાશાખાના કેટલાક વિષયો તથા સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, માઇક્રોબાયોલોજી જેવા વિષયો ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ભણાવાય છે, પણ શિક્ષણશાસ્ત્રની કોલેજોમાં તે વિષયો હજુ પદ્ધતિ-વિષયો તરીકે દાખલ થયા નથી. આથી ઉપર્યુક્ત વિષયો સાથેના સ્નાતકોને છેલ્લા અગ્રતાક્રમમાં બી.એડ. માં પ્રવેશ મળી શકે અથવા પ્રવેશથી વંચિત રહેવું પડે વળી પોતે ન ઇચ્છે તેવા અને બિનઉપયોગી વિષયો સાથે બી.એડ. થવું પડે. આ પરિસ્થિતિ નિવારવા કાં તો કેટલીક કોલેજોમાં આ વિષયો શીખવવાની વ્યવસ્થા કરવી જોઈએ. યુનિવર્સિટીએ આ દિશામાં શી નક્કર વિચારણા કરી છે ?

ઉત્તર ૨૬૧ : કોઈ ચોક્કસ પ્રસ્તાવ આવ્યેથી તે અંગે વિચારણા કરી શકાશે.

પ્રશ્ન ૨૬૨ : જો પીએચ.ડી. માર્ગદર્શકો નિવૃત્ત થઈ ગયા હોય તો તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરવા માટે રજિસ્ટ્રેશન થઈ શકે છે ખરું ?

ઉત્તર ૨૬૨ : અનુસ્નાતક શિક્ષક કે માર્ગદર્શક શિક્ષક શિક્ષક તરીકે નિવૃત્ત થઈ ગયા પછી તેમના માર્ગદર્શન હેઠળ નવા વિદ્યાર્થીઓની નોંધણી કરી શકાય નહીં.

પ્રશ્ન ૨૬૩ : તે માર્ગદર્શકો નિવૃત્તિ પછી કેટલા સમયગાળા સુધી માર્ગદર્શક તરીકે કાર્યરત રહી શકે ?

ઉત્તર ૨૬૩ : પ્રશ્ન ૨૬૨નો ઉત્તર જોવા વિનંતી છે; વધારામાં જાણ માટે ઉમેરવાનું કે માર્ગદર્શક શિક્ષકની નિવૃત્તિ પહેલાં તેમના હેઠળ નોંધાયેલ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની મંજૂરીથી તેમનું માર્ગદર્શન ચાલુ રાખી મહાનિબંધ રજૂ કરવા પરવાનગી આપવામાં આવે છે.

પ્રશ્ન ૨૬૪ : યુ.જી.સી. ની પ્રત્યેક સંશોધન યોજના હેઠળ પ્રત્યેક વિદ્યાશાખામાં હાલ કેટલા સંશોધકો સંશોધન કરી રહેલ છે ?

ઉત્તર ૨૬૪ : યુ. જી. સી.ની સંશોધન યોજના હેઠળ વિદ્યાશાખાદીઠ હાલ નીચે પ્રમાણે સંશોધકો સંશોધન કરી રહેલ છે :

| યોજના | વિદ્યાશાખા | સંશોધકોની સંખ્યા |
|---|---|---|
| ફેકલ્ટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ હેઠળ યુનિ.ના | વિનયન | ૧૦ |
| આઇડેન્ટિફાઇડ ડિપાર્ટમેન્ટ માટેની યોજના | વિજ્ઞાન | ૧૯ |
| યુ.જી.સી.ની સામાન્ય | વિનયન | ૬ |
| જુનિયર રિસર્ચ ફેલોશિપ | વિજ્ઞાન | ૫ |
| યુ.જી.સી.ની પંચવર્ષીય યોજના હેઠળની જુનિયર રિસર્ચ ફેલોશિપ | વિજ્ઞાન | ૨ |
| એડહોક વિજ્ઞાન માટેની જુનિયર રિસર્ચ ફેલોશિપ | વિજ્ઞાન | ૭ |

પ્રશ્ન ૨૬૫ : ૧૯૮૨-૮૩ ના વર્ષ દરમિયાન શિક્ષણશાસ્ત્રની કોલેજોએ પોતાના અધ્યાપકોને ક્યા ક્યા સેમિનાર, વર્કશોપ, રિફ્રેસર કોર્સ, ઓરિયન્ટેશન કોર્સ, સમર ઇન્સ્ટિટ્યૂટ કે કોઈ પણ પ્રકારના પ્રવચન કે તાલીમના કાર્યક્રમ માટે ક્યારે કેટના સમયગાળા માટે મોકલ્યા હતા ?

અને

પ્રશ્ન ૨૬૬ : જે તે કાર્યક્રમના વિષયો શા હતા ?

અને

પ્રશ્ન ૨૬૭ : તે કાર્યક્રમો કોના (યુનિવર્સિટી, યુ.જી.સી. એન.સી.ઈ.આર.ટી., રાજ્ય શિક્ષણ ભવન, અન્ય યુનિવર્સિટી પાઠ્યપુસ્તક મંડળ આદિ દ્વારા આયોજિત હતા ? (આ માહિતી સંલગ્ન શિક્ષણશાસ્ત્રની કોલેજોને સીધા પુછાવી શકાય તેમ છે)

ઉત્તર ૨૬૫ થી ૨૬૭ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ માહિતી માટે પરિશિષ્ટ "૨૯" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૬૮ : શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા અલગ થઈ ગઈ હોવાથી ગુજરાત યુનિવર્સિટી હેન્ડબુક પાર્ટ ૧ અને ૨ (૧૯૮૦)માં જ્યાં જ્યાં "આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન" હોય ત્યાં "આર્ટ્સ એજ્યુકેશન" એમ સુધારો કરી નાંખવામાં આવ્યો છે ?

ઉત્તર ૨૬૮ : ના, જી.

[૮] શ્રી. આર. આર. સિંધે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૨૬૯ : સંલગ્ન કોલેજોના અધ્યાપકો અને બિનશિક્ષક કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડની રકમ જો પી.એફ. ટ્રસ્ટના સભ્યો બહુમતીથી નિર્ણય કરે તો કોઈ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકમાં રાખી શકાય ?

ઉત્તર ૨૬૯ : ના, જી.

પ્રશ્ન ૨૭૦ : શું આ સંદર્ભમાં યુનિવર્સિટીને કોઈ વાંધો છે ?

ઉત્તર ૨૭૦ : હા, જી.

પ્રશ્ન ૨૭૧ : તા. ૪–૧–૧૯૮૩ની કોર્ટની મીટિંગમાં પૂછવામાં આવેલા પ્રશ્ન નં. ૨૦૭ પ્રમાણે બાકી રહેલી કોલેજોને માહિતી આપવા વિનંતી છે. જે કોલેજોએ હજુ સુધી માહિતી ન મોકલી હોય તેની સૂચિ આપવા વિનંતી છે.

ઉત્તર ૨૭૧ : **સદરહુ** બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે **પરિશિષ્ટ "૩૦"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૭૨ : શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓની નિવૃત્તિ અથવા રાજીનામું આપતી વેળા ગ્રેચ્યુઈટીની ગણતરી, કર્મચારીની સેવાની અવધિ : નિમણૂકની તારીખથી ધ્યાનમાં લેવી જોઈએ કે ગ્રેચ્યુઈટીના સરક્યુલરની તારીખથી ?

ઉત્તર ૨૭૨ : નિમણૂકની તારીખથી.

પ્રશ્ન ૨૭૩ : નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કોલેજ, દાહોદનાં કુ. પ્રો. આર. એમ. ઇલેક્ટ્રિકવાલા, જેઓ સતત પાંચ વર્ષથી આ કૉલેજમાં સતત સેવા આપી રહ્યાં છે, તેમને કેમ ઇન્ક્રીમેન્ટ આપવામાં આવતું નથી ?

અને

પ્રશ્ન ૨૭૪ : નિયમ પ્રમાણે બે વર્ષની સતત સેવા પછી હજુ સુધી તેમને કેમ કન્ફર્મ કરવામાં આવ્યાં નથી ?

અને

પ્રશ્ન ૨૭૫ : ઉપરોક્ત સંદર્ભમાં ડી. ઈ. સાથે યુનિવર્સિટીના પત્રવ્યવહારની ફલશ્રુતિ શું છે ?

ઉત્તર ૨૭૩થી ૨૭૫ : ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીએ તેમના તારીખ ૧૬–૨–૧૯૮૩ના પત્રાંક ઉબક / સરપ્લસ / ક / ૧૫૪૨૫ / ૮૨–૮૩થી જણાવ્યું છે કે " કુ. ઇલેક્ટ્રિકવાળાની નોકરી સળંગ હોય તો તેમને ઇન્ક્રીમેન્ટ આપવા માટે કોઈ બાધ રહેતો નથી, તેમ છતાં કોલેજ તરફથી જે તે સ્પષ્ટતા આવ્યા બાદ આપને જાણ કરવામાં આવશે."

રાજ્ય સરકારે ૧૯૮૦–૮૧ અને ૧૯૮૧–૮૨ના એક—એક વર્ષ માટે સદરહુ નિમણૂકની મંજૂરી આપેલી, એમ આચાર્યે તેમના તા. ૨૮–૨–૧૯૮૩ના પત્રાંક ૧૮૧૧થી જણાવેલ છે.

પ્રશ્ન ૨૭૬ : ૧૨૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી કોલેજોના ગ્રંથાલયોમાં જુદી જુદી જગ્યાઓ ઉપર "રેશિયો" કેટલો હોવો જોઈએ ?

ઉત્તર ૨૭૬ : સદરહુ નિયમ નીચે મુજબ છે :
સદરહુ કેન્દ્રીય ગ્રંથાલયમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી લાયકાત ધરાવતા ઓછામાં ઓછા બે ગ્રંથપાલો, અને તે કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦થી વધુ હોય તેવા વધારાના પ્રત્યેક ૧૦૦૦ વિદ્યાર્થી દીઠ જરૂરી લાયકાત ધરાવતા વધુ એક ગ્રંથપાલ પણ કોલેજોની કુલ સંખ્યાથી વધુ નહિ તેટલા ગ્રંથપાલો નીમવા જોઈશે. આ ગ્રંથપાલો પૈકી એકને મુખ્ય ગ્રંથપાલ અને બાકીનાને સહગ્રંથપાલ તરીકે કામ સોંપવું જોઈશે.

પ્રશ્ન ૨૭૭ : હાલ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં નોકરી કરતા ગ્રંથપાલ શ્રી. એચ. બી. નાગરને જ્યુડિશિયલ ટ્રિબ્યુનલના આદેશ પ્રમાણે જજમેન્ટની તા. ૨૯–૨–૧૯૮૩થી ૧૫ દિવસ દરમ્યાન મોડાસા એજ્યુકેશન સોસાયટીએ એરિયર્સની બાકી રકમ ચૂકવી દેવી, એમ ઠરાવે છે. શિક્ષણનિયામકશ્રીએ પણ તેમના તા. ૨૮–૧૧–૧૯૮૨ તેમ જ ૧૪–૨–૧૯૮૩ ના પત્રથી મોડાસા કોલેજને એરિયર્સ ચૂકવી દેવા બાબત જણાવ્યું છે. આ અંગે શ્રી નાગરે કુલપતિશ્રીને પણ લેખિત અને રૂબરૂ જાણ કરી છે. પણ હજુ સુધી તેમને એરિયર્સની રકમ મળી નથી તેનું શું કારણ છે?

ઉત્તર ૨૭૭ : સદરહુ બાબત અંગે કોલેજને લખવામાં આવ્યું છે, પરંતુ તેમનો જવાબ નથી.

પ્રશ્ન ૨૭૮ : મોડાસા કોલેજનો આ સંદર્ભમાં એરિયર્સ ન આપવા અંગે જ્યુડિશિયલ ટ્રિબ્યુનલનો આદેશનો ભંગ કરવા અંગે શું ખુલાસો છે?

ઉત્તર ૨૭૮ : ઉપર પ્રશ્ન નં. ૨૭૭નો ઉત્તર જોતાં ખુલાસાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૨૭૯ : તા. ૪–૧–૧૯૮૩ની કોર્ટની પ્રશ્નોત્તરીમાં પૂછવામાં આવેલા પ્રશ્ન નં. ૨૧૪ના ઉત્તર પ્રમાણે શૈક્ષણિક કર્મચારીઓ માટે રજાના નવા ઘડાયેલા નિયમોના અમલ માટે ડી. ઈ. ની પરવાનગીની જરૂર નથી. તો જે કોલેજો હજુ સુધી આ નિયમોનું પાલન કરતી નથી તેની સૂચિ આપવા વિનંતી છે.

અને

પ્રશ્ન ૨૮૦ : આ નિયમોનો અમલ આ કોલેજ કેમ કરતી નથી?

ઉત્તર ૨૭૯ અને ૨૮૦ : સદરહુ બાબત અંગે ઉપલબ્ધ થયેલ માહિતી માટે પરિશિષ્ટ "૩૧" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૮૧ : અમલ ન કરતી કોલેજો ઉપર યુનિવર્સિટી કયાં પગલાં લેવા વિચારી રહી છે?

ઉત્તર ૨૮૧ : પ્રત્યેક કેસની વિગતો જોઈતપાસીને તે અંગે ઘટતી વિચારણા કરવામાં આવશે.

પ્રશ્ન ૨૮૨ : આ નિયમોના અમલીકરણની માહિતી દરેક કોલેજના કોમનરૂમના સેક્રેટરીના નામે આપવામાં આવે એવી અધ્યાપકોની વિનંતીને યુનિવર્સિટી સ્વીકારી શકે ખરી?

ઉત્તર ૨૮૨ : ના, જી. કોઈ ચોક્કસ કેસ અંગેની માહિતી માંગવામાં આવે તો તે પૂરી પાડવાની વિનંતી પર વિચારણા કરી શકશે.

પ્રશ્ન ૨૮૩ : જો "હા", તો સત્વરે તેનો અમલ કરાવવા વિનંતી છે.

ઉત્તર ૨૮૩ : ઉપર પ્રશ્ન ૨૮૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૮૪ : આપણી યુનિવર્સિટીમાં હિન્દી અને અંગ્રેજી વિષયમાં હજુ સુધી કેટલા અધ્યાપકો સંખ્યાધિક છે. તેઓનાં નામ અને સરનામાં આપવા વિનંતી છે.

ઉત્તર ૨૮૪ : ઉચ્ચ શિક્ષણનિયામકશ્રીએ તેમની તા. ૪–૩–૧૯૮૩ના પત્રાંક ઉબક/સરપ્લસ/ક/૮૩/૧૬૩૯૮થી જણાવ્યા મુજબ હિન્દીમાં ૫ અને અંગ્રેજીમાં ૧૨ અધ્યાપકો હજુ સંખ્યાધિક છે. તેઓશ્રી તરફથી તેઓનાં નામ અને સરનામાં અંગેની માહિતી મળી નથી.

પ્રશ્ન ૨૮૫ : એકેડેમિક કાઉન્સિલે આવતા વર્ષથી સંલગ્ન કૉલેજોમાં સૈન્યવિજ્ઞાનનો અભ્યાસક્રમ ગૌણ વિષય તરીકે શરૂ કરવાનો છે જે પ્રસ્તાવ પસાર કર્યો છે તે માટે યુનિવર્સિટીએ કયું આયોજન કર્યું છે ?

ઉત્તર ૨૮૫ : સદરહુ બાબત અંગે કુલપતિશ્રીએ એક સમિતિ નીમી છે

પ્રશ્ન ૨૮૬ : અનુસ્નાતક કેન્દ્રોમાં બહારગામથી અધ્યાપન માટે આવતા માનનીય અનુસ્નાતક અધ્યાપકોના ટી.એ.,ડી.એ. તેઓને સીધાં યુનિવર્સિટીથી ચૂકવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્ર દ્વારા ?

ઉત્તર ૨૮૬ : સામાન્ય રીતે અનુસ્નાતક કેન્દ્રો દ્વારા.

પ્રશ્ન ૨૮૭ : દાહોદમાં ગુજરાતી અનુસ્નાતક કેન્દ્રમાં અધ્યાપન માટે સંખેડા કૉલેજથી આવતા ડૉ. કિરીટ વૈદ્ય અને પ્રો. નાયકને વર્ષ ૧૯૮૧-૮૨નાં બીજા સત્રનાં ટી.એ., ડી.એ. હજુ સુધી કેમ ચૂકવવામાં આવ્યાં નથી ?

ઉત્તર ૨૮૭ : પ્રશ્નમાં નિર્દેશિત ટી.એ., ડી.એ.ની ચુકવણી તા. ૧-૩-૧૯૮૨ના રોજ કરવામાં આવેલી છે.

પ્રશ્ન ૨૮૮ : ગુજરાતી વિભાગની નવી અભ્યાસસમિતિના સદસ્યોનાં નામ, શૈક્ષણિક યોગ્યતા, અનુભવ અને ક્રેડિટ ગુણોની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તર ૨૮૮ :

| ક્રમાંક | સભ્યનું નામ | શૈક્ષણિક અનુભવ | ક્રેડિટ ગુણ |
|---|---|---|---|
| ૧. | પ્રિ. સી. એ. ટોપીવાલા | ૨૨ | ૩૯ |
| ૨. | શ્રી. એચ. જી. દેસાઈ | ૨૦ | ૩૮ |
| ૩. | શ્રી. એન. યુ. જોશી | ૨૨ | ૩૭ |
| ૪. | પ્રિ. કે. એમ આચાર્ય | ૨૬ | ૩૬ |
| ૫. | શ્રી. કે. એસ. પરીખ | ૧૮ | ૩૬ |
| ૬. | શ્રી. પી. એન. ભટ્ટ | ૧૩ | ૩૫ |
| ૭. | શ્રી. આર. આર. પારેખ | ૭ | ૧૧ |
| ૮. | શ્રી. પી. જે. ભાંભી | ૧૫ | ૨૩ |
| ૯. | શ્રીમતી પ્રતિભાબહેન ડી. શાહ | ૧૨ | ૨૩ |

(**નોંધ**.—શૈક્ષણિક લાયકાત—શૈક્ષણિક અનુભવ વગેરે ગણીને ક્રેડિટ ગુણ આપવામાં આવે છે, તેથી દરેક સભ્યની શૈક્ષણિક યોગ્યતા જુદી જણાવી નથી.)

પ્રશ્ન ૨૮૯ : આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સંખેડાના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. કિરીટ વૈદ્યનું નામ આ વર્ષની ગુજરાતી વિભાગાધ્યક્ષની સૂચિમાં કયાં કારણોસર છાપવામાં આવ્યું નથી ?

ઉત્તર ૨૮૯ : શરતચૂકથી.

પ્રશ્ન ૨૯૦ : શું સંખેડા કૉલેજના આચાર્યશ્રીએ તેમનું નામ મોકલ્યું હતું ?

ઉત્તર ૨૯૦ : હા, જી.

પ્રશ્ન ૨૯૧ : જો નહિ, તો શું આચાર્યશ્રીએ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષની સૂચિ માટે તેમની કૉલેજથી માત્ર પોતાનું જ નામ મોકલ્યું હતું ?

ઉત્તર ૨૯૧ : ઉપર પ્રશ્ન નં. ૨૯૦ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૯૨ : જો હા, તો આ સંદર્ભમાં સંબંધિત આચાર્યશ્રીની સ્પષ્ટતા શી છે ?

ઉત્તર ૨૯૨ : પ્રશ્ન ૨૯૦ નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૨૯૩ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં કાર્યરત અધ્યાપકોમાંથી, જેઓ સીનિયર ડિવિઝન એન.સી.સી. સંગઠનમાં ખંડ સમયના ઓફિસર તરીકે જોડાયેલા છે, તેમના માટે કેન્દ્ર સરકારે નવા માનદ વેતનની મંજૂરી આપી હોવા છતાં ગુજરાત સરકાર આ સંદર્ભમાં પૂર્ણ મૌન સેવી રહી છે. એન.સી.સી.ની તાલીમ ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક માળખામાં હોવાને કારણે શું આપણા કુલપતિશ્રી આ અધિકારીઓની લાગણીને માન આપી સરકાર સાથે વાટાઘાટો કરી તેમની માગણીઓનો સુખદ ઉકેલ લાવવા મદદરૂપ થઈ શકે ખરા ?

ઉત્તર ૨૯૩ : આ બાબતમાં ગુજરાત રાજ્યના એન.સી.સી. ડાયરેક્ટોરેટે તેમના તા. ૩૧–૧૨–૧૯૮૨ ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"I am directed to refer to your letter No. 9360/1982 dated 7 Dec. 1982 and to say that the revised rate of honourium to N.C.C. Part-Time officers have not been paid so far as the Government of India Gazette Notification to this effect has not been published for want of all State Governments concurrance. However, it is brought to your notice that Government of Gujarat have already given their concurrence to implement the revised rate of Honorarium to N.C.C. Part time officers in their State vide Government Resolution No. N.C.C./1176-23553 C.H.H. dated 29 July, 1980. It is further stated that the matter is under active consideration by the Government of India and the Gazette Notification to this effect in expected at any time. As soon as the Gazette Notification is published; the same will be communicated to all concerned."

પ્રશ્ન ૨૯૪ : જો હા, તો આવા શિસ્તબદ્ધ સંગઠનોના પ્રતિનિધિઓને સાંભળવા તેઓશ્રી સમય આપશે ? અને

પ્રશ્ન ૨૯૫ : જો હા, તો તેઓશ્રીને મળવા માટે કયો સમય અને કઈ તારીખ અનુકૂળ છે ?

ઉત્તર ૨૯૪ અને ૨૯૫ : ઉપર પ્રશ્ન નં. ૨૯૩નો ઉત્તર જોતાં આ પ્રશ્નો ઊભા થતા નથી.

**[૯] શ્રી. બબાભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :**

પ્રશ્ન ૨૯૬ : માસ પ્રમોશન અંગેના સુપ્રિમ કોર્ટના કેસ અંગે અત્યાર સુધી યુનિવર્સિટીએ ક્યારે ક્યારે કેટલો ખર્ચ કર્યો તેની વિગત આપશો.

અને

પ્રશ્ન ૨૯૭ : સુપ્રીમ કોર્ટમાં આ કેસ અંગે અત્યાર સુધી કોણ કોણ, ક્યારે, ક્યા પ્રકારના કામે ગુજરાત યુનિવર્સિટી તરફથી ગયું હતું તે જણાવશો.

ઉત્તર ૨૯૬ અને ૨૯૭ : ૧૯૮૦માં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં પ્રથમ અને દ્વિતીય વર્ષની તથા માસ્ટર્સ (પાર્ટ ૧) પરીક્ષાઓ વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક ધોરણે લેવાઈ હતી તેના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટ કક્ષાએ થયેલ કાર્યવાહી માટે યુનિવર્સિટીએ નીચે મુજબ ખર્ચ કરેલ છે :

| વા. નં. | તારીખ | વિગત કોને ચૂકવ્યા તે | રૂ. પૈસા |
|---|---|---|---|
| ૪૧૧૯ | ૧–૧૦–'૮૧ | એડવોકેટ શ્રી. એસ. એન. શેલતને દિલ્હી જવાના T.A. એર ટિકિટ | ૧૦૮૨–૦૦ |
| ૪૮૫૦ | ૨–૧૧–'૮૧ | એડવોકેટ સોલિ. જે. સોરાબજીની ફી | ૨,૨૮૮–૦૦ |
| ૬૪૦૦ | ૬–૧–'૮૨ | શ્રી. એસ. એન. શેલતની ફી | ૨,૩૮૦–૦૦ |
| ૬૪૩૦ | ૭–૧–'૮૨ | શ્રી. એસ. એન. શેલત TA એર ટિકિટ | ૧,૦૮૨–૦૦ |
| ૬૫૯૧ | ૧૬–૧–'૮૨ | શ્રી. એસ. એન. શેલત વકીલ ફી | ૬,૯૨૫–૦૦ |
| ૭૨૧૬ | ૯–૨–'૮૨ | શ્રી. એસ. એન. શેલત T.A. | ૧,૦૮૨–૦૦ |
| ૭૮૪૨ | ૧–૩–'૮૨ | શ્રી. એસ. એન. શેલત T.A. | ૧,૦૮૨–૦૦ |
| ૯૧૨ | ૫–૫–'૮૨ | શ્રી. એસ. એન. શેલત વકીલ ફી તથા ખર્ચ વગેરે | ૨,૧૦૦–૦૦ |
| ૧૦૨૬ | ૧૧–૫–'૮૨ | શ્રી. એસ. એન. શેલતને વકીલ ફી તથા અન્ય ખર્ચના | ૩,૧૭૦–૦૦ |
| ૧૭૧૯ | ૫–૬–'૮૨ | શ્રી. કે. એસ. શાસ્ત્રી (વા. ચા. સાહેબ) તથા શ્રી. એસ. એન. શેલત દિલ્હી ગયા તેના T.A.ના | ૨,૧૬૪–૦૦ |
| ૧૮૨૫ | ૯–૬–'૮૨ | ,, ,, | ૨,૧૬૪–૦૦ |
| ૫૫૨૫ | ૩–૧૧–'૮૨ | શ્રી. એસ. એન. શેલતની વકીલ ફી તથા દિલ્હી જવાના T.A.ના | ૧,૯૮૧–૦૦ |

(તા. ૩૧–૧–'૮૩ સુધીનો વિગતવાર ખર્ચ)

પ્રશ્ન ૨૯૮ : સુપ્રીમ કોર્ટમાં આ કેસ અંગે કેટલી એફિડેવિટો કરી હતી ? તે એફિડેવિટોની નકલો આપશો.

ઉત્તર ૨૯૮ : વરિષ્ઠ અદાલતમાં આ કેસ અંગે યુનિવર્સિટી તરફથી ૭ જેટલાં સોગંદનામાં રજૂ કરવામાં આવ્યાં છે તેની નકલ સભાગૃહ વખતે ટેબલ પર રાખવામાં આવશે.

પ્રશ્ન ૨૯૯ : માસ પ્રમોશન અંગેનો સુપ્રીમ કોર્ટ કેસ ચલાવે પણ ચુકાદો ન આપે એવી મતલબની કોઈ રજૂઆત કરી હતી ?

ઉત્તર ૨૯૯ : ના, જી.

પ્રશ્ન ૩૦૦ : શા માટે ?

ઉત્તર ૩૦૦ : પ્રશ્ન ૨૯૯નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## પરિશિષ્ટ "૧"

### શ્રી. એ. ટી. અજમેરાના પ્રશ્ન ક્રમાંક ૧૫ અંગેની માહિતી

| ક્રમાંક | કૉલેજનું નામ | પ્રો. ફંડની રચના કયા વર્ષમાં થઈ | રજિ. થયું હોય તો ક્યારે | ના થયું હોય તો કારણ | પ્રો. ફંડ કમિટીના સભ્યો | હોદ્દો | સરકારી તિજોરીમાં જમા રકમ | સંસ્થા પાસેની રકમ | ક્યારે જમા કરાવશો | બૅંક ફિક્સમાં કેટલી રકમ છે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | રૂ. પૈસા | | | રૂ. |
| ૧. | એસ. યુ. જી. કૉલેજ, અમદાવાદ | ૧૯૬૬-૬૭ | ૧૯૭૨ | સપ્ટેમ્બર | પ્રિ. આર. જી. શાહ | મે. ટ્રસ્ટી | ૧,૮૮,૧૮૭--૯૬ | --- | --- | ૨૦,૦૨૫૦૦ |
| | | | | | શ્રી. એમ. સી. શાહ | ટ્રસ્ટી | | | | |
| | | | | | શ્રી. જી. બી. પરીખ | પ્રિ. શૈ. સભ્ય | | | | |
| | | | | | શ્રી. એન. એન. વ્યાસ બિ. શૈ. | સભ્ય | | | | |
| ૨. | કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી | ૧૯૭૪ | ડીડ થયું છે. | કાર્યવાહી હાથ ધરવાની છે. | શ્રી. કે. કે. પટેલ | મંત્રી | ૬૪,૧૯૧--૦૦ | --- | --- | એફ. ડી. કરેલ નથી. |
| | | | | | શ્રી. જે. જે. પટેલ | મૅને. પ્રતિ | | | | |
| | | | | | પ્રિ. જે. એમ. વ્યાસ | આચાર્ય | | | | |
| | | | | | શ્રી. આઈ. કે. સુથાર | શૈ. પ્રતિ. | | | | |
| | | | | | શ્રી. બી. કે. પટેલ | બિ. શૈ. પ્રતિ | | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ | ૧૯૭૮ | :::: | — | શ્રી. બી. સી. પટેલ | આચાર્ય | ૨૮,૯૧૫--૬૩ (રોકડ) | — | ૧,૫૩,૯૦૦--૦૦ |
| | | | | શ્રી. કે. સી. પંચાલ | પ્રાધ્યાપક | | | |
| | | | | શ્રી. આર. ઝેડ. પટેલ | સી. ક્લાર્ક | ૮૮,૮૮૬--૦૦ | | |
| | | | | શ્રી. બી. જી. પટેલ | સેક્રે. મંડળ | (ફિક્સ) | | |
| | | | | ડૉ. એસ. એન શાહ | સભ્યમંડળ | | | |
| ૪. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ | — | — | મૅનેજમેન્ટની વિચારણા હેઠળ છે. | — | — | — | — | — વહીવટ મૅનેજમેન્ટ કરે છે. |
| ૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ | ૧૯૭૬ | — | — | શ્રી. આર. એન. શાહ | ઉપ-પ્રમુખ | ૮૧,૫૫૪--૪૨ | દરેક સ્ટાફનાં સ્ટેટ બૅંકમાં વ્યક્તિગત ખાતાં છે, જેથી સંસ્થા પાસે કોઈ રકમ નથી. | |
| | | | | શ્રી. બી. સી. મહેતા | મંત્રી | | | |
| | | | | ડૉ. એ. એ. મહેતા | આચાર્ય | | | |
| | | | | શ્રી. સી. પી. બસેરા | વ્યાખ્યાતા | | | |
| ૬. કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ | ૧૯૭૪-૭૫ | — | — | શ્રી. એ. આર. પરીખ | પ્રમુખ | ૧૯,૧૦૨--૯૪ | — | -- ૧,૫૦,૦૦૦-૦૦ |
| | | | | શ્રી. વી. એ. પરીખ | ટ્રસ્ટી | | | |
| | | | | ડૉ. એમ. સી. શાહ | ટ્રસ્ટી | | | |
| | | | | શ્રી. યુ. બી. પાઠક | ટ્રસ્ટી | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | શ્રી. એ. જે. દવે | આચાર્ય | | | | |
| | | | | | શ્રી. એ. જે. દવે | વ્યાખ્યાતા | | | | |
| | | | | | શ્રી. ટી. એન. શાહ | હેડક્લાર્ક | | | | |
| ૭. | ડી. ડી. ચોક્સી કોલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર | — | — | — | શ્રી. એ. સી. પરીખ | મે. ટ્રસ્ટી | — | — | — | વ્યકિતગત ફિક્સ ડિપોઝિટ છે. |
| | | | | | શ્રી. હીરાભાઈ મહેતા | કોષાધ્યક્ષ | | | | |
| | | | | | શ્રી. પી. જી. પટેલ | આચાર્ય | | | | |
| | | | | | શ્રી. જી. બી. સાગસસણિયા | શૈ. પ્રતિ | | | | |
| | | | | | શ્રી. જે. બી. પરમાર | બિ. શૈ. | | | | |

## પરિશિષ્ટ "૨"

પ્રશ્ન ક્રમાંક ૨૧ અંગેની માહિતી :

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ વિરુદ્ધ નામદાર ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ થયેલ અરજીઓ વગેરેની વિગત દર્શાવતું પત્રક

(તા. ૩૧-૧૨-૮૨ સુધી)

| અ. નં. | અરજી નંબર | પક્ષકારોનાં નામ | અરજી કરવાનું કારણ | પરિણામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ૨/૮૨ | સંજય ડી. શાહ<br>વિ.<br>એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ | છૂટા કરવાનો હુકમ ગેરકાયદે ઠરાવવા | મંજૂર કરી ૧૮-૮-૮૨ |
| ૨, | ૪/૮૨ | શ્રી. જગદીશભાઈ આર. સોની<br>વિ.<br>દાહોદ અનાજ મહાજન સર્વાંગી નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ | ,, | મંજૂર કરી ૧૮-૮-૮૨ |
| ૩. | ૫/૮૨ | સેજલબેન જે. સોની<br>વિ.<br>દાહોદ અનાજ મહાજન સર્વાંગી નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ | ,, | મંજૂર કરી ૧૯-૮-૮૨ |
| ૪. | ૭/૮૨ | મધુકાન્ત મણિલાલ ઓઝા<br>વિ.<br>શ્રી. ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ સાર્વજનિક કૉલેજ ઑફ કૉમર્સ, ગોધરા | ,, | મંજૂર કરી ૬-૯-૮૨ |
| ૫. | ૮/૮૨ | શ્રી. દિનેશ પી. ધંધુકિયા<br>વિ.<br>શ્રી. એમ. એમ. ગાંધી હાયર એજ્યુ. સોસા. એમ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા | ટાઈમ સ્કેલમાં સળંગ નોકરી ગણી ઇન્ક્રીમેન્ટ મેળવવા | મંજૂર કરી ૬-૯-૮૨ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૬. | ૯/૮૨ | અલકકીશોરી ચૂનીલાલ તન્ના<br>વિ.<br>શ્રી. ડી. સી એમ. કૉમર્સ કૉલેજ, વિરમગામ | પગારના બાકી નીકળતા રૂા. ૧,૯૦૦ માટે | રદ કરી<br>૨૫-૮-૮૨ |
| ૭. | ૧૦/૮૨ | રામસંગ ફૂલાભાઈ પરમાર<br>વિ.<br>બી. એડ. કોલેજ, પેટલાદ | પટાવાળાની ગ્રેડમાં મૂકી પગાર આપવા | મંજૂર કરી<br>૨-૯-૮૨ |
| ૮. | ૧૨/૮૨ | શ્રી. એ. આર. શાહ<br>વિ.<br>શ્રી. એચ. એમ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા | બાકી પગાર અંગે તથા પે-સ્કેલમાં મૂકવા | મંજૂર કરી<br>૧૬-૯-૮૨ |
| ૯. | ૧૩/૮૨ | રાઠોડ વિક્રમસિંહ મોહનસિંહ<br>વિ.<br>આર્ટ્સ, કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બોરસદ | પટાવાળામાંથી ચોકીદારમાં ઉતાર્યો—પટાવાળામાં મૂકવા | રદ કરી<br>૧૬-૯-૮૨ |
| ૧૦. | ૧૪/૮૨<br>૨૫/૮૨ | શ્રી. હેમેશ્વર ભાઈલાલ નાગર<br>વિ.<br>આર્ટ્સ કૉલેજ, મોડાસા | પે-સ્કેલ સુધારી પગાર તફાવત માટે | મંજૂર કરી<br>૨૯-૯-૮૨ |
| ૧૧. | ૧૫/૮૨ | સબીર મહમદ મુસ્ત શેખ<br>વિ.<br>આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ | છૂટા કરવાના પગલા સામે | મંજૂર કરી<br>૧૩-૮-૮૨ |
| ૧૨. | ૧૭/૮૨ | કેશવલાલ એ. પ્રજાપતિ<br>વિ.<br>વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુ. ઍન્ડ લૉ, મહેસાણા | ,, | અંશત મંજૂર કરી<br>૨૩-૯-૮૨ |
| ૧૩. | ૧૮/૮૨ | દત્તેશકુમાર સી. ત્રિવેદી<br>વિ.<br>નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ | પ્રમોશનમાં અન્યાય થવા બાબત | મંજૂર કરી<br>૨૧-૧૦-૮૨ |
| ૧૪. | ૧૯/૮૨ | શ્રી. ઉમાકાન્ત આર. વ્યાસ<br>વિ.<br>નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ | ,, | મંજૂર કરી<br>૨૧-૧૦-૮૨ |
| ૧૫. | ૨૦/૮૨ | શ્રી. ભરતકુમાર જી. શાહ<br>વિ.<br>નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ | ,, | મંજૂર કરી<br>૨૧-૧૦-૮૨ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૬. | ૨૧/૮૨ | શ્રી. આર. એમ. શાહ<br>વિ.<br>આર્ટ્સ કૉલેજ, મોડાસા | એકાઉન્ટન્ટના પગારધોરણ માટે | મંજૂર કરી<br>૧૬-૯-૮૨ |
| ૧૭. | ૨૨/૮૨<br>૬૫/૮૨<br>૬૭/૮૨ | શ્રી. બાબુભાઈ એમ. બારોટ<br>વિ.<br>આર્ટસ કૉલેજ, પાટણ વગેરે | સીનિયોરિટી અંગે પ્રમોશનમાં અન્યાય થવા બાબત | રદ કરી<br>૨૦-૧૦-૮૨ |
| ૧૮. | ૨૩/૮૨ | શ્રી. એમ. જે. આચાર્ય<br>વિ.<br>આર્ટ્સ,સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત | રિવર્ટ કરવાના પગલા સામે | રદ કરી<br>૫-૧૧-૮૨ |
| ૧૯. | ૨૪/૮૨ | શ્રીમતી હેમલતા જી. કોઠારી<br>વિ.<br>સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ | પ્રમોશનમાં અન્યાય થવા બાબત | મંજૂર કરી<br>૩-૧૧-૮૨ |
| ૨૦. | ૨૫/૮૨<br>(૧૪/૮૨) | શ્રી. એચ. બી. નાગર<br>વિ.<br>આર્ટ્સ કૉલેજ, મોડાસા | નં. ૧/૪ના પ્રમાણે | મંજૂર કરી<br>૨૯-૯-૮૨ |
| ૨૧. | ૨૬/૮૨ | રાજન મણિલાલ કડિયા<br>વિ.<br>મે. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, મહેસાણા વગેરે. | છૂટા કરવાના પગલા સામે | મંજૂર કરી<br>૨૭-૯-૮૨ |
| ૨૨. | ૨૮/૮૨ | શ્રીમતી શકુન્તલાબહેન એ. દશરથા<br>વિ.<br>શ્રીમતી એસ. સી. પી. એફ. કૉમર્સ કૉલેજ, ડભોઈ વગેરે | છૂટા કરવાના હુકમ સામે બી.સી.ને. પ્રેફરન્સ આપવા | રદ કરી<br>૧-૧૦-૮૨ |
| ૨૩. | ૨૯/૮૨ | ,, ,, | ,, | રદ કરી<br>૧-૧૦-૮૨ |
| ૨૪. | ૩૧/૮૨<br>(૪૦/૮૨) | પ્રો. નટવરલાલ એમ. જોષી<br>વિ.<br>નડિયાદ એજ્યુ. સોસા., નડિયાદ વગેરે | છૂટા કરવાના હુકમ સામે પ્રોવિડન્ટ ફન્ડ વ્યાજ માટે | મંજૂર કરી<br>૩-૧૧-૮૨ |
| ૨૫. | ૩૨/૮૨ | શ્રી. કનુભાઈ શાંતિલાલ શાહ<br>વિ.<br>બરોડા ડિસ્ટ્રી. એજ્યુ. સોસા., વડોદરા વગેરે | સરપ્લસને પેરન્ટ કૉલેજમાં મૂકવા બાબત | મંજૂર કરી<br>૧-૧૦-૮૨ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૨૬. | ૩૩/૮૨ | શ્રી. એ. આઈ. મેકવાન<br>વિ.<br>ધી અમદાવાદ એજ્યુ. સોસા., અમદાવાદ વગેરે | પ્રમોશનમાં અન્યાય થયા બાબત | રદ કરી ૮-૧૧-૮૨ |
| ૨૭. | ૩૫/૮૨ | શ્રી. અંબાલાલ ગણપતરામ જોષી<br>વિ.<br>બરોડા ડિસ્ટ્રી. એજ્યુ. સોસા.,<br>શ્રીમતી એસ. સી. પી. એફ. કૉમર્સ કૉલેજ,<br>ડભોઈ વગેરે | સરપ્લસને પેરન્ટ કૉલેજમાં મૂકવા બાબત | મંજૂર કરી ૧-૧૦-૮૨ |
| ૨૮. | ૩૬/૮૨ | શ્રી. ડી. પી. જયસીંઘાણી<br>વિ.<br>શેઠ એસ. વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ,<br>માંડવી વગેરે | પ્રોવિડન્ટ ફન્ડ માટે | મંજૂર કરી ૧૪-૧૦-૮૨ |
| ૨૯. | ૩૭/૮૨<br>૭૦/૮૨ | શ્રી. બી. એલ. રાણા<br>વિ.<br>આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ વગેરે | સર્વિસ બ્રેક કૉન્ડોન કરવા | મંજૂર કરી ૨૯-૧૦-૮૨ |
| ૩૦. | ૩૮/૮૨ | શ્રી. બી. આર. પટેલ<br>વિ.<br>આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ વગેરે | પ્રોવિડન્ટ ફન્ડ કૉન્ટ્રિબ્યુશન સેન કમિશન મુજબ તફાવત માટે | મંજૂર કરી ૧૬-૯-૮૨ |
| ૩૧. | ૩૯/૮૨ | શ્રી. પરમાનંદ એચ. પટેલ<br>વિ.<br>આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા વગેરે | સર્વિસ બ્રેકડાઉન કરી સળંગ સર્વિસ ગણવા | મંજૂર કરી ૧૫-૧૨-૮૨ |
| ૩૨. | ૪૦/૮૨<br>(૩૧/૮૨ સાથે) | શ્રી. એન. એમ. જોષી<br>વિ.<br>શ્રી. સી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ વગેરે | નં. ૩૧/૮૨ પ્રમાણે | મંજૂર કરી ૩-૧૧-૮૨ |
| ૩૩. | ૪૧/૮૨ | શ્રી. પુરુષોત્તમ એમ. પટેલ<br>વિ.<br>સાયન્સ કૉલેજ, કડી | પગાર કાપી લેવા તથા રજા ન આપવાના પગલા સામે | રદ કરી ૧-૧૨-૮૨ |
| ૩૪. | ૪૨/૮૨ | શ્રીમતી જશવંતીબહેન આર. સુથાર<br>વિ.<br>વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ વગેરે | પ્રમોશનમાં અન્યાય થવા બાબત | મંજૂર કરી ૧૦-૩-૮૨ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૩૫. | ૫૦/૮૨ | શ્રી. આનંદરાય જે. પંડયા<br>વિ.<br>શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા વગેરે | સેન કમિશન પ્રમાણે તફાવત માટે | — |
| ૩૬. | ૫૨/૮૨ | શ્રી. શાંતિલાલ બોધારામ પંડયા<br>વિ.<br>શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ, પાટણ વગેરે | સ્ટોરકીપર તરીકે બઢતી મળવા માટે | — |
